મધુરી [illegible]

73

[illegible]

[illegible]

[illegible]



અમેરિકન અકસીર ઇલાજ.

પ્રો. જેમ્સની

વિજળીક શક્તિની ગોળીઓ.

ભયંકર રોગોને નષ્ટપ્રાય કરવાનો સાશમા સારો ઇશ્વરી ઈલાજ છે હવે પછી કોઇ પણ માણસોએ પોતાનાં દરદોની વેદના ખમવી નહિ જોઇએ એ ગોળીઓ સ્વપ્નામા અને પેશાબમાં જતી ધાતુને બંધ કરી શરીરને શક્તિ આપે છે જ્ઞાનતંતુની નબળાઈ, ધાતુનું પાતળાપણું અજીરણ, ખોરાક ન પચવો, હાથ પગનું ધ્રુજવું. મગજે ચક્કરી આવવી, યાદશક્તિ ગુમ થવી, જુવાનીમાં બુઢાપાની હાલત, મનની ચિંતા, ફિકરી, કોઇ પણ કામ પર ચિત્ત ન લાગવુ, ખાવ પર અરૂચિ, છાતીનો ધબકારો, હરસ, દમ, આંખે અંધારા આવવાં, ચહેરાની ફીકાશ, જુવાન વિદ્યાર્થીનું અભ્યાસના બોજાને લીધે નબળુ પડી ગયેલું મગજ, તેમજ વકીલ, બારીસ્ટરો, અને ક્લાર્કો, સ્કુલ માસ્તરો અને બીજાઓ કે જેમને રાત દિવસ મગજ કસવુ પડે છે તેમને એ ગોળીઓ વિજળીક ઇલાજથી થોડી મુદતમા અજબ જેવા ગુણ કરેછે તેમ સ્ત્રીઓને હદબહાર માસિક બીમારીથી શરીર લેવાઇ જાય છે અને હીસ્ટીરીઆ, કમરનો દુખારો, પ્રદર, ભુખ મરી જવી, વીગેરે રોગો થાય છે, તે પર આ ગોળીઓ ઘણીજ ફાયદાકારક છે. ખરીદતી વખતે પ્રો જેમ્સ ઈલેકટ્રો ટોનીક પીલ્સ બરાબર વાંચીને લેવી. કારણ કે નકલી દવાથી ફાયદો થવાને બદલે નુકશાન થાય છે.

કીંમત ૨૫ ગોળીની શીશીનો રૂ.૧-૪-૦ ૮૦ ગોળીની શીશીના રૂ ૨ બહારગામથી મંગાવનારાઓને વી. પી. ખર્ચ ૦-૪-૦ જુદું પડશે.

નીચલી સર્ટીફીકેટ વાંચો.

મી. નંદલાલ જમનાદાસ લોલાડા કાઠીઆવાડથી લખે છે કે આગાઉ મંગાવેલ પ્રો. જેમ્સની વીજળીક શક્તિની ગોળીઓનો ઉપયોગ કરતા તે બહુ ફાયદાકારક માલમ પડી છે અને કારકુનો વગેરે જેઓને કામના બોજાઓને લીધે કંટાળો આવતો હોય તેઓને તો એક ખાસ મદદગાર થઇ પડે છે મારા મિત્રોને પણ આ સબંધના ખબર લખ્યા છે, અને બીજી બે બાટલી વી. પી. થી મોકલશો.

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કંપની.

જુમામસીદ—મુંબઇ.

સુગંધીનો રાજા.

ઓટો–દીલ બહાર.

[રજીસ્ટર્ડ]



દીલને આનંદ આપનારૂં, મનને પ્રફુલીત કરનારૂં, અસંખ્ય ફુલોના અર્કની સુગંધીઓથી ભરેલું સર્વોત્તમ સેન્ટ છે, ઓટો–દીલબહાર સ્પીરીટ વગરનું હોવાથી અત્તર તરીકે પણ વાપરી શકાય છે. ફક્ત ચાર પાંચ ટીપાં રૂમાલ અથવા કપડા ઉપર છાંટવાથી એકદમ ખુશબો પસરવા માંડે છે અને વાપરનારને તેમજ તેની આસપાસનાઓને મીઠી દીલખુશ સગંધીમા મુકી દે છે. બીજું કોઇપણ સેન્ટ અથવા અત્તર ખરીદતા પહેલાં ઓટો–દીલબહાર ખરીદો અને તેની અપુર્વ સુગંધીનો એ ઘડી વિચાર કરો.

ના. કે. ખરીદતી વખતે કોઇપણ વેપારી બીજુ ભળતા નામનું ઓટો–સેન્ટ લેવાને કહે તો લેતા નહી પણ **ઓટો–દીલબહાર** આ નામ બરાબર વાંચીને સીલબંધ બાટલી ખરીદજો.

કીં. નાની બાટલીના	રૂ. ૦—૮—૦	વી. પી. ખર્ચ ચાર આના.
કીં. વચલી ,,	રૂ. ૦—૧૨—૦	
કીં. ગોળ ૦॥ ઔંસની	રૂ. ૨—૦—૦	

સુગંધી કાર્ડના એક આનો, અરજ કરવે મફત મોકલીશું.

અમદાવાદના એજન્ટ— **શા. ચુનીલાલ મયાચંદ મહેતા**
ત્રણ દરવાજા—અમદાવાદ.

ધી એંગ્લો ઇંડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.
સોલ એજન્ટ, જુમામસીદ—**મુંબઈ.**

મયૂરા કિંવા બ્રહ્મસંજ્ઞા.

अज्ञानेनावृतं ज्ञान तेन मुह्यति जंतव
योग युक्तो विशुद्धात्मा, विजितात्मा जितेंद्रिय
सर्वभूतात्म भूतात्मा, कुर्वन्नपि न लिप्यते.
अविभक्तं विभक्तेषु, तज्ज्ञान विद्धि सात्विकम्.
मय्यर्पित मनोबुद्धि यो मे भक्त: स मे प्रिय

લખનાર

જયન્તીલાલ મોરારજી મહેતા.

નડિયાદ.

પ્રકટ કરનાર

સોમાલાલ મંગળદાસ શાહ.

ગુજરાતી પંચના માલિક—અમદાવાદ.

સને ૧૯૧૫. સંવત ૧૯૭૨.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૫૦૦.

ધી "ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસમાં શા સોમાલાલ મંગળદાસે છાપ્યું.

પાંચકુવા—અમદાવાદ.

કિંમત રૂ. ૧—૮—૦.

આ લખનારનાં બીજાં પુસ્તકો.

પ્રભાત— રસભર નવલકથા. પૃષ્ટ ૨૫૦ ૦—૮—૦

રાજ્યભક્તિ:— (ઇનામી નિબંધ) ના. સરકારના કેળવણી ખાતાંએ લાયબ્રેરી માટે મંજુર કરેલ. ૧—૦—૦

હવે પછી

મેનકા— સામાજિક જીવનમાં નવું સત્વ પૂરનાર નવલકથા.

સાહિત્યાદર્શ:— સાહિત્ય સેવકોને અર્થે ઉપયોગી. જૂદા જૂદા પ્રસિદ્ધ લેખકોના લેખો અને તેનું સ્પષ્ટ વિવરણ.

લિપિનો ઇતિહાસ:—લિપિનો માતૃકાવાદ. ક, ખ, ગ વગેરેનું મૂળ અને તેનો પૂર્વનો ઇતિહાસ. હીંદુસ્તાનમાં તેમજ તેની બહાર વપરાતા અક્ષરોનું સામ્ય.

શબ્દાક્ષર પરિષદ:—શબ્દો ને અક્ષરોનાં ભાષણ.

યુક્તિઓ:— વ્યવહારની આંટીઘુંટીમાં શિક્ષણ.

અર્પણ પત્ર.

જે ગુર્જર પ્રજાના આશીર્વાદ અને ઉત્સાહમાં હું મારા ભવિષ્યની રેખાઓ જોઉં છું, જે પ્રજાની ભાવનાના ખોળે બેસી મેં મારા જીવનને નિભાવી રાખવાનું નિર્માણ કર્યું છે અને મારા એ પગુનો આ રસિક અને રસજ્ઞ પ્રજા સત્કાર કરશે અર્થાત્ સાગરનાં મોજાંને સાગર નહીં સંઘરે તો કોણ સંઘરશે, એમ ધારી આ પુસ્તક દીન ભાવે **ગુર્જર પ્રજાની** ચરણરજમાં મૂકું છું.

નડિયાદ.

લી૰
જયન્તીલાલ.

પ્રસ્તાવના..

આપણા સામાજિક ક્ષેત્રમાં દિન ઉગ્યે નવાં નવા સત્વો ઉમેરાય છે. અને એ સત્વો જેમ જેમ માનવ હૃદયમાં શેળભેળ થતાં જાય છે તેમ તેમ તેમાંથી કંઈ ઑાર ભભક બહાર આવી પડે છે. આ સઘળું આજથી પચાશ વર્ષ પહેલાં મૃત્યુ પામેલું માનવી પુનઃ આ જગતમાં આવીને અગર તો અત્યારનુ માનવી એ પચાશ વર્ષ પહેલાના સમયને પ્રત્યક્ષ રાખીને જુએ તો તેને સહજ સમજાય. ઝીણી દૃષ્ટિએ જોનારને આ અવસ્થાંતર કાંઇ નાનું સુનું લાગે તેમ નથી. પાંચ પચાશ વર્ષમાં તો આપણી ભાવના, વિચાર અને રંગો એટલા બધા બદલાઇ ગયા છે, કે આપણેજ બહુ વખત એમ કહીએ છીએ કે આ શું? એ સમજી શકાતું નથી. આપણાં વિચાર, વર્તન અને વાણીના પટોમાં ક્ષણે ક્ષણે સૂક્ષ્મ ફેરફાર થતો જાય છે, આના પરિણામે આપણી ચાલી આવેલી ધાર્મિક ભાવના પણ ઘડાઇ ઘડાઇ કસોટીએ ચડવા લાગી છે. કોણ એમ કહેવાની હીંમત કરશે કે ધાર્મિક–સામાજિક–સિદ્ધાંતો **वासांसिजिर्णान** ની માફક મૃત્યુ પામી નવા પોશાકમાં નથી રજૂ થતા?

આ સર્વના કારણ તરીકે અત્યારે એટલાં બધાં સાધનો ઉપસ્થિત થયાં છે, કે તે સર્વની ગણતરી કરવા બેસવું, એ આંહી તો કાલક્ષેપ કરવા જેવુંજ થાય. વળી માણસ, માણસને કેળવતું કેળવતું એટલું બધું સપાટાપૂર આગળ ચાલ્યું જાય છે, અને તેમાં એક સાધન બીજા સાધનને એટલી ત્વરાથી ઉત્પન્ન કરે છે, કે એ સ્વાભાવિકતાને ગ્રહણ કરવા અથવા તેનો ક્રમ–બંધારણ–નિશ્ચિત કરતાં પ્રત્યેક દિશાઓમાં ફરી વળવું પડે. આવા પ્રકારની કઠિનતા આપણી સમાજનું નિરીક્ષણ કરનાર પ્રત્યેકને છે. એટલે તેથી બ્હીને હઠી જવું અને જે પ્રમાણે પૂર ચાલ્યું જાય છે તે પૂરને ચાલવા દેવું એ અયોગ્ય ગણાય. પૂર—પ્રવાહ ઉપયોગી છે પરન્તુ જો તે યોગ્ય દિશાનો ત્યાગ કરે તો કેટલા જીવો અભાગીઆ રહી જાય એ સમજવું તો કાંઇ કઠિન નથી. આટલા માટેજ સામાજિક ક્ષેત્રના પ્રવાહોને નજર તળે ઉભા રાખી, યથા ક્રમમાં ગોઠવી તેમની સમાજની આગળ રજૂઆત કરવી એ ભાવનાના ઉત્સાહમાં આ મયૂરાની સંકલના તૈયાર થઇ છે.

સિદ્ધાંતને સિદ્ધાંત તરીકેજ ચર્ચવો અને તેને કથારસમાં ભેળવી દઈ ચર્ચવો એ એમાં ઘણુંજ અંતર છે, એમ કરતાંય કથારસમાં ક્યાંક સ્ખલન ન થઇ જાય એ બીકે બીકે આગળ વધવું એ તેની સાથે કઠિન પણ છે. આ મુખ્ય ઉદ્દેશ હજી તો મથુરામાં પ્રસ્તાવ રૂપેજ વાચકો આગળ ધર્યો છે. પરન્તુ હવે પછી પ્રકટ થનાર મેનકાના ઇતિવૃત્તમાં મથુરાનો પ્રસ્તાવ કંઇક ચુવામાં આવશે એમ ભવિષ્ય કાળને બાજૂ ઉપર મૂકી અત્યારે ધારૂં છું.

પુંઠા ઉપર :આપેલ શ્રીકૃષ્ણનાં વચનામૃત કથારસની સાથેજ અંતરમાં રેડવા જેવાં છે.

પૃષ્ટ ૮૧ મે પ્રકટ થએલી કવિતા અસ્થાનેજ છે. એ ત્યાં કે બીજે પ્રકટ થવી જોઇતીજ નહતી. ભૂલનું પરિણામ છે, પણ તે મારી ભૂલ નથી.

ગુજરાતી પંચના માલેક, પરમ સ્નેહી રા. રા. સોમાલાલ મંગળદાસે આ કથા જનસમાજની હજુર રજૂ કરવાની જે ઉત્તમ તક મને મેળવી આપી છે, તે બદલ તેમનો ઉપકાર માનું છું.

નડિયાદ.
ન્યુ ઇંગ્લીશ સ્કૂલ
તા. ૧-૧૧-૧૯૧૫.

જ. મો. મહેતા.

“ ગુજરાતી પંચ ” પત્ર તરફથી આપવામાં આવેલી ભેટો.

નામ.	લેખક.	કીંમત.
૧૯૦૩		
૧ માલતી અથવા આર્યોના ... સાંસારિક દુર્ગુણોથી થતી ખુવારી.	રા. ચુનીલાલ પુંજીરામ મણીઆર.	૧—૦—૦
૧૯૦૪		
૨ સ્ત્રીગીતા અથવા વીજળી ... ગામડીઅણુ.	રા. ચતુભૂજ માણુકેશ્વર ભટ્ટ.	૧—૦—૦
૧૯૦૫		
૩ સંસાર યાત્રા. ...	રા. છગનલાલ કેવળરામ મહેતા.	૦—૧૨—૦
૧૯૦૬		
૪ શૈલપુરની સુંદરી. ...	રા. રશ્મિકાન્ત.	૧—૦—૦
૧૯૦૭ ની બે ભેટો.		
૫ અયોધ્યા અને અંગ્રેજ. ...	રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા.	૧—૮—૦
૬ અલક્ષ્યજયોતિ. ...	રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ.)	૧—૮—૦
૧૯૦૮ ની બે ભેટો.		
૭ ઉષાકાન્ત. ...	રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દીવેટીયા. બી. એ.	૧—૮—૦
૮ પદ્મનાભ ...	રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ.)	૧—૮—૦
૧૯૦૯ની બે ભેટો.		
૯ મધુકર. ...	રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ.)	૧—૮—૦
૧૦ જ્યોતિર્પુંજ. ...	રા. મધુકર.	૧—૮—૦

૧૯૧૦ ની બે ભેટો.

૧૧ શાન્તિદા. ... અ. સૌ. સુમતિ. ૦—૧૨—૦

૧૨ પ્રિયકાન્ત. ... રા. રણજીતભાઇ વજુભાઇ ૧—૮—૦

૧૯૧૧ ની બે ભેટો.

૧૩ સિતારનો શોખ તથા સુરબાળા. ... રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટીયા. ૧—૮—૦

૧૪ લલિત મોહન. ... રા. દામોદર વખતચંદ શાહ. ૧—૮—૦

૧૯૧૨ ની બે ભેટો.

૧૫ શ્વેતભાનું. ... રા. માધુભાઇ બાબારાવ દીવેટીયા. ૧—૮—૦

૧૬ સુવર્ણકુમારી. ... રા. ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ. ૧—૮—૦

૧૯૧૩

૧૭ કુંજબાળા. ... રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ) ૧—૦—૦

૧૯૧૩ ની બીજી તથા ૧૯૧૪ ની પહેલી ભેટ.

૧૮ સત્યસિંહ. ... રા. ચુનીલાલ પુંજીરામ મણીયાર. ૧—૮—૦

૧૯૧૪ ની બીજી ભેટ.

૧૯ કિરણસિંહ. ... રા. દામોદર વખતચંદ શાહ. ૧—૮—૦

૧૯૧૫ ની ભેટ.

૨૦ મથુરા કિંવા બ્રહ્મસંજ્ઞા. ... રા. જયંતિલાલ મોરારજી મ્હેતા. ૧—૮—૦

અનુક્રમણિકા.

પ્રકરણ	૧	લું.	...	સરતટપર સંતો.
,,	૨	જું	...	ભજ ગોવિંદ ભટ્ટ.
,,	૩	જું	...	અસ્ત વ્યસ્ત.
,,	૪	થું	...	ત્યારે મારી મયૂરા ક્યાં ?
,,	૫	મું	...	એ કોણ ?
,,	૬	ઠું.	...	મુરખો અને મયૂરા.
,,	૭	મું	...	મન્મુખરાયને ઘેર.
,,	૮	મું	...	નવરંગી.
,,	૯	મું	...	ચપલાનું પૂર્વ વૃત્તાંત.
,,	૧૦	મું	...	સસરો અને વહુ.
,,	૧૧	મું	...	પવિત્ર મૃત્યુ.
,,	૧૨	મું	...	કમલાનો આત્મઘાત.
,,	૧૩	મું	...	છૂટકો.
,,	૧૪	મું	...	નારીયજ્ઞ.
,,	૧૫	મું	...	આશ્રમમાં યોગચર્ચા.
,,	૧૬	મું	...	અધઃ પતન.
,,	૧૭	મું	...	અધમતામાં વૃદ્ધિ.
,,	૧૮	મું	...	નુપૂરમાં વીલ.
,,	૧૯	મું	...	સ્નેહ સંમેલન.
,,	૨૦	મું	...	પુનઃ સમાગમ.
,,	૨૧	મું	...	ગુપ્ત સંકેત.
,,	૨૨	મું	...	સાવચેત !
,,	૨૩	મું	...	મન્મુખ ગાંડો.
,,	૨૪	મું	...	સન્મુખ.
,,	૨૫	મું	...	ધારીશ તો સાધુત્વ.
,,	૨૬	મું	...	પાપ ક્ષમા.
,,	૨૭	મું	...	રાગમાંથી વિરાગ.
,,	૨૮	મું	...	ગુરૂ શિષ્યા.
,,	૨૯	મું	...	સમારંભ.
,,	૩૦	મુ.	...	મયૂરા કિંવા બ્રહ્મસંજ્ઞા.

મયૂરા.

પ્રથમ પરિચ્છેદ.

સર તટપર સંતો.

નિર્જન પ્રદેશ છે. છતાં પણ શુક્લપક્ષની સુંદર રાત્રીએ આ ન્હાનકડા સરવરના નિર્મલ જલનાં પ્રભુચંદ્રનું નૃત્ય કરતું પ્રતિબિંબ, કાંઠાપરની વૃક્ષાવલીમાંથી ઉત્પન્ન થતું વાયુનું મધુર ગાન અને તમરાં તથા મંડુક મંડલીની સ્વાભાવિકતા સરવરના સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે. બિચારાં પક્ષીઓ, રડયાં ખડયાં પશુઓ અને કલાન્ત પથિકોના આ આશ્રયસ્થાનમાં વિશ્રાન્તિને માટે પૂર્વ દિશાની વૃક્ષરાજી પાસેથી કોઇ બે વ્યક્તિ આવે છે; તેમાં એક વયમાં વૃદ્ધ છે. અને એક બાળક છે. વિભ્રમમાં પડાય તે પહેલાં તો બન્ને સંતો સર તટપર આવી પંહોચ્યા. તેમાંના એકે બીજાને ઉદ્દેશી કહ્યું.

" આ સ્થાનની રમણીયતા અનુપ છે. "

" સત્ય છે. શેષ રાત્રી આપણે આંહીંજ ગાળીએ તો ઠીક. " બાલકે પ્રત્યુત્તર આપ્યો.

" ખરૂં, પણ સમીપના અરણ્યમાં હીંસક પ્રાણીઓ વસે છે, એ તને નહીં ખબર હોય. "

નિર્ભયપણે બાલ સંતે ઉત્તર આપ્યો " તેથી આપણને શું હરકત છે ? "

" હરકત કેમ નહીં ? અત્યારે આપણે કોઇપણ જાતનું સાહસ ખેડીએ એવી સ્થિતિમાં નથી. " વૃદ્ધ સંતે કહ્યું.

" આપની ઇચ્છા. પણ મને તો કલાન્તને શાંત કરનારૂં આ રમણીય સ્થાન છોડવું ગમતું નથી. " બાલ સંતને સહજ ખેદ થયો.

" તને બહુજ થાક લાગ્યો છે ? "

" જી હા. "

" ભલે, ત્યારે ચાલ પેલા વૃક્ષની ઓથે. "

બન્ને સંતો વૃક્ષ નીચે ગયા.

"તુ થાકેલ છું એટલે જરા નિદ્રા લે. આવી વિષમાવસ્થામાં મને નિદ્રા આવવી અસંભવિત છે. " વૃદ્ધ સંતે કહ્યું.

" નિદ્રા તો મનેય નહીં આવે. મને તો માત્ર વિશ્રાન્તિનીજ જરૂર છે " બાલ સંત બોલ્યો.

" ત્યારે તો કામળી બિછાવી બેસીએ. પ્રાતઃકાલે મંગલગિરિના મઠ તરફ જઇશું. "

" મંગલગિરિનો મઠ આંહીંથી કેટલો દૂર છે ?"

" આશરે ચાર પાંચેક માઇલ "

" ત્યારે તો સૂર્યોદય પહેલાં પહોંચાશે. "

" કદાચ્ ના પણ પહોંચાય !

" કેમ, એમ ? " આતુરતાથી બાલ સંતે પૂછ્યુ.

" મને તો ભય લાગે છે, કે પ્રતિ પક્ષીઓ આપણને શોધી કહાડશે ખરા. તેઓ આપણી પાછળજ હોવા જોઇએ. નવલકિશોર કાંઇ ઓછી લાગણી ધરાવતો નથી. " ભય વ્યક્ત કરતાં વૃદ્ધ સંતે કહ્યું.

" ફીકર નહીં. એકતો આપણે અજાણ સ્થિતિમાં છીએ, બીજું રાત્રી છે અને ત્રીજું આ વૃક્ષની ઓથ છે. વળી જે પરમાત્માના પ્રતાપે આપણે નિર્વિઘ્ને આંહીં સુધી આવ્યાં છીએ, તેજ પરમાત્મા આપણને સાહાય્ય કરશે. " બાલ સંતે કહ્યું.

" પરમાત્મામાં શ્રદ્ધા અને સાહાય્યની આશા એ ખરૂં. પણ એ વાત અત્યારે જવા દે. શ્રદ્ધા અને આશા કરતાં કર્તવ્યની ભાવના નિશ્ચિત ફલ આપનારી છે. " વૃદ્ધ સંતે કહ્યું.

" આપનું એ સત્ય, અસત્ય જેવું છે. "

' ઠીક, પણ જે સત્ય તને અસત્ય જેવું લાગે છે. તેજ સત્ય ક્ષમણાં આપણી સમક્ષ ઉભું રહેશે. પછી તું જોઇશ કે આશા, શ્રદ્ધા અને મારા કથનમાં કોણ ચઢે છે." વૃદ્ધ સંતે કહ્યું.

" શાસ્ત્રની આજ્ઞા, પૂર્વજોની પરંપરા અને માનવ હૃદયની સમજણ કર્તવ્યના કરતાં શ્રદ્ધા અને આશાનેજ ધર્મના સ્તંભરૂપ ગણે છે. એ પણ નિર્વિવાદ છે." બાલ સંતે શ્રદ્ધા અને આશાનું મહત્વ દર્શાવ્યુ.

" બાપુ ! હજુ તેં જગતની લીલી સુકી જોઇ નથી. શાસ્ત્રાની આજ્ઞા અને અપેક્ષાવાદની સમજણ તારી શક્તિ બહાર છે. તેં પૂર્વજોની પરંપરાનું સત્ય સેવ્યું નથી અને માનવ હૃદયના બુદ્ધિવાદનો ક્રમ જાણ્યો નથી. આવી સ્થિતિમાં તને તારા વિચાર સત્ય લાગે એ સ્વાભાવિક છે. પણ જો, સાંભળ ! કર્તવ્યની અસીમ દૃષ્ટિ મર્યાદાના ગર્ભમાં શ્રદ્ધા અને આશાનો હેતુ માત્ર સમાયલો છે. કર્તવ્ય સિવાય શ્રદ્ધા અને આશાની ભાવના ઉત્પન્ન થવી અશક્ય છે. અનાદ્યન્ત જગતનો ઇતિહાસ ઉકેલીશ, અડગ અને સત્ય નિશ્ચયથી ધર્માત્માનાં હૃદયોને જોઇશ અને વ્યવહારનાં પ્રત્યેક અંગો તરફ દૃષ્ટિપાત કરીશ ત્યારે તારા અંતઃકરણની લોવિલોમતા જઇ તને કર્તવ્યની સત્યતા દેખાશે. શ્રદ્ધા અને આશા એ, અપૂર્ણ કર્ત્તવ્યનિષ્ઠાનું ઉત્પન્ન થતું પરિણામ માત્ર છે; આ સત્ય માનવ સમાજની સામાન્ય સમજણમાં સર્વ વ્યાપક નહીં હોવાથી તેઓ આશા અને શ્રદ્ધાની ભાવનામાં કર્તવ્યનું વિસ્મરણ કરી જાય છે." વૃદ્ધ સંતે કહ્યું.

" પ્રભુ ! મેં ક્યાં જગતની લીલી સૂકી નથી જોઇ ? આટલા વર્ષ સુધીમાં ક્યાં ઓછુ સહ્યું છે. એટલે મેં જેટલું અનુભવ્યું છે, તે ઉપરથી તો હું કહી શકું છું, કે આશા અને શ્રદ્ધા માનવ હૃદયને કોઇ કોઈ વાર કર્ત્તવ્યનિષ્ઠાની ભાવના કરતાં પણ બહુ સહાય થઇ પડે છે. કહો, એ સત્ય શું સત્ય નથી ?" વિનયપૂર્વક બાલ સંતે કહ્યું " સત્ય છે. કેમકે એ સત્ય તેજ કર્તવ્ય છે. કર્તવ્યની શિથિલતા, મંદતા, તે પ્રતિપ્રમાદ કે ક્ષણભર વિશ્રામ એ આશા અને શ્રદ્ધા છે. તેથીજ કર્તવ્યના વિસ્તૃત ક્ષેત્રમાં આશા અને શ્રદ્ધા ગર્ભિત છે. તું તો મતિભેદને લઇનેજ આ ઉભયમાં જુદાપણું માને છે. આશા અને શ્રદ્ધાના પ્રત્યેક ભાવઆજુમાં ગુપ્ત રીતે કર્તવ્યનો વ્યાપાર થયે જાય છે. અને

જો તેમ હોય તોજ મનુષ્ય આત્મજીવનને વિશુદ્ધિના તટપર લઇ જઇ શકે. આશા અને શ્રદ્ધા એવો સ્વતંત્ર ભિન્નભાવ છેજ નહીં. કર્તવ્યના ક્ષેત્રમાં પ્રસંગવશાત્ ઉત્પન્ન થતી ક્ષણિક માનસિક ભાવનાઓ છે. જ્યારે કર્તવ્ય તો તત્વરૂપે રહેલું અનંત સામર્થ્યયુક્ત બલ છે. અને તેમાંથીજ વ્યવહારિક સમગ્ર ભાવનાઓનો જન્મ થાય છે." વૃદ્ધ સંતે સ્ફૂટ કર્યું.

"ત્યારે શું આશા અને શ્રદ્ધાનો પરિત્યાગ કરવો ?"

"એ ત્યાગ થઇ શકે તેમ નથી. પદાર્થ કે ભાવનાના અસ્તિત્વ સાથેજ તેના ગુણો છે. કર્ત્તવ્યની સાથેજ આશા અને શ્રદ્ધાના તંતુઓ જોડાયલા છે. કેટલાકના એ ભાવિક તંતુઓ અપક્વ હોય છે. અપક્વતાના ખોટા પ્રવાહમાં તણાઇ જઈ એ સર્વ નિરાશા અને અશ્રદ્ધામાં જતા રહી અંતે નિવૃત્તિરૂપ સંતોષમાં ઉભા રહે છે. આજ પ્રસંગે ઉત્પન્ન થતી આશા અને શ્રદ્ધા નિરર્થક છે. ત્યાગવા યોગ્ય છે. જે કર્ત્તવ્ય નિષ્ઠાપૂર્વક રચાયલું છે તેમાં ઉત્પન્ન થતી આશા અને શ્રદ્ધા જરૂરની છે. એ આશા અને શ્રદ્ધાતો કર્ત્તવ્યની સન્મુખ ઉભી રહી તેને સહાય થાય છે. મનુષ્યના જીવનને આગળ હડસેલે છે." વૃદ્ધ સંતે કહ્યું.

"પ્રભુમાં શ્રદ્ધા અને તેની સાહાય્યની આશા એ શું નિરર્થક છે?" બાલ સંતે પૂછ્યુ.

સુદૃઢ અને પવિત્ર કર્તવ્યનિષ્ઠાને અંગે પ્રભુમાં શ્રદ્ધા અને આશા સંભવતીજ નથી. કર્ત્તવ્યને પ્રભુની સાહાય્ય જોઇતી પણ નથી અને કર્ત્તવ્યની શિથિલતા અર્થાત્ સત્વહીન શ્રદ્ધા અને સત્વહીન આશાને પ્રભુની સાહાય્ય મળી શકતી પણ નથી. એટલે એજ સત્ય કે પ્રભુ તો કેવલ તટસ્થજ છે." વૃદ્ધ સંતે કહ્યું.

"ત્યારે શાસ્ત્રવાદ સર્વ અસત્ય!" બાલ સંતે પૂછ્યું.

"શાસ્ત્રવાદનો પણ એજ નિર્ણય છે. સર્વ સત્ય શાસ્ત્રો પ્રભુને તટસ્થજ રાખે છે. તે સંબંધે મૌન છે. અને યોગ્ય પણ એજ છે." વૃદ્ધ સંતે કહ્યું.

"પણ ".....બાલ સંતને બોલતાં અટકાવી વૃદ્ધ સંતે કહ્યું "જ્ઞાનવાદ હવે પછી. જો સાંભળ, સાવધાન! કર્ત્તવ્યનિષ્ઠ થા!"

"હં."

"જો આપણે આંહીંથી ચાલ્યા ગયા હોત તો કેવું સારૂં. પણ હવે ફીકર નહીં. હું સરોવરમાં સ્નાન માટે જાઉં છું. તું પેલું પ્રાણપ્રિય પદ ગા. વિડંબણામાંથી છુટવાનો આજ માર્ગ છે." એમ કહી વૃદ્ધ સંતે સરવર તરફ પ્રયાણ કર્યું, અને બાલ સંતે ગાન શરૂ કર્યું:—

પદ.

મટમટી આંખડી નૈનથી નીંદ ગઈ,
સુન્દરી શાન્તિ લેતી સમારી.
 ગાય છે કોકિલા કંઠ પ્યારી. મટમટી૦
જ્ઞાન અધ્યાત્મ, ઓંકારને યોગના—
મંત્રમાં મસ્ત અવધૂત યોગી.
 કાર્યમાં દક્ષ સાત્વિક ભોગી. મટમટી૦
મેઘને મંડપે મૃદુલ મધુ અનિલના—
સ્વર સમા ધ્વનિત સંગીત સ્વને,
 સાંભળી સર્વતા ગગન ગુંજે. મટમટી૦
પક્ષી કલરવ કરે શબ્દ ગંભીરતા,
ગગન તટ મુકુટ ધર ભાનુ રાજે.
 નર્તતા દેવ પદ્મે વિરાજે. મટમટી૦

નિર્ભયતા પ્રાપ્ત થઇ. ત્રણે સ્વારોએ જ્યાં લગી મધુર ધ્વનિ ચાલુ રહ્યો ત્યાંસુધી પોતાના અશ્વોને મંદમંદ ચલાવ્યા, પરન્તુ પછી તો પ્રથમનીજ ગતિમાં અશ્વોને મૂક્યા.

દ્વિતિય પરિચ્છેદ.

ભજગોવિંદ ભટ્ટ.

દેવલગંજ શહેરના રાજગોર ભજગોવિંદ ભટ્ટનું કુટુંબ ધન, ધરા અને કીર્તિમાં આગળ પડતું હતું. એટલુંજ નહીં, પરન્તુ તેમની નિસ્પૃહા, ઉદારતા, દયાલુત્વ, ડહાપણ, વિવેક, વિનય અને શાસ્ત્ર પારંગત જ્ઞાનથી દેવલગંજની આસપાસ તેમજ દેવલગંજ સાથે સંબંધ રાખતાં ઘણાંખરાં મોટાં રાજ્યોમાં પણ તેમના ગુણાનુવાદ ગવાતા હતા. અને જ્યારે જ્યારે તેઓ ત્યાં જતા ત્યારે દરેક વખતે તેમને

ત્યાંના લોકો, અધિકારી વર્ગ, અને રાજવંશીઓ પૂર્ણ આગતા સ્વાગતાથી નિવાજતા. ઘરે પણ ભટ્ટજી પૈસે ટકે માતબર હતા. હીસાબી મહેતા ને નોકર ચાકરનો પણ ઠીક ઠાઠ હતો.

ભજગોવિંદ ભટ્ટ વૃદ્ધત્વની સંધિમાં આવી ગયા છતાં, પુત્રદર્શન કરવાના ત્વરીત અભિલાષનો ત્યાગ કરી શકયા નહતા. તેમનો એ અભિલાષ વય વૃદ્ધિના કારણે ઘટવાને બદલે ઉલટો વધવા લાગ્યો હતો. આમ સર્વ સાધન-સંપન્ન સ્થિતિમાં જ્ઞાની ભટ્ટજી માત્ર આ એકજ ચિંતાના પાશમાં બંધાઇ અજ્ઞાનવશ રહેતા હતા.

તેમનાં પત્ની ધર્મદેવી પણ આવીજ દશાને વશ વર્તી રહી સદા ચિંતાગ્રસ્ત ચહેરે ભટ્ટજી સ્હામુ જોઇ હૃદયના ઉંડાણમાંથી નિશ્વાસ નાંખતાં.

તોપણ પ્રભુ મહેશ્વરનુ વિધિપૂર્વક પૂજનાર્ચન, તત્ નિમિત્તે થતી યજ્ઞ યાગાદિક ક્રિયાઓ અને તેવાંજ બીજાં ધાર્મિક કાર્યોમાં ભજગોવિંદ ભટ્ટે વૃત્તિને પ્રથમ કરતાં વિશેષ ઉદાર બનાવી હતી.

બીજા લોકો ભટ્ટજીની આવી ધાર્મિક ઉદારતા જોઇ તેમનાં મુકત કંઠે વખાણ કરતા પરન્તુ તેમની નિકટમાં રહેનાર તો આમાં પણ ભટ્ટજીની પુત્રેચ્છાનો ત્વરિતવેગ કળી જતા હતા. વળી યજ્ઞયાગાદિના શુભ પ્રસંગે રાજારજવાડામાંથી ભટ્ટજીને ભેટ વગેરે જે કાંઇ આવતું, તે પ્રકારનો અર્થ લાભ એ જુદો હેતુ.

કાલ જતાં કર્મનું ફળ મળ્યું. કાંઇક આશા અને તેની સાથે તે આશામાંથી ઉત્પન્ન થતી જિજ્ઞાસાનાં ચિન્હો ભટ્ટજી તથા ધર્મદેવીના અંતઃકરણમાં પ્રકટવા માંડયાં; પરન્તુ શોચ માત્ર એટલોજ કે શ્રી માહેશ્વરની કૃપા થવાને બદલે શ્રી માહેશ્વરીની કૃપા થઇ. ભટ્ટજીને ઘેર કન્યા રત્નનો જન્મ થયો; પરન્તુ ભટ્ટજી તો તે દિન જોઇ શકયાજ નહીં. કારણ કે કન્યા રત્નની પ્રાપ્તિ થાય તે અગાઉ ત્રણ માસ પહેલાં ભટ્ટજીએ પોતાના જડદેહને અગ્નિ, વાયુ, આકાશ, જલ અને પૃથ્વિ એ પંચમહાભૂતમાં સંયુકત કરી દીધો.

પોતાના ક્ષણભંગુર દેહના ત્યાગ વખતે ભટ્ટજી પ્રભુ સ્મરણ કરવાને બદલે "પેલાં રત્ન-જડીત નૂપૂર" એટલુંજ બોલી શકયા. સૌ સમજ્યાં કે તે સાચવવાનું કહ્યું. વ્યવહાર વિધિપ્રમાણે વર્તવાને સગર્ભા ભટ્ટપત્નીને પ્રવ્રત થવું પડયું. એટલે ભજગોવિંદ ભટ્ટના અવસાન

બાદ કેટલાક દિવસો તો ગોકકળ વગેરે વિધિ કર્મોમાં ગયા. વિધવા ધર્મદેવીને આમાં સામેલ થવું પડયું. આ સામેલગીરીની અસર તેમના સાજામાંદા સુખી શરીરપર અને ઉદરમાં વૃદ્ધિ પામતા ગર્ભ ઉપર થઇ. પરન્તુ સારે ભાગ્યે તેમના ઉપર આ દુઃખદ ગણાતા પ્રસંગે બહુ શિરજોરી ન કરી. માત્ર સ્વાભાવિકજ કષ્ટ સહન કરતાં પુરોહિત પત્નિએ પુત્રીને જન્મ આપ્યો.

અગર જો ભજગોવિંદ ભટ્ટ આ જગતની લીલાને અને સંતતિ સુખ જોવાના તેમના આતુર અભિલાષને અનુભવવા વધારે વાર ન રહ્યા એ ખરૂં; પરન્તુ તેથી તેમની મોટપને કોઈ પણ રીતે હાની પહોંચી નહીં.

દુનીઆમાં મનાય છે, કે પુત્ર જન્મોત્સવનો આનન્દ અને સુખ અલૌકિક છે. તેમાંય વળી આ દેશમાં તો પુત્રની પ્રાપ્તિ થવી એ પૂર્વનું પ્રારબ્ધ કર્મ ગણાય છે. એટલુંજ નહીં પણ પૈસા કરતાં પુત્ર રત્ન મેળવવું એ દુર્લભ માનવામાં આવે છે. આમ રીતિ, પ્રણાલિ હોવાથી પુત્રીની માતાને અને પરિજનોને ભટ્ટજીની પવિત્રતા, ઉદારતા, તેમનું દશ્ય થતું સાધુચરિત્ અને શ્રી માહેશ્વરની સેવા-ભક્તિનારૂપે પુત્રનીજ આશા હોય એ વાસ્તવિક છે; પરન્તુ એ ધારણાની નિષ્ફળતા દેખી જો ભટ્ટજી જીવતા હોત તો તેમને માત્ર નિરાશાજ ઉત્પન્ન થાત, અને ભવિષ્યમાં બીજા શુભ અવસરની રાહ જોવાત; પરન્તુ ભટ્ટજીની પાછળ વારસાનો હક ભોગવનાર કોઇ પુરૂષ રત્ન ન થયું; એ જોઇ સર્વને દિલગીરી થઈ પણ નિર્વંશીયાનું મેણું તો ટળ્યું ! આવો લ્હાવ પણ કયાં છે ? બારણે પારણું તો બંધાયું ! લોકોમાં તો ગણના થઇ. આ રીતની વિચાર વિવિધતાથી સર્વને સંતોષ વળ્યો. વળી અન્ય સ્થળે કે જ્યાં ભટ્ટજીને ધાડો સંબંધ હતો ત્યાં પણ આજ માન્યતા પ્રમાણે સંતોષને સ્થાન મળ્યુ.

× × × ×

વિશ્વકલા અકળ છે. તૃણનો મેરૂ અને મેરૂનું તૃણ, સુખનું દુઃખ અને દુઃખમાંથી સુખ, અસ્ત પછી ઉદય અને ઉદય પછી અસ્ત, અને સારા પછી નરસું ને નરસા પછી સારૂં. આમ સદૈવ થયાજ કરે છે. માનવીની જ્યારે કોઈ પણ નિશ્ચય કરે છે, ત્યારે તે નિશ્ચયનું પરિણામ નિર્ધારિત હોય તે કરતાં અવળું આવીને ઉભું

રહે છે. આવે પ્રસંગે ગમે તેવો બુધજન પણ પોતાના ઉન્માદી અંતઃકરણને તેના અવિચાર બદલ ઉપાલંભ આપતો ઉભોજ રહે છે; કારણ કે અત્યારે લગભગ પંદર વર્ષના ગાળા પશ્ચાત વિધુર બનેલા ભટ્ટજીના ગૃહમાં કંઇ નહીં ધારેલું દર્શન થાય છે.

તૃતિય પરિચ્છેદ.

—અસ્ત વ્યસ્ત—

પરલોકસ્થ ભટ્ટજીનું ચરિત્ર તો હમેશાં ઉત્તમતા અને અનુત્તમતાની મધ્યમાં રમણ કરનારૂં હતું. પરન્તુ તેમનાં પત્ની ધર્મદેવી અગર જો કે વેદ, વેદાંગ પારંગત ન હતાં; છતાં પોતે એમજ સમજતાં કે સૌનું સારૂં એમાં આપણું પણ સારૂં. એટલે ભટ્ટજીના અવસાન પછી ધર્મદેવીની શિષ્ટતાનો બીજાઓ લાભ લેવા મંથન કરવા લાગ્યા. ધર્મદેવીના શ્વસુર પક્ષમાં તેમજ પીયર પક્ષમાં તો હવે કોઇજ ન રહ્યું; પરન્તુ ભટ્ટજીની જાહોઝલાલીના સમયમાં તેઓએ ઘરનું વ્યાવહારિક કામકાજ કરવા માટે ધર્મદેવીના પીયર શ્રીમાલથી ભદ્રશંકર નામના પોતાના જ્ઞાતિ બન્ધુને બોલાવ્યો હતો. ભદ્રશંકર થોડે છેટે ધર્મદેવીના પીતરાઇ કાકા થતા હતા. ભજગોવિંદ ભટ્ટને ત્યાંથી ભદ્રશંકરને પગાર ઉપરાંત બીજુ તો શુ પેદા કરવાનું હોય; પરન્તુ બન્ને બાલ સ્નેહી હોવાથી અને ધર્મદેવીની ભદ્રશંકર પ્રત્યે અનન્ય માનની લાગણી હોવાથી ભદ્રશંકરને ત્યાં આવ્યાં ગયાં ખરચ તેમજ જો કોઇ વર્ષ ધાર્યા કરતાં કંઇ કારણ પરત્વે વિશેષ ખર્ચ થતો તો તે ભટ્ટજીના ચોપડામાં માંડવાલ કરવામાં આવતો. ભદ્રશંકરની ધર્મદારા જ્યારે ગુજરી ગઇ ત્યારે, તેમજ તેના પુત્ર મનસુખરાયના લગ્ન પ્રસંગે ભજગોવિંદ ભટ્ટે ભદ્રશંકરને સારી સાહાય કરી હતી. વળી ભજગોવિંદ ભટ્ટની ઉત્તરાવસ્થા આવી ત્યારે તેઓએ ભદ્રશંકરની દીર્ઘ સેવાની કદર કરી સારી ઉપજની આશરે દસબાર વીઘા જમીન પણ તેને બક્ષીસ તરીકે આપીને તેના નામપર ચઢાવી દીધી. સિવાય ભદ્રશંકરને તેમની સ્વધર્મનિષ્ઠ, અને સદ્વૃત્તિ જોઇ દેવલગંજના જમીનદારો તરફથી તેમજ ગામના સભાવિત ગૃહસ્થો તરફથી યોગ્ય અવસરે કાંઇક મળતું. શામટે મેળે જોતાં ભદ્રશંકરે દેવલગંજમાં પ્રમાણિકપણે રહી ઠીક યશ ધન મેળવ્યુ; પરન્તુ સુખના આ મધ્યાન્હને

ભદ્રશંકરે દીર્ઘકાલ અનુભવ્યો નહિ. કારણ કે તેમણે ભટ્ટજીના પહેલાં સ્વર્ગગમન કર્યું હતું.

આથી ભદ્રશંકરના યુવાન પુત્ર મન્મુખરાયે ભટ્ટજીને ત્યાં અવાર નવાર આવવા માંડયું ! પણ ભટ્ટજીનો દિનપ્રતિદિન જમાનાના ફેરફાર સાથે રાજ્યો સાથેનો સંબંધ ઘટવા લાગ્યો. તેમજ મન્મુખરાયનો સ્વભાવ તથા તેની રીતભાત ભટ્ટજીને નાપસંદ હોવાથી અને તેની પવિત્રતા સંબંધે ભટ્ટજીને શંકા પડવાથી તેમણે મન્મુખરાય સાથેનો સંબંધ તોડી નાંખ્યો.

મન્મુખરાયને આ તરફની આવક અને ઓળખાણ ઓછું થવાથી તેણે પોતાની કમાઇની દિશા બદલી. તેના ખટપટી સ્વભાવને લીધે દેવલગંજના સરકારી અમલદાર વર્ગમાં તેમજ સરકાર તરફથી મળતી જીવાઈ ઉપર ટકી રહેનાર જમીનદાર વર્ગમાં ઘુસવા માંડયું. તે એટલે સુધી કે દેવલગંજ સુધારક સભાનો મેમ્બર થવાનો લાભ મેળવવા તે ભાગ્યશાળી થયો. ધીમે ધીમે મન્મુખરાય દેવલગંજમાં ઠીક જામ્યો એટલે તેને ભજગોવિંદ ભટ્ટની ગરજ ઓછી રહી. તેમ છતાંય તે એટલું તો સમજતો હતો, કે અત્યારનો લાગવગ ભવિષ્યમાં નાહક તો નહીંજ થાય. આથી ભટ્ટજીનું દીલ હોય કે ન હોય પણ બીજે ત્રીજે તેમને ઘેર મન્મુખરાય આંટો ફેરો માર્યા વિના ના રહેતો. દરમિયાન ભટ્ટજીનો સ્વર્ગવાસ થયો. એટલે મન્મુખરાય બીજે દિવસે અને પછી તો હંમેશાં ભટ્ટજીને ઘેર દર્શન દેવા લાગ્યો.

ધર્મદેવી મન્મુખને ભાઇ ભાઇ કહી બોલાવતી. તેના સંબંધમાં ભટ્ટજીએ કહાડેલા અનુમાનને ધર્મદેવી પીયર પક્ષના પ્રેમમાં વિસરવા લાગી. મન્મુખરાય પણ તેના બાપના જેવોજ વિશ્વાસ કરવા લાયક છે, એવો ધર્મદેવીને નિશ્ચય થયો હતો એટલે ભટ્ટજીના મૃત્યુને જ્યાં એકાદ બે વર્ષ થયાં તેટલામાંતો મન્મુખરાયે ભટ્ટજીના ઘરમાં પૂરેપૂરો પ્રવેશ કરી દીધો. અને તે માત્ર સ્વાર્થને લઇનેજ ! પરન્તુ ભોળી ધર્મદેવી તેના કપટી અને મલિન અંતઃકરણને કળી શકી નહીં. તેના મનમાંતો એમજ હતું કે મન્મુખરાય મારો ખરો શુભેચ્છક છે તેના જેવો નીતિમાન્, હાથનો ચોખો, અને કુટુંબ પ્રીતિ રાખનાર બીજો કોણ છે ? ધર્મદેવીને કોઇ કહેતું તો તે તેના હંમેશના ભોળપણાને લઇને અન્યનું એ કથન તેને નિરૂપયોગી જેવું લાગતું. સર્વ રીતે, સર્વ વાતે અને સર્વ કાર્યમાં મન્મુખરાય સિવાય જેને એક પણ દિશા ન

...જે તે લોક કહેણીને શી રીતે સાચી માને ?

ધર્મદેવીની આવા પ્રકારની બુદ્ધિનો મન્મુખરાયે છૂટથી લાભ ...ધો. ધર્મદેવીના વિશ્વાસ તળે રહીને તેણે જમીનની ઉપજ અધ્ધર ...ડાવવા માંડી. ચોપડામાં મનમાન્યા જમે ઉધારના આંકડા પૂર્યા અને ...ને ક્રમે ભટ્ટજીની જંગમ મીલકતમાં પણ તેણે પોતાનો હક ઘુસાડયો. ...ોક વચન એવું હતું, કે ભટ્ટજીએ વીલ કર્યું છે, એ ક્યાં ગયું ? આ ...મ્દ પરંપરાની મન્મુખરાયને કર્ણ પરંપરા ખબર મળી. વળી કોઇ ...ઇ તો તેને પ્રત્યક્ષ પૂછતું કે "ભટ્ટજીએ વીલ કર્યું છે એ ક્યાં ગયું ?" ...રંતુ "ઘણુંયે તપાસ કરૂં છું પણ એટલી બધી ઘરવખરીમાં ક્યાં ...ાથ લાગે છે ?" આ ઉત્તર આપી તે બધાને સંતોષતો.

આવા ઉડાવનારા ઉત્તરથી ઘણાકને મન્મુખની દુર્વાસના સંબંધે ...હેમ આવતો, અને ઘણાંનાં અંતઃકરણ દાઝતાં કે બિચારી વિશ્વાસુ ...ર્મદેવીનું અને તેની કોમલ કન્યાનું ભવિષ્યમાં શું થશે ? આ બાજુ મન્મુખ પણ મનમાં સમજતો કે વિલ છે તો ખરૂં પણ તેને જેમ ...ને તેમ મેળવી લઇ વેળાસર દફનાવવું જોઇએ. જો તેમ કરવામાં નહીં આવે, અને કદાચ તે કોઇને હાથ લાગશે તો મારો સર્વ પ્રયાસ ...નેષ્ફળ અને નિર્મૂલ થઇ જશે. વીલ શોધવા મન્મુખે ઘણો પ્રયત્ન ...ર્યો પરન્તુ તુર્ત ક્યાંથી હાથ લાગે ? તેણે ઘરનો પ્રત્યેક વિભાગ બહુ ચોક્કસ નજરે જોયો અને નવા જુના ચોપડાનાં પાને પાનાં ...રવી જોયાં, પરન્તુ કોઇ પણ સ્થળેથી વીલનો કાગળીઓ હાથ ન ...ાગ્યો. આખરે તેને નિરાશી ઉપજી. તેમ છતાંય આમ નિરાશી ઉત્પન્ન થવાથી તેણે સ્વાર્થવૃત્તિનો ત્યાગ કર્યો નહીં. ઉલટું આથી તો તેની ...અસદ્વૃત્તિ વધારે વિશાળતામાં પ્રવેશ કરવા લાગી.

ધર્મદેવીને તો ધર્મબંધુ તરીકે માનેલો મન્મુખરાય જે કંઇ કરતો ...ે ન્યાય અને નીતિના રહસ્યયુક્તજ લાગતું. ભટ્ટજીના ઘર સાથે ...રોબો રાખનારાં ઘણીવાર નશ્નરમા થઇ ધર્મદેવીને તેના અને પુત્રીના ...લ્યાણ અર્થે બે બોલ કહેતાં પણ તે સાંભળવાનો તો ધર્મદેવીને અવ-...ાશજ ન હતો; પરંતુ જ્યારે મન્મુખરાયના ક્રિયામાર્ગે અને ધર્મદેવીના વિશ્વાસે દેવલગંજમાં ચર્ચા રૂપેજ જન્મ લીધો ત્યારે એક દિવસે ભાઇ ...હેન બેઠાં હતાં ત્યાં એકાએક ધર્મદેવીની પુત્રી મથુરા આવીને બોલી.

"હેં મામા ! લોકો વાતો કરે છે કે તમે અમારી મીલકતનો

દુરૂપયોગ કરો છો, તે ખરી વાત!"

બસ, માત્ર મયૂરાના આ ગણ્યા ગાંઠયા શબ્દોએ મન્સુખના હૃદયને વીંધી તેની મુખાકૃતિ ઉપર કલંકની છાયા પ્રસારી દીધી એટલુંજ નહીં પણ પોતાની પ્રાણપ્રિય પુત્રીના આવા ગંભીર શબ્દોએ ધર્મદેવીને આજદિન સુધી મન્સુખરાય વિષે નહીં પ્રકટેલો સંશય પ્રકટાવ્યો, છતાંય તે પોતાના સંશયને બહાર ન દર્શાવતાં બોલી.

"ઘેલી! આમ આવ્ય બેસ મારી પાસે. જો લગાર બોલતાં શિખીએ. મામાને એમ કહેવાય!

"બા! હું શું ખોટું કહું છું? મેંતો જેવું સાંભળ્યું તેવું કહ્યું." મયુરા બોલી.

"બ્હેન! જો સાંભળ, લોકો તો ફાવે તેમ બોલે. મામાના શત્રુએ આ અફવા ઉડાડી છે. તનેય હવે પંદર વર્ષ થયાં, ભણીગણી તે શા કામનું?" ધર્મદેવી બોલી.

"ભાણી! આ તને કોણે ઘેલું વળગાડયુ છે? હું તો તમારા ગુમાસ્તા જેવો છુ. તેમ છતાંય જો તારા મનમાં એમ આવતું હોય તો આંહી હુ હવેથી નહીં આવું. પછી છે કાંઇ?" મન્સુખ બોલ્યો.

"મામા! હુ તો સાંભળ્યું તેવું કહું. વળી કાલતો રામ વકીલ કાકા મળ્યા હતા તેમણે કહ્યું કે 'તારા મન્સુખ મામાને ચાવવાના અને દેખાડવાના જુદા છે.' મયૂરા બોલી.

"રામવકીલ તો આખો દહાડો સાધુના મઠમાં પડયા રહે છે. તેમને તો લોકો કહે તેટલી ખબર! તે બીજુ શું જાણે? જો બ્હેન! તું હજી ન્હાની છું. મામો કદિ આપણા અનિષ્ટમાં આનન્દ માને ખરા? તારે તો અત્યારે ભણવામાંજ લક્ષ રાખવું. આજથી કયાં વ્યવહારને ગળે વળગાડે છે?" ધર્મદેવીએ પોતાની પુત્રીને ઉપદેશ આપ્યો.

"બા! હવે હું કયાં ન્હાની છું? હા પણ તારા આગળ તો છોકરૂંને? તોપણ બા! ન્હાનપણ ઉપર કયાં જ્ઞાનનો આધાર છે. એકવાર અમને અમારા મહેતીજી બ્હેને કહ્યું હતું કે જ્ઞાનનો આધાર કેલવણી ઉપર છે તો તેં મને શા સારૂ ભણાવી? પણ હવેથી નહીં બોલું," રોષાન્વિત મયૂરા બોલી. મયૂરાના રોષને શાંત કરવા ધર્મદેવી વાત્સલ્યભાવથી બોલી.

"બેટા! તું આમ ન રિસા. જો, હજીતો તારે સુખદુઃખના માર્ગ જોવાના છે. આમ અત્યારથીજ ક્રોધ કરીએ તો આગળનું શુ કહેવું પછી?"

"બા! મને ક્યારે રીસ ચઢે છે? પણ જ્યારે આમ સાવ નાનકડાં છોકરાં ગણી હસી કહાડો અને અમારા બોલવા ઉપર લગાર પણ વિચાર ન કરો, ત્યારે અમને કેવું ખોટું લાગે!" મયૂરાને બોલતાં બોલતાં આંસુ આવી ગયાં.

"મારી વ્હાલી પુત્રી! રડીશ નહીં. તને મારા સમ છે. લે, તારૂં કહેવું ખરૂં, પણ હવે તું રડીશ નહીં. "ધર્મદેવીની આંખમાં પણ ઝળઝળીયાં ભરાઇ ગયાં.

મન્મુખ તો આ પ્રસંગને ટગરટગર નીહાળીજ રહ્યો. અને અંતઃકરણ કોઇ અમુક તર્કમાં રોકી, કાંઇ યોજના ઘડતો હોય તથા તે મંટ વિચારમાં તલ્લીન થઇ ગયો હોય એવી સ્થિતીમાં ત્યાંથી ઉઠયો.

ચતુર્થ પરિચ્છેદ.

"ત્યારે મ્હારી મયૂરા ક્યાં?"

"મુરખા! જો સાવચેત! નહીં તો ધારણા ફલિભુત નહીં થાય."

'સાવચેતી તો રખાય તેટલી રાખું છું છતાંય ફતેહમંદ ન થવાય અને અપયશ મળે તો તેમાં હું શું કરૂં!" મુરખાએ તેના સાથી ગોદડને કહ્યું.

"પ્રયત્નનું ફલ તો મળશેજ" એમ મારૂં અંતઃકરણ સાક્ષી પૂરે છે." ગોદડ બોલ્યો

"વારૂ! એતો ઠીક પણ એની પાસેથી દ્રવ્ય હાથમાં લીધું છે કે નહી." મુરખે પૂછ્યું.

"ના"

"કેમ? એ સાલો વળી હરામખોરોનો પણ બાપ છે. જોજે ક્યાંઇ ધાપ મારી જાય નહીં?" મુરખે કહ્યું.

" ફીકર નહીં હજી બાજી આપણા હાથમાં છે ને ? " ગોદડે હીંમત બતાવી. "પણ સાંભળ કાન દે ? આ શું સંભળાય છે, નક્કી મયૂરાજ. "

" ન હોય " ગોદડ સૂચના ઉપર સૂચના આપતાં બોલ્યો.

" બસ ! ચુપ ! જા તું એકદમ પત્થર ખસેડ ! જોજે હો ! બિલકુલ સંચાર ન થાય ! પાછો આંહી જલદી આવ ? "

" પણ તેની સાથે તેની બીજી બ્હેનપણીઓ હશે તો ? " મુરખે શંકા કરી.

" આગળથીજ સર્વ તૈયારી કરી રાખી છે. જા હવે વિલંબ ન કર, હમણાંજ મયરા આવી પહોંચશે. " ગોદડે કહ્યું.

" જાઉં છું ત્યારે "

"પણ જો બન્ને બાજુનાં રાંઢવાં બરાબર તપાસજે. ધ્યાન રાખજે કે હું એક બાજૂનું રાંઢવું ખેંચું પછીજ તારે સામી બાજુનું રાઢવૂં ખેચવાનું છે. જો કયાંક ડહાપણ કરતાં આડનું ઓાડ ન કરી બેસતો. " ગોદડે કહ્યું.

"ઠીક." મુરખો ગયો.

"જોજે હો, બિલકુલ અવાજ ન થાવ ! નહીં તો કોઇ આપણો ગુપ્ત સંકેત જાણશે તો પૂરેપૂરી ખરાબી થશે." ગોદડે ફરી સૂચના કરી.

"વાંધો નહીં. હવે એક પણ શબ્દ પાછળથી ન બોલતો."

મુરખે જઇ રસ્તાપર કરવામાં આવેલી ગોઠવણની અને રાંઢવાની મજબૂતીની પૂરેપૂરી રીતે તપાસ લીધી. સર્વ આબાદ જણાયું.

વાચક ! ધર્મદેવીની જેવી વિશુદ્ધિ વ્યવહારમાં હતી તેવીજ વિશુદ્ધિ તેને ધર્મમાં હતી. અગર જો મર્હુમ ભટ્ટજી ધર્મ એ તો પારલૌકિક સુખદ છે એમ માનવા કરતાં તે ઐહિક સુખદ છે એમ માનવા લલચાતા; પરન્તુ ધર્મદેવીએ સ્વામીની એ માન્યતાનો સ્વીકાર કર્યો ન હતો. ધર્મદેવી તો ધર્મકાર્યને માનવ સમાજના કલ્યાણરૂપ જોતી હતી. એટલુંજ નહીં પણ કોઇ કોઇ વાર તે શબ્દદ્વારા દર્શાવતી, કે આ આપણો વ્યવહાર અને નાનકડાં છોકરાંની નીતિરીતિ ઢંગધડા વગરની થઇ ગઇ, ન્હાનાં, મ્હોટાંનો વિવેક સાચવતાં મટી ગયાં, સૌ પોતપોતાનાં ધણી થઇ બેઠાં, નિરર્થક મોજમજા વધી પડી, નાસ્તિ-

કતા વધવા લાગી, કોઇના ઉપર અંકુશ નામ માત્ર રહ્યો નહીં. અને ખાવે પીવે તથા પૈસે ટકે લોક ગરીબ થઇ ગયાં એનું ખરૂ કારણ બધાંયની ધર્મ ઉપર અરૂચી, એજ મને તો લાગે છે. આની અસર પુરૂષની ઉપર થઇ છે, એમજ નથી પણ સ્ત્રીઓ ઉપર પણ થઇ છે. ન્હાની ન્હાની કન્યાઓ કેટલીક વખત એવી તો બેઅદબી રીતે બોલે છે, કે ન પૂછોજ વાત. ન્હાનપણથીજ ત્હેમનું હૃદય કોણ જાણે કયા કારણથી નહીં ધારેલે માર્ગે જતું જોવામાં આવે છે તેની મને તો કાંઇજ સમજણ નથી પડી. યુવાન પુત્રીઓ નવાં વાતાવરણને જોઈ વૃદ્ધ માતા તરફ કાંઇ પૂજ્ય દૃષ્ટિજ રાખતી નથી. તેમની આ ભૂલ એ સમજણી થઇ એટલે બતાવાય પણ કેમ? લગાર લગારમાં છણકી જાય તો પછી ક્યાંક વધારે પડતું કહીએ તો વાત વધી જાય. અને કંકાસ થાય. ન્હાને મોંઢે મોટું બોલવુ અને વડીલોનું માન સાચવવું એ પ્રમાણે વર્તતાં એમને ન્હાનમ લાગે છે, અને કહીએ તો કહેશે કે અમે શું ઢોર છીએ? પોતાના ધણીને કાગળ લખવા, ધણીના ભાઇબંધો સાથે છૂટથી બોલી હસાહસી કરવી અને સત્વ વગરના પ્રલાપો કરી વખત બરબાદ કરવો એ શું સુલક્ષણ ગણાય? કહીકહીને તે કેટલા દોષો ગણાવીએ! અમારા વખતમાં તો જોડ લુગડાં છ મહીના ચાલતાં પણ અત્યારે તો લુગડાના ખર્ચનોજ ક્યાં હીસાબ રહ્યો છે. ખાધા કરતાં બમણો ખર્ચ લુગડાંમાં થાય છે અને એ લુગડાં પણ વળી એવાં કે એક ધો ધોયુ કે ખરચેલા પૈસા પાણીમા જાય. કાચા રંગના મોહથી સ્ત્રીઓ પણ કોણ જાણે શું છે, કે ઓછાં ટકાઉ, આછાં અને દેખાવડાંજ છાયલાં પસંદ કરે છે. સદ્ગુણી થવા કરતાં રૂપાળાં થવાનો મોહ વધી પડયો છે. ગમે તે રીતે રૂપાળાં બનવું એજ જાણે ધર્મ હોય નહીં એમજ હવે તો મનાવા લાગ્યુ છે!? પવિત્ર હૃદયની પવિત્ર માતાના આવા પવિત્ર ઉદ્ગારો તેની સુશીલ કન્યામાં પડયા હતા. અગર જો હજી તે મુગ્ધ કન્યકા ધર્મનો વાસ્તવિક અર્થ પૂરે-પૂરો નહતી સમજતી; પરન્તુ એટલું તો તેના લક્ષ્યમાં રહેતું કે મારાં માતપિતાની કહેણને મારે અનુસરવું જોઇએજ.

માતા ધર્મદેવીના અંતઃકરણનો પણ આજ ઉદ્દેશ હતો કે પોતાના જેવા અંતઃકરણની પુત્રી થાય. અને પોતાની પુત્રી આ ઉદ્દેશને અનુસરે એ ઇચ્છાના પરિણામેજ તેને ઉપદેશ પણ તેવો દેવામાં આવતો. ડાહી પુત્રી માતાના અભિલાષને પુરેપુરો તો સંતોષ ન આપી શકતી;

પરન્તુ જ્યારે તે પોતાના હંમેશના કાર્યથી નિવૃત્ત થતી ત્યારે; અને તેમાંય જ્યારે તે અનધ્યાય હોય ત્યારે તો તે અવશ્ય દેવદર્શન તથા યથાસ્થિત પૂજાર્ચન કરી પોતાની માયાળુ માતાને સંતોષ પમાડવાનું વિસરતી નહીં.

રાજા રંગતરાજના પ્રપિતામહ મયૂરધ્વજ ધાર્મિક વૃત્તિના ઉદાર ચરિત્ પુરૂષ હતા. તેમના વિષે હજી પણ એમ કહેવામાં આવે છે કે મયૂરધ્વજનું વચન તે દેવ વચનજ એટલુંજ નહીં પણ તે સમયમાં દૂરનાં ગામોમાંથી લોકોનાં ટોળેટોળાં આ પવિત્ર રાજાની યાત્રા કરવા આવતાં અને તેના દર્શનથી પોતાને કૃતકૃત્ય માની મોક્ષાધિકારી થવાય છે એમ સમજતાં- વળી હજી સુધી તો એમ પણ કહેવામાં આવે છે કે મયૂરધ્વજ કોઇ સદ્ભાગીને કોઈ કોઇવાર દર્શન પણ દે છે. દેવસ્વરૂપ મયૂરધ્વજ નૃપતિના શબનો સરેસ્તા મુજબ રાજ સ્મશાનમાં અગ્નિસંસ્કાર ન કરતાં જેમ ઘણીવાર રાજાઓના સંબંધમાં બને છે તે મુજબ તેમની વૃત્તિ પ્રમાણે, દેવલગંજની દક્ષિણ દિશાએ પાધર અને સિમાડાની સંધિ ઉપર કે જે જગ્યા તેઓએજ મુકરર કરી રાખી હતી ત્યાં ભૂમિદાહ કરવામાં આવ્યો. તથા તે ભૂમિ ઉપર એ ભાગ્યવંત રાજાના સ્મરણાર્થે એક શિવાલય સ્થાપવામાં આવ્યું, જે અદ્યાપિ મયૂર મહાદેવના નામથી જાણીતું છે.

મયૂરધ્વજ નૃપતિની ચોથી પેઢીએ રંગતરાજ અપુત્ર મરણ પામ્યા. વળી કોઈ વારસ જાગવાની આશા ઓછી હતી. રંગતરાજના કનિષ્ટ બંધુ હજી જીવતા છે, અને તે ક્યાંક પર્વતની ગુફાઓમાં હશે એમ લોકવાયકા હતી, પરન્તુ તેમાં કાંઇ વજુદ જેવું મનાતું નહતું. આમ રંગતરાજનો કનિષ્ટ બંધુ ન્હાનપણમાંથી રાજ્યખટપટથી વિભક્ત રહેવાના અભિલાષે તથા જ્ઞાન ગર્ભિત વૈરાગ્યના સતત દબાણથી ચાલ્યો ગયો હતો. કીંવદન્તી સિવાય તેના અસ્તિત્વમાટે અન્ય પૂરાવો નહતો. તેમ રાજકુટુંબમાં અને રાજભાયાતોમાં કોઇ હકદાર વારસ કે યોગ્ય નર ન લાગવાથી દેવલગંજનું દેશી રાજ્ય સરકારે ખાલસા કર્યું. સરકારની રાજ્યપદ્ધતિનાં અને તેનાં અવયવો, ન્યાય, નીતિ, કામદક્ષતા તથા કુશળતાનાં દેવલગંજના લોકોએ વખાણ સાંભળેલાં તેમજ તેમાંના કેટલાકે તો એ રાજ્યપદ્ધતિનો કારણવશાત્ અનુભવ પણ લીધેલો એટલે પહેલાંની રાજ્યપદ્ધતિ કરતાં હવે પછીની રાજ્યપદ્ધતિ કોઇ પણ રીતે હાનિકર્તા નથી એમ સૌના સમજવામાં હતું. ઉલટું કેટલાક તો

એવો મત ધરાવનારા હતા, કે દેશી રાજ્યોમાં ક્ષણેક્ષણે મનઃકલ્પિત યોજાતી રાજ્યનીતિ અને રાજ્યપદ્ધતિ કરતાં આ નવી રાજ્યનીતિ અને રાજ્યપદ્ધતિ હજાર દરજ્જે ઉત્તમ છે.

મયૂરધ્વજ પછીના રાજાઓ એવી ધર્મપરાયણ ભાવનાના થયા નહિ, કે જેઓ મયૂર મહાદેવની પૂજા તેમજ પૂજારીના અને સંરક્ષણ-ના-અર્થે કંઇ છવાઇની જમીન કે રકમ મુકરર કરે. અગર જો નવી રાજ્યપદ્ધતિએ પૂજારીનું પેટીયું ચાલુ રાખ્યું હતું. પરન્તુ નાણાંની રેલછેલમાં મળેલા પૂજારીને પેટીયાનો શું હિસાબ હોય?

અત્યારના પૂજારી દેવશંકરે પોતાની યુવાનીમાં અનેક દુરાચાર અને દુર્વ્યસનો સેવ્યાં હતાં. તેમાં તેણે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું હતું. મયૂર મહાદેવનાં દર્શને આવતી, દેવલગંજની અનેક સુંદરીઓને તેણે સ્નેહઅંજન કર્યું હતું. એટલુંજ નહીં પણ એ, એક વખત તો તે નાણાંનો નૃપતિ બની ગયો હતો. પરન્તુ સર્વ સમયમાં મનુષ્યની, એક સરખી સ્થિતિ હોતી નથી. ધીરે ધીરે તેની દુર્વાસના સંબંધે દેવલ-ગંજમાં હો હા થવા માંડી પરન્તુ તેના વડીલોની મયૂર મહાદેવની ઉત્તમ સેવાને યાદ લાવી કેટલાક અગ્રેસરોએ તેને દયાપૂર્વક તેનું વર્તન સુધારવા સૂચના આપી. આ સૂચનાની અસર પણ તેના અંતઃકરણપર સત્વર થઇ; કારણકે એક તરફ ગામમાંથી આવક બંધ થવા લાગી અને બીજી તરફ તે પૈસે ટકે ગરીબ થવા લાગ્યો. જો તેના આ સમયમાં પુત્ર થવાના પ્રબલ અભિલાષવાળા ભજગોવિંદ ભટ્ટે તેનો હાથ ન ઝાલ્યો હત તો દેવશંકર દુઃખી થઇ મરી જાત. અત્યારે દેવ-શંકર ઘરડો ડોસો થયો છે. તેનું શરીર મરવાના સમયની રાહ જોયા કરે છે. પરન્તુ પ્રથમની તેની અપકીર્તિ ઝાંખી પડી જવાથી તેમજ તેની ધર્મવૃત્તિ, સદાચાર, નિષ્કપટતા અને વિવેકમાં વૃદ્ધિ પામવાથી તથા દેવલગંજની ઉગતી પ્રજા દેવશંકરના દુર્ગુણ ભૂલી જવાથી એ પૈસાની આવક થવા લાગી. આ આવકના આશરા તળે રહી તે પોતાનું અવશેષ જીવન ગુજારતો હતો.

મયૂરા, એ મયૂર મહાદેવનું પ્રાસાદિક પુત્રી રત્ન હોવાથી ધર્મ-દેવીની મયૂર મહાદેવપ્રત્યે અનન્ય પૂજ્યભાવના હતી. માતની આ સદ્વૃત્તિ તેની પુત્રી મયૂરામાં પણ ઉત્પન્ન થઇ.

આજરોજ ગૌરીપૂજનના શુભ દિવસે લગભગ સાયંકાળે સર્વ કન્યાઓએ શ્રીમયૂરેશ્વરનું પૂજન દર્શન કરી નિવૃત્ત થઇ, દેવલગંજ તરફ આગમન કર્યું. પ્રમુખ મયૂરા અને પાછળ તેની સર્વ બ્હેનપણીઓ એ પ્રમાણે સૌ ચાલતાં હતાં. સર્વ બ્હેનપણીઓ મનગમતી વાતો કરતી ચાલી આવતી હતી. સડક ઉપર ઝાંખી ઝાંખી બત્તીઓ બળતી હતી. સત્ર જણાં પ્રકાશ અને અંધકારની સંધી ઉપર આવ્યાં ત્યાં એકાએક "ઓય મારા બાપરે ! દોડો, મોટો નાગ ! ઓ, અલી ! નાશરે બા નાશ !" એવી બુમ પડી. આકસ્મિક બનાવથી બિચારી બાળકીઓ બ્હીની, પણ પ્રાણરક્ષણ માટે ગભરામણમાં ને ગભરામણમાં આમતેમ નાશી છુટી. પાછળનું ટોળું પુનઃ મયૂરામાહેશ્વરપ્રતિ દોડયું જ્યારે આગળમાં માત્ર મયૂરા અને બીજી એકાદ બે કુમારિકા આજુબાજુ દોડી ગઈ. બિચારી બાળાઓનું શું ગજું, કે પાછાં દેવલગંજમાં જવાની હીમ્મત ધરાવી શકે ?

" નાની બ્હેન ! આપણે પુજારીને કહીએ કે ગામ સુધી મૂકવા આવે " એક કન્યા બોલી.

" સૂરજી ! તું તે ગાંડી થઇ કે શું ? એમાં પૂજારીનું શું કામ છે ? એમ વારે ઘડીએ સાપ કયાં મારગમાં પડયા છે ?" નાની બોલી.

" જા નાનુડી તું જા તારે જવું હોય તો એકલાં, અમે તો પૂજારીને સાથે લઇને આવશુ. હવે જોયાં એનો બહુ હીંમતવાળાં છો તે ? તે વખતે હીંમત બધી કયાં ગઇ'તી " કાન્તા બોલી.

" કાન્તુડી તું ફાટયમાં. લગાર નાને મોઢ શરમ રાખ્ય. હું પાંચમી ભણું છું અને તું તો હજી ત્રીજી ભણે છે." નાની બોલી.

" તે એમાં શુ ! જા તારાથી થાય તે કરજે. કહીશ તો ખરી હજારવાર કહીશ.' કાન્તા છણુકતી બોલી.

" બળ્યુ તમારૂં બોલવું. ચાલો બધાંય હવે ઘેર જઇએ, લ્યો હું પૂજારીને બોલાવી લાવું," સૂરજી બોલી.

પૂજારી આવ્યો એટલે સૌ તેની સાથે ચાલ્યાં.

" પણ અલ્યા મયૂરા કયાં રહી ? " કાન્તા બોલી ઉઠી.

" એ તો તને ખબર. તારી બ્હેનપણી છે એટલે " નાનીએ કહ્યું.

" હા હવે ! અમારી બ્હેનપણી છે. ભલે તારે ગમે તેટલાં મેંણાં મારવાં હોય તેટલાં માર્ય ને ? " કાન્તાએ ઉત્તર આપ્યો.

" તમારે એને આ શી ભુંડી ટેવ પડી છે. ઘડીક તો ચડભડ્યા વગર છાનાં રહો ? " સુરજીએ શિખામણ આપી.

" મયુરા તો ક્યારનીયે ઘેર પહોંચી ગઇ, આપણે પાછાં આમ ભાગ્યાં અને તે રમા તથા ઓલ્યા મુરખા માળીની બ્હેન વીજલી ગામ તરફ દોડયાં. " નાનીએ કહ્યું. વાળુનો સમય થઇ ગયો હતો. સૌ સૌને ઘેર ગયાં, પરન્તુ મયુરા ઘેર આવી નહીં તેથી ધર્મદેવીને ચિંતા ઉત્પન્ન થઇ. પોતાની પ્યારી પુત્રીને આજનો ઉપવાસ હોવાથી તે બિચારી ભુખી થઇ હશે ! કેમ અત્યાર સુધી નહીં આવી હોય ? ક્યાં ક્યાં રહી હશે ? આવી ચિંતામાં, વિચારમાં અને રાહ જોવામાં લગભગ એકાદ કલાક વ્યતીત થયો એટલામાં રમા ને કાન્તા આવ્યાં.

" કો, મા ! મયૂરા શું કરે છે ? " કાન્તા ઉમરામાં આવતાં-વેંત બોલી.

" મયુરા તો હજી નથી આવી. તમે બધાં ક્યારે આવ્યાં ? " ધર્મદેવીએ પૂછ્યું.

" રમા ! તું. મયુરા અને ઓલ્યા મુરખા માળીની બ્હેન વીજલી ત્રણેય સાથે હતાં ને ? " કાન્તાએ પૂછ્યું.

" હા, પણ પછી તો અમે ત્રણે વછુટાં પડી ગયાં. હું તો સાથી સડકે દોડી, પણ મયુરા સડક ઉપર ક્યાંય જોવામાં ન આવી. મેં જાણ્યું તે ઘેર પહોંચી ગઇ હશે. " રમા બોલી.

" ત્યારે શું તમે બધાંય આવ્યાં. " પુનઃ ધર્મદેવીએ પૂછ્યું.

" હા. " કહી કાન્તાએ વીતક વાત ધર્મદેવીને કહી સંભળાવી.

" ત્યારે મારી મયુરા ક્યાં ? " ધર્મદેવી આ શબ્દો બોલતાં સુનમુન થઇ ગઇ.

પંચમ પરિચ્છેદ.

એ કોણ ?

ગત પરિચ્છેદમાં આપણે ધર્મદેવીની નિશ્ચેષ્ટતા જોઇ, સંધ્યાકાલ, મધ્ય રાત્રી અને ઉત્થાનકાલ પણ ક્રમે ક્રમે વ્યતીત થયો, તોપણ હજી સુધી ધર્મદેવીનું ધડકતું હૃદય સ્થિર થયું ન હતું. એક તરફ મન્મુખની બહાર પડી આવતી દુષ્ટતાએ અને બીજી તરફ એકની એક અંધની અક્ષી જેવી વ્હાલી પુત્રીના વિયોગથી ધર્મદેવી નિર્ભ્રાન્ત બની ગઇ. તેની સેવા ચાકરીમાં મન્મુખરાયની પુત્રવધૂ કમલા, કાન્તા, અને રમા રહેતાં. સિવાય અવારનવાર બીજાં પણ આવતાં જતાં. આ દુઃખદ અને અનિવાર્ય ચિંતાની અસર ધર્મદેવીની શારીરિક અને માનસિક પ્રકૃતિ ઉપર થઇ. દિને દિને તેની એ ઉભય પ્રકૃતિ નિર્બલ અને નિસ્તેજ થવા લાગી તે એટલે સુધી કે મારી મયૂરા "ક્યાં?" "મયૂરા" ! "ક્યાં મારી મયૂરા" ? "હેં ! હેં !" "એ આવી." "આવ, બેટા મયૂરા !" "આવી મારી બબલી" "આ રહ્યા રૂપીઆ" "તારૂં કહેવું ખરૂં." "મારાસમ રોઇશમાં" આ અને એવા અસંબંધ વાક્યધ્વનિ સિવાય તેને ખાવા, પીવા કે સુવાનું, દિન રાત્રીનું વિવેકાવિવેકનું, સુખ દુઃખ કે શુભાશુભ લાગણીનું, સદસદ્ ભાવનાનું અને આગન્તુક આદર સત્કાર આપવાનું ભાગ્યેજ ભાન કે ધ્યાન રહેતું.

* * * *

માતાની આવી સ્થિતિ છે, જ્યારે દિકરીની એ કરતાં પણ વિષમાવસ્થા છે. ગૌરીપૂજનના દિવસની મધ્ય નીશાએ ભોંયરામાં એકાએક કોઇ આવતું હોય એવો મયૂરાને કાને ધ્વનિ પડ્યો.

મયૂરાએ અશ્રુ ખેર્યા અન્તે થાકી. માતાને સંભારે પણ શું વળે ? બ્હેનપણીઓનું સ્મરણ શા કામનું ? ભય, શોક, અને નિરાશાથી તેના અંતઃકરણમાંથી ચેતનતાનો લય થવા લાગ્યો. તે સ્થાન પૂરાવા લાગ્યું. મ રા સ્વરૂપનું ભાન ભૂલી ગઇ. પણ એ સ્થિતિ ક્ષણમાં ફેરવાઇ ગઇ. ભૂખ અને તૃષાની વાસના પ્રદિપ્ત થઇ. પણ ક્યાં અહીંયાં ઘર કે માતા ધર્મદેવી છે ? બિચારી અનાથ મુગ્ધ બાલિકા રડી પડી.

કોઇનો પગરવ સભળાયો, "અરેરે ! વળી પાછુ કોણુ આવતુ હશે ! હવે તો રક્તપાત કરવું બાકી રહ્યું છે. અરે પરમાત્મા મેં શું અપરાધ કર્યો છે કે આટલુંબધુ દુઃખ " "પરમાત્મા, પછી કહેજે ! ચાલ તૈયાર થા ?" ગોદડ બોલ્યો.

"ભાઈ! તમે કોણુ છો ? મને આંહી શા માટે પૂરી રાખી છે ?" મયૂરા નમ્રતાપૂર્વક બોલી.

"હું કોણ છું. તે તારે કાંઇ જાણુવાની કંઇજ જરૂર નથી. મારી પાછળ પાછળ ચાલી આવ એટલે તને ખબર પડશે કે તું આંહીયાં શા માટે બંદીવાન થઇ છું." ગોદડે કહ્યું.

"મેં તમારો એવો શું અપરાધ કર્યો છે. કે મારા ઉપર આમ વૈરભાવે જુઓ છો. મારે આજનો ઉપવાસ છે." એમ બોલતાં બોલતાં મયૂરા રડી પડી.

"બસ, ચુપ ! વધારે બોલ્યા શિવાય રસ્તો પકડ. તને ફરી કહું છું કે જો હવે એક પણુ શબ્દ બોલીશતો જોઇ છે આ કટાર ? એ તારી ક્ષુધા તૃપ્ત કરવા તૈયાર છે. !" ગોદડે કટાર બતાવતાં કહ્યું.

"ધ્રૂજતી ધ્રૂજતી મયૂરા બોલી 'ભાઇ ! મેં ત્હારૂં—'

"ખબરદાર !" ગોદડે મયૂરાને બોલતાં અટકાવી.

અન્તઃના અવતાર તુલ્ય ગોદડના હાથમાંથી તેની મરજી પુર સર ચાલ્યા શિવાય કે તેની કૃપા મેળવ્યા સિવાય છટકવું મુશ્કેલ છે એ મયૂરા સમજી ગઇ. એટલે કિંચીત્ પણુ શબ્દ સ્ખલન કર્યા સિવાય ગોદડની પાછળ પાછળ જવું એજ ઉત્તમ અને અભય માર્ગ છે એમ તેને લાગ્યું.

આ કોણુ છે ? મને શા માટે લઇ જવામાં આવે છે ? કોઇ દેવ દેવીની આગળ મારો ભોગતો નહીં દેવાનો હોય ! આ રસ્તો ક્યાં જતો હશે ? આગળ ક્યાં સ્થિરતા મળશે ? આ પ્રશ્નનો નિર્ણય મયૂરાથી થઇ શકે એમ ન હતું. તેમ તેનાથી કોઇને પૂછી શકાય એમ પણુ નહતું. તેને તો માત્ર મુંગે મોઢે પાછળ પાછળ ચાલ્યા આવવાનોજ હુકમ હતો.

પરોઢ થવા આવ્યું ને લગાર લગાર ઉજાસ થાય છે એમ માલમ

પડયું; તેની સાથે માર્ગનો અંત પણ સમીપમા હતો. થોડીજ વારમાં સામે તેજાભાસ થયો. આથી મયૂરાને વિશ્રાન્તિની આશા ઉદ્ભવી. અગર જો તેથી અંતઃકરણના દુઃખની શળ નષ્ટ થવાનો વિચાર પણ ક્યાંથી હોય! પરંતુ દુઃખમાં સ્હેજ પણ ઓછપ થશે એવી ભાવના-યુક્ત આશાએ કંઇક સંતોષનું સ્થાન લીધું.

આ સ્થાન એ દેવલગંજના નૃપતિઓની સ્મશાનભૂમિ હતી. આંહીયાં માત્ર મયૂરધ્વજ સિવાય સર્વ નૃપતિઓના દેહનો અનલવિલય કરવામાં આવ્યો હતો. તથા તેમનાં એ દાહ સ્થાન ઉપર ન્હાની ન્હાની દેરીઓ ચણાવવામાં આવી હતી. આ સ્થાનના રક્ષણ માટે તથા નૃપતિઓના જડ મૂર્તદેહની સેવાના માટે રાજ્ય તરફથી એક માલાકાર રાખવામાં આવ્યો હતો. તે માલાકાર સદૈવ પ્રાતઃકાલે ત્યાંના પ્રત્યેક સ્થાનને પુષ્પવડે સત્કારી, અવશેષ સમય ઉદ્યાનના સંરક્ષણ અર્થે ગાળતો એટલુજ નહીં પરન્તુ જ્યાં સુધી જુનું રાજ્યતંત્ર હતું ત્યાં સુધી રાજાને, જનાનામાં, અમાત્યગૃહે, સેનાધ્યક્ષને ત્યાં, નગર રક્ષકને ત્યાં અને તેવાં બીજાં યોગ્ય સ્થળે પુષ્પ પહોંચાડવાનું તેનું કર્તવ્ય હતું. અત્યારના રાજ્યતંત્રે પણ એજ નિયમ એક નિયમ તરીકે કબુલ રાખ્યો હતો. એટલે માલાકારને હમેશાં ફૂલ છાબ લઇ લગભગ ૩ માઇલ દૂર દેવલગંજ જવુ પડતું. ત્યાં રાજ્યના ભાયાતો, સ્ટેટ અધિકારી, ન્યાયાધીશ ઇત્યાદિને પુષ્પાર્પણ કરવું પડતું.

અત્યારના માલાકાર સુરખા આજુ રાજ્યતન્ત્રમાં ઉછરેલો હતો. તેણે રાજાઓના રંગ મહેલોનુ અને જનાનાનું સ્વપ્ને પણ દર્શન કર્યું નહતું. તેણે ન્હાતાં બાંધ્યાં શેલાંઓ કે ન્હાની પહેરી સરાઇ સુરવાલો, પગમાં બેડી, ગળામા ગડો, હાથમાં પહોંચી અને સુશોભીત કટી બંધનનું તો તેને સ્વપ્ને પણ કયાંથી દર્શન હોય ! તેને બહુમાં બહુ સારા બનવાની હોંસ થઇ આવતી. ત્યારે ફેંટો ઉતારીને ટોપી, અંગરખું ઉતારીને કોટ, થેપાડું કાઢીને કોઈ તરફથી પ્રાપ્ત થએલું જુનુંસુનું પાટલુન અને સાદા ઉપાન ઉતારીને તે સુંદર બુટ પહેરતો, આ સર્વ પોશાકનો તેને ખર્ચ ન કરવો પડતો; કારણ કે હોલિકા, ~~દિપો~~ત્સવી, કે નવા વર્ષ પ્રતિપદાએ અમલદારો અને કારકુનોના કૃપાપ્રસાદને લીધે તેને તે સર્વ મળ્યે જતું.

જો કલાબાજપાળું, ખટપટ, કે આવું પાછું કરવાનું શિક્ષણ

મેળવવું હોય તો તેને માટે દેશી રાજ્યોની શાળા વગર ફીએ દાખલ કરે છે. ત્યાં શક્તિ, પ્રમાણપત્ર કે સદ્વર્તન માહું જોવાય છે. ત્યાં તો ઘણીવાર મારે તેની તરવાર, એવું બને છે. આ અને નવીન રાજ્ય પદ્ધતિમાં પરસ્પર વિરોધ છે. આંહીં તો પ્રથમજ પ્રમાણપત્ર શક્તિ અને વર્તન ઉપર લક્ષ આપવામાં આવે છે. નવીન રાજ્ય પદ્ધતિમાં સીધે માર્ગે જવું અને સીધે માર્ગેજ આવવું. પોતાનું કર્તવ્ય બજાવ્યું એટલે કોઈ નામ પણ ન લે. ઉધુંચતું કરનારને તોતુરતજ તિલાંજલી અર્પવામાં આવે છે. અને દા તેમાં દેવલગંજમાં નવીન સત્તાની સ્થાપનાની શરૂઆત એટલે જેમ ને તેમ ન્યાય અને સુધારાના કાનૂનોને વળગી રહી તંત્ર ચલાવવામાં આવતું હતું. કોઇ પણ અમલદારની પ્રજા પ્રત્યે ગેરવર્તણુંક બહાર આવતી કે તુર્તજ તેની સખ્તમાં સખ્ત તપાસ લેવામાં આવતી હતી. ટુંકાણમાં જેમ બને તેમ પ્રજા વર્ગને સંતોષ થાય, નવીન સત્તા પ્રશસ્યની છે, કારોબારની વાહ વાહ બોલાય અને અસરકારક છાપ પડે એવી રીતે રાજ્યસત્તાના નેતાઓ વર્તતા હતા. આવી પરિસ્થિતમાં માલાકાર સુરખો જોઇએ તેટલી ચપળતા પ્રાપ્ત કરી શક્યો નહતો. તો પણ તેને દેશી રાજ્યની અસ્ત પામતી સંધ્યાની ઝાંખીનું કંઇક દર્શન થયું હતું. અર્થાત જેને ખરો કલાબાજ વા ખટપટીઓ કહીએ તેવો તે નહતો છતાંય તેને એવા થવાનો શોખ તો બહુજ હતો. દેવલગંજમાં ફુલ છાબડી લઇ કોઈ કોઇવાર સુરખો તો કોઇ કોઇવાર તેની બ્હેન વીજલી જતી. સુરખાને જ્યારે અવકાશ મળતો ત્યારે તે મોટાઓની મહેરબાની મેળવવામાં અને તેઓની કૃપાદૃષ્ટિ નિચે ઉધાચતાં કરવામાં દિનરાત મશગુલ રહેતો આથી તેને ઠીકઠીક દ્રવ્ય પ્રાપ્તિ ઉપરાંત વિષય વાસનાના પંજા છક્કા ખેલવાના દાવ મળતા. વળી રાજ સ્મશાન દેવલગંજથી સુદૂર એટલે તેનાં કાળાં ધોળાંને ભાગ્યેજ કોઇ કળી શકતું. દૈવયોગે કોઇકને કંઇક જાણ થતું તો સૂરખો તેની બ્હેન વિ-જલી અને ગોદડની ત્રિપુટી તેને ઠેકાણે લાવવા બસ હતી. હમેશાં દેવ દર્શન કરવું, શ્રીનાથજીની પ્રતિમા સમક્ષ માળા ફેરવવી, પ્રતિમાને નૈ-વેદ ધરાવવું અને હાથ જોડી રાધા કૃષ્ણનાં પદો ગાવા એ ત્રિપુટીનાં આવશ્યક કર્તવ્ય સૂત્ર હતાં. આમ એક તરફથી સુરખો ધર્મવૃત્તિનો દમાક રાખતો જ્યારે બીજી તરફ દુર્વાસનાઓની પરિતૃપ્તિ અર્થે તન્મય બની રહેતો.

એક રીતે મુરખો છકલછેલ હતો એ વાત ખરી, પરન્તુ જેવું યૌવન શ્રીમંતોનું બહાર દીસી આવે છે, તેવું યૌવન મુરખામાં દીસી આવતું ન હતું. બીજું તો નહીં પણ તે એટલું તો સમજતો હતો, કે મારી જીવનયાત્રાની ફલીભૂતતા મારા ઉપર નહીં; પરન્તુ બીજાઓ ઉપર છે. એટલે પોતાની છેલાઇ બહાર પડી આવે નહીં તેને માટે તે પૂરેપૂરો સાવધ રહેતો. તોપણ શું? મનુજવૃત્તિ સર્વ ઉપર સમાન સત્તા ભોગવે છે. જગદ્યંત્રની એક પણ ઇષ્ટાનિષ્ટ ભાવના એવી નથી, કે જેનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય સ્વીકારવા મનુજ સૃષ્ટિ નકાર ગણુગણે! સર્વ કાલે, સર્વ સ્થિતિમાં મનુષ્ય હૃદયનો કે હરકોઇ પ્રાણી માત્રનામાં પ્રત્યેક ભાવ મૂળ રૂપેજ હોય છે. વ્યક્તિ ગત ફેર માત્ર એટલોજ કે કોઇનામાં તે કારણરૂપે, કોઇનામાં સૂક્ષ્મરૂપે તો કોઇનામાં સ્થૂલરૂપે તે ભાવો વ્યાપ્ત હોય છે. આ સ્વતંત્રપ્રણાલિકા ઉપરથીજ સદ્‌વર્તનશાળી, સાત્વિક અને પ્રમાણિક દેખાતા મનુષ્યો મલિન અને એવી બીજી વાસનાઓની તૃપ્તિ અર્થે ગુપ્ત રીતે વલખાં મારતા જોવામાં આવે છે. જ્યાં આજ નિયમ સત્ય હોય ત્યાં ભલભલા પણ હાંરી જાય છે, તો બિચારા મુરખાનું શું ગજું! તેમાંય વળી તેનું યૌવન અને અનુકુલતા મુરખો અને ગોદડ એ ન્હાનપણના ગોઠીઆ હતા. તેઓ કોઇ કોઇ વખત લડી પડતા, પણ તેઓને પ્રત્યેક કાર્યમાં પરસ્પર એક બીજાની મદદ હોવાથી અને એકજણ બીજાનાં આગલાં લક્ષણો જાણતો હોવાથી પાંચ પંદર દિવસે પણ તેઓ સાથે બેસી છાસ પીતા ત્યારેજ નીરાંત વળતી.

આજ મયૂરાના આગમનની મુરખાને ખબર હતી. "સુન્દર, શિક્ષિત, સદ્‌ગુણી અને કુળવાન કુટુંબની કન્યા પોતાના પંઝામાં ઝલાઇ છે, જેની સેવા આપણે કરતા તે આપણી સેવા કરશે, જેના આપણે ગુલામ હતા તે આપણે ત્યાં ગુલામગીરી કરશે, અને હવે તો આપણા પાસા પોબારજ પડવાના." આવા પ્રકારની તર્કાવલીમાં મુરખાનું રસભેલું મન મકલાતું હતું; એટલામાં મયૂરાને લઇ ગોદડ આવી પહોંચ્યો. "ઓ! બેવકુફ! જોતો નથી કે આપણે હજી પૂરી રમત નથી રમી રહ્યા?"

"અરે! તમે એટલા વખતમાં કયારે આવી પહોંચ્યાં?"

"તેં જોયો ત્યારે. પણ કાંઇ ઘરમાં ખાવાનું છે?" ગોદડે પૂછ્યું.

" કોણ જાણે ? કાલ રાતની ટાઢી ખીચડી પડી હોય તો ? તેય જો વીજલી ન આરોગી ગઈ હોય તો ! " મુરખો બોલ્યો.

" જો તપાસ કર, આને બે દિવસના અપવાસ છે. " ગોદડ બોલ્યો.

" ભાઈઓ ! બે નહીં પણ બાર દિવસ હું ભુખી રહીશ, પણ તમારા ઘરના અપવિત્ર અન્નથી મારા દેહને નહિં વટલાવું ? " મથુરા બોલી.

" ત્યારે મરજી ! " ગોદડે ટુંકામાં પતાવ્યું. "

" હવે એતો બધું ઠીક, પણ અમે કાંઇ માનવીની પંક્તિમાં નથી ? મુરખો બોલ્યો. "

" તું વધારે ન બોલીશ ? " ગોદડે મુરખા પ્રત્યે ઘુરકાતો ઘુરકાતો મથુરાને કહ્યું. " તું પાછળના ખંડમાં જા ? "

" કેમ ? '

" બસ, જા ' "

" ભાઇઓ ! હું હવે તમને બન્નેને ઓળખી શકું છું. મેં તમારો એવો શું વાંક કર્યો છે, કે મને આમ વિના કારણ રીબાવો છો ? " મથુરા બોલી.

" તે વાત પછી પણ હમણાં તો એકદમ જા ?" ગોદડ બોલ્યો. બિચારી મથુરા આંસુ ટપકાવતી ટપકાવતી પાછળના ખંડમાં ચાલી.

" હવે તું આમ ઓસરીમાં આવ ? " ગોદડ બોલ્યો.

" શુ છે ? "

" જો ? હજી આપાણું કાર્ય સંપૂર્ણ થયું નથી. જ્યાંસુધી આનું ઠેકાણું ન પડે ત્યાંસુધી આપણે નિર્ભય ન કહેવાઈએ !" ગોદડ બોલ્યો.

" શું ત્યારે એનો ધ્વંસ કરવો ? " મુરખે આશ્ચર્યસહ પૂછ્યું.

" ધીમે ! " ગોદડે કહ્યું. " હાસ્તો, નહીંતો તો આખા ગામમાં વાત ઉડે ! "

" ગોદડ ! પણ તને બીજી કાંઇ ખબર છે ? જો તું જુઠું બોલે તો તને મારા સમ છે. " મૂરખો બોલ્યો.

" પણ છે શું ? "

" કહું "

"હા, કહેને ?"

"ના ના, કહું કે નહીં ?"

"કેવો અક્કલહીન !"

"જ્યારથી મેં મયૂરાને જોઇ છે ત્યારથી મારા મનમાં તો એમ છે, કે—" મુરખો બોલતાં બોલતાં હસી પડયો.

"પણ કેમ વાત ખરી કે નહીં ?" મુરખે પુનઃ પૂછ્યું.

"પણ, તારા મનમાં શું છે, કહે તો ખરો !" ગોદડે હસતાં હસતાં પૂછ્યું.

"કેવું રૂપ છે ! વાહ ! ભટ્ટજીની દીકરીમાં તે કાંઈ કમીના હોય ! ગોદડ ! આવી અપ્સરા જેવીને કેમ હતી નહતી કરાય ?" મુરખો બોલ્યો.

"અલ્યા ! આ તું બોલે છે શું ? તને ખબર છે; જો આ જીવતી રહે તો પાંચે પંદરે પણ આપણો ભવાડો કર્યા વગર રહે ખરી કે ? એ તો ઠીક પણ ક્યાંક ભારે સજા થાય તો માર્યા જઇએને ? જેલમાં દળી દળીને હુમ્ નીકળી જાય, સમજ્યો ?" ગોદડ બોલ્યો.

"તેમાં આપણું શું ? આપણે તો કહીશું કે મન્મુખભાઇએ કહ્યું હતું તે કામ અમે તો કર્યું !" મુરખો બોલ્યો.

"મન્મુખભાઇ જેવા વિષે કોણ ખરૂં માને ? તેમને વળી સરકાર દરબારમાં વગ પણ સારી એટલે આપણી વાત તો મારીજ જાય. માટે હવે વેશ કાઢયો એતો પુરેપુરો ભજવવો." ગોદડે મુસ્કેલી બતાવી.

"ત્યારે કદાચ મારી નાંખીએ ને કોઇને ખબર પડે તો પછી આપણા શા હાલહવાલ !" મુરખો બોલ્યો.

"ખબર પડેજ શા માટે ?"

"કાંઈ છાબડે ઢાંકયો સુરજ નહીં રહે. અને વળી આપણે એણે કયો મોટો ગુન્હો કર્યો છે કે નાહક નિર્દોષને મારી બ્રહ્મહત્યાનું પાપ લેવું." ધર્માત્મા બની મુરખો બોલ્યો.

"ત્યારે શું તેને ન મારવી ?" ગોદડે પૂછ્યું.

"ના."

"પણ મન્મુખભાઇએ આપણી સાથે મારી નાખવાની શરત કરી છે તે તને યાદ છે ?" ગોદડે શરતને રજુ કરી.

"એટલે શું થયું. તેને માટે આપણે એક નિર્દોષ આત્માની હત્યા શામાટે કરવી ? જીવ ઉગારવાને બદલે કેલરો જીવ મારવો એ

કાંઇ ઠીક કહેવાય ? વળી માનો કે મન્મુખભાઇ પાછળથી ક્યાંય ફરી જાય તો આપણે શું કરીએ, તેને કાંઇ બાંધી મરાય છે! અને આવી વાત કહેવી પણ કોને? મૂરખે કહ્યું.

"ત્યારે કરવું શું? જતી તો નજર મૂકાય." ગોદડ બોલ્યો.

"અને મારી પણ ન નંખાય." મુરખે કહ્યું.

"સમુર, તું ત્યારે મન્મુખભાઇ પાસે જા, અને આ હકીગત કહી આપણી કબુલતનો નિકાલ કરી આવ, જોઇએ તે શું કહે છે. ત્યારપછી આપણે વિચાર કરીશું." ગોદડે સૂચના આપી.

"તું જા. આપણને તો બોલતાં નહી ફાવે, મારાથી તો ક્યાંક તસુનું ગજ વેતરાય." મતલબી મુરખે કહ્યું.

"વારૂ ત્યારે આ રાંડને લગાર પણ બહાર ચસકવા ન દઇશ; તેમ એક શબ્દ પણ ન બોલવા દઇશ. પાછલા ખંડની ઉપરની સાંકળ લગાવજે. હું એને માટે પીવાનું દૂધ લેતો આવીશ. હમણાંજ આવું છું." એમ કહી ગોદડ દેવલગંજને રસ્તે વળ્યો.

ષષ્ઠ પરિચ્છેદ.

મુરખો ને મયૂરા.

સૂર્યોદયને હજી વાર હતી. ઉદ્યાનના રસ્તાપર વટમાર્ગુ સિવાય બીજા કોઇ માણસ કે પશુનો પગરવ થવાનો સંભવ ઓછો હતો. ગોદડ ગયો એટલે મુરખાનું મન પ્રેમબદ્ધ વિચાર વાતાવરણમાં સંકેલાવા લાગ્યું. "કેવી રૂડી! કેવી ડાહી, રૂપ તો અપાર, ને તેમાંય વળી બ્રાહ્મણનું દુધ. ક્યાં માળીને ક્યાં બ્રાહ્મણ! તે પણ કુંવારી ને હું પણ.........મને ખાત્રી છે, કે જ્યારથી તેણે મને જોયો છે, ત્યારથી તે મારા સામું ટગર ટગર જોયા કરતી'તી. અરે, હું માળી છું પણ કાંઇ સૌંદર્યહીનતો નથીજ. ઇશ્વરે ઉચ્ચ જ્ઞાતિમાંજ સૌંદર્ય મુક્યુ છે, એમ કોણ કહે છે? અત્યારે તો મારી જ્ઞાતિમાં પણ ભલભલા બ્રાહ્મણ વાણીઆને હઠાવે એવા રંગીલા, રસિલા અને રૂપાળા જુવાનો છે. તેમાંય વળી સુધરેલા.

પણ હવે આ રાજ્ય થતે ક્યાં સુધરેલા બગડેલાનું રહ્યું છે. અત્યારે તો બોલે તેનો દા છે. પહેલાં તો બ્રાહ્મણના કુળમાં જન્મે તે બ્રાહ્મણ જ કહેવાતો અને વૈશ્ય કે શુદ્રના કુળમાં જન્મે તે, તે જાતિનોજ કહેવાતો હતો, પણ હવે તો ઘણાય જનોઇ પહેરવા લાગ્યા છે. શુદ્ર પણ સુધારાપર આવ્યા છે. અને વેદના મત્રો પણ બોલે છે. બધું એકાકાર થવા લાગ્યુ છે. મતલબ કે હવેતો ધંધા પ્રમાણે જાતિ મા-નવાનો પ્રચાર થઇ પડ્યો છે. ત્યાં બ્રાહ્મણ વાણીઆનું રહ્યું ક્યાં ? આ પેલા દેવા મોચીને ત્યાં ચંચી બ્રાહ્મણી અવારનવાર આવ્યે જાય છે. મન્મુખભાઇનો દિકરો સન્મુખ ચપલા સોનારણને લઇને ઉપડયો-જને ? વળી મન્મુખભાઇનું પણ શું છે: ઠીક છે બધુંય ! અરે ! હવે તો મોટા મોટા બ્રાહ્મણો પણ માંસમદિરા ઢીંચે છે, ચોરી કરે છે, દુરાચારમાં તો પાછાય નથી હઠતા ! તેમના કરતાં તો હું સારો છું ને ? હંમેશાં ન્હાઉંછું, દેવદર્શન અને પૂજાપાઠ કરૂં છું. માત્ર વાંધો જનોઇનોજ છે ! નહીંતો દેખાઉં છું પણ બ્રાહ્મણ જેવોજ. નક્કી મારી માગણી મયૂરા કબુલ રાખશે. જો આમ અમારા બેના વિચારની સમાનતા થઇ જાય તો કેવું સારૂં ! પછી તો આ માળીની માથાકૂટ ને રૂખસદ આપી, ક્યાંક મુંબઇ રંગુન કે આફ્રિકા સજોડે ઉપડી જાઉં !" આમ બ્રાહ્મણ બની મુરખાએ બહારનાં બારણાં બંધ કરી, મયૂરા જે ખંડમાં બેઠી હતી તે ખંડની ધીમેથી સાંકળ ઉઘાડી મયૂરા એક ખુણામાં બે ગુંઠાણ વચ્ચે મસ્તક નાંખી તેને હૃદયભૂજાન્વિત કરી બેઠી હતી. દ્વાર ઉઘડતાંજ તે ઝબકી ગઇ અને "કોણ છે, વળી." એમ બોલી ઉઠી.

"મયૂરા ! હું તને દુઃખ દેવા નથી આવ્યો, પરન્તુ દુઃખમાંથી બચાવવા આવ્યો છું." મુરખે શાન્તિ આપી. "હે ! દુઃખમાંથી બચાવવા ? હજી પણ મારા ભાગ્યમાં આ કરતાં પણ વધારે દુઃખ લખ્યું છે ?" મયૂરા ગળગળી થઇ બોલી.

"મયૂરા ! મારી જીવ્હા ઉપડતી નથી. ખરેખર ! તને આંહીં મારી નાંખવાના ઇરાદાથી લાવવામાં આવી છે." મુરખો બોલ્યો.

આ સાંભળતાંજ મયૂરા દિગ્મૂઢ જેવી બની ગઇ, પરન્તુ તેને, "પણ ફીકર નહીં મારા દેહમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી તારા શરીને કિંચિત્ પણ હાની નહી આવવા દઉં." મુરખાના એ શબ્દો-એ સચેત કરી.

"ભલે, મારૂં હનન કરવામાં આવે પણ એક વખત મને મારી બા પાસે લઇ જશો તો હું તમારો ઉપકાર નહીં ભૂલું." "તે પણ થશે. પણ તને ખબર છે, તારૂં મૃત્યુ મારા હાથમાં છે." સુરખાએ ઉપોદ્ઘાત કર્યો.

"ભાઈ! ત્યારે તો મને લાગે છે, કે તમારા જેવા દયાળુ મને નક્કી જીવાડશે."

"ખરેખર! એમજ છે. તારા જેવી સુન્દર કુમારિકાને મારી નાંખવી અને સંસારનું સુખ ભોગવવા તેને દુર્ભાગી બનાવવી એ મને ઠીક નહીં લાગવાથીજ અત્યારે હું તારી પાસે આવ્યો છું." સુરખો બોલ્યો.

'ખરૂં છે. ત્યારે જો મને સસારનુ સુખ ભોગવવા અર્થે જીવતી રાખવાની તમારી ઇચ્છા હોય અને તમે કહો છો તે પ્રમાણે તમને કુમારિકાની દયા આવતી હોય તો, ખસો આઘા હું મારે રસ્તે ચાલી જઇશ." મયૂરાએ ખુલાસો કર્યો.

"મયૂરા! તને મુક્ત કરવી એ અશકય છે. પણ જો તારે સંસાર સુખ જોઇતું હશે તો તે કયાં દૂર છે?" રસનું ઘેલુ સુરખો મ રાની સમીપ જતાં બોલ્યો.

"ભાઇ! તમે દૂર રહેજો? હું તમારી ધર્મબ્હેન છું અને તમે મારા ધર્મબન્ધુ છો." મયૂરાએ પ્રતિઉત્તર આપ્યો.

"વાત ખરી; પણ તને ફરી યાદ દેવડાવવું પડશે, કે તારી જીવનદોરી મારા હાથમાં છે." સુરખે દમ ભરાવ્યો.

"તેથી શું? અન્તે ઉપાય તો મૃત્યુજને?" મયૂરાએ કહ્યું.

"મયૂરા તારા જેવી અનેક સ્ત્રીઓને મેં મોહભુરકી વડે વશ કરી છે. વશ તો કરી છે પણ ગુલામ બનાવી છે. ત્યાં તારો શું હિસાબ?" આત્મમાની સુરખો બોલ્યો.

"એટલે શું! તમે મને પણ વશ કરી શકશો એમ?" મયૂરાએ પૂછ્યું.

"હા."

"પણ લગાર તો મારા મુરબ્બી–વડીલોના ઉપકારનું સ્મરણ કરો? મયૂરાએ કહ્યું.

"તેથીજ તને મારવામાં નથી આવી સમજીને?" સુરખે કહ્યું.

"તો જેવી રીતે મારા આત્મા ઉપર દયા લાવી તમે તેનુ હનન નથી કર્યું તેવીજ રીતે મને છુટી કરો; હું તમારો જીંદગીભર ઉપકાર નહીં ભૂલું." મયૂરાએ વિનતિ કરી.

"મેં તને કહ્યું " કે તને મુક્ત કરી શકાય તેમ નથી, તો હવે તે સંબંધમાં તારી માગણી નિરર્થક છે. પણ જો કદાચ તું તારી હઠીલાઇ છોડી દઇ મારી વાંછનાને તૃપ્ત કર, તો, તેમાંથી છૂટવાનો માર્ગ ખુલ્લો થાય ખરો !" મુરખાએ ખોટી આશા દર્શાવી.

"જો તમારે આજ કહેવું હોય તો બહાર જાઓ, હું મારા ભવિષ્યની રાહ જોઇ બેસી રહીશ." મયૂરા બોલી.

"જવાય કેમ ? લગાર મારા બે બોલ સાંભળ" મુરખો બોલ્યો.

"મારે તમારાં અપવિત્ર વચનો સાંભળી મારા કર્ણને પાપી નથી બનાવવા, જાઓ તમે તમારે માર્ગે" મયૂરા બોલી.

"મયૂરા ! તું ડાહી છું પરન્તુ હજી તને તારી જીંદગીનો અનુભવ નથી. ચોપડીઓમાં જેઓએ લખ્યું છે તેઓએ ખરેખર ! મનુષ્યજીવનનો અભ્યાસ કર્યા વગર લખ્યું છે. નહીંતો તું છેક આમ ન બોલે." મુરખે કહ્યું.

"હું ગમેતેમ બોલું તેની તમને શું પરવા છે. મારે કાંઇજ તમારૂં સાંભળવું નથી." મયૂરા બોલી.

"તારે નથી સાંભળવું અને મારે સંભળાવવું છે તેનું કેમ ? જો સાંભળ, સંસારમાં જે થતું આવ્યું છે તેજ હું તને કહું છું. માણસ ધારે કે હું આમ પવિત્ર રહું અને આમ વિજય મેળવું એ સર્વ મિથ્યાડંબર છે. સર્વ નાનાં મોટાં સરખાં છે. તું બીજા બધા વિચારનો ત્યાગ કરી માત્ર તારી જીંદગીનોજ વિચાર કર. એક બાજુ આ તારી અમુલ્ય સુંદર જીંદગી અને બીજી બાજુ મારો ઉત્કટ અભિલાષ. એ બન્નેને એક ત્રાજવામાં તોળી જો, અને પછી જો કે તે બરાબર થાય છે કે નહીં. તને જો પાપનો ભય હોય તો તેનો પણ ત્યાગ કર ? ખરૂં પાપ છેજ ક્યાં ? પ્રભુને ઘેર કોણ જઇ આવ્યું છે ! શાસ્ત્રોમાંની વાતો તો મનુષ્યને અંકુશમાં રાખવા લખાઇ છે. તને જો કુલ ભય હોય તો તે પણ છોડ ? પ્રેમને જાત કેવી ! શુદ્ધ પ્રેમ તો ગમે ત્યાં હોઇ શકે. તેમાં ન્યાત જાત અને ઉંચ નીચનો ભેદજ ન હોય ! વળી શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે શુદ્ધ પ્રેમ એજ મોક્ષદાતા

છે. છતાં તને જો વ્રતભંગનો ભય હોય તો હું તારા સુખદુઃખમાં જોડાઇ તને સદાને માટે અર્ધાંગ તરીકે કબુલ રાખવા તૈયાર છું. વળી ને આંહી રહેવામાં પણ લાભ નથી, કારણ કે દેવલગંજમાં તારો એક જબ્બર શત્રુ ઉત્પન્ન થયો છે. એટલુંજ નહી પણ આ બનાવને લીધે હવેથી તારા અત્યારસુધીના વર્તન ઉપર પણ લોકોને વહેમ આ-વશે. માટે આપણે આંહીથી બીજે જઇશું. હું તને ખાત્રી આપુ છું કે જે સુખ તને હજી સુધી નથી મળ્યું તે સુખ તને મારા તરફથી મળશે. અરે ! તારા એક ક્ષણના આનન્દ માટે હું મારો પ્રાણ પાથરી દઇશ. તારી મીલકત બીજાના હાથમાં ગઇ છે તે હું તને મેળવી આપીશ. તારી બા પણ તને મળે, અને તમે મા દિકરી ખાઇ પી લ્હેર ઉડાવો એવી યોજના ઘડવામાં હું પાછી પાની નહીં કરૂં. માટે જો તારે તારી જીંદગી બચાવવી હોય, મોક્ષ મેળવવો હોય, તારે એક મદનરસિક યુવાન પતિ જોઇતો હોય અને તારે તારી મીલક્ત અને માતુશ્રીનું દર્શન કરવું હોય તો મારૂં કહેવું કબુલ કર્યા વગર તારો છુટકો થવાનો નથી. પ્રિય મયૂરા ! મધુરી મયૂરા ! સુન્દર સુન્દરી ! ઉત્તર આપતાં વિચાર કરજે એક બાજુ મૃત્યુ છે અને બીજી બાજુ જીવન છે." વિદ્વાન બની મુરખાએ મયૂરા સમક્ષ મૃત્યુ અને જીવનનો પટ પાથર્યો.

અગર જો મુરખાનું નામ મુરખો હતું, પણ તે કેવલ મુરખો નહતો. પણ પક્કો તાલમબાજ હતો. ફુલછાબ લેનારો પ્રેમ છાબ લેવામા પણ એક્કો હતો. તે જાણતો હતો, કે આખરે મયૂરા હાથમાંથી નો જવાનીજ છે. માટે મળી શકે એટલો લાભ લેવા ન ચુકવું. અલબત મુરખાએ, મયૂરાને પોતે માની લીધેલા સિદ્ધાંતથી અને મોહક શબ્દોથી સમજાવ્યું, કે પોતેજ સર્વ સત્તાવાન પુરૂષ છે. પરન્તુ પોતાનું પાણી તે પોતે તો સારી પેઠે સમજતો હતો. છતાંય તેમ કર્યા સિવાય તેની પાપમયી વાસના તૃપ્ત થાય એમ નથી. એ માન્યતાના પરિણામેજ તેણે આવા નવા નવા સિદ્ધાંતો સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો હતો. પરન્તુ તેનો ઉત્તર પણ મયુરા જેવી બ્રહ્મકન્યા પાસે તૈયાર હતો.

"પાપી ! હું સ્પષ્ટ રીતે સમજું છું, કે તારા આવા ધર્મ ઠગ વિચારો તારી અનુકુળ વાસનાઓની તૃપ્તિ અર્થે રચાયા છે. દુનીઆ, દુનીઆના ધર્મો અને સર્વ પ્રાણી માત્રના વિચાર તેમજ વર્તન અસત્ય

અને એક તારૂંજ કથન સત્ય, કેમ ? આવીજ રીતે તેં જે અનેક બાલાઓને વશ કરી હોય અને તેજ યુક્તિ મારી પાસે ચલાવવા માગતો હો તો ખાત્રીપૂર્વક માનજે કે તે તારી નિરર્થક કલ્પનાજ છે." મયૂરાએ કઠોર શબ્દોથી ઉત્તર આપ્યો.

"સુન્દરી ! ક્ષમા કર. મારા વિચાર અસત્ય નથી પણ સત્ય છે, અને તેજ ખરા છે. તોપણ તને જો તે નિરર્થક કલ્પનાજ લાગતી હોય તો ભલે. હું તારી માન્યતાને કબજે થાઉંછું. પરન્તુ સાથે સાથે કહી દઉંછું કે તેથી તને આંહીથી મુક્ત થવાનો તો માર્ગ નહીંજ મળે. વળી દુનીઆમાં મનાતું આવ્યું છે, કે ભેદ પછી દંડ એ છેલ્લો ઉપાય છે, એ ન ભૂલી જતી." મુરખે ગોળ અને મીઠું સાથે આપ્યું."

"તું માત્ર બકવાજ કરે છે. તે મારી આગળ જીવન અને મૃત્યુના બે પટ પાથર્યા છે; તેમાં મેં મૃત્યુનોજ પટ પસંદ કર્યો છે. બોલ હવે તારે કાંઇ કહેવું છે ?" મયુરાએ અન્તનો નિર્ણય કહ્યો.

"જો એમજ છે, તો તારા મૃત્યુ પહેલાં હું મારી વાસનાનું મૃત્યુ કરવા નહીં ભૂલું. આવ સુન્દરી આવ ?" એમ બોલતાં મુરખાએ હૃદયભૂજ પસરાવી આલિંગન માટે મયુરા પ્રતિ પ્રયાણ કર્યું.

"ઓ દુષ્ટાત્મા." મયૂરા એમ બોલતી રહી ને મુરખો તેને આલિંગન દઇ જ્યાં......? એટલામાં બારણું ખખડયું, અને બાઈ! બાઇ! ઓ' બાઇ! ઉઘાડ.' એવો મુરખાની બ્હેન વીજલીનો સાદ કાને પડયો. બાજી બુગી.

પરિચ્છેદ.

મન્મુખરાયને ઘેર.

સૂર્યોદય થયો હતો. મન્મુખરાય આંગણુમાં ઓટલા ઉપર બેસી દાતણુ કરતો હતો. એટલામાં ગોદડ આવ્યો. "આવ ગોદડ આવ. કેમ કાર્ય સિદ્ધને ?" મન્મુખરાયે ગોદડનું સ્વાગત કરતાં પૂછયું.

"જી હા હેમ પણ આપને કંઇક કહેવું છે." ગોદડે કહ્યું.

મન્મુખરાયે દંતધાવનવિધિપૂર્ણ કર્યો. બન્ને જાગા દિવાનખાનામાં ગયા.

"કહે વારૂ અથેતિ હકીગત એકવાર." મન્મુખરાયે આતુરતાથી પૂછયું.

"મયૂરાને કઇ યુક્તિથી કબ્જે કરી, એ તો આપ જાણો છો. બાદ મને એમ લાગ્યું, કે જો તેને રાત્રીભર અત્રજ રાખવામાં આવશે તો ધર્મ દેવી જરૂર તેની તપાસ કરવા કોઇકને પણ મોકલશે. અને આપણું પોકળ ફૂટી જશે. એ ઇરાદાથી મેં મુરખાને રાજ સ્મશાનમાં આવેલા તેના ઘરે મોકલ્યો અને કહ્યું, કે આજની રાત તેમજ કાલનો દિવસ તારે ત્યાં કોઇ ન આવે એવો બન્દોબસ્ત કરવો. પછી હું મયુરાને જ્યાં રાખવામાં આવી તેજ જગા ઉપર ગયો. ત્યાંથી તેને ગુપ્ત રસ્તે લીધી રસ્તામાં તેણે મને ઘણા પ્રશ્નો પૂછયા, પરન્તુ એક પણ પ્રશ્નનો ઉત્તર મેં તેને આપ્યો નહીં, એટલુંજ નહીં પણ તેને કહ્યું કે જો એક પણ શબ્દ બોલીશ તો મૃત્યુજ સમજજે! આ બીકે તે મારી પાછળ પડતી આખડતી મુંગે મોંએ ચાલી આવી.

"રસ્તો લાંબો છે તો પણ અમે પરોઢ પહેલાં પહોંચ્યાં તેને ગઇ કાલનો ઉપવાસ હોવાથી મેં ખાવા માટે કહ્યું પણ તેણે તેનો ઇન્કાર કર્યો, બસ પછી હુ આ તરફ આવ્યો" ગોદડે સર્વ હકીકત કહી.

"ત્યાર પછી" મન્મુખરાયે પૂછયું.

"ત્યાર પછી હવે શું કરવું એ પૂછવા માટેજ હું આપની પાસે આવ્યો છું." ગોદડ બોલ્યો.

"તેમાં પૂછવાનું શું હતું? આપણે નિર્ણય તો પ્રથમથીજ કર્યો છેને. તું તેને રાજ સ્મશાનમાં લઇ ગયો એજ ભૂલ કરી. એ તો તરત દાનનુંજ મહા પુણ્ય." મન્મુખરાય બોલ્યો.

"રાજ સ્મશાનમાં લઇ જવાથી કોઇ પણ રીતે નુકસાન નથી. ત્યાં જઇ મારો વિચાર પણ આપણી શરતને તુર્ત અમલમાંજ મૂકવી એમ હતો, પરન્તુ મુરખા સાથેની કેટલીક વાતચીત ઉપરથી મને લાગ્યું કે હું કાંઇ ભૂલ તો નથી કરતો?" ગોદડ બોલ્યો.

"ગાંડો છે. એમાં ભૂલ કેવી?" મન્મુખરાય બોલ્યો.

"વાત એવી છે, કે આપના સ્વાર્થે અને અમારાં લોભે અમને ગુંચવારામાં નાંખ્યા છે. અત્યાર સુધી તો અમે જય પામ્યા

વળી હૃદયમાં તે સંબંધે કિંચિત્ પણ શંકા નથી ઉદ્ભવી, પણ હવેજ વિચાર થાય છે કે કયે માર્ગે કામ લેવું. એક તરફ દયા અને બ્રહ્મહત્યાના પાપનો ભય, અમને અમારા કાર્યમાં યશ પ્રાપ્ત કરવા ના ઉમેદ બનાવે છે જ્યારે બીજી તરફ ધનનો લોભ અને જો મયૂરાને મુક્ત કરવામાં આવે તો તેના ફલરૂપ અપયશ અમને કાર્યમાં આગળ વધવા ઉશ્કેરે છે. અમે જે કાંઇ કર્યું છે તે આપનાજ માટે. આપની યુક્તિ અને પ્રયત્ન અમારો, માટે કૃપા કરી એવો માર્ગ બતાવો કે જેથી અમે અને આપ બન્ને કર્તવ્યમાં નિષ્કંટતાથી આગળ વધી શકીએ. " ગોદડ બોલ્યો.

" ગોદડ ! મયૂરા ના હોવાથી મને કેટલું નુકશાન છે; તેનો તું વિચાર કર. " મન્મુખરાયે કહ્યું.

" એ અબલાથી આપને શું નુકશાન થઇ શકે તેમ છે ? " ગોદડે આશ્ચર્ય પૂર્વક પૂછ્યું.

" તું ન સમજે. તે ન હોય તેમાંજ મને લાભ છે. "

" ત્યારે શું તેનો અન્ત લાવવો ? " ગોદડે પૂછ્યું.

" એ સિવાય અન્ય ઉપાય હવે ક્યાં રહ્યો છે. " નિરૂપાય બની મન્મુખરાય બોલ્યો.

" તે તો ન બને સાહેબ ! જો આપની આવાજ પ્રકારની સલાહ હોય તો હું મયૂરાને જઇ તુરતજ મુક્ત કરૂં છું. ભવિષ્યમાં પછી ગમે તે થાય તેની મને ઓછી દરકાર છે. " યુક્તિપૂર્વક ગોદડ બોલ્યો.

" ગોદડ ! તું એમ ન ધારતો, કે તું એક આબરૂદાર ગૃહસ્થ સાથે વાત કરે છે. કારણ કે તું ગમે તેવો છું પણ મારો તો મિત્રજ છે. હું તારી સાથે મિત્ર ભાવેજ વાત કરૂં છું. તેમ ન હોય તો આવું ભારે કાર્ય તને સોંપું પણ ખરો કે ? તેનો તું વિચાર કર. " મન્મુખરાય બોલ્યો.

" પણ આથી આપ શું કહેવા ધારો છો ? " ગોદડ બોલ્યો.

" તે એજ કે મારા કલ્યાણ અર્થે તારે મિત્ર ધર્મ બજાવવો એ તારી ફરજ છે. ગોદડ ! સરતમાં રાખજે, કે એક મિત્ર બીજા મિત્રનો કદિ પણ ઉપકાર નહીં ભૂલે ! " મન્મુખરાય દીનતા દર્શાવતાં બોલ્યો.

"માટે મારે હાથે એક ભયંકર પાપ થાય તેને આપ પવિત્ર મિત્રધર્મ કહો છો કેમ ? સાહેબ ! જો એમાંજ આપનું કલ્યાણ

હોય તો તેવું કલ્યાણ કરવાની મારી ફરજ નથી. તેમ તેવા મિશ્ર ધર્મનો હું સ્વીકાર પણ કરતો નથી."

"ગોદડ; પણ મારે ને તારે શરત કઇ છે?" મન્મુખરાયે શરતનું સ્મરણ કરાવ્યું.

"એ શરત અત્યાર સુધી મારે કબુલ હતી; પણ હવે નથી. જ્યારે મેં શરત કબૂલ કરી ત્યારે મારા જે વિચાર હતા, તે વિચાર અત્યારે નથી. ક્ષમા કરજો સ્પષ્ટ કહી દઉં છું, કે અત્યારે હું એ શરતનો તદ્દન ઇન્કાર કરૂં છું. પછી છે કાંઇ?" ગોદડ તદ્દન ઇન્કાર ગયો.

"જો મારી શરત તારાથી કબૂલ ન થાય તો મુર્ખો તો કબૂલ કરશે ને? તેમાં હવે તારે ક્યાં પાપ રહ્યું?" મન્મુખરાયે બીજી યુક્તિ બતાવી.

"નહીંજી. અરે! તેણેજ મને આ ઘોર પાપ કરતાં અટકાવ્યો છે. વળી આપ એમ ન સમજતા કે મુરખો આપના કબજાનો નોકર છે. અને આપ એમ સમજો છો કે મ.રી સલાહ સિવાય મુરખો એક પણ પગલુ આગળ વધી શકે? બીજું જે પાપથી સમાજને નુકસાન થાય અને જેનાથી બીજા અનર્થ ઉદ્ભવે તે પાપને છુપાવવું એ પણ એક પાપ છે. એટલે કદાચ આપ મુરખાને હાથે આ અનર્થ કરાવો તો પણ તે હું દ્વારા બહાર તો પડવાનો તુંજ" ગોદડ બોલ્યો.

"ત્યારે હવે ઉપાય શું? મન્મુખરાય બિલ્કુલ નિરાશ થયો.

"આપ કહો તે."

"ગોદડ! હું ઠીક કહું છુ. મારૂં વચન માનવામાં તારા અનેક લાભ સમાયલા છે." મન્મુખરાયે લાલચ બતાવી.

"ના, તે નાજ" ગોદડ બોલ્યો.

દેવલગંજનો અગ્રેસર વેપારી અને ગામમા આબરૂદાર ગણાતો ગૃહસ્થ મન્મુખરાય વિચારમાં પડયો. ખરેખરો મુઝાયો. મયૂરાનો નિકાલ કરવામાંજ પોતાનો લાભ સમાયલો છે એમ મન્મુખરાયને સંપૂર્ણ ખાત્રી હતી; કારણ કે ધર્મદેવી વૃદ્ધ થવા આવી છે એટલે તે મયૂરાનું જરૂર લગ્ન કરે એ નિશ્ચય સંભવ હતો. હવે જો મયૂરાનું લગ્ન કરવામાં આવે તો ધરતી તમામ મિલકત જમાઇને ઘેર જાય એ પણ નક્કી અને પોતે વા કાકતો રહે 'અરે' ભટ્ટજીને આંગણે આંટા ફેરા ખાધેલા તેના ભાડા જેટલુ પણ ન મળે. મન્મુખરામની આ સમજણ

હતી. તેણે જાણ્યું કે ગોદડની હઠીલાઇથી ધારણા ધૂળ ભેગી થશે અને ફજેત થઇશું તે જુદા; જે ઘડીએ આ દુષ્ટતાનો પટ ખુલ્લો થશે ત્યારે મારા સર્વમાનને, આબરૂને, કોંસીલરના હોદ્દાને અને સર્વ હકૂમતને તિલાંજલી મળવાની ! માટે યદ્યાતદ્યા આ કાર્ય તથા પ્રયત્ન સિદ્ધજ થવો જોઇએ. મન્મુખરામે જાણ્યુ કે ગોદડ યુક્તિથી સમજે તેમ નથી દ્રવ્યથી ચલે તેમ નથી, કોઇનું કહ્યું માને તેમ નથી, અને ભયથી ડરે તેમ નથી; આમ સામ, દામ, ભેદ અને દંડ એ ચારેમાંથી એક પણ ગોદડને વશ કરવા અશક્તિમાન્ છે તો છેલ્લો ઉપાય વિનતિ પૂર્વક નમ્રતા એજ છે આમ ધારી મન્મુખરાય દીન વદને બોલ્યો.

“ ભાઈ ! ગોદડ ! હું ક્યાં નથી જાણતો, કે મેં આ એક ઘોર કાર્ય આરંભ્યું છે. મને મારા પાપનો બદલો મળશે. પણ હવે નિરૂપાય ! ગોદડ ! આરભ્યુ અધુરૂં રહે તેમાં મારી ને તારી બેયની ફજેતી છે. બન્ધુ ! જે શ્રદ્ધાથી અને જે આશાથી મેં તારા ઉપર પ્રથમ વિશ્વાસ મૂકયો છે, તેનો તું તિરસ્કાર ન કર. હું ગમે તેવો આબરૂદાર છું લોકોમાં હું માનવંતો ગણાઉં છું, સરકારમાં મારી શાખ સારી છે; પણ તારી પાસે તો હું તૃણવતજ છું. તને હું મારો પરમપ્રિય ગણું છું. જ્યારે તુંજ આમ બેવફા થા ! કૃતઘ્નતા દર્શાવ ! ત્યારે મારૂં પછી કોણ ? તારા જેવાના આશરા તળે રહી મારું બલ તેજ કરે છે, સિવાય મારા એકલાનું શું ગજું ? ભાઇ ! તું વિચાર કર્ય હુ કઇ રીતે સુખી છું ! પુત્ર નાસી ગયાની ચિંતા હજીપણ હૃદયમાં સાલે છે, પવિત્ર પુત્રવધૂનુ દેહ દમન મારા અંતઃકરણને રિબ્યા કરે છે; તેમાં પાછી આ અણધારી આફત જો મારા ઉપર આવશે, તો ગોદડ ! માની લે જે, કે મન્મુખનું દર્શન તું પુનઃ કરી શકીશ નહીં. મારૂં મૃત્યુ તારા હાથમાં છે. જો મને જીવાડવો હોય તો તેમ કર નહીં તો તારા તરફથી પ્રાપ્ત થવાની મૃત્યુની બક્ષીસની તો હું રાહજ જોઉં છું. મારા મૃત્યુમાંજ તારૂં શ્રેય હોય તો આ ઘર આજથી તને ભળાવું છું છોકરાની તપાસ કરતાં જો તેની ભાળ મળે તો, તને વ્યાજબી લાગે તે મીલકત તેને આપજે, અને તેને સંસારના વ્યવહાર માર્ગ ઉપર ચડાવજે. મારા મૃત્યુ પશ્ચાત્ લોકો મારૂં સારૂં કે બુરૂં બોલે તે અગર જો મારે નથી સાંભળવું, પણ મારા ચાલુ જીવનમાં ધૂર્તતાથી કે પ્રામાણિકપણાથી જે મેં

કીર્તિ મેળવી છે, તે અક્ષય રહે તો ઠીક એવી મારી ઇચ્છા છે. તે પણ તારા હાથમાં છે. તને દુઃખી કરીને મારે સુખી નથી થવું. જા જે કાર્યમાં તારી અનિચ્છા છે, તે કાર્યમાં આજથી મારી પણ અનિચ્છા જ છે. જો મયૂરાનુ જીવન છે, તો મારૂં મૃત્યુ છે, અને મારૂં જીવન છે તો મયૂરાનું મૃત્યુ છે. તને ફાવે તેમ કર. પણ જો મયૂરાનુંજ જીવન હોય તો તને સાથે સાથે કહી દઉં છું કે આજ સાંજે તું મને આ જગતની જંજાળમાંથી મુક્ત થએલો જોશે!" ધૂર્તશિરોમણી મન્મુખરાય બોલ્યો.

ધૂર્તધર્મી મન્મુખરાયની વાકૂજાલમાં ગોદડ સપડાયો ખરો, પણ એટલે સુધી નહી કે તે પોતાના નિશ્ચયને ફેરવે. છતાંય તેને એમ તો લાગ્યુ કે જો આ કાર્યમાં હું મન્મુખને સાહાય્ય નહી કરૂં અને તેને ત્રિશંકુની સ્થિતિમાં મૂકીશ ને કદાચ તે દેહ ત્યાગ કરશે તો વિના કારણુ તેની આત્મ હત્યામાં હું કારણભૂત થઇશ. આમ ધારી તે એક મધ્યસ્થ માર્ગ દર્શાવતાં બોલ્યો.

"મન્મુખભાઇ! આટલી હદ સુધી જવાનું કંઇ પ્રયોજન! તમારા બન્નેનું જીવન અક્ષય રહે અને આપની ધારણા બર આવે એવું એક માર્ગ સૂચન કરૂં તો કબુલ છે?"

"જી હા." ગરજીલા મન્મુખરાયે "જી હા" કહ્યું.

"સાહેબ? અપાત્રને અતિમાન એ તેના અપમાન બરાબર છે." ગોદડ વિવેક બતાવતાં બોલ્યો.

"ગોદડ! મિત્રમાં માન શાં? ત્યારે મારી પણ એવી ઇચ્છા છે. કે તારે પણ મારે માટે "સાહેબ" "આપ" "ભાઇ" એવા માન વાચક શબ્દો ન વાપરવા." મન્મુખે પણ વિવેક પ્રતિવિવેક દેખાડયો.

સાહેબ. હું મારી પ્રણાલિનો તો ભંગ નહીં કરૂં, તેમ આપ આપની પ્રણાલિને પણ ન ત્યાગશો. આપણ ઉભયનો ગુપ્ત વ્યવહાર ભલે સરલ હોય, પણ બન્નેએ પરસ્પર બોલવું ઘટે તેમજ બોલવું. એ વધારે યુકત છે." ગોદડે કહ્યું.

"અરે! પણ આપણે વિષયાન્તર કર્યુ? પ્રસ્તુત પ્રસંગને તો વિસરી ગયા!" મન્મુખને ચટપટી લાગી.

"કહુ છું" ગોદડે કહ્યું,

"કહે ત્યારે"

" પણ પહેલાં પેલા નુપૂર હોય તો ? " ગોદડે કહ્યું.

" કબૂલ "

" લાવો ત્યારે. "

" મન્મુખની ગરજે સુંદર અને કીમતી નુપૂર ગોદડના હાથમાં પડયાં. હવે વિજલી ખુશખૂશ થશે એ વિચારે હોંસમંને હોંસમાં ગોદડ બોલ્યો.

" જુઓ સાહેબ તેને સુરજગંજમાં ચપલાની સાથે તેના ધંધામાં પ્રવીણ થવા મોકલીએ તો કેમ ! ! ?"

" બરાબર ! ત્યાંજ તે ઠેકાણે આવશે. "

અષ્ટમ પરિચ્છેદ.

નવરંગી.

નવરંગી ! તને આંહીં આવ્યાં બારમાસ પૂર્ણ થવા આવ્યા. આજ પર્યંત મેં તારી પ્રતિજ્ઞાને સાચવી રાખી છે. હું તારા કોઈ પણ વિચાર કે કાર્યમાં હજી સુધી આડે આવી નથી. આજ સુધી તેં તારૂં ધાર્યું કર્યું છે. પરન્તુ દરેક વિચાર કે કાર્યને મર્યાદા હોયછે. કોઇ પણ વિચાર કે કાર્ય જો મર્યાદાનું ઉલ્લંઘન કરે તો તુરતજ તે નિષ્ફલ જાય છે. મર્યાદા એ એવી ભાવના છે, કે તેનો જો સહસા તિરસ્કાર કરવામાં આવે તો તે મનુષ્યને હાની પહોંચાડે છે. મર્યાદા એ શક્તિની સમાન જોઇએ. પોતામાં રહેલી શક્તિનો વિચાર કરીનેજ પ્રત્યેક મનુષ્યે અમુક વિચારનો ક્રમ કે તેનુ બંધારણ નક્કી કરવુ જોઇએ. અર્થાત્ જો શક્તિ અને કાર્યની મર્યાદાની સમાનતા હોય તોજ આ જગતમાં મનુષ્ય પોતાની કારકીર્દિને યશસ્વી દર્શાવી શકે છે. મેં તારૂં એક ન્હાની બ્હેનની માફક અરે ! પુત્રીની જેમ પાલન કર્યું છે. એટલે આજ સુધી તો એક ગુલામની માફક મેં તારી સેવા ઉઠાવી છે. તારા વચનને મેં માનદૃષ્ટિથી વધાવી લીધું છે. તો પણ જ્યારે જ્યારે હું તને કહું છું ત્યારે વારંવાર તું પૂર્વ વૃત્તાંતનું સ્મરણ કરીને મને તારા પ્રતિ કરૂણ ભાવ ઉત્પન્ન કરાવે છે– અરે ! એ બ્હાને તું છટકી જાય છે. નવરંગી ! સ્વાભાવિક રીતે તો અમે દયા હીન ગણાઇએ એટલે તેં જો

દયા મેળવી છે, તે સ્વાભાવિક દયા નહીં પરન્તુ કૃત્રિમ દયા છે, અને તે પણ મારા સ્વાર્થ અર્થે તથા તને ઠેકાણે લાવવા માટેજ પણ મેં જોયુ છે, કે તું કળ કરતાં બળથી જલ્દી કબ્જે થાય તેમ છે, માટે હવે એજ માર્ગ મારે ગ્રહણ કરવો પડશે. ઉત્તમોત્તમ મિષ્ટાન્ન, શ્રેષ્ટ વસ્ત્રાલંકાર અને મજાહ ભોગવવી એ કંઈ દ્રવ્ય વગર મુફ્ત મળતું નથી. આપણાથી નોકરી કે મજુરી એમાંથી એક પણ કંઇ થાય છે? આપણી ખરી મીલકત એ આપણું યૌવન, સૌંદર્ય, હાવ ભાવ, અને વાક્ ચાતુરી છે. એ જો તું આમ વ્યર્થ ગુમાવી બેસે અને પર દ્રવ્યે તાગડધિન્ના કર તો પશ્ચાત્ ભિક્ષા સિવાય બીજો વધારે સરલ માર્ગ છે?

તારા માટે મેં કંઇ ઓછો ખર્ચ કર્યો નથી. પણ તે સર્વ ખર્ચ તારા આછલખલતા યૌવનના પ્રતાપે હું પુનઃ પ્રાપ્ત કરી શકીશ એ અભિલાષેજ. તારા માટે મેં કેટલાને નિરાશ કરી પાછા ધકેલ્યા છે, અને કેટલાને હજી વાયદાજ આપ્યે જાઉ છું ! એ તું જાણે છેજ ક્યાં ? તને શું ખબર પડે કે તારા અર્થે હુ મારા દિવસો કેટલી મુસ્કેલીમાં અને નિરાશામાં પસાર કરૂં છું. તું આવી ત્યારથી મારૂં મન તને મનાવવામાં અને રીઝવવામાં અહોનિશ ભમ્યા કરે છે, એટલે રસિકોની પણ મંદતા થતી જાય છે. એટલું સારૂં છે, કે મારી કીર્તિ અને વિશ્વાસને લીધે એકાદ બે સારા ઘરની સૌંદર્યવતી વહુ દીકરીઓ અવાર નવાર ગુપ્ત રીતે આવ્યે જાય છે, એટલે ઘણાકને સંતુષ્ઠ રાખી શકાય છે. પરન્તુ ઉચ્ચ કુટુંબની વહુ દીકરીઓ કંઇઆપણી સત્તાને અધિન રહે ? તેઓથી તો અનુકુલ સંયોગો હોય તોજ અત્રે આવી શકાય ! નહિ તો બે ચાર દિવસ રાહ પણ જોવી પડે ! તેમાંય વળી નિશાવાસ કરનારી યુવતિ તો કોઇકજ હોય છે. અને તે પણ એક માસમાં એકાદ વાર ભાગ્યેજ. માટે તેવાં ગ્રાહકોને તો ઘણીવાર નકારમાંજ ઉત્તર આપવો પડે છે. વળી હું પંડે એકલી તે કેટલીક જગાએ પહોંચી વળું ? વય થાય છે, એટલે મારાથી પણ હવે કામનો બોજો નથી સહન થતો ! એટલે હું પણ કેટલાનાં મન રીઝવી શકું ? અને ક્યાંથી સર્વ મારા સૌંદર્યમાં લોભાય? એટલે જો તારા જેવી સૌંદર્યમૂર્તિની મારે સાહચ્ય હોયતો ઘણાક તારા પ્રતિ પણ આકર્ષાય. જ્યારે કેટલાક મારા પ્રતિ પણ આકર્ષાય. અર્થાત્ એ રીતે આપણે આપણા ધધાની ફતેહમંદ ખીલવટ કરી શકીએ ! નવરંગી ! હુ ખરૂં કહું છું, કે તારે લધે આજ દિન સુધી મેં બહુજ વિટંબણા ભોગવી છે, તોપણ તને તેની ક્યાં દરકાર છે ?

માટે હવે તો તું મારૂં કહ્યું માની તારા વ્યગ્રચિત્તને સ્થિર કર્ય. હું તને મારી ન્હાની બ્હેન-પુત્રી, લેખું છું. તારૂં દીલ દુભાય અને તેથી મને કલેશ થાય એ ઠીક નથી, પરન્તુ ભવિષ્યમાં સુખી થઈ નામના મેળવ તથા આખા નગરમાં તુરૈઆલમના જેવી કીર્તિ પ્રાપ્ત કર. તે માટે મારે તારી લાગણી દૂભવ્યા સિવાય છુટકો નથી. જે તને હાનિકારક લાગે છે તેજ તને ભવિષ્યમાં સુખકારક લાગશે. એ તું ભુલીશ નહી. વળી જેણે તારો હાથ મને સુપ્રત કર્યો છે તેણે તને મુક્ત ન કરવા માટે મને વચન બંધનમાં નાંખી છે. કદાપિ તેના વચનને હું ન ગણકારૂં તોપણ હવે તને હું મુક્ત કરી શકું તેમ નથી; કારણ કે તારા ઉપર મેં મારા ભવિષ્યની ઘણી ઇમારત ચણી છે. તે બધી ધુળધાણી થઇ જાય, માટે તારે તો હવે આ ધંધામાં જોડાયા સિવાય છુટકોજ નથી. અગર જો અત્યારે તને લગાર લગાર અતડું લાગશે, પણ જેમ જેમ વખત જશે તેમ તેમ તુ જોઇ શકીશ કે આપણા ધંધાની બહાર કેવી અજાયબ છે. તેમાં કેટલી રસિકતા છે! એટલુંજ નહી પણ મહાન્ માનવંતા ગણાતા ગૃહસ્થો, અને નીતિશાસ્ત્રની મોટી મોટી વાતો કરનારાઓ: અરે! એવા તો હજારોને તું તારા પગમાં ગુલામની માફક રમતા જોઇશ. તું એક ન્હાની સરખી શહેનશાહત ભોગવીશ અને ત્યારેજ તું મને યાદ કરીશ. બસ આથી વિશેષ શું કહું?" ચપલા બોલતી બંધ રહી.

બાઇ! બહુ કહ્યું. મને તમારા પક્ષમાં લેવાને માટે તમે આથી વધારે વક્તૃત્વ ન ખીલવી શકો. જે ન્યાયે તમે મને પુત્રી કે બ્હેન ગણો છો તેજ ન્યાયે હુ તમને માતા સમાન મોટી બ્હેન ગણુ છુ. મારી સમજણ બહાર નથી કે અદ્યપર્યંત તમે મને વ્હાલ સોઇ લેખી મારૂં પાલન કર્યું છે. પણ ફેર માત્ર એટલો કે તમારૂં એ વાત્સલ્ય સ્વાર્થના અંકુશ તળે દબાયલું છે. ખચીત કહું છું કે જો તે સ્વાર્થ નષ્ટ થાય તો સર્વ રીતે તમે મારાં વડીલ થવાને યોગ્ય છો. તમારો આવો મિષ્ટ દિલાસો જો કૃત્રિમતાની સાથે ન હત તો કેવું સારૂં! પણ તેમાં તમે બિલકુલ નિર્દોષ છો. મારે મારાં કર્મોને તાબે થયા સિવાય છુટકા નથી." આથી વધારે કહેવા જતાં નારંગીનું હૃદય ભરાઇ આવ્યું.

"નવરંગી! ભલે તને એમ લાગે, કે મારા વચનમા સ્વાર્થ

અને કૃત્રિમતાનો અંશ છે. પરન્તુ હું સત્ય ધર્મની ખાતર ઇશ્વર સમક્ષ સાચે સાચું કહું છું કે જો મારૂ પ્રથમના જેવુંજ લલિત યૌવન હોત, પ્રથમના જેવીજ મારામાં આકર્ષક શક્તિ હોત અને તારા તેજસ્વી મુખ કમલ આગળ મારૂ સૌંદર્ય ઝાંખું ન પડતું હોત તો તને આટલો દુરાગ્રહ ન કરત. એટલે જો હું તારી સુખી જીંદગી જોઈ મૃત્યુ શરણ થાઉં તો ઠીક, એ વાસનાના લોભે હવે તારા ઉપર વધારે કરૂણા નહીં ઉપજાવી શકું ? " ચપલા બોલી.

" બાઇ ! એમ કાં બોલો ? તમે ક્યાં મરવા જેવડાં છો. ખરૂં પૂછાવો તો હજી તમારા યૌવનનો મધ્યાહ્ન છે. " નવરંગીએ કહ્યું.

" વારૂ ! પણ તારા આગળ તો હું વૃદ્ધાને ? તેમ તારા યૌવન આગળ મારા યૌવનનો મધ્યાહ્ન નહીં પણ પરાહ્ન છે. અગર જો તું બહુ એકાન્ત સેવે છે તો પણ જતાં આવતાં જેઓએ તારૂં મુખ દર્શન કર્યું છે, તેઓની વૃત્તિ હવે કાબુમા રહી શકે તેમ નથી. ખરે ખર તેવાઓ તો મારો સદંતર ત્યાગ કરી અતઃકરણમાં તારા નામની જાપ જપે છે. માટે તેઓની વાસના સંતોષાય, તું માનવતી ગણાય અને આપણો તેમાંય વળી ખાસ કરીને ત્હારો કલ્યાણ માર્ગ સ્પષ્ટ થાય તથા ઉન્નત બને તે ખાતર તું આ ધંધામાં ઝંપલાવ તો ઠીક. ખરો સમય તો અત્યારેજ છે. " ચપલાએ કહ્યું.

" આ બધા પ્રયત્ન મારા નહીં પણ તમારા કલ્યાણને અર્થે છે. તેમ છતાંય મારૂં કલ્યાણ ધારૂ, તો પણ જે કલ્યાણ માર્ગ મારી સમક્ષ રજુ છે. તેમાં હું મારૂં અનિષ્ટ જોઉં છું. જે ધંધામાં મને સંડોવવા તમે તત્પર થાઓ છો તે ધંધો તે તમારો ધંધો છે. એટલે તમને તે શ્રેયસ્પ્રદ લાગે એ સ્વાભાવિક છે; પરન્તુ મને તો તે ભયંકર પાપપુંજ લાગે છે. મારા અને તમારા ભિન્ન વિચાર રાશિ છે ત્યાં કઇ રીતે હું તમારી ઇચ્છાને અધીન થાઉં એ કાંઇ મને સુઝતું નથી. " નવરંગીએ કહ્યું.

" નવરંગી ! પાપની વ્યાખ્યા વિચિત્ર છે. આપણા દેશમાં જેને પાપ કહેવામાં આવે છે. તેને બીજા દેશોમાં પુણ્ય તરીકે અરે ! ધર્મ કાર્ય ગણી લેવામાં આવે છે. તેથી ઉલટું જેને આપણે પુણ્ય તરીકે ગણીએ છીએ તેને બીજા દેશના લોકો હડહડતું પાપ લેખે છે. દુનીઆમાં જ્યાં આ પ્રકારની માન્યતા છે, ત્યાં વાસ્તવિક પાપ પુણ્ય

ની વ્યાખ્યા કઈ રીતે બાંધી શકાય ? વળી જ્યાં અમુક ધંધો એજ કર્તવ્ય ઠર્યું ત્યાં તો તે ધંધાથી વિમુખ થવું એ પાપ ગણાય છે. અર્થાત્ આપણા આ ધંધાને બીજાઓ ભલે પાપી કહે પણ આપણે તો તે કર્તવ્યજ છે. જો એમ ન હોય તો દુનીઆનો વ્યવહાર શી રીતે નીભે ? તેમ છતાંય કદાચ તેમાં તને પાપ લાગે તો તે પાપ આપણને નહીં પરન્તુ આ ધંધાની ખઢતી કરનાર પુરૂષ વર્ગને મુબારક છે. તું વિચાર કર કે આપણો સર્વ આધાર પુરૂષ વર્ગની આવક જાવક ઉપર અવલંબી રહ્યો છે. તેઓની અનિચ્છા આપણને દુઃખ અને આતુરતા એ સુખ છે. પુરૂષ વર્ગ જો પોતાના અંતઃકરણ ઉપર કાબુ ધરાવતો હોય તો પછી આપણો આ ધંધો શી રીતે ચાલવાનોજ હતો, તે કહે ? મતલબ કે પાપના પ્રેરક, યોજક, ઉત્તેજક, વર્ધક અને ભોગવનાર પુરૂષો છે. આપણે નહીં. હું પાપને નથી માનતી એમ તું ન સમજતી. તારી નજરે તું જોઇ શકે છે, કે સત્યનારાયણની કથા, દેવ દર્શન—પુજન—અને સંતોનો સત્કાર કરવામાં મારી કેટલી પ્રબળ ભાવના છે. તે માર્ગે પણ તને ખબર છે કે હું કેટલી પ્રવૃત્ત રહું છું. અસત્યને તો હું અંતઃકરણપુર્વક તિરસ્કારૂં છું. માત્ર ધંધાને અંગે જે કંઇ ઉપર તળે ઉપર ટપકે કરવું પડે તેજ માફ ! અને તે તો દરેક ધંધાધારીને કર્યા સિવાય છુટકોજ ક્યાં છે ?" ચપલાએ કહ્યું.

"બાઈ! પ્રત્યેક દેશનાં ધર્મશાસ્ત્રો ત્યાંની પરિસ્થિતિને અંગે રચાયલા છે. તમે તો માનો કે ન માનો પણ મારૂં માનવું તો એવું છે, કે લોકસ્થિતિ, દેશસ્થિતિ અને અંતઃકરણ સ્થિતિને અંગે પ્રત્યેક સમાજનું ધાર્મિક બંધારણ રચાય છે. આ કારણથીજ ભિન્ન ભિન્ન દેશોમાં પાપ પુણ્યની વ્યાખ્યા ભિન્ન છે. તમે વિચારો કે આપણું જન્મસ્થાન આ ભૂમિ છે. એટલે અહીંનાંજ ધર્મબંધારણને અનુસરવા આપણે બંધાયલા છીએ. આપણા દેશનાજ સામાજિક નિયમોનો આપણે સ્વીકાર કર્યો છે. એટલે હું તો એમજ માનું છું, કે એ નિયમોનો ત્યાગ કરવો તેજ પાપ છે. વળી જયારે આપણે આપણા જીવન વ્યવહારના પ્રત્યેક કાર્યમાં ધર્મશાસ્ત્રને અનુસરીએ છીએ તો અત્યારે તેનો શા-અર્થે બહિષ્કાર કરવો જોઇએ એ કાંઈ મને સમજાતું નથી.

ધર્મશાસ્ત્રને બાજુ ઉપર મૂકીએ તો પણ એ પાપ તો એટલા

માટે છે, કે તેથી લોકોનું જીવન બગડે છે. લોકો સ્વધર્મ ભૂલે છે. તેઓનું જે કર્તવ્ય છે, તેને તેઓ ભૂલી જાય છે અને તેઓનું જીવન વિપરિત બને છે. એ શું પાપ નથી? પોતાનાજ સ્વાર્થને અર્થે ધ-ર્મનો આડંબર રાખી માણસોને છેતરવાં એના જેવું બીજું કયું વ-ધારે ભયંકર પાપ છે? વળી આમ નિરંકુશતા અને સ્વચ્છંદાચારનું પાલન કરવું અને તે પણ માત્ર સ્વાર્થને ખાતરજ એ મારી બુદ્ધિને તો પ્રતિકૂલ છે. વળી શું તમે એમ કહો છો, કે આ ધંધામાં પાપ છે તો પુરૂષ વર્ગનેજ! બાઇ! તમે વિચાર કરો કે તમારા જેવી ધંધા-ધરિણિઓ ન હોય તો પુરૂષ વર્ગ પોતાના જીવનને શી રીતે રદ-બાતલ કરી શકે? અને માનો કે કદાચ તેઓમાંના કોઇકના જીવનને મલિન-તાનો પાસ લાગત તો તે એટલી હદ સુધી તો નહીંજ. ખરેખર! તમારા જેવી પ્રકટ સ્ત્રીઓની વાક્પટુતા અત્યુત્તમ હોય છે, એટલે તમે ગમે તે રીતે તમારા સિદ્ધાંતનું સ્થાપન કરી શકો, પણ હું તમને વિનતિપૂર્વક કહું છું કે તમારા અંતઃકરણ ઉપર હાથ મૂકી તેને પૂછી જુઓ કે આ ધંધામાં કેટલું ભયંકર પાપ છે? બાઈ! તમારે લીધે બિચારી કેટલી સ્ત્રીઓનાં જીવન વિષમય થયાં છે, કેટલા પુરૂષ રત્નોએ સર્વસ્વ શક્તિ વ્યર્થ કરી છે, તમે કેટલાનું વંશોચ્છેદન કર્યું છે, તમે સમાજનાં કેટલાં મનુષ્યોને મલિન માર્ગે ચડાવ્યાં છે, તમે શાસ્ત્રનો કેટલો ભયંકર અપરાધ કર્યો છે, તમારૂં જીવન અસત્ય અને મલિનતા ક્ષેત્રમાં કેવું સડબડયા કરે છે, અને તમે પ્રભુને કેવાં વિસરી ગયાં છો? તેનો વિચાર કરો? બાઈ! તમારો સર્વ ધર્માડંબર ઉપલકીઓ છે, બાકી તમે એમ સમજો છો, કે પ્રભુને ત્યાં તમારે માટે સ્થાન છે? નહીંજ. ખેર! પણ મારે તે સાથે કંઇજ સંબંધ નથી. તમે જે ધંધો કરો છો તે ધંધાને તમે પુણ્ય સમજી ગ્રહણ કર્યો છે, એમ હું નથી માનતી. ખરૂં તો એ છે, કે તમારી બુરી વાસનાઓના ઉદ્‌ભવની સાથેજ તમારા આ ધંધાની શરૂઆત થઇ છે. મને ખાત્રી છે, કે તમને તમારા ધંધામા આટલી બધી સગવડતા અને મજાહ મળશે એવું તમે પ્રથમથી નહીં ધાર્યું હોય! વળી તમે આ ધંધાનો રાજી-ખુશીથી સ્વીકાર કર્યો છે, એટલે તેમાં તમે જોઇએ તેવી રીતે જોઇએ તેટલાં આગળ વધી શકયાં છો. જ્યારે મારે તો દેખતાં છતાં અંધ બની કૂપમાં ઉતરવું એ કેવું દુઃખદાયી! જવાદો એ વાત. પરન્તુ મને આશ્ચર્ય થાય છે, કે શામાટે તમે આટલી બધી ખેંચતાણ કરો છો?

હું તમારૂં તમામ પડતું કાર્ય કરી શકું અને દ્રવ્ય ઉત્પન્ન કરી તમને સુપ્રત કરૂં, તેથી તમારે બેઠાં બેઠાં મોજ મજાહ ઉડાવવી હોયતો તેને માટે તમે મારી મદદ સિવાય અનેક માર્ગ ખુલ્લા કરી શકો તેમ છો. તો શા માટે તમારે મારી ઇચ્છા ઉપરાંત વધારે દબાણ કરવું જોઇએ ? કદિપણ તમારા કહેવાનો હું સ્વીકાર કરી શકું તેમ નથીજ તોપણ માનો કે કદાચ્ હું તમારા વચનને માન્ય કરૂં તો અનિચ્છાએ હું આ ધંધામાં કેટલો જય, અને યશ મેળવીશ તેનો તમારે વિચાર કરવો ઘટે છે." નવરંગીએ ધર્મ યુક્તિથી કહ્યું.

" બસ, અનિચ્છાએ પણ તું ધંધાનો સ્વીકાર કર્ય એજ મારે જોઇએ છીએ. ફતેહ મળે યા ન મળે તેની મને ઓછી દરકાર છે. એ તો કામ કામને શિખવશે. " ચપલાએ કહ્યું.

" તમારા વચનને માન્ય કરવા માટે અનિચ્છાએ પણ મારે આ ધંધામાં પ્રવેશ કરવો એ મારૂં કથન તો માત્ર મારો બચાવ છે નહી કે હું ધંધાનો સ્વીકાર કરૂં !" નવરંગીએ કહ્યું.

" નવરંગી ! વાસનાઓ ઉપર જય મેળવી તેનો ક્ષય કરવો, એ તને સાહજિક લાગે છે; પણ તેમ નથી. અત્યારે મારાં વચનો તને વિષ સમ લાગશે. પરન્તુ જ્યારે તારી આ મુગ્ધ દશાનો વિલય થશે, અને તું યૌવનના અંકુશ તળે આવીશ ત્યારે તારૂં વય તને સંધું શિખવાડશે. તે વખતે તુ નહીં ધારેલાં અને નહીં કરવાનાં કર્મો ને ધર્મકાર્ય તરીકે ગણી લઇશ. તેજ સમયે તને મારી શિખામણનું સ્મરણ થશે ! તારી આ સ્થિતિનો મને પણ અનુભવ છે, ને મારા અંતઃકરણમાં પણ પૂર્વ સમયે તારા કરતાં પણ ઉત્તમોત્તમ પવિત્રતાના વિચારો ઉદ્દભવતા અને હું પણ તારા જેવીજ લ્હોલી હતી. અરે ! મેંતો દૃઢ નિશ્ચય કર્યો હતો કે કાલાન્તે પણ આ હૃદયને અન્ય રંગનો સ્પર્શ ન થવા દેવો; પરન્તુ યુવાવયે તે વિચારો કાજ ન રહ્યા. મારૂં અંતઃકરણ રસિક બનવા લાગ્યુ. નવયુવાનોને જોઇ મારી ચિત્તવૃત્તિ ડગુમગુ થવા લાગી. મારૂં સૌંદર્ય તે મદમસ્તોને વશ કરવા તત્પર થયું. હું લાગ શોધવા લાગી. મારા અતઃકરણમાં દિન પ્રતિદિન અ તનનું તોફાન વૃદ્ધિ પામવા લાગ્યું. આમ થતાં કોઇ કોઇ સમયે મારી અને યુવાનો વચ્ચે નેત્રકથા પણ થવા લાગી. શરૂઆતમાં તો હું પણ તારી માફક શરમાતી, પણ એ કૃત્રિમ શરમ ક્યાં સુધી રહે? વધારે શું કહું આખરે મેં રસસરમાં ઝંપલાવ્યું. તું જુએ છે, કે તેમાં કેવી અમર્યાદ મજાહ

છે. જેમ હું તને અત્યારે શિખામણનો પાઠ ભણાવુંછું તેવોજ શિક્ષાપાઠ ભણાવનાર મને પણ એક રંગીલી નાર મળી હતી. તે સમયે મેં તેના વચનોને તિરસ્કારી કાઢયાં હતાં, હસી કાઢયાં હતાં અને અશક્ય ગણ્યાં હતાં પરન્તુ અત્યારે હવે મને તેનું સ્મરણ થાય છે. હું ધારૂં છું કે મારી માફક તને પણ શિખામણ કરતાં ભવિષ્યમાં અનુભવ સિદ્ધ કરી બતાવશે કે તું રમતાં રમતાં કેવી થપ્પડ ખાય છે. હું તારો શત્રુ નથી પણ મિત્ર છું. તારો શુભેચ્છક છું. છતાંય જો મારા કથનમાં તને અવિશ્વાસ ઉપજતો હોય તો, બીજું તો કંઇ નહીં પરન્તુ જેના તરફથી તું મને સુપ્રત થઇ છું તેને તારો હાથ પાછો સોંપવો એ મારી પ્રથમ ફરજ છે. પછી તું અને તે ફોડો. યાદ રાખજે કે તું ત્યાં રીબાઈ રીબાઈને મરીશ." ચપલાએ કહ્યું.

"બાઈ! હું પણ શિખામણ કરતાં અનુભવને વધારે ઇચ્છું છું. વાસનાઓ ઉપર મારો જય થશેજ એવું અભિમાન તમારા જેવી પ્રકટ સ્ત્રી આગળ કરવું નકામું છે તેમ છતાં પણ જ્યાં સુધી હું પવિત્રતાનું પાલન કરી શકું ત્યાં સુધી તો મારે પવિત્ર રહેવુંજ જોઇએ ને? અરે! તમારૂંજ દૃષ્ટાંત લોને; તમે કહો છો તે પ્રમાણે પ્રથમ તમારી કેવી પવિત્ર બુદ્ધિ હતી, પણ જ્યારે તમારૂં કંઈ ન ચાલ્યું ત્યારેજ તમારે અપવિત્રતાનું સેવન કરવુ પડયુ ને? હું પણ પ્રસંગે વેઠી લઇશ. પરન્તુ અત્યારે તો એકજ નિશ્ચય છે. વળી જે બુદ્ધિ ભાવનાથી અદ્યપર્યંત તમે મારી સુશ્રૂષા કરી છે અને મારા પ્રત્યે પ્રેમ બતાવ્યો છે તે બદલ હું તમારો ઉપકાર નહીં ભૂલું. હવે તમારી સમક્ષ નીતિના સિદ્ધાંતો ચર્ચવા નિરર્થક છે એટલે મારી વિનતિ છે, કે મને મુક્ત કરો! જેણે મને તમને સોંપી છે તેનો ઇરાદો માત્ર એજ છે, કે હરકોઈ પ્રકારે મારૂં અસ્તિત્વ નિર્મૂલ થવું જોઇએ. તેમની એ ધારણા હું બર લાવીશ. એટલે મારૂં છુટાપણું તમને પણ હાનીકર્તા નહી નિવડે. નવરંગીએ પ્રાર્થના પૂર્વક કહ્યું.

"નવરંગી! મને તારી તરફ માનબુદ્ધિ છે. તો પણ તારા કહેવા મુજબ તો હું તને મુક્ત નહીં કરી શકું. તેમ આમ સ્વતંત્ર રીતે તને વિશેષ સમય અત્ર રાખી પણ નહીં શકું. તારે લીધે મેં કેટલા મનુષ્યો સાથે ઉંચું મન કર્યું છે, તે તને કહેવાની કંઇ જરૂર નથી. પણ જો મને બીજાઓ તરફથી દબાણ ન થતું હોત તો હું તને

ગમે તેટલાં વર્ષ તને ફાવે તેવા અનુકૂલ સંયોગોમાં સ્વતંત્ર રહેવા દેત. પણ હવે તો જેમ જેમ વધારે સમય જાય છે તેમ તેમ હું વધારે મુસ્કેલીમાં આવતી જાઉં છું. કહે વારૂ! આવી સ્થિતિમાં તારે મારા ભલાની ખાતર અરે! મેં તને આટલી મુદત આશ્રય આપ્યો તે બદલ તારે મારી સાથે કઇ રીતે વર્તવું જોઇએ." ચપલા બન્ને બાજુ ઉપસ્થિત કરી બોલી.

"ત્યારે મારે અપવિત્રતાના સાગરમાં સંડોવાવું એજ તમારો તો આશયને?" નવરંગી જાણે નિરાશ થઇ બોલી.

"એજ. એ સિવાય હવે ક્યાં અન્યમાર્ગ છે?" ચપલાએ ઉત્તર આપ્યો.

"એમ તો નજ બને. બાઇ! તમે એમ ન સમજશો, કે તમારા મીઠા મીઠા શબ્દોથી હું લોભાઇ જાઉં. તમે જેમ જોઇ છે તેમ મેં પણ દુનીઆની કંઇક લીલી સૂકી જોઇ છે. એમ ન સમજશો કે હું કંઇ નથી જાણતી! તમારી સ્વાર્થમયી કૃત્રિમ ભાવનાને મેં પૂરેપૂરી પીછાની છે. અગર જો તમે મને સુખી કરવા માગો છો એ વિચારનો હું અસ્વીકાર કરતી નથી; પરન્તુ મારા સુખમાં ગર્ભિત રીતે તમારૂં સુખ સમાયેલું છે તે તો તમે કહેતાંજ નથી. ભલે તેમ પણ હોય. પરન્તુ દુનીઆના સીધા માર્ગને ઉલ્લંઘી કંટક ભરિત માર્ગમાં પ્રવેશ કરી શુષ્ક સુખ પ્રાપ્ત કરવું તેના કરતા સાદા અને સર્વમાન્ય માર્ગેથી સહજ મળેલા સુખને હું અનન્ય ગણું છું. પછી ભલે બીજાંની નજરે તે દુઃખ હોય. એજ સુખ પ્રાપ્ત થાય એવો મારો દૃઢ અભિલાષ છે. તમારી જીંદગી તમને ભલે ઉત્તમ લાગે પણ મને તો અકારી લાગે છે. તમે કહો છો, કે સર્વ ગુલામ બનશે, પણ તમારી દૃષ્ટિ ઉલટી બાજૂ જુએ છે. ખરી વાત તે નથી. ખરી વાત તો એ છે, કે સર્વની મારે ગુલામડી બનવું, સર્વનાં મન સંપાદન કરવાં, તેઓને કબ્જે રહેવું, નાના મોટા સર્વ સેવકોની ખુશામદ કરવી, નીચમાં નીચ મનુષ્યનું પણ પધારો કહી સ્વાગત કરવું. એ તો ઠીક પણ ત્યારબાદ તેઓની પાપ-વાસનાની પૂર્ણાહુતી કરવા, સાહાય્યભૂત થવું, લોકોમાં આંગળીને ટેરવે ચડવું અને મારા પૂર્વજોની પવિત્ર કીર્તિ, તેમની સદ્ભાવના, ધાર્મિક વૃત્તિ, સદાચાર, કુલમોટપ અને કુલાચાર ઉપર શાહી રેડવી એ શું મને યોગ્ય છે? તેના કરતાં હું અન્તકને સત્કાર પૂર્વક વધાવી લઇશ. બધાને સંસાર સારો અને મૃત્યુ અકારૂ લાગે છે, પરન્તુ હું

તો મૃત્યુનેજ સ્વર્ગ માનુ છુ. મૃત્યુ તો મને મધુ જેવુ મિષ્ટ લાગે છે. કમલ ! જ્યારે મારા આ વિચારમાં વ્યુત્ક્રમ થશે અને મૃત્યુને હું તિરસ્કારી કાઢીશ ત્યારે વગર પૂછ્યે તમારા આંગણામાં આવી ઉભી રહીશ. તે સમયે તમારી આ ઇચ્છાને આનન્દસહ વધાવી લઇ, તમારા ચરણમાં પડીશ. અત્યારે તો માત્ર એક, એજ ઇચ્છા છે, કે તમે મને તમારા આ નરકસ્થાનમાંથી હવે મુક્ત કરો. સમગ્ર દુનીઆ પ્રભુની છે. તેમાં હું દીઠે માર્ગે ચાલી જઇશ. કોઇક જગ્યા તો મારે પગ મૂકવાની હશે. મારી સ્વેચ્છાએ ચાલીશ, પણ કોઇના સ્વાર્થ આડે નહીં આવું. પ્રભુનું નામ જપીશ અને જગત્ કલ્યાણની માલા ફેરવીશ. જો તેમ નહીં થાય તો અંતે મૃત્યુ તો છેજને ? લોકો કહે છે, કે મોત કંઇ માગ્યું આવે છે ? પણ મારે માટે એ ઉક્તિમાં અપવાદ છે. હુ તો, મૃત્યુ માગીશ ત્યારે હાજર થશે." નવરંગીએ કહ્યું.

"મારી દયા અને વાત્સલ્યની તેં આટલા દિવસે આજ કીંમત કરીને ? તો પણ નવરંગી ! સ્મરણમાં રાખજે, કે હું તારી માફક કૃતઘ્ન તો નહીંજ થાઉં. તું મને આવો બદલો આપીશ, એમ જો મેં પ્રથમથીજ જાણ્યું હોત તો હું તારો કદિ પણ સ્વીકાર કરત નહીં. પણ હવે શું ? તારો પનારો મારે વેઠવો જ પડશે. તું જેમ કહે છે, કે મારાં કર્યા હું ભોગવીશ, તેમ હું પણ કહું છુ કે મારાં કર્યા હું ભોગવું છું અને ભોગવીશ. તારા ઉપર પૂર્ણદોર ચલાવવાનો મારો હક છે અને તેમ કરવા હું શક્તિમાન્ પણ છું, પરન્તુ ભવિષ્યનો આશાવાદ તેમ કરતાં અટકાવી મને તારા ઉપર કરૂણ ભાવના ભરિત લાગણી ઉપજાવે છે." ચપલાએ કહ્યું.

"બાઇ ! આ લાગણી જો વિશુદ્ધ રૂપમાં હોય તો કેવું સારૂં ?" નવરંગીએ કહ્યું.

"હજી પણ હું તારૂ પાલન કરીશ, પણ મુક્તતો નહીંજ કરૂં. એ મારો અન્તિમ નિશ્ચય તને કહી દઉંછું. હજી કંઇક મને આશા રહે છે. એટલે મારી વટતો હું નહીં મૂકું એ પ્રતિજ્ઞાનું સ્મરણ કરજે." ચપલા સંદિગ્ધ વાક્પ્રહાર કરતી ચાલી ગઇ.

"એ સ્મરણને નહીં વિસરૂં." નવરંગીએ સ્હામો તેવોજ ઉત્તર આપ્યો.

— —

નવમ પરિચ્છેદ.

ચપલાનું પૂર્વ વૃતાંત.

અત્ર ચપલાનું રસિક વૃત્તાંત ન વિસરવું જોઇએ. શાસ્ત્રોમાં, સમાજમાં, ઘણાક વિદ્વાનોમાં અને સુધારકોમાં વારંવાર કન્યાવિક્રયનું મહત્ પાપ ગણી તે વિષે ઉહાપોહ કરવામાં આવે છે. તે સર્વ, લોકોને વારંવાર કન્યાવિક્રય ન કરવાનો ઉપદેશ આપે છે અને તેની દેશ ઉપર, સમાજ ઉપર અને મનુષ્યની માનસિક વલણ ઉપર કેવી માઠી અસર થાય છે તેનો તાદશ્ય ચિતાર ખડો કરવામાં આવે છે. તોપણ કન્યાવિક્રયના રસિક લોભનું ઘણા માબાપો વિસ્મરણ નથી કરી શક્યાં. કાઠીઆવાડી લોભી વાણીયા, સોની, કેટલાક નિર્ધન બ્રાહ્મણો અને બીજી કેટલીક ન્યાતોમાં હજી કન્યાવિક્રયનું પૂર જોર છે. તે એટલે સુધી કે કોઇકોઇ જગાએતો દિકરીની તુલા બરાબર દ્રવ્ય ગણી લેવામાં આવે છે. બીજાઓમાં પુત્રજન્મ એ આનંદદાયી મનાય છે ત્યારે આવી જ્ઞાતિઓ કે જેમાં કન્યાવિક્રયનો તમ મધ્યાહ્ન હોય છે, તેમાં પુત્રીજન્મ એ આનન્દદાયી ગણાય છે. તે એટલે સુધી કે જ્યાં સુધી પુત્રી રૂપી મીલકતનાં મનમાનતાં નાણાં ન મળે ત્યાં સુધી માબાપો તે લગ્નને યોગ્ય ઉમ્મરની થાય તો પણ તેને પરણાવતાં નથી. આવી પરિસ્થિતિમાં યોગ્ય વયસ્થ પુત્રીઓ ગુપ્ત રીતે દુરાચારનું સેવન કરે છે. અનેક અઘટિત કર્મ કરે છે તથા કેવલ મર્યાદાહીન થઇ જાય છે તો પણ દ્રવ્યલોભી માબાપો તે તરફ બિલ્કુલ બેદરકાર કરે છે.

ચપલાનાં માબાપ પણ આજ માર્ગગામી હતાં. તેમણે ચપલા વિષે અનેક જગાએ કહેણ મોકલ્યાં હતાં અને કહેણ આવેલાં તે વિષે વિચાર પણ કર્યો હતો, પરંતુ કોઇ સ્થળેથી મનમાનતાં નાણાં મળવાની આશા નહીં હોવાથી અદ્યપર્યંત ચપલાને અપરણેત રાખવામાં આવી હતી.

ચપલાનું સૌંદર્ય અપ્રતિમ હતું. એટલે વહેલાં મોડા પણ ચપલા રૂપી પુત્રી ધનનાં મનમાનતાંજ નાણાં ઉપજશે એમ તેના માબાપને સંપૂર્ણ ખાત્રી હતી. ચપલા પણ પોતાના માબાપની આવી

લોભ વૃત્તિને પૂરેપૂરી સમજતી હતી પરન્તુ તેમને ખાતર તે કંઇ વાસનામય ભોગવે એવી ભોળી નહતી. તેણે તો પોતાને માટે કયારનોય વિપથ ગ્રહણ કર્યો હતો. દરમિયાન દેવલગંજનો પરભુ સોની વિધુર બન્યો. પરભુ સોનીની પ્રથમ પત્ની મૃત્યુ શરણ થયા બાદ પાંચ વર્ષ સુધી તો તેણે વિધુરત્વનું પાલન કર્યું. છતાંય તે ગુપ્ત રીતે અન્ય કોઈ યોગ્ય કન્યાની તપાસ કરતો ખરો. અન્તે તેણે ચપલાના માબાપને મનમાનતું નૈવેદ્ય ધરાવી ચપલાને પોતાની માનીતી ગૃહિણી બનાવી. ચપલાને મન તો પરભુ સોની પણ સમદષ્ટિએ સમાન હતો, એટલે તેણે પણ એક નામનો પતિ નિયત કર્યો.

પરભુ સોનીની નવવધૂનું માન ધરાવનારી નવોઢાનારી ચપલા વિષયવાસનાની ઉરતાદ હતી. તેની દૃષ્ટિમર્યાદામાં વસવાનું માન પ્રાપ્ત કરવા દેવલગંજના અનેક યુવાનો ઉત્સુક હતા. પરભુ સોનીની ચીમડાયલી ચળકતી ચામડી, દંતક્ષતિ થવાથી મળી ગએલુ ગચું, ગાગરડી જેવડુ પેટ અને દોરડી જેવા હાથપગ અને આંખોનું ઉંડાણ જોઇ ચપલાને પણ પરભુ સોનીનું જીવન ગધે મારતું લાગતું હતું. તો પણ ઉલટું પરભુ સોનીને ચપલામાં અનન્ય માન ભક્તિ હતી. જેમ જેમ ચપલાનું યૌવન ખીલતું ગયુ તેમ તેમ ચપલાઃ સુદરતાની મુદરીને લગાર પણ તકલીફ આપવી એ પરભુ સોનીને મન પાપ જણાતું. ઘણીવાર વૃદ્ધ વયના વરમાં આ વૃત્તિ સ્વાભાવિક અને સ્પષ્ટ જણાઇ આવે છે.

ધર્મશાસ્ત્ર અને સામાજિક ભાવનાની દૃષ્ટિએ જોતાં વૃદ્ધત્વ પરકલ્યાણમાં વ્યતીત થાય તો સારૂ એ અવશ્યનું છે. પરંતુ મનોવિકારની અમર્યાદા, શરૂઆતથીજ હૃદયપર પડેલા મલિન સંસ્કારોની દૃઢ છાપ, લોકવાયકામાંથી મુક્ત થવાની સાચવણ, વ્યવહારનું પરિપાલન કરવાની તીવ્ર ઇચ્છા, અને પાછળ કોઇ ભોગવટો ભોગવનાર હોય તો ઠીક એ માનસિક વેદનાને દૂર કરવાની પ્રબલ ભાવનાઃ આ અને આવાં અનેક કારણોને લઇ વૃદ્ધત્વના લગ્નનો સ્વીકાર થયેલો છે. તે એટલે સુધી કે અત્યાર સુધીની કમાણી ભલે બરબાદ જાય, ભલે કન્યાનાં માબાપ તેની તુલા બરાબર દ્રવ્ય ઓકાવે કે ભલે કાલજ મૃત્યુ થાય અને જીંદગી બરબાદ જાય, તોપણ એકવાર તો વિધુર બન્યા પછી પરણાય તો ઠીક, એ ભાવના ઘણુ વૃદ્ધ નરોમાં દૃઢ હોય છે.

પરણ્યા પછી વૃદ્ધ વર પરભુએ દુકાન અને ઘર એક કર્યાં. તે

માત્ર અધીર વૃત્તિથીજ નહીં, પરન્તુ પોતાની સ્નેહાળ પત્નીને ગૃહ-કાર્યમાં સહાય થવાય એ હેતુ પણ ખરો. પરભુ કેટલુંક ગૃહકાર્ય તો દ્રવ્ય સાહાય્યથી કરાવતો, અને વાળવા-ઝાટકવાનું કોઈ કોઈવાર જાતેજ કરી લેતો. તોપણ ચપલાને પનીયારી થવામાં અત્યંત આનંદ લાગતો હતો. પરભુ બહુએ ના પાડે પણ સોનારણ ચપલાને જલઘાટ ગયા સિવાય લગારેય ચેન પડે નહીં. નિરૂપાયે બિચારો પરભુ ચપલાના વિચારની પ્રશંસા કરતો.

કહે છે કે સ્ત્રીઓ શરમાળ ! વાત ખરી પરન્તુ સર્વ સ્ત્રીઓ નહી. જલઘાટે, અને જ્યારે તેઓ કુવે પાણી ભરતી હોય ત્યારે, અને નદી કે તળાવે ઉભરાતાં સ્ત્રી મંડળની વાતોથી તો અક્ષમ. ત્યાંનાં કથા પુરાણો જાણ્યે અજાણ્યે સાંભળ્યા બાદ ઘણાએ બોલવાનું સાહસ કર્યુંછે, કે ઘણીક સ્ત્રીઓ તો તદ્દન નિર્લજ હોય છે. ચપલાને આ પ્રકારના કથારસની હોંસ પૂરી થાય, તે ઉપરાંત આવતા જતા યુવાનો નિરખાય, તેઓની સાથે ક્રમશઃ દૃષ્ટિ કથા થાય, લોકોમાં પોતાનો રમઝમાટ દર્શાવાય, અને અંતઃકરણની ઉછાળા મારતી વૃત્તિને પોષાય એ ખાસ કારણ હતાં. વર્ષાની વીજલી માફક ચમકતી-ઝબકતી ચપલા આમાં ફતેહ પામી. ક્રમે ક્રમે તેનાં ઓળખાણ-પીછાન વધવા લાગ્યાં એટલુંજ નહીં પણ ચપલાની ચપલ આંખો જો કોઈ પુરૂષ વ્યક્તિ ઉપર ભૂલે ચૂકે પડે તો તે પોતાનું સદ્દભાગ્ય માનતો. પોતાના સૌંદર્યથી, છટાથી, હાવભાવથી, કલાલા-લિત્યથી, અને અવનવ ફેરવાતા વેશથી ચપલાએ એક તરફ પુરૂષવર્ગનું ચિત્ત ચોર્યું; જ્યારે બીજી બાજુ તે વ્યાખ્યાતા જેવી ડાહી બની, સ્ત્રીઓને વશ કરતી હતી. ગામની ઘણી સ્ત્રીઓ ચપલા સાથે સખીપણાં કરવામાં, બેસવામાં અને ગપ્પાં હાંકવામાં આનન્દસહ માન સમજતી. પરન્તુ જેમ જેમ ચપલાનું યૌવન વિશેષ પસરવા લાગ્યું તેમ તેમ સ્ત્રી વર્ગમાંથી કેટલીકે લોકભયે, કેટલીકે ધર્મભયે, કેટલીકે કુલભયે, કેટલીકે પરાધીનતાએ અને કેટલીકે તિરસ્કાર દૃષ્ટિએ તેનો ત્યાગ કર્યો. સ્ત્રી વર્ગની સંગતિમાં આવી રીતે ન્યુનતા થવા લાગી જ્યારે પુરૂષ વ-ર્ગની સંગતિ દિનપરદિન વધવા લાગી.

અગર જો પરભુ સોની ચપલાના આ પ્રકારના કલાલાલિત્યથી અજ્ઞાત નહીં હતો, પરન્તુ નવવધૂ અને તેમાંય વળી સુંદરતાની પુતળી તથા ડહાપણનો ભંડાર, તેને કેમ કાંઇ કહેવાય ! આ માન્યતાએ અને

થોડી ઘણી છકેલ ચપલાની બ્હીકે પરભુ મૌન ધારણ કરતો ! જેમ જેમ દિવસો વ્યતીત થવા લાગ્યા તેમ ચપલાની સત્તા પરભુપર વૃદ્ધિ પામતી ગઇ. ઘણુખરા યુવાનો કે જેઓ પ્રથમ તો પરભુની ગેરહાજરીમાંજ આવતા તેઓ હવે પરભુની દેખતી આંખે ઘરમાં તરવા લાગ્યા. કોઇ કંઇ બ્હાને તો કોઇ કંઇ બ્હાને પરભુને સંતોષ મળે તેવું આગમન કારણ દર્શાવતો. પરભુ બધુ સમજતાં છતાં સિંહણ જેવી ચપલાની બ્હીકે હા, હા, ભણે જતો. આવનારાઓમાં અગ્રેસર અને ચપલાનો માનવંત રસિક મન્મુખરામનો પુત્ર સન્મુખ હતો.

અગર જો સન્મુખનુ લગ્ન સુરજગંજના એક શ્રીમંત કુટુમ્બની પુત્રી કમલા સાથે કરવામાં આવ્યું હતું. પરન્તુ કમલાનું સૌંદર્ય સહેજ સાધારણ, વિચાર દરેલ જેવા, સન્મુખ જેવી માગે તેવી તેનામાં રસિકતા નહીં, પ્રેમવૃત્તિ ખરી પણ ધર્મવૃત્તિ પ્રતિ વિશેષ વલણ, ગપ્પ હાંકવાની ટેવજ નહીં, સત્ય, સદાચાર અને સદ્‌વિચાર પ્રત્યેજ પૂજ્ય બુદ્ધિ, બાહ્યાડંબર તરફ દ્વેષબુદ્ધિ, હૃદયજ પવિત્ર રાખવાની ભાવના, અને ચપલાના જેવા હાવભાવ, વાક્‌પટુતા, વસ્ત્રાલંકાર સજવાની યુક્તિ કે મોહકતા નહીં તેથી સન્મુખને કમલા પ્રતિ તિરસ્કાર હતો. અરે ! તેના સામું પણ જોવું ગમતું નહીં. બીજાઓને કમલા સદ્‌ગુણ મૂર્તિ લાગતી ત્યારે સન્મુખને મન તે દુર્ગુણમૂર્તિ હતી.

સન્મુખ દિવસે અને રાત્રે ગુપ્ત રીતે પૂર્વના સંકેત મુજબ ચપલાને ઘેર જતો. સન્મુખની ચપલામાં અને ચપલાની સન્મુખમાં પ્રેમ ભાવના વૃદ્ધિ પામવા લાગી. દેવલગંજમાં આ યુગ્મની ઠેર ઠેર વાતો થવા લાગી અને મન્મુખરાયના હૃદયમાં પુત્રની પ્રસિદ્ધ અયોગ્ય વર્તણુક માટે ક્લેશ ઉત્પન્ન થવા લાગ્યો.

ચપલા આ વસ્તુસ્થિતિ સમજી ગઇ. આમ ગુપ્ત સંચાર કરવાથી જીવન અરસિકતા અને ઉદ્વેગમાં ગાળવું પડે છે, એટલુંજ નહીં પણ ઘણા જણના ભયને કબજ થવું પડે છે. એટલે તેણે આ પરાધિનતાની શૃંખલામાંથી છુટવા કિસ્સા શોધવા માંડયા. છેવટે તેને પરભુ સોનીનું જીવનઃ તેનું અસ્તિત્વ નડતર રૂપ લાગ્યું. આ કાર્યમાં ફતેહમંદ થવું અને નિર્દોષ રૂપે બહાર દેખાવું એમ જો બને તો સારૂં; એ ઇરાદાથી એક દિવસે ચપલા પરભુ પ્રત્યે સ્નેહ દર્શાવી, તેને લટુ લટુ બનાવી, પોતાની ધર્મ ભાવના આગળે લાવી બોલી. " સ્વામીનાથ ! હવે તમે

વૃદ્ધ થવા આવ્યા છો. તો કાંઇક ધર્મસાધન થાય તો સારૂં."

બસ, આટલાજ શબ્દોએ પરભુ ઉપર અસર કરી. તેનાથી બોલાઇ જવાયું, કે "ત્યારે તું કહે તેમ કરૂં." ચપલાએ તુર્ત કાશીયાત્રાનો માર્ગ દર્શાવ્યો. પતિ પત્નીએ કાશી જવાનો નિર્ણય કર્યો; અને સન્મુખને પણ સાથે લેવાનું ચપલાએ ધાર્યું પતિ પત્ની પહેલાં ગયાં, અને કોઇને વહેમ ન પડે તે માટે સન્મુખ પોતાના પિતા મન્મુખરાયની આજ્ઞા લીધા સિવાય બન્નેને કાશીક્ષેત્રમાં જઇ મળ્યો.

એક દિવસે સંધ્યાકાળે પવિત્ર ગંગા નદીમાં પરભુ, ચપલા અને સન્મુખની ત્રિપુટી નાનકડી હોડીમાં મુસાફરી કરે છે, હોડી ઘણે દૂર ગઇ, કે જ્યાં ભાગ્યેજ કોઇ મનુષ્ય આવવા જવાનો સંભવ હોય. હોડીવાળાએ પાછાં ફરવા આગ્રહ કર્યો, ચપલાએ એ આગ્રહનો તુર્તતો અસ્વીકાર કર્યો, પરન્તુ પરભુના વૃદ્ધ શરીરને નદીનો તીક્ષ્ણ પવન અરુચીકર થઈ પડયો તેથી તેણે પોતાની વ્હાલી પત્નીના સામું જોઇ કહ્યું "હોડીવાળો ખરૂં કહે છે, હવે ચાલો પાછા ફરીએ." ચપલાએ હવે વધારે ખેંચી પકડવું યોગ્ય ન ધાર્યું. તે પણ પોતાના સ્વામીને અનુકુલ થઈ. હોડીવાળાએ હોડી પાછી ફેરવી, પણ જ્યાં થોડે દૂર જાય છે ત્યાંતો અકસ્માત—પરભુની પધરામણી ગંગાજીમાં થઇ ગઇ. ચપલા રડારોળ કરવા લાગી. હોડીવાળો પાછું ફરી જુએ છે તો ત્યાં પરભુ નહીં ! તેને શું ગરજ !

રાત્રીના નવના સુમારે ચપલા અને સન્મુખ ઉતારે આવ્યાં. આજનો દિવસ બન્નેને પર્વ જેવો હતો. આ દુરાચારી યુગ્મને કાશી ક્ષેત્ર બહુ સુખદ લાગ્યું. આનન્દથી બન્નેએ કેટલાક દિવસો વ્યતીત કર્યા, પરન્તુ જ્યારથી પરભુ રામ શરણ થયો ત્યારથી પોતે હવે શું કરવું એ વિચારમાં ચપલાનું અંતઃકરણ કંઇક નિર્ણય કરવા મથ્યા કરતું હતું. દુરાચારમાં પણ સમભાવનાને ઇચ્છનાર ચપલાને સન્મુખનો સદૈવનો સંબંધ અહીક લાગ્યો. બસ, છુટથી સ્વતંત્ર રીતે વર્તવું અને સન્મુખ સમતો અનેક સન્મુખને પતિપદ સમર્પણ કરવું એ તેનો અંતીમ અભિલાષ હતો. આ અભિલાષ પાર પાડવા તેણે પ્રથમ સન્મુખથી જુદાં પડવાનું ધાર્યું. એક રાત્રે તેણે પોતાના વિચારને અમલમાં મૂકયો. સન્મુખને નિદ્રાવસ્થામાં મૂકીને કુભાર્યા ચપલા તેનું અને પોતાનું સર્વસ્વ લઇ ચાલી નીકળી. પ્રાતઃકાલે સન્મુખની નજરે ચપલ

ન મળે. તેણે અનેક તર્ક બાંધ્યા. "ક્યાંક ગઇ હશે! હમણાં આવશે, તેના સૌંદર્યમાં લુબ્ધ થઇ કોઇ તેને કોઇ ઉઠાવગીરતો નહીં મળ્યો હોય! એમજ હોવું જોઇએ! પણ મને ખબર કેમ ન પડે! ગમે તેમ હોય પણ જેણે મારે ખાતર પોતાના પ્રિયતમનું અનિષ્ટ કર્યું તે મને તો ઠગે નહીં! મારી મસ્કરી તો નહીં કરી હોય! મેં તેને કાંઇ કર્યું પણ નથી કે જેથી મારા ઉપર તેની અકૃપા થાય! તપાસ તો કરવી જોઇએ. ધારો કે કદાચ તે મારો વિશ્વાસઘાત કરી ક્યાંક ચાલી ગઇ હોય, તોપણ જેને ખાતર મેં મારાં વડીલોનો, પત્નીનો અને કીર્તિનો ત્યાગ કર્યો તેની ભાલ કાઢ્યા સિવાય તો કેમ રહેવાય! માટે તપાસ કર્યા સિવાય તો છૂટકોજ નથી." આવી તર્કાવલી રચી સન્મુખ સ્વસ્થાનેથી બહાર નીકળ્યો. ભુખ્યાં તરસ્યા મધ્યાહ્ન સુધી કાશીપૂરીની પ્રત્યેક શેરી ફરી વળ્યો, પરન્તુ ક્યાંઇથી સદાશાનાચિહ્નનું દર્શન માત્ર ન થયું. અન્તે થાકીને ગંગાતટે એક સંન્યાસીના આશ્રમમાં વિશ્રાન્તિ લીધી.

ચપલાએ દેવલગંજમાં આવી સર્વ સ્થળે પોતાના સ્વામીના મૃત્યુનો શોક પ્રદર્શિત કર્યો, અને વૈધવ્ય ધારણ કર્યું. દેવલગંજમાંજ પોતાની મનેચ્છા પૂર્ણ કરવામાં તેને અનેક પ્રત્યવાય લાગ્યા જેથી અલ્પ સમય ત્યાં ગાળી ગૃહનાં ઉપયોગી ઉપસ્કરણો લઇ સુરજગંજમાં જઇ વેશ્યાના ધંધાનો પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો! વખત જતાં સુરજગંજમાં તેણે પોતાના ધંધાની જમાવટ પણ મનમાનતી કરી.

જ્યારે ચપલા દેવલગંજમાં રહેતી ત્યારે તેનો શરૂઆતનો પ્રણય સાથી ગોદડ હતો, ત્યારબાદ હરકોઇ કારણ વશાત્ પરસ્પર એક બીજાએ ત્યાગ કર્યો, છતાંય તેમનો વાચા વ્યવહાર તેમજ ઓળખાણમાં કંઇ ન્યુનતા આવી નહીં. આ વ્યવહારનોજ લાભ લઇ ગોદડે મયુરા, ચપલાને સુપ્રત કરી. એજ મયુરા તે નવરંગી.

દશમ પરિચ્છેદ.

સસરો અને વહુ.

ભદ્રશંકર અને મન્મુખરાયઃ એ, પિતા પુત્રના યશમાં સોનું અને સોનાના ઢોળ જેટલો તફાવત હતો. ભદ્રશંકરની પ્રામાણિકપણે યશ પ્રાપ્ત કરવાની રીત તરફ મન્મુખરાયને તિરસ્કાર હતો. હરામખોરાઇ, કપટ અને દાંભીકતા એ તેનાં વ્યાવહારિક અને ધાર્મિક સૂત્ર હતાં. આથી તે શરૂઆતમાં સારૂં ફાવ્યો. લોકોમાં માનવંતો ગણાયો. હરકોઇ કાર્યમાં તેની સલાહ પણ વજનદાર ગણાઇ, માન્ય થતી. તેની વાકપટુતા અને ચાતુર્ય વડે લોકો તેના તેજમાં અંજાઈ ગયા હતા. ખરેખર દુનીઆમાં આવાઓને સત્વર માર્ગ મળે છે. ધૂર્તતા અને દાંભીકતામાંજ સમાજને મોહ છે. જ્યાં આ બે અવગુણોનું પ્રાધાન્ય છે ત્યાંજ જન સમાજમાંના ઘણાખરા પતંગીયાની માફક તેમાં ઝંપલાય છે. અસદ્ભાવનાજ ઘણાકને મધુર લાગે છે. લોકોને છેતરવા તેઓની અણુસમજનો દુરૂપયોગ કરવો, તેમના અજ્ઞાનનો લાભ લઇ પોતાનો સ્વાર્થ પૂર્ણ કરવો, તેમને વિશ્વાસ તળે દાબી પોતાનું કામ કાઢી લેવું અને તેમને પૈસે તાગડધિન્ના કરવું એ ઘણાકનું નિત્યકર્મ છે. આવા પ્રકારની અસદ્ભાવનામાં વિજય મેળવવાને માટે આલમમાંના ઘણાખરા પ્રયત્ન સેવે છે. આશ્ચર્ય તો એ છે, કે તાત્કાલિક તો તેમને વિજય પણ મળે છે.

મન્મુખરાય આ પ્રકૃતિજન્ય મનુષ્ય હતો. લોકોમાં સદ્ગુણી, સુશીલ, ડાહ્યો, પ્રામાણિક, વિદ્વાન અને મોભાદાર મનાતા મન્મુખરાયની આંતરપ્રકૃતિનું આપણે પાછળ કંઇક દર્શન કર્યું છે. અગર જો ગમે તે પ્રકારે ધન પ્રાપ્ત કરવું એ તેનામાં મહાન્ દોષ હતો, પરન્તુ એ પ્રાપ્ત ધનનો વ્યય કરવામાં પણ તે કદિ પાછો હઠતો નહીં. આથી તેનો મહાદોષ પૂર્ણ પ્રસિદ્ધિમાં ઓછો આવ્યો હતો. ઘણાંક તેને ઉદાર ચરિત્ર તરીકેજ પીછાનતાં હતાં. સિવાય અસત્ય, શઠતા અને વિશ્વાસઘાત એ દુર્ગુણો તો તેના ધર્મ કર્તવ્ય જેવા હતા. પરન્તુ આ સર્વ મહાદોષને ઝાંખી આપે તેવો તેનામાં એક જબ્બર દોષ હતોઃ તે એ કે પોતે વિષયવાસનાનો કીટક હતો.

મન્સુખરાયની આંતરવૃત્તિ દુરાચાર પૂર્ણ હતી, પરન્તુ તેની પત્ની, ધર્માત્મા અને આદર્શ ગૃહિણી હતી. તે અભણ હતી, તદપિ મન્સુખરાય તેના વચન માત્રથી મ્હાત થઇ જતો હતો. પોતાની પત્નીના આ સ્વભાવને લીધે ઘણી વાર મન્સુખરાયને તેનું જીવન કંટકરૂપ લાગતું. તે ન હોય તો સારૂં એમ મન્સુખરાયને ઘણીવાર ઇચ્છા સ્ફુરણ થએલું, પરન્તુ પોતાની સ્ત્રી સમક્ષ એકપણ શબ્દોચ્ચારણ ન કરી શકનાર મન્સુખરાય શું કરી શકે? જ્યાં સુધી આ આદર્શ ગૃહિણી જગત્માં હતી ત્યાં સુધી તો મન્સુખરાય મને કે કમને અથવા એ પવિત્ર સ્ત્રીના આત્માના તેજસ્ વડે અંકુશમાં રહ્યો, પરન્તુ દૈવવશાત્ એ પવિત્ર આત્માના અવસાન બાદ મન્સુખરાયના ચોતરફનાં બંધન છુટયાં.

સાધારણ રીતે પુરૂષોમાં વિધુર થયા બાદ, જો પોતે બે પૈસે સુખી હોય તો પુનઃ ન પરણવું એ પ્રશસ્ય મનાય છે. એવાઓ લોકોમાં આત્મસંયમી અને રામચંદ્રજી જેવા એક પત્નીવ્રત ધારી ગણાઇ અનન્ય માન મેળવે છે. લોકો તેને મહાવ્રતધારી ગણી તેની વાહવાહ બોલે છે. મન્સુખરાય આ સર્વ સારી રીતે સમજતો હતો. આથી તેણે પુનઃ પરણવાનું તો માંડી વાળ્યું. ઘણા તેના લાગતાવળગતા આ સંબંધમાં તેને ઠપકો આપતા, પરન્તુ " મને એ સંબંધમાં કિંચિત્ પણ તૃષ્ણા રહી નથી, હવે એવી આદર્શ ગૃહિણી કયાં મળે તેમ છે? એતો એક દેવી અવતાર થઇ ગયો. ખરૂં પૂછો તો હું અત્યારે જે સુખી જીવન વ્યતીત કરૂં છું તે એ દેવીનાજ પ્રતાપે, એટલે હવે તો પરમાર્થ સેવન કરી લોક કલ્યાણ કરવું એજ મને શ્રેયસ્કર લાગે છે." આવી રીતે એ સર્વના ઠપકાનું નિવારણ કરી પોતાનું અને સ્વભાવનું વડીલત્વ દર્શાવતો. ખરેખર! મન્સુખરાયનાં આવાં, આટલાંજ વચનોથી ભોળા લોકો ભોળવાઇ જતા અને તેના સ્વાર્થત્યાગને મુક્તકંઠે વખાણતા.

એક તરફ પોતાની વાહવાહ કહેવરાવી બીજી તરફ મન્સુખરાયે વિષયવાસનાના પ્રદેશમાં પદસંચાર કરવા માંડયો. પ્રથમ ઘણીવાર તેની નજર ચપલા ઉપર ઠરી હતી, પરન્તુ તે સર્વ સંગી નારીના સહગમનમાં પોતાની આબરૂના કાંકરા થવાનો પ્રસંગ આવશે એ બ્હીકના લીધે મન્સુખરાયે પોતાના અંતઃકરણને એ માર્ગે જતું વાર્યું. બાદ

મુરખાની બ્હેન વીજલી કે જેની સુંદરતા ચપલાની સુંદરતા સાથે સ્પર્ધા કરે તેમ હતી તે કોઇકોઇ વાર ફુલછાબ લઇ મન્મુખરાયને ત્યાં આવતી. તેની યૌવન પ્રદેશ કરતી સુંદરતા પાછળ મન્મુખરાયની દૃષ્ટિ ભ્રમિત થવા લાગી. અને તેને સ્નેહબોધ કરવા તર્કબલ વાપરવા લાગ્યો, પરન્તુ વીજલી તો ક્યારનીય ગોદડસહ સ્નેહબદ્ધ છે એવી કર્ણ પરંપરા તેને કાને આવી. આ અશુભ સમાચાર સાંભળી મન્મુખરાય ના ઉમેદ થયો. સિવાય ઘેર આવતી મહીયારી સંબંધેનો પણ તેને અનેક વખત વિચાર ઉદ્દ્ભવેલો, પરન્તુ માનભંગની બ્હીકે બ્હીકે તે વિચાર પણ મુલતવી રાખ્યો.

લોટ ફાકવો અને ભસવું એ અશક્ય છે. શરમ અને દુરાચાર એ પરસ્પર વિરોધી છે. મન્મુખરાયને આ સત્ય સ્પષ્ટ સમજાયું. કોઇ કોઇ સમય સાહસિકતા થઇ આવતી કે, બસ એક વાર તો બહાર પડવું. લોકો બે ચાર દહાડા વાતો કરશે એજ કે બીજું ? અગર જો બનતાં સુધી તો સર્વ કર્માચાર ગુપ્તજ રાખીશ; છતાંય કદાચ પ્રસિદ્ધ થશે તો મારે લોકોના બાપની શું પડી છે ! ચપલા તો ગઇ. પરન્તુ મહીયારી અને વીજલી બન્ને સોત્કણ્ઠિત છે. માત્ર મારી હા પડવાની તેઓને રાહ હશે. વળી તેઓ બન્ને દુરાચારી હોય તેમાં મારે શું લાગે વળગે છે ? તેમની અંગત વર્તણુક સાથે મારે શું સંબંધ છે ? વળી ધર્મની દૃષ્ટિએ જોઇએ તો જ્યાં સુધી વાસના ક્ષય ન થયો હોય ત્યાં સુધી મુક્તિ માર્ગ ક્યાં છે ? અને વાસના ક્ષય તેનો પૂરેપૂરો અનુભવ લીધા સિવાય થાય નહીં. તેમ જગતમાં મારે કાંઇ નવો વ્યવહાર શરૂ કરવો નથી. વિશ્વના માર્ગમાં કર્મોની સદૈવ આવ જા થયા કરે છે, તેમાં આ કર્મ પણ એક ગૌણ કર્મ છે. પાપ પણ નથી કારણ કે જ્યાં પરસ્પરની સહાનુભૂતિ હોય ત્યાં પાપ રહ્યુંજ ક્યાં ? કદાચ ઉભયમાંથી એકના આત્માને જો કોઇ પણ કાર્ય અરોચક હોય તોજ તે કાર્ય પાપ કાર્ય કહેવાય. પણ તેવું તો છે નહીં. અર્થાત્ એકંદર રીતે મારે માટે કોઇ પણ જાતના પ્રતિબંધ જેવું તો નથીજ. જે કાંઇ નહીં જેવો પ્રતિબંધ છે તે માત્ર લોક ભય છે પણ હવે લોક ભયની ક્યાં સુધી દરકાર રાખવી ? અને લોક ભયમાંથી મુક્ત રહેવાય અને વાસના સિદ્ધ થાય એવો તો માર્ગ છે નહીં, એટલે પછી નિરૂપાયે લોક ભયને વેઠયા સિવાય છૂટકો નથી. વારૂ !

પણ યાદ આવ્યું ! હા હા ! જો તેમાં યશ મળે તો, તો પછી કોઇની પરવા નથી. ચાલ પ્રયત્ન તો કરી જોઉં. ” આટલા છેલ્લા શબ્દો બોલી મન્સુખરાયે પુત્રવધૂના આત્માને મલિનતાનો શ્યામ રંગ છાંટવા તેના ઓરડા તરફ પ્રયાણ કર્યું !

સંધ્યાકાળે ઘરમાં કોઇજ નહતું. તેમ કોઇના આવવાનો સંભવ પણ ન હતો. માત્ર સસરો વહુ બેજ હતાં. આ એકાંત અને લાગ જોઈ મન્સુખરાયે બહાર ફરવા જવાનું માંડી વાળ્યું.

પતિ પરાયણ પ્રમદા કમલા, આજ અણુચિતવ્યું પોતાના સસરાનું આગમન જોઇ, અસાવધતા વશ થઇ પરન્તુ ક્ષણમાંજ વિવેક સહીત ઉભી થઇ ને એક બાજુપર લજ્જા પૂર્વ ઉભી રહી.

“ વહુ ! ન શરમાશો. તમે તમારા સસરાને આમ અનિર્ધારિત તમારા સન્મુખ જોઇ આશ્ચર્ય પામો એ સ્વાભાવિક છે. ” મન્સુખરાયે કહ્યું.

કમલા કાંઇજ ન બોલી.

“ મને મારા પુત્ર સન્મુખના વર્તન માટે :અને મેં સાંભળ્યું હોય તે જો ખરૂં હોય તો તેના અને પેલી કુભાર્યા ચપલાના સંબંધ માટે બહુ ઘૃણા ઉત્પન્ન થાય છે. ખેર ! પણ મને ખબર છે, કે તમે આમ ઉપાધિમાં અને ઉપાધિમાં તમારા શરીરને જીર્ણ કરી દો છો, અન્નપણ તમને અકારૂ લાગે છે, વસ્ત્રાલંકારને તો તમે સ્પર્શ પણ નથી કરતાં, કદિ હાસ્યનો તો તમે અનુભવજ નથી લીધો અને આજદિન સુધી આનન્દવૃત્તિથી તો તમે દૂરજ રહ્યાં છો. અગર જો આ સર્વનું મૂલ કારણ મારો દુષ્ટ પુત્ર છે, પરન્તુ હું શું કરૂં ! હવે હું તદ્દન નિરૂપાય છું. આપણા જેવા આબરૂદારના ઘરનો અપયશ ઉઘાડો પાડવો એ પણ અઠીક ! વહુ ! મારો પુત્ર દુરાચારી નીવડયો એ માટે મને જે દિલગીરી થાય છે, તેના કરતાં વધારે દિલગીરી તો તમારી આ પરિત્યાગ વૃત્તિ જોઇ થાયછે. આપણે અહિયાં શાની ઉણપ છે કે જેથી તમે આમ તમારા દિવસો દુઃખમાં ગુજારો છો. હું જાણું છું કે તમે તમારો ધર્મ બજાવો છો, સ્ત્રીઓના પરમ ધર્મ પતિવ્રતનું પાલન કરો છો, પરમ પદની પ્રાપ્તિનું સાધન ઉત્પન્ન કરો છો અને તમારા કુલાચાર પ્રમાણે વર્તો છો. આ સર્વ સ્તુત્ય છે; પરન્તુ લોકો મને કુલઘ્નિ, પાપી, ઘાતકી અને દુષ્ટ કહે છે. અને કહે છે, કે મન્સુખ-

રાય તેની પુત્ર વધૂને ખાવા પણ નથી આપતો. મને લોક વાયકાની દરકાર નથી. પણ તમને મારી વિનતિ છે, કે તમે તમારી માનસિક ભાવનાથી ભલે તમારા વ્રતનું પાલન કરો, પરન્તુ દેહદમનનો તો ત્યાગજ કરો." મન્મુખરાયે વિનતિ કરી.

"સસરાજી, હું જ્યારથી આ ઘરમાં આવી છું, ત્યારથી આપની સાથે લજ્જા પૂર્વક વર્તી છું, કદિ પણ મેં મારી મર્યાદાનો ત્યાગ નથી કર્યો; પરન્તુ આજનો પ્રસંગ જોઇ મારે બોલ્યા સિવાય છૂટકો નથી. મારા આ અવિનય માટે ક્ષમા કરશો." કમલાએ કહ્યું.

"વહુ! તમારે માટે ક્ષમા કેવી! જેની ક્ષમાને અન્ય ચાહે તેને કોણ ક્ષમા આપી શકે? પણ તમારા જેવા સ્ત્રી રત્નને તો એવાજ બોલ બોલવા યોગ્ય છે. સ્ત્રી જાતીને યોગ્ય તમારી લજ્જા, ધીરતા, કૌશલ્ય, મૃદુતા, કોમલત્વ, ડહાપણ, સમયસૂચકતા અને ઉત્તમ સ્ત્રીને યોગ્ય તમારામાં તમામ સદ્ગુણો જોઇ મારે મગરૂર થવાનું છે, કે મારા ઘરમાં પણ એક સ્ત્રી રત્ન વિરાજે છે. પરન્તુ જ્યારે દુષ્ટ સન્મુખ મારા સ્મરણમાં આવે છે ત્યારે તમારી વર્તમાન સ્થિતિનો તાદૃશ્ય ચિતાર મારી સમક્ષ ઉભો રહી મારા અંતઃકરણને વિદીર્ણ કરે છે." મન્મુખરાય બોલ્યો.

"સસરાજી! શું કરવું? આપણા હીંદુ ગૃહસંસારનું બંધારણજ એવું છે, કે પતિ કદાચ દુરાચારી હોય પણ સ્ત્રીએ તો સુખે દુઃખે દિવસ નિર્ગમન કરવાજ. આપણા પવિત્ર શાસ્ત્રોમાં પણ પુરૂષ કરતાં સ્ત્રીઓ ઉપર પ્રસંગોપાત વિશેષ અંકુશ મૂકવામાં આવ્યો છે. સ્ત્રીઓના સ્વાતંત્ર્યને અમુક મર્યાદા જોઇએ, એજ નિશ્ચય જ્યાં વાસ્તવિક અને ધર્માનુસાર છે ત્યાં શા માટે નિરર્થક નિશ્વાસ મૂકવા જોઇએ. આપ આપના અંતઃકરણને ક્લેશમય ન કરશો. મારા સંસ્કારને હુંજ ભોગવીશ કારણ કે આપના ક્લેશથી ઉલટું મારૂં દુ.ખ વધે છે. અને મને મારૂં જીવન વધારે સૂકું લાગે છે." કમલાનાં આ વચનોનો મન્મુરાય ઉલટ અર્થ લઇ હરખાતો હરખાતો બોલ્યો. "હું તમારૂં દુઃખી અંતઃકરણ ઓળખું છું. પણ જો તમે શાસ્ત્રનેજ પ્રમાણ માને છો તો શાસ્ત્રકારોએ પણ સ્ત્રીઓને માટે અમુક પ્રકારના માર્ગ ખુલ્લા મૂક્યા છે. સ્મૃતિઓમાં કહ્યું છે, કે સ્વામી દુરાચારી હોય તો સ્ત્રીએ અન્ય પુરૂષને પતિ સમાન માની તેનું સેવન

કરવું યોગ્ય છે !”

મન્સુખરાયના આ છેલ્લા શબ્દોએ કમલાનું અંતર વીંધી નાંખ્યું, તો પણ તે શાંત ભાવે બોલી, “સસરાજી! એ વાત ખરી પરન્તુ એ ઉપદેશ મારા જેવી ઉચ્ચ કુળમાં જન્મેલીને અને પતિ પરાયણ રહેનારી પત્નીને માટે નહી. મારે તો પ્રભુપરાયણ વૃત્તિ રાખી અવશેષ જીવન જગત્ કલ્યાણુની ભાવના ભાવવામાં વ્યતીત કરવું એજ મારૂં કર્ત્તવ્ય છે.”

“ત્યારે શું તમને માત્ર ભય છે તે કુલનોજ ને ?” મન્સુખરાયે પૂછયું.

“કુલનો અને ઇશ્વરનો” કમલા બોલી.

“પણ જ્યાં શાસ્ત્રનીજ આજ્ઞા હોય ત્યાં ઇશ્વરનો ભય કયાં રહ્યો ?” મન્સુખરાયે કહ્યું.

“સસરાજી! મારે માટે એવી શાસ્ત્ર આજ્ઞા છેજ નહીં, છતાંય હોય, તો પણ અંતઃકરણુની વૃત્તિ જો અમુક કાર્યમાં અનુત્સાહિત હોય તો તે કાર્ય પ્રતિ દૃષ્ટિ માત્ર પણ ન ફેંકવી જોઇએ એ પણ શાસ્ત્ર આજ્ઞાજ છે. વળી હૃદયની લાગણી કે બુદ્ધિ પણ એક જાતનું શાસ્ત્ર છે. તેમ છતાંય શાસ્ત્રમાંના સત્યો મારે ના કબુલ નથી. પરન્તુ જ્યાં સુધી શાસ્ત્રની સાથે મારા વિચારનું ઐક્ય ન થાય, શાસ્ત્રોમાંના વિધિ નિષેધને જ્યાં સુધી હું પરિપૂર્ણ રીતે ન સમજું ત્યાં સુધી હું કોઇ પણ અન્ય–માર્ગનો સ્વીકાર ન કરી શકું અથવા તો સાહસ કરી કોઇ પાપ કરવા પણ ન પ્રેરાઉ.” વિશુદ્ધ ભાવથી કમલા બોલી.

“વહુ ! આ દુનીઆના વ્યવહારમાં કેટલીક વખત શાસ્ત્રની અવજ્ઞા તો કેટલીક વખત તેનો સ્વીકાર પણ કરવો પડે છે, અને પરિસ્થિતિને અનુસરતું અથવા તો ગુરૂજનની ઇચ્છા અને આજ્ઞા અનુસાર ચાલવું પડે છે. સંસારનો તમામ વ્યવહાર કોઇ મનસ્વી તેમજ શાસ્ત્રાનુસાર નથી. શાસ્ત્રની અવજ્ઞા હોય તદપિ કેટલીક વખત બુદ્ધિવાદ રચવો પડે છે તેમ શાસ્ત્રની આજ્ઞા હોય તદપિ કેટલીકવાર બુદ્ધિવાદથી તેનો અસ્વીકાર કરવો પડે છે. સર્વ જગાએ કાંઇ શાસ્ત્ર કે બુદ્ધિનો ઉપયોગ થતો નથી. તેમ તે ઉભયની એકતા પણ ક્વચિત્ સંભવે છે. માટે ગગન કુસુમવત્ વિચારો ત્યજી દઈ તમારૂં જીવન સુખમાં વ્યતીત થાય અને મને પણ તમારાથી તરફ શાન્તિ મળે

એવો માર્ગ શોધો તો સારૂં. આમ દેહદમન કરવાથી તમને શું લાભ છે ? કહો જોઇએ વારૂ ? આથી તો ઉલટું તમારૂં શરીર ક્ષીણ થયા ઉપરાંત મને પણ પારાવાર ક્લેશ થયાં કરે છે." મન્મુખરાયે કહ્યું.

"સસરાજી ! શાસ્ત્રો પણ બુદ્ધિથીજ રચાયલાં છે. એ શાસ્ત્ર અને બુદ્ધિનું ઐક્ય થયું હશે ત્યારેજને ? વાસ્તવિક રીતે શાસ્ત્રો એ બુદ્ધિનો પર્યાય માત્ર છે. એટલે જ્યાં સુધી મારી બુદ્ધિ શાસ્ત્રને અનુરૂપ ન થાય, તેમજ પ્રસિદ્ધ અને પ્રામાણિક શાસ્ત્રોની સત્યતાનો પણ જ્યાં સુધી તે:સ્વીકાર ન કરે ત્યાં સુધી હું સાહસ શાસ્ત્રવાદ તેમજ શાસ્ત્રથી અલગ રહે તેવો નવીન બુદ્ધિ વાદ રચવા અશક્તિમાન છું. અત્યારે તો માત્ર એટલુંજ કે એ ઉભયવાદ પ્રત્યે ઉદાસીન ભાવે જોઈ, આજ સ્થિતિમાં રહેવું યોગ્ય છે." કમળાએ કહ્યું.

"વહુ ! એમ તટસ્થ વૃત્તિ અત્યારના જમાનામાં નિરર્થક છે. અરે ! નૈસર્ગિક નિયમ પણ એવો છે, કે મનુષ્યને કંઇને કંઈ પણ સ્વીકાર તો કરવોજ પડે છે. આમ ઉદાસીન ભાવે રહેવાથી તમે શું તમારૂ કલ્યાણ સાધી શકો તેમ છો, એ મને કહેશો ?" મન્મુખરાયે કહ્યું.

"ખરૂં, પરન્તુ હું એવા ગુંચવારામાં છું, કે મને અત્યારે કાંઇજ સુઝતું નથી. તમે મારા શિરછત્ર છો તો તમે કહો તેમ વર્તું. જો આજ્ઞા હોય તો હું મારે પીયર જાઉં." કમલા બોલી.

"ના. તેતો નહીંજ. પીયર જવાની શું જરૂર છે. લોકો વાત કહે છે તે પ્રમાણે જો સન્મુખ પેલી કુભાર્યા સહ પલાયન કરી ગયો હોય તો જે દુઃખ તમને આંહીયાં છે તે દુઃખ ત્યાં પણ રહેવાનુંજ. ત્યાં તમારા આત્માને શું વધારે આનન્દ મળી શકે તેમ છે. માટે તે તો વિચાર જવાદોજ" મન્મુખરાયે સ્વમત પ્રદર્શિત કર્યો.

"ત્યારે જો આંહી રહુ છું તો આપને કલેશ થાય છે, તો માર્ગ કયો લેવો ? મને તો ઉત્તમ માર્ગ એજ લાગે છે, કે અત્યારે હું જે સ્થિતિમાં છું એજ સ્થિતિ મારે માટે સુલભ છે." કમલા હીમતથી બોલી.

"વહુ ! આ ઘરમાં તો એમ નજ બને !" મન્મુખરાયે કહ્યું.

"ત્યારે કેમ બને ?" કમલાએ પૂછ્યું.

"મારાથી તમે કાંઇજ જુદાઇ રાખશો નહીં. તમારા હૃદયના

ગુપ્ત ભાવો હું સમજી ગયો છું. તો ન શરમાતાં સ્પષ્ટ ભાવનું પ્રદર્શન કરી તમારી મર્મ વેદના નિવારો." મન્મુખરાયે કહ્યું.

"સસરાજી ! શું આ સત્ય !" કમલાએ પૂછ્યું.

"હા. તમે ધારો છો, કે હું પતિ પ્રણય—સૌભાગ્ય વિહીનછું, પણ ના તેમ નથી. તમે સુખેથી આ ઘરમાં રહી યથેચ્છ વિહરો. અને સુખ પ્રાપ્ત કરો. તમારે માટે એક પણ પ્રતિબંધ નથી." મન્મુખરાય ગોળ ગોળ બોલ્યો.

"આપ શું કહોછો તે હું સમજતી નથી." કમલાએ પૂછ્યું.

"તે એજ, કે સન્મુખ અને આ મન્મુખ ઉભયમાં કાંઇ ભિન્નત્વ ન માનશો. વહુ ! વધારે કહેતાં શરમાઉં છું." મન્મુખરાય બોલ્યો.

"સસરાજી ! હું સમજી પણ તમારી પવિત્ર બુદ્ધિનું આ કર્તવ્ય ન હોય." શાન્તભાવે કમલા બોલી.

"હા, ન હોય એ હું સમજું છું. તેમ છતાંય તમારી આ અસાધ્ય ને અસહ્ય માનસિક વેદના જોઇનેજ મારી બુદ્ધિએ પોતાનું કર્તવ્ય કેંદ્ર ફેરવ્યું છે." મન્મુખરાય બોલ્યો.

"વારૂ ! પણ મારા દુઃખ વિષે આપ બેદરકાર રહો. ભવિષ્યના અંતરપટના બનાવોની રાહ જોતી હું મારૂં જીવન ગુજારીશ." કમલા હજી પણ સત્ય ધર્મને વળગી રહી.

"છતાંય મારૂં અંતઃકરણ એ વાત નાકબુલ કરે છે. અને કહે છે, કે વાસનાની પરિસમાપ્તિ કરવામાંજ આપણ ઉભયનું કલ્યાણ છે." મન્મુખરાય બોલ્યો.

"ત્યારે શું આપ એમ કહો છો, કે આપની ઇચ્છાને અર્થે મારે મારા જીવનને કલંકિત કરવું; અને તે પણ મારા સસરાથી !" કમલા બોલી.

"બસ, એજ. એમાં કલંક જેવું કંઇ છેજ નહી. ઉલટું ધાર્મિક દૃષ્ટિએ અને અત્યારના જમાનાનું અવતરણ જોતાં રીતે તે પણ એ પુણ્યપથ છે. પર આત્માનું કલ્યાણ કરવું એ શાસ્ત્ર માત્રનું બીજ છે. પાપ એ તો માત્ર પ્રચલિત રૂઢ માનીનતા છે. મને સમજ નથી પડતી કે જેમાં કોઇ પણ જીવની હાની ન થતી હોય તેવાં આવાં આનન્દદાયી કાર્યોમાં લોકો કયાં પ્રમાણથી પાપ માને છે ?" મન્મુખરાયે કહ્યું.

" જો તમે આ કાર્યમાં પાપ ન માનતા હોતો સાંભળો... કમલાને બોલતાં અટકાવી મન્મુખરાય બોલ્યો, એ પછી, " પણ તમે એકવાર હું તમારો સસરોછું એવો ભાવ તમારા હૃદયમાંથી કાઢી નાંખો. તમારા નિદ્રિત થએલા સ્નેહને જગાડો, ઘણા દિવસ સુધી અશક્ત રહેલી તમારી ઇંદ્રિયોમાં સ્નેહનું બલ પૂરો અને જો મારી આ માગણીનો સ્વીકાર નહી કરો તો હવે પછી તમારી જીંદગીમાં ક્યાં ક્યાં અસહ્ય દુઃખો પડશે એની ગણતરી કરો, અને ત્યાર બાદ જે કહેવાનું હોય તે કહો. તેમ છતાંય હું તમારો સસરો છું એ ભાવના તમે નિર્મૂલ ન કરી શકો તો લગાર દુનીઆના વ્યવહાર તરફ નજર નાંખી આજ દિન સુધી તમે સાંભળેલી કે જોયેલી વાતોનું સ્મરણ કરો. કમલા ! સસરા અને વહુનો આવા પ્રકારનો સંબંધ દુનીઆમાં આજ ક્યાં પહેલીવારજ થાય છે. અનેક સ્થળે, અનેક વખત આવું બન્યું છે ને બને છે, એ તમે ક્યાં નથી જાણતાં ! " મન્મુખરાય બોલ્યો.

" સસરાજી ! જે મનુષ્યની મલિન બુદ્ધિ અને તે પણ વિષયવાસના સંબંધેની ઉદ્દભવે છે; તે મનુષ્ય અસત્ય અને અસ્વીકાર કરવા યોગ્ય બાબતોને પણ પ્રત્યેક પ્રકારે સત્ય ઠેરવવા પ્રયત્ન કરે છે. પરન્તુ એ અસત્ય રૂપી મપાયેલું સત્ય મનુષ્ય જીવનના અવનતિનું પગરણ છે એ તમે કેમ ભૂલો છો ? તમારી સ્વાર્થમય વાસના તમને ઉશ્કેરે છે, દુનીઆમાં સત્ય, પવિત્રતા, શીલ, સદાચાર અને સદ્દબુદ્ધિ એવું છેજ નહીં એમ તમારૂં અંતઃકરણ બોલે છે એ તમારી મલિન વાસનાનાજ પ્રતાપે. એક વખત આપ મલિન વાસનાનો ત્યાગ કરી આપના અંતઃકરણને પૂછો કે જગતમાં શું સત્ય છે ? આપને તુર્તજ ઉત્તર મળશે. " કમલાએ કહ્યું.

" કમલા વહુ ! હું જે કહું છું તે સ્થિર બુદ્ધિથી સત્યજ કહું છું તમે ડાહ્યાં છો, સમજુ છો, તમે શાસ્ત્રો પણ વાંચ્યાં છે, આ દુનીઆના વ્યવહારને પણ જોયો છે. શું આ સર્વ ઉપરથી તમને મારી ઇચ્છા વજુદ વગરની લાગે છે. ? ખરેખર ! વાસનાનો જય કરવો એ દુર્લભ છે. અરે ! અડગ તપવાળાઓની વૃત્તિ પણ ખંડિત થઇ છે તો તમારો શું હીસાબ ? પણ મને લાગે છે, કે તમારી અંતર વૃત્તિ ભિન્ન છે. હું તમને વિનવું છું કે તમે અંતરને બાહ્ય

એક વખત એક રૂપ થઇ, રસ મસ્ત થાઓ અને પછી જુઓ કે રસ સ્નાન એ કેવું રસિલું છે. અત્યારે જે તમારી હચુપચુ વૃત્તિ થાય છે તેનું યથાર્થ કારણ તો એ છે કે તમે હજી એ સુખ રૂપ દિશાજ નથી જોઇ. " મન્મુખરાય બોલ્યો.

" તમારો પ્રલાપ નિરર્થક છે. તમે ગમે તેટલું કહેશો અને ગમે તેટલો ઉપદેશ કરશો તોપણ હું મારા કર્તવ્યમાંથી કદિ પણ ચલિત થઇશ નહીં. હું મારા કુળને, મારી જાતને, અને મારા આત્માને કદિ પણ કલંકિત નહી કરૂં. તમે આવ્યા છો તેમ જાઓ. અને આટલી હદ સુધી પણ મેં તમારી નીચતા તરફ નહીં જોતાં તમારી સાથે જે વિનય દર્શાવ્યો છે, તેનો વિચાર કરો. " ક્રોધાન્વિત થઇ કમલા બોલી.

" તે હું કબુલ કરૂં છું. પણ મારો નિશ્ચય તો અડગજ રહેવાનો. પછી ભલે તમારી હા હોય કે ના હોય. " મન્મુખરાયે કહ્યું.

" જેવો તમારો નિશ્ચય અડગ છે તેવોજ મારો પણ અડગ નિશ્ચય સમજજો. " કમલાએ સામે યથાસ્થિત ઉત્તર આપ્યો.

" કમલા ! લગાર બોલતાં શરમાઓ. હું પુરૂષ છું અને તમે સ્ત્રી છો. સ્ત્રી જાતિનું પુરૂષ પાસે કેટલું ગજું ? જરા વિચાર તો કરો. " મન્મુખરાય બોલ્યો.

" બધા વિચારનું પરિણમ નકારમાંજ આવેલું છે. " કમલાએ કહ્યું.

" કમલા ! હજી પણ વિચાર ! આમ હઠ ન કર ! ઘેલી ન બન ! તારા યૌવન સ્હામે નજર કરી જો. શામાટે આવી કુમળી જીંદગી બરબાદ કરે છે. આટલું કહ્યા છતાંય મારા વચનનો અસ્વીકાર કરીશ તો છેવટનો ઉપાય દંડ છે. બોલ, અત્રે તારૂં કોણ છે ? " મન્મુખરાયે શરમ અને વિવેકનો ત્યાગ કર્યો.

" આંહીયાં મારૂં કોઇજ નથી એવી ધારણા બાંધવામાં તમે કેવી ભૂલ કરો છો. ઓ પાપી સસરા ! મનુષ્ય માત્રનું રક્ષણ કરનાર પરમાત્મા છે. એ શુ તમે નથી જાણતા. ? " કમલા બોલી.

" મુર્ખી ! એ બધાં તારાં ફાંફાં છે. હું ખરૂં કહું છું, કે હવે મારી વાસના કાબુમાં રહી શકતી નથી. જેમ જેમ રાત્રી પડતી જાય છે અને તારા મુખાર્વિંદ ઉપર ચંદ્ર તથા દિપકનો પ્રકાશ પ્રસરતો

જાય છે તેમ તેમ તારૂં વૃદ્ધિ પામતું સૌંદર્ય મને તારી સમીપ આવવા ઉસ્કેરે છે. બોલ શું કહે છે." મન્મુખરાય બોલ્યો.

"પાપીની સાથે વાત કરતાં પણ પાપ થાય છે, હવે તો." કમલાએ કહ્યું.

મલિન બુદ્ધિ યુક્ત મન્મુખરાય હવે પોતાની બુદ્ધિને કાબુમાં ન રાખી શકયો. વાસનાના પ્રબલ વેગથી, કમલાના સૌંદર્યના મોહથી, દીર્ઘકાલથી નિર્ધારિત વિચાર ફલિત થવાનો અત્યુત્તમ લાગ જોઈ તથા હમણાં કોઇક આવશે એવી પાપી પુરૂષોમાં જે સદૈવજ બીક રહે છે એવી બીકથી તેણે એકદમ કમલાનું કાંડુ પકડયું.

"સસરાજી ! હમણાં દૂર રહો. જો તમારી એવીજ ઇચ્છા છે, તો હું આપને અનિચ્છાએ પણ અધીન થઇશ. પરન્તુ મારૂં દુર્બલ અને અશક્ત શરીર અત્યારે તો ઉભયને અરસિક્તા ઉત્પન્ન કરે તેવું છે. હું આપને પ્રાર્થુ છુ કે અધુના આપ આપની અધીર વૃત્તિનો ત્યાગ કરો તો સારૂં." કમલા સમયાનુસાર વર્તી ગઇ.

"તો મારે કાંઇ ત્વરીતતા નથી પણ........" મન્મુખરાય બોલતાં અચકાયો.

"સસરાજી ! શંકા કાંઇજ ન લાવશો. ગમે તેવી તો હું સ્ત્રી જાતિ કયાં છટકવાની છું. આ ઘર સિવાય મારે બીજે કયાં આશરો છે. માત્ર એટલુજ કે અત્યારે મારા વિહ્વાલ હૃદયને શાંત પડવા દો." કમલાએ કહ્યું.

"કમલા ! ખરેખર તમે સમય ઓળખ્યો છે. તમે તમારા જ્ઞાનનો અને વિદ્યાનો સદ્પયોગ કર્યો છે. તમે તમારા જીવનની વાસ્તવિક કીંમત કરી એ જોઈ હું બહુ ખુશી થાઉ છું. હવે તમે જોશો કે આપણુ ઉભયના સ્નેહ સંબંધમાંથી કેવું સ્વર્ગીય સુખ ઉદ્‌ભવે છે. ઠયો ત્યારે અત્યારે તો હું જાઉ છું. તમને હવે મારા સમ છે જો દેહ દમન કરો તો." મન્મુખરાય ફુલાઇને બોલ્યો.

"સસરાજી ! મારી શુદ્ધિ બુદ્ધિ ઠેકાણે આવી છે. હવે હુ આપના વાસ્તવિક સ્વરૂપને અને ભાવને સમજી છું. મારા અવિનયને માટે આપની ક્ષમા ચાહુ છું." કમલા દ્વિગુણ ભાવ ધારણ કરી બોલી. તમારી પ્રત્યે ક્રોધવશ થઇ મારાથી અયોગ્ય બોલાઇ જવાયુ છે તે

અદલ " ક્ષમા તો ઉલટી મારે તમારી પાસે માગવી જોઇએ. ખરેખર! કમલા! તમારાં કોમળ મધુર અને વિવેકી વચનો જેમ જેમ મારા કર્ણ ઉપર પડે છે તેમ તેમ મારૂં અંતઃકરણ આ સ્થાનનો ત્યાગ કરવા ના કહે છે; પણ શું કરૂં ન છૂટકે જવું પડે છે."

એકાદશ પરિચ્છેદ.

પવિત્ર મૃત્યુ.

મયુરા કયાં ગઈ? એ બકવામાંને બકવામાં ધર્મ દેવીએ પોતાના શરીરને ક્ષીણ કરી નાંખ્યું. મન્મુખરાય માર્ફત અનેક રસ્તે પોતાની પ્રિય પુત્રીની શોધ કરાવી, પરન્તુ સર્વ નિરર્થક ગયું. અન્તે કોઇએ મારી નાંખી હશે એજ વિચારે તેણે પોતાના અંતઃકરણને સમજાવ્યું. તેમે આ આનુમાનિક ગુપ્ત ભેદ સમજાવવા તેનું કોઇ હીતસ્વી પ્રયત્ન કરતું હતું; પરન્તુ તેના હૃદયની અનિશ્ચિતતા, મન્મુખરાય ઉપરનો પુનઃવર્ધિત થયેલો વિશ્વાસ, મયુરાનું સૌંદર્ય જોઇ તેને કોઇક લઇ જાય કે ચોર હત્યા કરે એવું લાગેલું સત્ય અને હવે સર્વ પ્રયત્ન નિષ્ફલ જવાના છે એ નિશ્ચય વિચારને લઇ, કોઇનુ કહેવું તે ઓછું ધ્યાનમાં લેતી. માત્ર તેનું મન મયુરા! મયુરા! એ શબ્દનું સ્મરણ કરતું. પરન્તુ જેમ જેમ તેની શારીરિક અને માનસિક વેદના ગોટાવા લાગી તેમ તેમ તેને મયુરાનું સ્મરણ ઓછું થઇ મયુરેશ્વરનું સ્મરણ થવા લાગ્યું. તેને નિશ્ચય થયો કે હવે મૃત્યુ સમીપમાં છે. સ્વાભાવિક જ તેનાથી માનસિક મલીનતાનો ત્યાગ થયો, તે સર્વની સાથે યોગ્યતા પૂર્વક વાતચીત કરવા લાગી, જગતમાં રહેલા સ્વાર્થ અને પ્રપંચ તે સમજી અને માત્ર મયુરેશ્વર જ સત્ય છે એમ તેને લાગ્યું. આ જગતને તો જાણે તેણે કોઇ દિવસ જોયુંજ નથી અથવા તો જાણે તેણે સર્વતઃ એકતાજ અનુભવી છે એવું તેનું માનસિક વલણ ઉદ્ભવ્યું. અગર જો આવી પરાસ્થિતિ થવી એ સંસારના કાદવમાં ખુંચેલાં માનવીઓને માટે અશક્ય છે, પણ ઘણીવાર જ્યારે પૂર્વ સમયના શુભ સંસ્કારોની જાગ્રદવસ્થા–મનુષ્યનુ અંતઃકરણ મલિન સત્વોનો ત્યાગ કરી સત્ય તત્વોનો અભિલાષ રાખે છે ત્યારે તે અંતઃકરણ સાથે યોજાઇ

મનુષ્યને એક નિયામક માર્ગ અને સત્તાનુ ભાન કરાવે છે. મનુષ્યો કહે છે, કે મૃત્યુ સમયનુ દુ:ખ વિષમ છે પરન્તુ તે સર્વને માટે નહી. જે સદ્‌ભાગ્યશાળી મનુષ્યના અંત:કરણમાં પવિત્ર વિચારની સ્વાભાવિક રીતેજ સ્ફુરણા થાયછે તેને તો મૃત્યુ સમય અપૂર્વ શાન્તિ જેવો છે. અર્થાત્ જેને શાસ્ત્રો કૈવલ્ય કે નિર્વાણ એ નામથી સંબોધી તેનું અનન્ય પણું જેવું કલ્પનામાં લાવે.છે, તે કલ્પના આ સમયે સત્ય લાગે છે. પરમાનંદ રૂપ મૃત્યુ શરણ થતા મનુષ્યને સર્વ શુન્યમય ભાસે છે, સર્વત્ર સમાનતા, એકતા અને સત્યતા લાગે છે. તે દુનીઆના સર્વ વ્યવહાર અને જાલ માત્રને ભૂલે છે. કે જાણે તેણે કોઇ વખત પણ તેનું દર્શન માત્ર ન કર્યું હોય! પતિ, પત્ની, પુત્ર, માતા, પિતા ઇત્યાદિ સંબંધી જનને, કે વ્યવહારમાં જેને અર્થે મનુષ્ય પોતાનું જીવન બરબાદ કરે છે તે સર્વને તેનાથી મૃત્યુ સમયે વિસરી જવાય છે. બસ એકજ ધ્યાન. અને એકજ લગની. આવું પવિત્ર મૃત્યુ ભોગવનારને અભેદ વૃત્તિ ઉપજી તેનો આત્મા મહાસત્તારૂપ સત્તાવાન બને છે. એ પણ નિ:સંશય કે તે સમયે તેનામાં અવિરત:જ્ઞાનનો પ્રવાહ ઉદ્દભવે છે. આવું પવિત્ર મૃત્યુ થવું એ કાંઇ સહેલ નથી. તે કૃત્રિમતાથી પણ ઉત્પન્ન કરી શકાતું નથી તેમ તે વિષે પ્રથમથી કંઇ નિર્ણય પણ ભાગ્યેજ કરી શકાય છે. અરે! મૃત્યુ અધીન થનાર પણ મૃત્યુના આ ગુપ્ત ભેદને કળી શકવા અસમર્થ છે. અને પોતાનું મૃત્યુ થાય છે એ સ્થિતિથી મરનાર બીલકુલ અજાણ રહે છે.

પ્રકૃતિ શિક્ષણના અભાવે પોતાનો મૃત્યુ નિર્ણય કોઇકજ કરી શકે છે અને તેવા જે છે તેઓ પણ એ નિર્ણય ઉપરાંત વિશેષ તો કંઇજ કહી શક્તા નથી. ચેતન માત્ર મૃત્યુની શાન્તાવસ્થાથી સદૈવને માટે અજ્ઞાત રહે છે. અર્થાત્ પૂર્વનું કે પછીનું ક્વચિત્ કિંચિત્ મનુષ્ય દ્દષ્ટિમાં આવી જાય, પરન્તુ આતો નહીંજ.

અપવિત્ર મૃત્યુમાં મનુષ્યના અન્ત લગી તેની માનસિક સ્થિતિ વિષ–જ્વાલા–રૂપ હોય છે. આ આલમમાં પૂર્વ રચિત અને કલ્પિત અનેક પ્રસંગો તે સમયે તેને મુઝવ્યા કરે છે. તે અનેક તરેહની ગડભાંજ કરી અસહ્ય માનસિક વેદનામાં રડયા કરે છે. અંતિમ સ્થિતિમાં પણ તેનાથી મૃત્યુનો સર્વમાન્ય જગત્પ્રસિદ્ધ નિયમ સ્વીકારી શકાતો નથી. અનેક આચારોમાં તેની શ્રદ્ધા દ્દઢ પરોવાઇ ગઇ હોય છે.

સંબંધ અને સ્નેહનું બંધન તેને અસાધ્ય થઇ પડે છે. જગતનાં મલિન સત્વો તેની સમીપ આવી તેને સંતાપ્યા કરે છે. જ્યારે પવિત્ર મૃત્યુમાં મનુષ્ય સર્વસંગ પરિત્યાગની સ્થિતિનો સ્પષ્ટ સ્વીકાર કરી આ અનિવાર્ય અંતીમસતાને સમજી જઇ અન્ય સુલભમાર્ગ ગ્રહણ કરી લે છે. તેનું માનસિક વલણ જગતથી નિરાળું રહી જુદીજ કલ્પનામાં રમણ કરી રહેલું હોય છે. દુનીઆના સ્નેહ અને સંબંધને તે ક્ષણિક માની અનિર્વચનીયાવસ્થામાં તે શાન્ત રીતે વિહરે છે. ખરેખર ! મનુષ્યની પરીક્ષાનું પ્રબળ સાધન એ મૃત્યુજ છે.

પવિત્ર મૃત્યુનો સમીપ આવતો સમય ધર્મ દેવી કળી ગઇ. સંસાર વ્યવહાર તેમજ ભજગોવિંદ ભટ્ટની સંપત્તિ તેને લગાર પણ આવશ્યક લાગી નહીં. ક્ષણ પહેલાંનો તેનો અસહ્ય વ્યાધિ શાંત પડયો. તેનાં સર્વ ગાત્ર જાણે ઐક્ય કરીને પ્રભુ સમીપ જવાને તૈયાર થયાં હોય અને તેનો આત્મા જાણે કોઇ મહાન્ સત્તાનો નિયામક હોય તથા તેના મુખારવિંદપર અસંખ્ય સૂર્યોનુ તેજસ્ વ્યાપી ગયું હોય એમ જણાયા સિવાય રહે નહીં.

થોડીવારમાં તેના મુખમાંથી સચ્ચિદાનંદ પ્રભુનો ગંભીર, ભાવ ભક્તિ પૂર્ણ અને પરિજનોના હૃદયમાં પણ સાત્વિકતા ઉત્પન્ન કરે તેવો ધ્વનિ નીકળવા લાગ્યો. જેને વેદાંતમાં તદાકાર વૃત્તિ કે બ્રહ્માકાર વૃત્તિ કહેવામાં આવે છે, તેનું દર્શન અત્યારે જોનારને વાસ્તવિક લાગ્યા સિવાય રહે નહીં અત્યારે ધર્મદેવીના તેજ પૂર્ણ અશ્રૂમાં વિશ્વ માત્રનાં સાત્વિક સત્વો, ભાવનાઓ અને પવિત્ર આનંદનો આભાસ સૂક્ષ્મ રીતે જોનારને સ્પષ્ટ જણાય એમ હતું.

ધર્મ દેવીના પવિત્ર દેહની આસપાસ અદ્વિતીય તેજ પ્રસરવા લાગ્યુ. જેમ જેમ આ તેજનું પ્રસરણ વૃદ્ધિ પામવા લાગ્યું તેમ તેમ ધર્મ દેવીની સુશ્રૂષામાં સમીપ રહેનાર કપટી મન્મુખરાય અને સંસાર વ્યવહારમાં મગ્ન થએલાં કેટલાંકને આ તેજ અસહ્ય લાગવાથી દૂર જવું પડયું. માત્ર રામ વકીલને કમલાજ ધર્મ દેવીના આત્માનું દર્શન કરતાં તેના પર્યંક પાસે તેની સન્મુખ બેસી રહ્યાં. ક્ષણમાં આખો ઓરડો તેજ પૂર્ણ થઇ ગયો અને તેમાંથી કાંઇ દિવ્ય તથા ગંભીર નાદ થતો હોય તેમ જણાવા લાગ્યું; પરન્તુ પરિસ્થિતિ ફેરવાઇ. અનુપમ તેજ મંદમંદ ન્યૂન થયુ. અને જોત જોતામાં ધર્મ દેવીના મુખમાંથી

નીકળતા સચ્ચિદાનંદના પવિત્ર ધ્વનિ સાથે આ જગતની જંજાલનો જાણે તિરસ્કાર કરતી હોય, જગતના મલિનત્વને જાણે ધિક્કારી કાઢતી હોય, તથા એ મલિન સત્વોથી દૂર રહેવા જગતનાં માનવીને શિખામણરૂપ ટપકો આપતી હોય અને સદૈવને માટે આ વિષમ જગતનો ત્યાગ કરતી હોય તેમ તેની ઉભય આંખો મીંચાઇ ગઇ. સાથેજ તેનાં માયાનાં સર્વ સત્કર્મો રૂપ બંધનો તૂટયાં, તેનો આત્મા પરમાત્મા રૂપ બની ગયો, તેણે જગતને પણ સદાયના નમસ્કાર કર્યા અને જગતનાં માનવીને પવિત્ર મૃત્યુનું દર્શન આપી તેણે જે કર્ત્તવ્ય-શેષ હતું તે પૂર્ણ કર્યું. તેનો દેહ કેવળ જડવત્ તેજહીન થઇ ગયો. લાગલીજ કમલાથી બુમ પડાઇ ગઇ. મન્મુખરાય ને બીજા તો આ અકલ્પ્ય ઇતિવૃત્તને ઘેલાં જેવાં બની જોઇજ રહ્યાં.

દ્વાદશ પરિચ્છેદ.

કમલાનો આત્મઘાત.

ધર્મદેવીના મૃત્યુ બાદ ભજગોવિંદ ભટની સર્વ મીલકતનો માલેક મન્મુખરાય થઇ બેઠો. દેવલગંજમાંના ઘણાને અને ખસુસ કરીને પરમાર્થ પરાયણ રહેનાર રામ વકીલને મન્મુખરાયની આવી વર્તણુક માટે તિરસ્કાર છૂટયો પણ શું કરે ? સર્વ કોઇ મનમાંજ સમજ્યાં. આ બાજુ મન્મુખરાય પૈસે ટકે તરબોળ થયો. ધનમસ્ત મન્મુખરાયને કોઈ કોઇ વાર પુનઃ પત્નીનું સુખ પ્રાપ્ત કરવા વિચાર ઉદ્‌ભવતો પરન્તુ કમલાના વચનોની આશાએ તે ઉદ્‌ભવેલા વિચારને માંડી વાળતો. કારણ કે તેને એટલુંજ જોઇતું હતું કે મારો ઇચ્છીત ઉદ્દેશ પાર પડે તો બસ છે. તેણે બીજીવાર પણ કમલાની સાથે પ્રસંગ પાડી જોયો, પરન્તુ પવિત્ર પુત્રવધૂએ તેને એવા તો મીઠા શબ્દોથી તિરસ્કારી કાઢયો કે તે વખતે પણ તે મલકાતો મલકાતો કમલાની ઇચ્છાને તાબે થયો. આમ ઉપરાઉપરી બે ત્રણ પ્રસંગોમાં પોતાની અવદશા જોઇ મન્મુખરાય કમલાનો ગર્ભિત હેતુ સ્પષ્ટ સમજી ગયો અને તેણે નિર્ણય કર્યો કે "કમલાને વશ કરવાનું અત્યુત્તમ સાધન દંડજ છે. કમલા પણ પોતાના પાપી સસરાના વિચારને કળી ગઇ. હવે તેને શ્વશુર ગૃહે

રહેવામાં પતિવ્રત ભંગનો ભય લાગ્યો. આ ભયમાંથી મુક્ત થઇ પવિત્ર રહેવા એક રાત્રે ગુપ્ત રીતે તેણે આ પાપીના ઘરનો ત્યાગ કર્યો. સાધનહીન અબળા પ્રાતઃકાલની લગભગમાં એક નિર્જન અરણ્યમાં આવી પહોંચી. અરણ્યની નજીકમાં એક સુન્દર નિર્મળ જલ ભરિત સરિતા વહેતી હતી. આ અપૂર્વ વિશ્રાન્તિ સ્થાન જોઇ કમલા પોતાના કલાન્ત શરીરને વિશ્રાન્તિ આપવા સરિતા તટપર બેઠી બેઠી પોતાના ભવિષ્યના જીવનનો વિચાર કરવા લાગી.

"ક્યાં જવું હવે ! સ્વામી સુખની તો હવે સ્વપ્ને પણ ઇચ્છાજ નથી, તેમ સ્વપ્ને પણ દુષ્ટ સસરાની અધમ વાસનાને તાબે થવાય તેમ નથી. તો પીયર જઇને પણ શું કરવું ? ત્યાં પણ મહીનો છ મહીના રહેવાય. આપણામાં કહેવત છે, કે દિકરી તો સાસરેજ સારી. અરેરે ! પણ સાસરૂં તે આવું હોય ! જ્યાં ઘરનો વડીલ અને નેતા મનાતો સસરોજ પોતાની પુત્રવધૂનું જીવન કલંકિત કરવા તૈયાર થાય તે સાસરાના ઘર કરતાં તો સ્મશાન શું ખોટું છે. સ્ત્રી જીવનની કેવી અધમ દશા છે. ગાયમાં ને સ્ત્રીમાં શું બીજો તફાવત છે ? જ્યાં સંસારની સર્વ સત્તા પુરૂષોનેજ અધીન હોય ત્યાં ગમે તેવી વિદ્વાન, ડાહી સદ્ગુણી ને સુશીલ સ્ત્રીનો કોણ ભાવ પૂછે ? ખરેખર ! હીંદુ સંસારની અધોગતિનું મૂળ કારણ સ્ત્રીઓની અઘટતી અવજ્ઞા એ પણ છે. સ્ત્રીઓની પાસે જ્યાં ઘરના ગુલામની માફકજ કાર્ય લેવામાં આવે ત્યાં જન સમાજનું બંધારણ શી રીતે શ્રેષ્ટ સ્થિતિપર આવે ! જ્યાં સ્ત્રી સુધારણાની ઝાંખી પણ ન હોય, જ્યાં સ્ત્રીને તેને યોગ્ય સ્વતંત્રતાનોજ અધિકાર નહીં, જ્યાં સ્ત્રી પ્રત્યે તિરસ્કારજ દર્શાવાય અને જ્યાં સ્ત્રીને બુદ્ધિહીનજ માનવામાં આવે ત્યાં ઉન્નતિની આશા શી રીતે રખાય ! મારામાં ગમે તેટલુ જ્ઞાન કે ડહાપણુ હોય તો પણ હું સ્ત્રી જાતિજ છું ને. જેવી બીજી સ્ત્રીઓ તેવી હું. આ જીંદગી શા સારૂ વહાલી હીમ જેવી ગણવી ? સ્ત્રીનું સત્ય ધન, ઉત્તમમાં ઉત્તમ અને વ્હાલામાં વ્હાલુ સુખ તથા પવિત્ર દર્શન તે તેના સ્વામીમાં છે, તે શુભ અવસર તો મારે માટે દૂરજ છે. સદૈવ દૂરજ રહેવાનો ! અને કદાચ એ સ્નેહ પુનઃ સંધાય તોય તેવા અનિશ્ચિત સ્નેહાલ સ્વામીનો શું વિશ્વાસ ?

ઘણાં માણસો, સ્ત્રીઓનેજ પાપમયી અને દૂષણ માત્ર અંકિત ગણે છે. એવાઓ પોતાના વિચારથી કેવા ઠગાય છે. શું પુરૂષ વર્ગ દોષ

રહિતજ છે ? ઉલટું ઇતિહાસ તો એમ કહે છે, કે પુરૂષોએ પોતાની પાપ વાસના પૂર્ણ કરવા અનેક દંડ બખેડા કરી લાખ્ખો મનુષ્યોનાં લોહી ચૂસ્યાં છે. સત્ય તો એજ છે, કે સ્ત્રી અને પુરૂષ ઉભયમાં વૃત્તિઓની સમાનતા હોય છે. પરન્તુ જેમ જેમ એ વૃત્તિઓને અનુકૂલ કે પ્રતિકૂલ સાધનો ઉપસ્થિત થાય છે તેમ તેમ તેમાંની કેટલીક વૃત્તિઓ અનવધિ વૃદ્ધિગત થાય છે. કેટલીક નિર્મૂલ થાય છે જ્યારે કેટલીક વૃત્તિઓ વૃત્તિઓના પરસ્પરના સંમિશ્રણથી નવી ઉદ્‌ભવે છે. આ વૃત્તિ વ્યાપાર પુરૂષો અને સ્ત્રીઓમાં સતત ચાલુ છે. તો સ્ત્રીઓ એકલીજ શા માટે દોષિત હોય અને પુરૂષો કેમ નહીં ? અત્યાર સુધી તો સ્ત્રીઓ કરતાં પુરૂષોએ અનુકૂલ સાધનોની પ્રાપ્તિ વડે પોતાની વૃત્તિઓને ઉદ્ધત બનાવી છે. હશે ! પણ મારે એવા વિવાદો સાથે શું લાગે વળગે છે. ભલેને ગમે તેમ હોય ! પણ મારા જીવનને માટે તો એ પ્રશ્ન નિરર્થક છે. હવે મારે મારા અત્યારસુધીના પવિત્ર અને નિષ્કલંક જીવનને લંબાવવું એ ઠીક નથી. સિવાય મારા આ પાપી મુખને જોઇ અને મને આમ અનાથ રવડતી દેખી અનેકનાં અંતઃકરણ દુરાચાર કરવા પ્રેરાશે. ત્યારે મારે મારા શીલ સંરક્ષણને અર્થે કેટલું અસહ્ય કષ્ટ સહન કરવું પડશે. હું નિર્મલ રહીશ, પવિત્ર રહીશ તોપણ એ દુરાચારીઓનું પાપ કોને શીર ? જગતમાં દુરાચાર વૃત્તિ વધે અને એ દુરાચાર વૃત્તિ યદ્વા તદ્વા પોતાને માટે માર્ગ સ્પષ્ટ કરે, એ શું ઓછું પાતક છે ? પ્રભુ ! પ્રભુ ! એ પાતકના નિમિત્તભૂત થવું જીવન્ત સ્વામીની અને સસરાની દુરાચાર વૃત્તિને સ્મરણમાં લાવ્યા કરવી, જીવનને સદૈવ કલેશમય રાખવું, દુઃખી અંતઃકરણને દેખી દુમાયા કરવું, જગતમાં સ્નેહહીન બની ભટકવું, અનાથ રખડવું, લોકોનાં મેણાં સહવાં અને એવી બીજી અનેક વીટંબણાઓ વેઠયા કરતાં મૃત્યુ સેવન કરવું એ શું ખોટું છે. હવે મારે શું જગતમાં રહ્યુંછે. અરે ! પણ મરવું એ આત્મઘાતનું પાતક વહોરીને ? અરેરે ! ક્યાં દેવીતુલ્ય ધર્મદેવીનું પવિત્ર મૃત્યુ અને ક્યાં મારો આત્મઘાત ! અરે ! ધર્મ દેવીતો ધર્મનીજ દેવી હતી. અહાહા ! ! તેની અન્તિમ સમયની કેવી તેજપૂર્ણ અવસ્થા ! અરે ! તે ભોળી બ્રહ્મા જેવીની આંતરડી દુભવનાર, જેનું લુણ ખાધું તેનીજ સામા કપટજાળ પાથરનાર, લોકો કહે છે તેમ મયુરાને તેની વ્હાલી માતાનો વિયોગ કરાવનાર, અને બ્રજગોવિંદભટના સર્વસ્વનો અધિકાર ખરાવનાર, દુષ્ટ સસરાનું ક્યાં કલ્યાણ

થવાનું છે ? પાપનો બદલો પ્રભુ આપ્યા સિવાય રહેજ કેમ. એવા અનિશ્ચિત દિવસો જોવા, દુઃખી આત્માને રિબાવવો, ઘણાયને સારૂં ખોટું લગાડવું, શીતોષ્ણતાને સહન કરવી, ભુખ તરસ વેઠવી, અનેક પાતકનાં નિમિત્તભૂત થવું અને ભૂ ઉપર ભાર રૂપ થવું એના કરતાં આત્મઘાત હજાર દરજ્જે સારો. સર્વાન્તરયામી પરમાત્મા ! મેં મારૂં અત્યાર સુધીનું જીવન નિષ્કલંક વ્યતીત કર્યું છે. મન વચનથી કદિપણ મેં તારી અવજ્ઞા કે દોષ કર્યો નથી; અને જગત્ માનવીઓ ! તમને અને જગતના પદાર્થ માત્રને મારા અનન્ય ભાવથી આ છેલ્લા નમસ્કાર છે. તમારા સર્વની હું ક્ષમા માગું છું. હે પ્રભુ ! તારી તો પુત્રી છું. તને નમસ્કાર શા ? પિતાને પુત્રીના તો સર્વદા નમસ્કારજ ને. માટે હવે તો હે ! યમદેવ ! ત્હનેજ આ દેહ અર્પણ છે.” પરન્તુ જ્યાં સરિતામાં આત્મભોગ અર્થે પડવા ધસે છે એટલામાં પાછળથી કોઇ અલમસ્ત જેવા અલમસ્ત નરે તેનો પાલવ ઝાલી પાછી ખેંચી લીધી.

ત્રયોદશ પરિચ્છેદ.

છૂટકો.

મન્મુખરાયે હજી પણ પોતાની દુષ્ટ વૃત્તિનો ત્યાગ કર્યો ન હતો. ઉલટું કમલાના પલાયન બાદ તો તેની વિષય વાસનાની અશુભ ભાવના વધારે સ્વચ્છંદી અને સ્વતંત્ર બનવા લાગી. કમલાની શિખામણને તો મન્મુખરાય સાનુકૂલતા સમજ્યો. તેનો દૃષ્ટિ અશ્વ ચોમેર ફરી વળ્યો. આખરે ફુલ છાબ લઇ ફરનારી વીજલી ઉપર તેનું ધ્યાન ચોંટયુ. આ કાર્યમાં તેને સંપૂર્ણ ફતેહ મળી. માત્ર નુકસાન એટલુંજ થયું કે તેનાં સર્વ છિદ્રો જાણનાર ગોદડ તેનો હિત શત્રુ બન્યો. આમ થશે. એ મન્મુખરાય કંઇ નહતો સમજતો એમ નહતું, પરન્તુ ધનમદ અને માનમદમાં તેણે તેની કંઇજ પરવા ન ધરાવી.

હવે ગોદડ, મન્મુખરાયનાં પગલાં તપાસવા લાગ્યો. “ પરન્તુ મન્મુખરાય જેવા આબરૂદાર ગણાતા અને વગવસીલાવાળા સામા શી રીતે પડાય ? પોતાનું કોણ સાંભળે ? અને કદાચ સાંભળે તો સાચું પણ કેમ માને ઉલટું આડું વેતરાય અને પોતાના ઉપરજ સર્વ

બાર ક્યાંક આવી પડે તો ? વળી કદાચ મન્મુખરાયને મારી આ વેતરણની ખબર પડે તો મારી પહેલાં એ કંઇક સાધના સાથે તેવો પક્કો છે. તેમ હવે ધર્મદેવી પણ નથી કે તેની આગળ જઇ આ પાપના ઘડાને ફોડી મારૂં અને મારૂં હૃદય ખાલી કરૂં. બળથી કાર્ય સિદ્ધ થાય એવો તો પ્રસંગજ નથી. જે થાય તે કળાથી કરવું. ” આમ ધારીતેણે રામ વકીલની પાસે સર્વ વાત પ્રકટ કરી પોતાનો યોગ્ય ગુન્હો કબુલ કર્યો.

રામ વકીલ વસ્તુ સ્થિતિ સમજી ગયા. અગર જો પોતે સંસારની ખટપટથી વિરક્ત રહી, ગૃહ વ્યવહારને સુરક્ષિત સુયોગ્ય સ્થિતિમાં મૂકી કેવળ વાનપ્રસ્થાવસ્થામાં જીવન વ્યતીત કરતા હતા; પરન્તુ જ્યારે ગોદડના મુખે મન્મુખરાયની દુષ્ટતા સંબંધી સંપૂર્ણ હકીકત જાણી ત્યારથી તેમનામાં ભજગોવિંદ ભટ્ટનો પૂર્વ સ્નેહ જાગૃત થયો. અને વૃદ્ધાવસ્થામાં પણ મિત્ર ધર્મ બજાવવાનું અસીમ બળ પ્રકટ થયું. તેમણે પુનઃ ખટપટ અને કલાને હૃદયમાં આમંત્રી લીધાં. વૈરાગ્યની કથાઓનો ત્યાગ કર્યો અને જેમ ચાણાક્યે એક વચનને ખાતર નંદનું નિકંદન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી તેમ રામ વકીલે માત્ર મન્મુખરાયની દુષ્ટતા ખાતર તેને ધૂળ ભેગો કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી.

* * * *

સુરજગંજના શ્રીમંત વેપારી નવલકિશોર તરફની ચપલાને સારી સાહચ્ય હતી. નવલકિશોર મૂળથીજ ગર્ભશ્રીમંત અને તેના બાપને એકનો એક એટલે ન્હાનપણમાંથીજ બીજા ઘણાખરા શ્રીમંતોના પુત્રોના સંબંધમાં બને છે તેમ તેને સ્વચ્છંદાચારી બનવામાં કોઇએ વચ્ચે અવરોધ ન કર્યો. ઉલટું ઘરના નોકરો કોઇકોઇ વાર નવલકિશોરને દુરાચારમાં આગળ વધવા પ્રેરણા કરવા ઉપરાંત જોઇતી સાહાય્ય પણ આવતા હતા. તેના પિતાના જીવતાં પણ નવલકિશોરની આવીજ વર્તણુક હતી તો તેના મૃત્યુબાદ હોય તેમાં તો શુંજ આશ્ચર્ય ? પિતા અને પિતામહની પ્રતિષ્ઠાને લીધે ઉત્તમ કુળની અને બે આંકડા ભણેલી ગણેલી કન્યા પ્રાપ્ત કરવા નવલકિશોર ભાગ્યશાળી થયો હતો. પરંતુ નવલકિશોરના ઘરમાં આવ્યા બાદ નવલકિશોરની પ્રભુતા, નાણાંની રેલછેલ, ખાવાપહેરવાનું સુખ, નોકરચાકરની વિપુલતા, અને ઘરમાં કોઇ વડીલ નહીં એ જોઇ તેની સ્ત્રીનો સ્વભાવ પણ ફર્યો

હતો. તે નિતિમાન્ હતી તો પણ નવલકિશોરના કાર્યમાં ઓછી આડે આવતી. છતાંય નવલકિશોરને કોઇ કોઇવાર મોઢે ચડી બે વચન કહેતી તો તેના સંતોષને ખાતર મોઢે હાહા ભણી પાછું પોતાનું ધાર્યું કરતો.

પોતાના પિતાની હયાતીમાં નવલકિશોરને સુરજગંજમાં નવી નવી આવેલી ચપલા સાથે ગુપ્ત સંબંધ થયો હતો. ત્યારે તો નવલકિશોર ચપલાના કર્મ સ્થાનમાં ગુપ્ત રીતે જતો આવતો, પરંતુ જ્યારે પોતાનાજ હાથમાં સર્વ સત્તા આવી ત્યારે આમ ગુપ્ત રીતે જા આવ કરવા પ્રતિ તેને તિરસ્કાર છુટયો. એટલે ચપલાનેજ પોતાને ત્યાં બોલાવવાનો માર્ગ તેણે ગ્રહણ કર્યો.

ચપલા અને નવરંગીનો પ્રસંગ બન્યા બાદ એક સમયે ચપલાએ નવલકિશોર આગળ નવરંગીનાં મુક્ત કંઠે વખાણ કર્યાં. નવલકિશોરનું આવું રસિલું પણ ભોળું હૃદય વખાણ માત્રથીજ પીગળી ગયું તેણે નવરંગીને પોતાનેજ ત્યાં રાખવી એમ ચપલાને ફરમાવ્યું. નવરંગીને ઠેકાણે લાવવા ચપલાને પણ એટલુંજ જોઇતું હતું. ફોસલાવી પટાવીને નવરંગીને નવલકિશોરને ત્યાં વિદાય કરી. શરૂઆતમાંતો નવરંગીને હથેલી ઉપર રાખવામાં આવી. તેને બિલકુલ ઓછું ન આવે આ ઘર ઉપરથી તેને કિંચિત પણ અભાવ ન થાય તે માટે નવલકિશોર પૂરતી દેખરેખ રાખતો. નવરંગીને પણ લાગ્યું કે અત્ર કાંઇક દુઃખમાં દિલાસો છે. પરંતુ ચપલા જેવી કલાબાજ કુભાર્યાએ તેને કંઇક પણ ગુપ્ત ભેદપૂર્વક આંહીંયાં મોકલી હશે એ વિચાર જ્યારે નવરંગીના હૃદયમાં આવતો ત્યારે તેની મતિ મુંઝાઇ જતી હતી. આખરે તેની કલ્પના સત્ય ઠરી. નવલકિશોર હવે નવરંગીના સ્થાનમાં ઘડીક ઘડીક આવવા લાગ્યો. આવીને તે કોઇકવાર પ્રસ્તુત તો કોઇવાર એકાદ રસિક વાતનો આરંભ કરતો. પરંતુ જ્યારે તેને એમ માલમ પડતું કે મારા સૌંદર્ય પ્રતિ કે વાર્તાલાપ પ્રતિ નવરંગી લક્ષ માત્ર પણ નથી આપતી, ત્યારે તેને સ્વાપમાન લાગતું. તે તુર્તજ ઉઠી ચાલ્યો જતો.

નવરંગી જેવી દૃઢ વિચારની અને પવિત્રતાની પ્રતિજ્ઞાનું પાલન કરનારી યુવતીને કઇ રીતે પોતાના અંકુશ તળે લેવાય તે સંબંધી એક વખત નવલકિશોર વિચારમાળા ગુંથતો હતો તેવામાં એક વૃદ્ધ બ્રાહ્મણ ભિખારીએ આવીને નવલકિશોરને આશીર્વાદ આપ્યો.

" કેમ આવ્યો છું ? " નવલકિશોરની વિચારમાલા તુટી.

" શેઠજી ! હું ગરીબ બ્રાહ્મણ છું, મેં આ ગામમાં આપની કીર્તિ સાંભળી છે. આપ મને કાંઇક યથાશક્તિ સાહાય્ય કરશો એ આશાએ આવ્યો છું." બ્રાહ્મણ ભિખારીએ કહ્યું.

" આંહી કાંઇ સાહાય્ય મળે તેમ નથી ચાલ્યા જાઓ."

નવલકિશોરે તોછડાઇમાં ઉત્તર આપ્યો.

' દયાસાગર ! મારે કયાં હાથી ઘોડા માગવાના છે, કે આપશ્રી આમ ના કહો છો." ગરીબ બ્રાહ્મણે કહ્યું.

" આપનું નામ નવલકિશોરભાઈ ખરૂં ને ?" બ્રાહ્મણે પૂછ્યું.

" હા કેમ કાંઇ જ્યોતિષ જાણો છો ?" નવલકિશોરે પૂછ્યું.

" જી હા, એતો અમારો ધંધો કહેવાય ને કેમ ન જાણીએ ? તેમાંય વળી અમારા કુટુંબનો તો વંશપરંપરાનો એજ ધંધો છે. અમે કહેવાઇએ પણ જ્યોતિષી." બ્રાહ્મણે પૂરેપૂરૂં કહ્યું.

" વારૂ, ત્યારે કહો જોઇએ હાલમાં મારી ગ્રહદશા કેવી છે ?" નવલકિશોરે પૂછ્યું.

" આપને શું દુઃખ હોય કે ગ્રહદશા જોવરાવવી પડે. દુઃખ હોય અમારા જેવાને. આપના જેવાના પ્રારબ્ધમાં તો ઠેઠ સુધી સુખજ સમજવું. તોય આપને ઇચ્છા હોય તો મને કહેવામાં કાંઇ હરકત નથી." એમ કહી બ્રાહ્મણ જ્યોતિષીએ ટીપણું ઉકેલ્યુ.

" શેઠજી, કહું કે નહીં ? "

" હા, બેધડક કહો ? "

" બીજું બધું તો ઠીક છે, પરન્તુ હમણાં હમણાંમાં આપનું મન કંઇક ચિંતાગ્રસ્ત રહે છે. ' બ્રાહ્મણે કહ્યું !

" શા સબંધમાં." નવલકિશોરે પૂછ્યુ.

" કૃપાનાથ ! એમાં મારે મોઢે શું બોલાવો છો. આપ કયાં નથી જાણતા ?" બ્રાહ્મણે કહ્યુ.

" તોય કહો તો ખરા." નવલકિશોરે આગ્રહપૂર્વક પૂછ્યું.

" મને તો એમ લાગે છે કે આપના અંતઃકરણમાં સ્ત્રી સંબંધી કંઇક ચિંતા હોવી જોઈએ." બ્રાહ્મણુ બોલ્યો.

" શાબાશ બ્રહ્મદેવ શાબાશ !" નવલકિશોર ખુશી થતો બોલ્યો.

" એમાં શાબાશી શાની ? એ તો આમાં લખ્યું હોય તે કહેવાય !" બ્રાહ્મણ બોલ્યો.

"બીજું કંઈ?" નવલકિશોરે પૂછ્યુ.

"એ સ્ત્રીને હજી સુધી આપ વશ કરી શક્યા નથી; કેમ, ખરૂં કે નહીં?" બ્રાહ્મણે કહ્યું.

"બીજું કંઇ!"

"બીજું તે શું કહું? કહો એ સ્ત્રીનું સૌંદર્ય અનુપમ છે, જાતે બ્રાહ્મણ છે, અને વળી યુવાન છે." બ્રાહ્મણે કહ્યું.

"શાબાશ! વાહ વાહ! પણ તેનું નામ?" નવલકિશોરે પૂછ્યુ.

"આમાં નામ ન આવે." બ્રાહ્મણે કહ્યું.

"ત્યારે એ વશ કઇ રીતે થાય?"

"એનું નામ શું?"

"નવરંગી."

"અહો, ત્યારે તો આપની અને એની એકજ રાશી! વશ કેમ ન થાય? શવીજ જોઇએ?" બ્રાહ્મણ ભ્રકુટી ચડાવી બોલ્યો.

"પણ આપે કદિ તેની સાથે વાતચીતનો પ્રસંગ પાડી જોયો છે?" બ્રાહ્મણે પુનઃ પૂછ્યું.

"હા, ઘણીવાર; પરન્તુ તેની પવિત્રતા આગળ મારાથી એક પણ શબ્દ બોલાતો નથી." નવલકિશોરે કહ્યું.

"શેઠજી! આપ તો ગાંડા છો. આજના જમાનામાં સ્ત્રીઓમાં પવિત્રતા કેવી? એ તો બધો બ્હારનો ડોળ. સમજ્યાને? છતાય હુ આપને એક એવો સુલભ માર્ગ બતાવું કે, અનાયાસે એજ આપની ઇચ્છાને અનુસરે તો પછી છે કંઇ?" બ્રાહ્મણે નવલકિશોરને મોહવશ કર્યો.

"હા, હા, કહો ત્યારે." અધીરાઇથી નવલકિશોર બોલ્યો.

"પણ શેઠજી! મારૂં કાંઇ?" બ્રાહ્મણે પૂછ્યું.

"જો એ સ્ત્રી વશ થતી હોય તો આ સર્વસ્વ આપનુંજ છે ને?" નવલકિશોરે કહ્યું.

"એ ખરૂં પણ પ્રથમ કાંઇ અપાય તો સારૂં." બ્રાહ્મણે કહ્યું.

"તમને બ્રાહ્મણ લોકોને તો કોઇનો વિશ્વાસજ ન આવે, લ્યો ત્યારે." એમ કહી નવલકિશોરે પોતાની આંગળીએથી હીરાજડીત વીંટી કાઢી આપી.

શ્રીમાન્, ધીમાન્, પુત્રવાન્, આયુઃમાન્, કીર્તિમાન્, ઇત્યાદ બ્રાહ્મણે બોલવાનું શરૂ કર્યુ.

" એ પછી. પણ કહો હવે તો ખુશીને ? " નવલકિશોરે પૂછ્યું.

" જી હા, અમે તો સદાય ખુશી છીએ. " બ્રાહ્મણે હસતાં હસતાં કહ્યું.

" બોલો ત્યારે હવે. " નવલકિશોરે પૂછ્યું.

" જુઓ ત્યારે આપને હું એક વશીકરણ વિદ્યાનો મંત્ર લખી દઉં તે મંત્રનો પ્રાતઃકાલે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી, પવિત્ર થઇ લાગલાગટ નવ દિવસ જાપ કરવો. પ્રત્યેક દિવસે જપ કર્યા બાદ જે સ્ત્રીને વશ કરવાની હોય તેનું પૂર્ણ ભક્તિભાવથી દર્શન કરવું. અને જો બની શકે તો એકાંતમાં તેના મુખનાં એકાદ બે વચનામૃતો સાંભળવાં. " બ્રાહ્મણે કહ્યું.

" બસ એટલુંજ ને ? " નવલકિશોરે પૂછ્યું.

" હાજી, પરન્તુ એ મંત્ર જાપ કરતાં એટલું યાદ રાખવું, કે લગાર પણ અશુદ્ધિ કે ઉતાવળ ન થાય. તેમ નવ દિવસમાં સર્વ મળીને બરાબર સવાલક્ષ મંત્ર સખ્યા થવી જોઇએ." બ્રાહ્મણ યુક્તિપૂર્વક બોલ્યો.

" એ તો મુશ્કેલી. " નવલકિશોરે કહ્યું.

" મુશ્કેલી તો ખરી, પરન્તુ માત્ર નવજ દિવસને ? તેમ છતાંય આપનાથી ન બની શકે તો કોઇ વિદ્વાન પ્રામાણિક બ્રાહ્મણ મારફતે તે કાર્ય સધાવશો તોપણ ચાલશે. " બ્રાહ્મણ ભિખારીએ માર્ગ દર્શાવ્યો.

"વળી આપના કરતાં બીજો કોણ વિદ્વાન છે." નવલકિશોરે કહ્યું.

" આપની આજ્ઞા હશે તો સેવક યથાશક્તિ સેવા બજાવશે. " નમ્રતાપૂર્વક બ્રાહ્મણ બોલ્યો.

બ્રાહ્મણ ભિખારીએ તેજ દિવસના નવલકિશોરને ત્યાંજ મુકામ નાંખ્યો. પ્રત્યેક પ્રાતઃકાલે તે મંત્ર જાપરૂપ તેનું નિત્યકર્મ કરતો તથા નૈમિત્તિક કાર્ય પૂર્ણ થયા બાદ નવરંગી સાથે પ્રસંગાનુસાર વાત કરી, કોઇ સમયે શેષ કાળમાં માત્ર ધર્મ ચિંતનજ કરતો. જ્યારે કોઇ વખત સાંજ સમયે ધારણા મુજબ ભવિષ્યમાં જપ પ્રાપ્ત થાય, એ હેતુથી સુરજગંજનું નિરીક્ષણ કરવા નીકળી પડતો.

આઠ દિવસ પૂરા થયા માત્ર એકજ દિવસનો વિલંબ છે. એ ઉત્સુકતાએ નવલકિશોરનું મન આનન્દના ચકડોળે ચઢ્યું, પરન્તુ નવમા દિવસની સ્હવારે તપાસ કરતાં તેને માલમ પડ્યું કે બ્રાહ્મણ ભિખારી કે નવરંગી બેમાંથી એકેય છે નહીં.

વાચક ! આ બ્રાહ્મણ ભિખારી અને નવરંગી એ અન્ય કોઇ નહીં પણ પેલા સરતટપરના સંતો રામ વકીલ ને મથુરા.

ચતુર્દશ પરિચ્છેદ.

નારીયજ્ઞ.

અહીંસા પરમો ધર્મનું સત્ય સ્વીકારનારા દેશમાં ધર્મને બ્હાને હજારો અને લાખ્ખો અવાચક પશુઓ—અરે ! અજ્ઞાનતાના પ્રભાવે મનુષ્યો–નું પણ બલિદાન અપાય છે, એટલુંજ નહીં પણ એમ કરવું એ એક ધર્મકાર્ય ગણાય છે. હીંદુસ્તાનમાં અસંખ્ય ડાહ્યા ગણાતા પણ એવા માણસો છે, કે જે આ વિચારને ખરા જીગરથી પુષ્ટિ આપે છે. આવાઓ કે જેઓ શક્તિ સંપ્રદાયકો કહેવાય છે, તેઓનું પ્રસિદ્ધ બલ તો ધર્મસુધારણાના અને બહુધા બુદ્ધિવાદ ઉપર જ આધાર રાખનારા આ સપ્ત જમાનામાં નષ્ટ થયું છે, તોપણ હજી ક્યાંક ક્યાંક શક્તિવાદનાં ગુપ્ત કાર્ય સ્થાનો છે. જ્યાં ધર્મઠગ, શક્તિ ભક્તો સુરા અને આમિષનું સેવન કરી શક્તિની પ્રસન્નતા મેળવવા અનેક દુરાચારને કર્ત્તવ્ય ગણે છે.

શક્તિમતનાં આવાં ગુપ્ત કાર્ય સ્થાનોમાં અદ્યપિ અનેક ન્હાનાં ન્હાનાં બાળકો, આશ્રયને અર્થે કે વિશ્વાસ રાખી આવેલાં અનેક મનુષ્યો અને પશુઓના વધ થાય છે. પશ્ચાત્ તેનું શક્તિમાતાને સ્નેહપૂર્વક નૈવિદ્ય ધરાવવામાં આવે છે એમ કહેવાય છે.

અલમસ્તનરે જે નિર્જન સ્થળમાંથી કમલાને આપઘાત કરતી બચાવી હતી, તેજ સ્થાનમાં શક્તિસંપ્રદાયનું એક ગુપ્ત સ્થાન હતું. આ ચતુરનરે કમલાના માત્ર એકાદ બે શબ્દમાંજ તેની અસીમ ધર્મ ભક્તિ જાણી લીધી એથી તેના અંતઃકરણને રુચે એવું અને ધર્મ ભાવના સુદૃઢ થાય તેવું આ અરણ્યમાં એક સ્થાન છે તથા ત્યાં શેષ જીવન પણ પવિત્રતામાં જશે એવાં આશાજનક વચનો કહી અલમસ્તે કમલાને પોતાની સાથે લીધી.

હવે પોતાનું ભાગ્ય કંઇક ફર્યું છે, બીજું તો નહીં પરન્તુ મારી સદ્ભાવનાને પોષણ મળે તેવું આંહીયાં એક પવિત્ર સ્થાન છે, મારા દુઃખી આત્માને શાન્તિ મળશે અને જગતમાં તો નહીં પરન્તુ જગતની બહાર પણ હું મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકીશ એવી આશાએ પૂર્ણાનંદથી કમલા પણ અલમસ્તની સાથે ચાલી. અગર જો પ્રાતઃકાલ

સમીપમાં હતો તોપણ વૃક્ષથી ચ્ચીપચ્ચી રહેલા અરણ્યના અંધકારમાં બન્ને જણા આગળ વધવા લાગ્યાં, થોડીવારમાં એક ખંડેર આવ્યું. ખંડેરનાં ચારે તરફનાં ભીંતડાં પડી ગયેલાં હતાં. અલમસ્ત કરે તે ખંડેરના એક ખુણામાંથી બે પાટીયાં ખસેડયાં, અને કમલાને પોતાની પાછળ ઉતરવા કહ્યું. નીચે કેટલાંક પગથીયાં ઉતર્યા બાદ અલમસ્તને રહેવાનો ઓરડો આવ્યો; પરન્તુ ત્યાર પછીના ઓરડામાં જ્યાં બન્ને પ્રવેશ કરે છે ત્યાં કમલાની દૃષ્ટિએ એક રક્તભરીત ખાડો પડયો. તેને કમકમાટી ઉપજી. " ભાઇ ! તમે મને આંહી ક્યાં લાવ્યા ? " કમલાએ અલમસ્ત નરને પૂછયુ.

" તું છાનીમાની મારી પૂંઠળ ચાલી આવ, ભય જેવું કંઇજ નથી. " યુક્તિપૂર્વક અલમસ્ત બોલ્યો.

એટલામાં તેજ ઓરડામાં એ બન્નેને શ્યામ વસ્ત્રધારી એક યુવતી મળી. તેને " સાંજે. " એટલો શબ્દસંકેત કરી તે કમલાને પાસેના એક ગુહ્યાગારમાં મૂકી ત્યાંથી ચાલ્યો ગયો.

ગુહ્યાગારની ચારે ભીંતોપર કમલાએ નજર ફેરવી જોઇ. તેની દૃષ્ટિસમીપ સંખ્યાબંધ મનુષ્યની ખોપરીઓની ચકચકીત આંખો તરવા લાગી. કોઇ ખોપરીનાં ડાચાં ભય ઉત્પન્ન કરે તેવાં વિકરાળ તો કોઇનાં બંધ ડાચાંએ કમલાના હૃદયને ભયગ્રસ્ત કરી નાંખ્યું. થોડીવાર તેણે પોતાની આંખો બંધ કરી દીધી. પાછી ઉઘાડી જેવી તે સામેના એક ખુણામાં જાય છે ત્યાં હાથ પગ જાણે હલાવતું હોય નહીં, એવું એક હાડપીંજર તેની દૃષ્ટિએ પડયું. ગુહ્યાગારના ચતુર્કોણમાં આ દૃશ્ય જોઇ અકસ્માત કમલાથી એક ચીસ પડાઇ ગઇ. મામલો બગડશે એમ ધારી અલમસ્તે આવીને કમલાને ગુહ્યાગારમાંથી બહાર કાઢી, અને સૌગંધિક દ્રવ્યથી વ્યાપ્ત એક સુંદરાગારમાં મૂકી.

કમલાને કાંઇક શાન્તિ વળી; પરન્તુ તેના હૃદય ઉપર જે ભયંકર દૃશ્યની છાપ પડી હતી તે ગઇ નહીં. " હજી પણ મારા પ્રારબ્ધમાં દુઃખ નિર્માયલું હશે કે શું ? અથવા તો જો દૈવેચ્છાએ મારૂ મૃત્યુજ અટક્યું છે, તો કાંઇ સદાશા પણ કેમ ન રખાય ? પણ ના ના, આવું ભયકર કુસ્થાન કે જ્યાં રક્ત અને હાડ સાથેજ વ્યવહાર છે ત્યાં મૃત્યુ સિવાય બીજા શાની આશા રખાય ? આ શક્તિસ્થાન તો નહીં હોય ? હોય તો શું મનુષ્યનું રક્ત પીવા ? જે શક્તિના ઉપાસકો

આ સમગ્ર જગત્ ઉત્પન્ન થયું છે, જે શક્તિના સત્ય જ્ઞાનને અર્થે અનેક બુદ્ધિશાલીઓ પોતાની બુદ્ધિને થકવી છે, જે શક્તિના પ્રતાપે જડ ચેતનનો અસ્ખલિત વ્યવહાર નીભ્યો જાય છે અને જે શક્તિ-માતા સ્ત્રીઓનાં તો રક્ષક ગણાય છે તેજ શક્તિને અર્થે તેના ભક્તો શું આમ હત્યારા બનતા હશે ? શું શક્તિમાતા પણ રક્ષક બની ભક્ષક બનતાં હશે ? સંભવે તો નહીં; પરન્તુ મનુષ્ય બુદ્ધિની વિચિત્રતાનો વિશ્વાસ શું ? અલ્પ બુદ્ધિ મનુષ્ય અનેક આશાએ, તૃષ્ણાએ, લોભે અને લાલચે શું ન કરે ? બાપ દિકરાની હત્યા કરવા, માતા પુત્રીને હણવા, પતિ પત્નીનો નાશ કરવા, મિત્ર મિત્રનો ઘાતક બનવા, અને ભાઇ બ્હેનને હણવા જ્યાં પ્રવૃત થાય ત્યાં અજાણ્યાના મનુષ્ય જીવનની તો હદજ કેમ કલ્પાય ? અને તે પણ વળી આવાં સ્થળોએ. અરેરે ! માનવી, સૌને એકજ માર્ગે જવાનું છે તો આમ શા સારૂ અવળા, અત્યાચારો આદરતું હોઇશ ! પ્રભુ ! પ્રભુ ! ક્યાં દેવલગંજ, ક્યાં મારો દુષ્ટ સસરો, ક્યાં પેલી નદી અને ક્યાં આ મનુષ્યઘાતક સ્થાન." આટલું બોલી કમલા ડુસકે ડુસકે રડવા લાગી પુનઃ મનમાં તે ગણગણવા લાગી જો આમ પારકે હાથેજ પ્રાણઘાત થવાનો છે, તો જાતે જ શા માટે મૃત્યુને અધીન ન થવું. મરવું છે એ તો નક્કી જ છે, તો પછી વિલંબ શા સારૂ કરવો ?" એમ કહી તેણે ગળામાં વસ્ત્રની આંટી ભરાવી, અને જ્યાં બે હાથે તે ખેંચવા જાય છે ત્યાં દ્વાર ખખડયું. કમલાનો નિશ્ચય ખંડિત થયો અને પેલી શ્યામ વસ્ત્રધારી યુવતી થાળીમાં કાંઇક ખાવાનું મૂકી "નથી ખાવું" એવા કમલાના કર્ણકટુશબ્દ સાંભળતી સાંભળતી ચાલી ગઇ. પુનઃ કમલાની વિચારમાલા પ્રકટી "ના ના, હવે તો મૃત્યુ માટે પ્રયત્ન જ ન કરવો. બબ્બે વખત આમ પ્રતિરોધ અને નિષ્ફલતા ઉત્પન્ન થાય છે તો હજી પણ આ દુર્ભાગી આત્માની કંઇક જગત્ ઉપર જરૂર હશે ખરી. હવે તો પરમાત્માને અધીન વર્તવું એજ ઉત્તમ છે." પરન્તુ તેની આ ધારણામાં તે નિષ્ફળ નીવડી. તેજ દિવસે સ્હાંજે તેને રક્તભરિતકુંડ પાસે લઇ જવામાં આવી. એક પણ શબ્દ બોલ્યા સિવાય અલમસ્ત નરે તેને માત્ર સંકેતથીજ એ કુંડમાં સ્નાન કરવા સમજાવ્યું. પવિત્ર કુળમાં જન્મ પામેલી, અને વિશુદ્ધ ભાવનાનું સેવન કરનારી અબલાની કેવી દુર્દશા ! કમલા ડુસકે ડુસકે ચોધાર આંસુએ રડવા લાગી.

તેના હૃદયના ધડકારે તેના અંતઃકરણને વ્યગ્ર બનાવ્યું. અને અંતઃકરણના ઉંડાણમાં તે મૃત્યુનો જાપ જપવા લાગી. એટલામાં દુષ્ટ અલમસ્તે પેલી રંડાની સાહાય્ય લઇ કમલાને રક્તભરિત ગંધાતા કુંડમાં હડસેલી દીધી. અનાથ બિચારી કમલા કુંડમાં તરફડવા લાગી. છતાંય મૃત્યુને ચાહનારી કમલાનું મૃત્યુ જાણે દૂર ને દૂર ભાગતું હોય એમ તેને લાગતું હતું.

રક્તકુંડમાં તરબોળ થયા બાદ કમલાને બહાર કાઢી શુદ્ધ જળથી સ્નાન કરાવવામાં આવ્યું. અલમસ્તની આજ્ઞાનુસાર તેને રક્તવસ્ત્રો ધારણ કરાવ્યાં, કપાળે પીળ કરાવી, અને કેશ છુટા મૂકાવ્યા. બાદ તેને શક્તિ સ્થાનમાં લઇ જવામાં આવી. શક્તિનો ભયંકર દેખાવ, તેના એક હાથમાં રક્તથી ટપકતું મસ્તક, જોતાંજ નિર્બળ હૃદયના મનુષ્યનું કાળજું ફાટી જાય તેવું બીજા હાથમાં ચળકારા મારતું ત્રિશુલ, ત્રીજા હાથમાં અનેક મનુષ્યોનાં લોહી ચુસીને મસ્ત થએલી અને હજી પણ જાણે ક્ષુધાતુર હોય નહીં, એવી ચકચકતી અસિ, તથા ચોથા હાથમાં ઉંચી રહી મનુષ્યની પીઠ ઉપર પડવાને જાણે તલપી રહી હોય નહીં એવી ગદા, શક્તિનું વાહન સિંહ પણ મનુષ્ય ઘાતથી જાણે ટેવાઇ ગયો હોય અને જડ છતાં હમણાંજ તલપ મારશે એવો તેનો ભયંકર દેખાવ, શક્તિની અગ્નિ જેવી ચકચકતી ભયંકર આંખો, તેના કંઠનાં આભૂષણ ઉપરાંત શક્તિની શક્તિ દર્શાવતી રૂંઢમાળા, તેનાં કસકસતાં વસ્ત્રો અને ચોતરફ ક્રમ બદ્ધ ગોઠવેલાં મૃત મનુષ્યનાં મસ્તકો જોઇ કમલાનું કાળજું ચસકી ગયું.

અલમસ્તની સહાયક કુલઢાએ આવી સુરાના ત્રણ પ્યાલા શક્તિમાતાને ધરાવી, તેણે તથા અલમસ્તે તેમાંથી એક એક પ્યાલો ગટગટાવી “ લે આ માતાજીનો પ્રસાદ ” એમ કહી અલમસ્તે ત્રીજો પ્યાલો કમલા સામો ધર્યો.

“ રે ચાંડાલ ! મારા દેહને સુરાથી ભ્રષ્ટ કરવામાં તને શું લાભ છે ? મને રક્ત સ્નાન કરાવી હજીપણ ધરાયો નથી કે શું ? મને ખબર છે, કે આ શક્તિ સમીપ તારે મારો ભોગ આપવો છે તો શા સારૂં નાહક વિલંબ કરે છે. વળી તેમાં સુરાની જરૂર પણ શું છે ? ” કમલાએ કહ્યું.

“ પણ માતાજીનો પ્રસાદ લીધા સિવાય તો ચાલેજ નહીં. જ્યાં

સુધી તું માતાજીનો પ્રસાદ નહીં ગ્રહણ કરે ત્યાં સુધી કદિપણ અમારા ઉપર માતાજીની પ્રસન્નતા ઉતરે નહીં. તેમ તને પણ સત્વર સ્વર્ગ મળે નહીં. માટે પીજા " અલમસ્ત આગ્રહ કરતો બોલ્યો.

" તારા ઉપર માતાજી પ્રસન્ન ન થાય અને મને બીલકુલ પણ મોક્ષ ન મળે તેની મને ઓછી દરકાર છે. મેં મારા બાહ્ય દેહને અપવિત્ર કર્યો છે, એટલુંજ બસ છે. ઓ ચાંડાલ ! જે શક્તિના પૂર્ણ પ્રતાપે આ જગતનો વ્યવહાર ચાલે છે અને જે શક્તિ જગત્ જનની ગણાય છે ! તે કદિપણ પોતાના સંતાનોનું રક્ત ચૂસે ખરી ? તેનો તો વિચાર કર્ય. નરાધમ ! તું માનતો હોઇશ કે હું ધર્મકાર્ય કરૂં છું, પરન્તુ હું ખરેખર કહું છું કે તું ધર્મને બ્હાને આડે રસ્તે દોરવાયલો છે, તેં શક્તિનું નામ લજવ્યું છે, તારે અર્થે તેં પાપપુંજ ખડો કર્યો છે અને હજીપણ તારા આ મલિન વિચારોમાંજ તું સડયા કરે છે. મને મારા મૃત્યુનો ભય નથી પરન્તુ મને તો તારા પ્રતિની દયા ભય ઉપજાવે છે. જ્યારે તારાં કર્મોનો હું વિચાર કરૂં છું ત્યારે મને કંપારી છુટે છે. પાપ પુરૂષ ! તું ક્યારે મુક્ત થઇશ ! પ્રભુ ! પ્રભુ !" કમલા બોલી. " બાઇ ! અનાદિ કાળથી શક્તિ સંપ્રદાયમાં બલિદાન ક્રિયા અપાતીજ આવી છે. મોટા મોટા શાક્તાચાર્યોએ પણ આ ક્રિયામાં આનન્દપૂર્વક ભાગ લીધો છે. શક્તિ ભક્તોને માટે આતો એક ધર્મ કર્તવ્યઃ અરે ! પુણ્યનો માર્ગ ગણાય છે. હજી પણ ઘણા જાણીતા પુરૂષો શક્તિ સંપ્રદાયને વળગી રહ્યા છે. નારીયજ્ઞથી તો શક્તિ બહુજ પ્રસન્ન થાય છે. હું જાણું છું કે તારે બ્હાના કાઢીને છટકી જવું છે, પરન્તુ આંહી તેમ બને તેમ નથી. તારા જેવી સુંદર યુવતીનો નારીયજ્ઞ કરી માતાજીને બલિદાન આપવાનો આવો ઉત્તમ અવસર અમને પુનઃ ક્યાંથી મળે ? જો આ અસિ વડે તારો શિરચ્છેદ કરી આ વેદી ઉપરનાં કાષ્ટ પ્રકટી તેમાં તારા મસ્તકની આહુતી આપવાનું મૂહૂર્ત સમીપ આવતું જાય છે. માટે ઉતાવળ કર. પી લે આ સુરાનો પ્યાલો. " કાલમૂર્તિ અલમસ્ત બોલ્યો.

" નરપિશાચ ! તારા આવા હત્યારા વિચારનેજ માત્ર તું ન વળગી રહે ! બીજી બાજુ પણ—તપાસ. હીંદુધર્મ શાસ્ત્રમાં અહીંસાનેજ સત્ય ધર્મ કહેવામાં આવ્યો છે. અરે ! જે દેશમાં એક કીડીનું રક્ષણ કરવા લાખ્ખો પ્રયત્નો થાય છે તે દેશમાં તારા જેવા પાપી પુરૂષો આમ ગુપ્ત રીતે મનુષ્યોનો ઘાત કરે એ તે શું ધર્મ કહેવાય ?

જો તે ધર્મજ હોય તો ધર્મને ભય શાનો ? શા માટે આવા નિર્જન ગુપ્ત સ્થાનમાં તારે તારાં કુકર્મો કરવાં પડે છે ? એજ સૂચવે છે કે તારો માર્ગજ અધર્મનો છે. જો આમ હત્યા કરવાથીજ મોક્ષ મળતો હોયતો તું શા સારૂ જીવન ધારણ કરી રહ્યો છું. શક્તિને તારોજ ભોગ આપી સત્વર મોક્ષ મેળવેલી હો ને ? વળી......"

સદ્ગુરૂ સ્તવરાજ.

જ્ઞાન પ્રભાત.

(રાગ પ્રભાતીઉ.)

સદ્ગુરૂજી તણા શબ્દ શ્રવણે ધરી, અહરનીશ ચિન્તવન તેનું કરીયે,
જેથી કળીમળ ટળે પુન્યનો રવી ઉગે, તિમીર અજ્ઞાન સૌ સઘ તજીયે.
જ્ઞાનદીપ દશ દિશે ઝળહળે જ્યાહરે, પ્રેમપંથે પ્રીતથી વિચરીએ,
પુરી સમજણ થતાં પારસને પરખીયે, પુર્ણ પરીબ્રહ્મ પરીબ્રહ્મ ઉચરીયે.
સત્ય, ચૈતન્ય, આનંદમય જેહ છે, તેહને તેહને નિત્ય ભજીયે,
વિષય આદી અનીત વસ્તુઓ જેહ છે, તેહને જ્ઞાનથી તુરત તજીયે.
કઠણ સંસાર વ્યવહારને ફેડતાં, હૃદયમાં નિત્ય હરી ધ્યાન ધરીયે,
સુખ દુખ જે સમે સહેજે આવી મળે, પા રતી ગ્લાની દુખ કેમ ધરીયે.
કાર્ય કરીયે સહુ આ વ્યવહારનું, શુદ્ધતાથી તેને બક્ષી દઇયે,
એજ નિશ્ચે નકામો નહિં તાણતાં, સકળ તંતુ તેને હાથ દઇયે.
શ્વાન જેમ શકટનો ભાર ખેંચે નહીં, મમત મિથ્યા મુરખ કેમ મુકે,
પોતે પોતા તણું બુદ્ધીથી પરખી લ્યો, દેખતે ડોળે તે કેમ ન સુઝે.
જેષ્ટ સદ્ગુરૂ વિના સંસૃતી શે ટળે, જન્મ મરણાદી દુખ કેમ તજીયે,
અહરનીશ હરી ગુરૂ શેવતાં શેવતાં, પરમ દુર્લભ પદે સેહેજે પળીયે.

નડિયાદ—(મહેતા.)

કમલાને વચ્ચે અટકાવી અલમસ્ત બોલ્યો. "મારે તારી દોઢડાહી વાતો નથી સાંભળવી. જેને તું અધર્મ કહે છે એજ મારો તો ખરો ધર્મ છે. માટે ચાલ હવે વિલંબ ન કર, લે આ પ્યાલો." એમ કહી અલમસ્ત કમલાની સમીપ ગયો.

"દુષ્ટ" કમલાના મુખમાંથી એ શબ્દ નીકળતાની સાથેજ

પાસે ઉભેલી રંડાએ કમલાને નીચે પાડી અગ્નિ સળગાવ્યો. અલમસ્ત એક હાથમાં સુરાનો પ્યાલો અને બીજા હાથમાં શક્તિની તરવાર લઇ "હવે ક્યાં જવાની છુ" એમ કહેતો કમલાની છાતી ઉપર ચઢી બેઠો.

કમ્લાની નસેનસમાં ધર્મનું ઝનુન પ્રસરી ગયું ! તેણે એવા તો જોરથી અલમસ્તને ધક્કો માર્યો કે તે વેદીના સળગતા-અગ્નિ સમીપ જઇ પડયો. દરમિયાન કમલાએ સિંહણની માફક કુદકો મારી અલમસ્તના હાથમાંથી અસિ અને શક્તિનું ત્રિશુલ ખેંચી લીધાં. પેલી રંડા, જેવી પાછળથી કમલાને ઝાલવા જાય છે કે તુરતજ કમલાએ તે તરફ તરવારની ઝાપટ લગાવી. સારે ભાગ્યે રંડા બચી ગઇ. તે જીવ લઇ ભાગી. એટલામાં અલમસ્ત ઉભો થઇ કમલા સામે ધસ્યો, પરન્તુ કમલાના હાથમાં ત્રિશુલ અને તરવાર બન્ને જોઇ તે પાછો હઠયો. અને એકદમ બીજી બાજુ સાધન સંપન્ન થવા દોડી ગયો. આવો અણધાર્યો બનાવ જોઈ શક્તિમાતાના ઘણા એક ભક્તો કે જેઓ આ નારી યજ્ઞના પ્રસંગ ઉપર એકઠા થયા હતા, તેઓ પાસેના ખંડમાં ગરબડાટ મચાવા લાગ્યા. ગરબડાટનો આ ધ્વનિ કમલાના કર્ણ ઉપર પડયો, તેણે ચોતરફ નજર ફેરવી જોઇ, પરન્તુ ત્યાં જવાનો માર્ગ તેને માલમ પડયો નહીં. એટલામાં તેની દષ્ટિ એક ખુણામાંની તડમાંથી નીકળતા પ્રકાશના કિરણ ઉપર પડી. તેણે ખુણા ઉપરના-ત્રિકોણાકાર દ્વારને ખેડવ્યું. ત્યાંતો શક્તિમાતાના ભક્તોમાં નાસભાગ થવા લાગી. કમલા ગઇ ત્યાં તેની દષ્ટિએ માત્ર ગાદીતકીયા, સુરાના પ્યાલા અને શીશા સિવાય કાંઇજ બીજુ ન પડયું. આ સ્થાનનો ત્યાગ કરી પુનઃ તે પ્રથમના સ્થાનમાં આવી. ત્યાંથી પેલા સુંદરાગારમાં જઈ, અલમસ્ત અને પેલી રંડાની તપાસ કરી; રાહ પણ જોઇ, પરન્તુ ઉભયમાંથી એક પણ નજરે પડયાં નહીં. વધારે તપાસ કરવાનું છોડી દઇ શક્તિમાતાની પ્રસાદિ તરીકે ત્યાંથીજ પુરૂષ વસ્ત્ર અને તરવાર લઇ પુરૂષ વેશમાં આ પાપ સ્થાનનો તેણે ત્યાગ કર્યો.

પંચદશ પરિચ્છેદ.

આશ્રમમાં યોગ ચર્ચા.

સરતટપરના સંતો રામ વકીલ ને મથુરા સૂર્યોદય થતા થતામાં મંગલગીરિના આશ્રમે આવી પહોંચ્યાં. આશ્રમની સમીપમાંજ વહેતી સુંદર સરિતા, આમ્ર, કદંબ, કદલી, ન્હાની ન્હાની લીમડીઓ, પૂજાર્હ પીંપળો, પવિત્ર ગણાતા વૃંદાના છોડવાઓ અને અનાયાસેજ ઉગી નીકળેલા મોગરો, ગુલાબ, જાઇ, જુઇના પુષ્પભરિત સૌગંધિક છોડવાઓ, સદૈવ સ્વચ્છજ રહેતી આશ્રમની પવિત્ર ભૂમિ, આશ્રમની મધ્યસ્થ આવી રહેલી યજ્ઞવેદી, યજ્ઞવેદીમાંના સૌગંધિક હુતદ્રવ્યોનો પુષ્પની સુગંધી સાથે થતો સંન્નિકર્ષ, જોતાંજ હૃદયમાં પવિત્રતા સ્કુરે એવી મંગલગીરિની પર્ણકુટી, પર્ણકુટીના પાછળના ભાગમાં આવેલી ગોશાળા, આશ્રમથી થોડે દૂર ફરતાં જાણે મંગલગીરિનું શિષ્યવૃંદ હોઇ આશ્રમસ્થજ લાગતાં સુંદર હરિણો, પ્રભુનાં યશોગાન કરતાં હોય એવાં વૃક્ષ ઉપરનાં શુક, કોકિલ, કૌઆ ઇત્યાદિ પક્ષીઓ, કવચિત્ કવચિત્ મંગલગીરિના મુખમાંથી નીકળતો ૐકારનો અને શાન્તિનો પવિત્ર ધ્વનિ, આ સૌ આશ્રમની શોભામાં અભિવૃદ્ધિ કરનારાં હોઇ આશ્રમના આભૂષણરૂપ હતાં.

રામ વકીલ અને મથુરા આવ્યાં ત્યારે મંગલગીરિ મહાત્મા નિત્ય કર્મથી મુક્ત થઇ, પુનઃસ્નાનાર્થે અને જલાર્થે સરિત તટપર જવાની તૈયારીમાં હતા. એટલામાં આશ્રમમાં અતિથિ આગમન જોઇ નિવૃત્ત થયા અને બોલ્યા.

“ સ્વાગતમ્ સંતો ! ”

મંગલગીરિના આવા મીઠા શબ્દો સાંભળી રામ વકીલ અને મથુરા ઉભયે તેમને દંડવત્ કર્યા મંગલગીરિએ “કલ્યાણ” એ શબ્દથી સ્વકર્તવ્ય બજાવ્યું.

“ આપનું અભિધાન ” ? મંગલગીરિએ પૂછ્યું.

પ્રત્યુત્તરમાં રામ વકીલે અથેતિ વૃત્તાંત કહી સંભળાવ્યું, ને કહ્યું કે “ મહારાજ ! આવી પરિસ્થિતિમાં મથુરાને આ અભય સ્થાનમાં આશ્રય મળશે એવી ઇચ્છાથી અમો અત્ર આવ્યાં છીએ. ”

"વારૂ પરન્તુ ગૃહસ્થ પુત્રીને અરણ્યના વ્યવહારમાં વસવું કઠિન તો લાગશે." મંગલગીરિ બોલ્યા.

"સ્વામીજી! કઠિનતા એ તો મારા આત્માનો ધર્મજ છે. સરલતા અને સુખ તો ઉલટું મને દુઃખ દે છે." મયુરાએ કહ્યુ. તે દિવસ તો રામ વકીલ આશ્રમમાં રહ્યા બીજે દિવસે પ્રાતઃકાલે મંગલગીરિને પ્રણામ કરી તેમણે દેવલગંજનો માર્ગ લીધો. મયુરા આશ્રમમાં રહી.

મયુરાના આત્માને દિનપ્રતિદિન મંગલગીરિની વિશુદ્ધિના સહવાસથી અને પવિત્ર આશ્રમના વાતાવરણથી શાન્તિ થવા લાગી. થોડાજ સમયમાં તેણે પૂર્વનાં કષ્ટોને પોતાના સ્મરણમાંથી દૂર કર્યા. મંગલગીરિની સાધુતા, તત્વ જ્ઞાનમાં અસીમ રમણતા, શાસ્ત્રનું તલસ્પર્શી જ્ઞાન, યોગમાં અચલતા, અધ્યાત્મમાં એકતા, કર્ત્તવ્યમાં દૃઢતા, આતિથ્યમાં ઉદારતા, સર્વ પ્રત્યે સમાનતા, અને સાત્વિકતા જોઇ મયુરાનું અંતઃકરણ ધર્મસેવન પ્રતિ વળ્યું. ન્હાનપણમાંના તેના ધાર્મિક અંકુરોને મંગલગીરિ જેવા મહાત્મા તરફનું યોગ્ય પોષણ મળતાં પ્રદિપ્ત થયા. મંગળગીરિનાં નૈમિત્તિક કર્મમાં તેમજ કોઇ કોઈ સમયનાં યોગો ધ્વહન કર્મમાં તે એક ચિત્તથી જોઇ રહેતી; એટલુંજ નહી પરન્તુ જ્યારે સ્હાંજ સમયે મંગલગીરિ ધર્મ પ્રવચન કરતા ત્યારે તેને તે અક્ષરશઃ પોતાના હૃદયમાં કોતરી રાખી શયન સમયે તેની આલોચના કરતી. આશ્રમના કાર્યભારમાંથી નિવૃત્ત થઇ નિરર્થક કાલક્ષેપ ન કરતાં મંગલગીરિએ સ્વઅર્થે રાખેલાં ગણ્યા ગાંઠયાં પરન્તુ ઉત્તમોત્તમ ધાર્મિક પુસ્તકોમાંથી રુચિ અનુસાર એકાદ પુસ્તક લઇ તેનું વાચન કરતી. આમ કાલની ગતિ સાથે મયુરામાં ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ થવા લાગી કોઇ કોઇ સમયે તે પોતાના અંતઃકરણમાં ઉદ્‌ભવતી શંકા મંગલગીરિને પૂછી તેનું નિવારણ કરતી. મંગલગીરિ પણ પૂર્ણ ઉત્સાહથી પૃચ્છકને સંતોષ ઉપજે અને તેના હૃદયમાં યથાર્થ ઠસે એવી છટાથી તેનો ખુલાસો કરતા. શિષ્યાની ધર્મ જ્ઞાન પ્રાપ્ત કરવાની અવિરત ત્વરીત ગતિ, ડહાપણ, વિવેક, ગુરૂભક્તિ અને અવિતંડા તથા ગુરૂની શિષ્યા પ્રતિ ઉદ્‌ભવતી સ્વાભાવિક વત્સલતા, તેના હૃદયમાં પવિત્ર ધર્મ સ્થાપન કરવાની ઉત્સુકતા, તેને સત્ય માર્ગમાં પ્રેરવાની દૃઢતા અને શ્રમતાઃ અર્થાત્ ઉભયમાં પરસ્પરને યોગ્ય યોગ્યતા હતી.

અનધ્યાયની એક પૂર્ણિમાએ ગુરૂશિષ્યા બન્ને આશ્રમના ચોકમાં ચંદ્રનાં શીતરશ્મિ લેતાં ધર્મની પ્રકીર્ણ ચર્ચા કરતાં બેઠેલ છે; તેવામાં મયુરાએ કહ્યું.

" ગુરૂજી ! આપ ભલે ગમે તેમ કહો પરન્તુ મને તો ગૃહસ્થ જીવન કરતાં સાધુ જીવન શ્રેષ્ટ લાગે છે. કારણ કે ગૃહસ્થ જીવનના કડવા અનુભવો, સંસાર વ્યવહારની સંકડામણમાં નાંખતી જાલો, મનુષ્યને કુકર્મમાં પ્રેરવા ઉશ્કેરતી સંસારની આંટી ઘુટી, સ્વાર્થ લોભ, ઇત્યાદિ આંતર શત્રુઓને સાહજિક ઉત્પન્ન કરનારાં આવરણો, કાર્ય સાધવાની ઉત્સુકતાના ભોગે હૃદયમાં ઉદ્‌ભવતી નાસ્તિકતા, પ્રભુની અવગણના, વાક્‌પટુતાની સરલતાથી પાપ પુણ્યની સમાનતા સિદ્ધ કરવા હૃદયમાં ઉત્પન્ન થતી નિર્માલ્ય ભાવના; તેથી જરૂર જન્મ પામતી દયાહીનતા અને પરમાર્થ પ્રતિની વિમુખતા: એ સર્વ મેં સંસારમાં જોયું છે. સાધુ જીવનની પવિત્રતા તો અનુપમ છે. અહા ! કેવું સત્વતા અને વિશુદ્ધિ પ્રેરક જીવન ! આત્માને સદાનંદમાં રમણ કરાવતી કેવી પવિત્રતા ! સરલતા સમાનતા અને આસ્તિકતા આ સર્વ પવિત્ર સાધુ જીવન સિવાય અન્યસ્થ કયાં છે ? શુદ્ધ જ્ઞાન અને વિવેકતો સાધુ દષ્ટિ માંજ હોય છે. આંતરિક શત્રુઓને વિદીર્ણ કરનાર સાધુ જીવન સિવાય બીજું કયું પવિત્ર જીવન છે ? વાસનાઓ ઉપર જય પ્રાપ્ત કરી અચ્યુત પદ પ્રાપ્ત કરવા માટે જો સાધુ જીવન ન હોય તો બીજી કઈ રીતે જીવનનો ભવિષ્યવાદ રચાય તેમ છે ? સાપેક્ષ પ્રવૃત્તિરૂપ નિવૃત્તિ તો સાધુતામાંજ છે. સંસારમાં પણ કોઇ કોઇ સરલવૃત્તિનાં જોવામાં આવે છે તેઓને શિખામણનો પાઠ જો સાધુ જીવન ન હોય તો કોણ શિખવે ? અરણ્યમાં આ પર્ણકુટી સમીપ સ્વર્ગ પણ તુચ્છ ત્યાં ગૃહસ્થવર્ગના પ્રાસાદોનો તો શું હિસાબ ? જ્યાં વિદ્યારૂપીજ ધન સતત વહ્યા કરે ત્યાં ક્ષણિક બિચારી લક્ષ્મીનું શું ગજું ? વાહ ! કેવું સુંદર સાધુ જીવન ? " મયુરા બોલતી બંધ થઇ.

" મયુરા ! હું જાણું છું કે અત્યાર સુધી તેં સંસારમાં જ્યાં ત્યાં કટુતાજ જોઇ છે. બાકી એમ ન સમજતી કે સંસારમાં તું કહે છે તેમ બધેય વિષ પ્રસરેલું છે. ખરૂં છે કે ગૃહસ્થ જીવન અને સાધુ જીવન ઉભયમાં તું કહે છે તેટલુંજ અંતર છે. પરન્તુ ગૃહસ્થ જીવનમાં પણ સાધુ જીવન નજ પ્રાપ્ત કરી શકાય એવું તો નથીજ. ધર્માનુસાર વ્યતીત થતું ગૃહસ્થ જીવન એ સાધુ જીવનજ છે. ગૃહસ્થ જીવનનોજ

સ્વીકાર કરી જનક રાજાની માફક જીવન્મુક્ત થએલાં ઘણાંએ દષ્ટાંતો ધાર્મિક ઇતિહાસમાંથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે. જગત્ કલ્યાણમાંજ સમગ્ર જીવનનો ભોગ આપનારા મહાપુરૂષોનાં જીવન શું સાધુ જીવન નહીં કહેવાય ? વાસ્તવિક તો એજ છે, કે જો મનુષ્ય ધારે તો ગૃહસ્થ જીવનમાં પણ સાધુ જીવન મેળવી શકે. " મંગલગીરિએ કહ્યું.

" ગુરૂવર્ય ! આપ કહો છો તે ખરૂં પરન્તુ ઘણીવાર મનુષ્યના વિચારનું એવું બંધારણ પરિસ્થિતિને અનુસાર નથી બનતું. એમ છે, તો વ્યાવહારિક કાર્યોમાં અંતઃકરણને પ્રેર્યા કરવું અને સાધુજીવન વ્યતીત કરવું; આમ પરસ્પર વિરૂદ્ધ ગુણદર્શક ભાવોનું ઐક્ય કઇ રીતે સંભવે ? વળી જ્યાં સદાય પ્રવૃત્તિ યત્નજ જવલ્યા કરે ત્યાં નિવૃત્તિ કઇ રીતે મળે ? જ્યાં સતત સત્યની ઇચ્છા છતાં અસત્યજ બોલી જવાય, ધર્મ પાલન કરવાની અડગ ધારણા છતાં અધર્મજ સેવાઈ જવાય, જ્ઞાનની ત્વરીત ઇચ્છા છતાં અજ્ઞાનજ પ્રાપ્ત થતું જાય અને અનેકાંત ભાવનાનો પ્રયત્ન કરતા છતાં એકાંત ભાવનાનોજ સ્વીકાર થઇ જાય ત્યાં કેમ કરીને સાધુજીવન તે ગળાય ? " મયુરાએ પૃછ્યુ.

" મયુરા ! ખરી વાત કે ઘણીવાર મનુષ્યના વિચારનું બંધારણ પરિસ્થિતિને અનુસરતું હોય છે, પરન્તુ એ પરિસ્થિતિને અનુકૂલ વર્તતા છતાં મનુષ્યે કાર્યસાધક થવું એજ તેનું મનુષ્યત્વ છે. તને સંસારમાં જે આટલા બધા પ્રત્યવાય લાગે છે તેનું સત્ય કારણ તારા અંતઃકરણની અનિશ્ચિત વૃત્તિઃ એજ છે. અગર જો તારી પવિત્ર ભાવના સર્વોત્કૃષ્ટ છે. તદપિ તારા અંતઃકરણમાંથી હજી મોહ વૃત્તિ નષ્ટ નથી થઇ. જ્યાં સુધી તારી ચિત્તવૃત્તિમાં નિયમપાલન કરવાનું સામર્થ્ય નહીં આવે ત્યાં સુધી તારા ડગુમગુ વિચાર રહેવાનાજ. પરન્તુ જો ચિત્તવૃતિની સ્થિરતા થશે તો પછી તને સંસાર અને અરણ્ય, સુખ અને દુઃખ, શોક અને આનન્દ ઇત્યાદિ સમાન લાગશે. સર્વ પ્રાણી માત્ર ઉપર તારી દૃષ્ટિ સર્વવ્યાપકરૂપે સમાન વિસ્તરશે, એટલુંજ નહીં પરન્તુ તારો આત્મા ત્રિગુણાતીત થઇ અખંડાનંદ અનુભવશે. " મંગલગીરિએ કહ્યું.

" ત્યારે ચિત્તવૃત્તિની કઇ રીતે સ્થિરતા થાય ? " મયુરાએ પૂછ્યું.

" યોગથી. " મંગલગીરિએ કહ્યું.

" ગુરૂજી ! શબ્દમાત્રથી કેમ સમજાય ? " મયુરા બોલી.

" મનુષ્ય વારંવાર પોતાને હું એ નામથી સંબોધે છે તેને, તથા અમુક પ્રાણી પદાર્થથી મારૂં વ્યક્તિત્વ ભિન્ન છે એમ તે પોતાનામાં રહેલી કોઈ એક શક્તિથી વિચારે છે તેને, તથા મનુષ્યની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની શક્તિને એકત્ર કરનાર મનુષ્યમાં રહેલી કોઇ શક્તિ: તેને શાસ્ત્રમાં અહંકાર, બુદ્ધિ અને ચિત્ત કહે છે. મનુષ્યના શરીરનો આત્માનો ચિત્ત, બુદ્ધિ અને અહંકાર સાથે સંન્નિકર્ષ છે. પરન્તુ ચિત્ત, બુદ્ધિ અને અહંકાર જેનું એકત્ર નામ લિંગ દેહ છે, તેનો જ્યારે ક્ષય થાય છે ત્યારેજ હું કહું છું તેમ આત્મભાવના પ્રકટે છે. આને જ યોગ કહેવામાં આવે છે." મંગલગીરિએ કહ્યું.

" લિંગદેહનો ક્ષય શી રીતે થાય ? " મથુરાએ પૂછ્યું.

" ચિત્તદ્વારા. " મંગલગીરિએ કહ્યું.

" જ્યાં ચિત્તવૃત્તિનોજ ક્ષય કરવો છે ત્યાં પુનઃ તેને સાધન તરીકે કેમ ગ્રહણ થાય ? " મથુરાએ પૂછ્યું.

" આ સર્વમાં કારણભૂત ચિત્ત છે. ચિત્તનો ક્ષય થાય એટલે આપોઆપ લિંગદેહ પણ નષ્ટ જ થાય. સાધારણત; ચિત્તમાં બે પ્રકારની વૃત્તિઓનો ઉદ્દ્ભવ થાય છે તેને શાસ્ત્રમાં સમાહિતવૃત્તિ અને વ્યુત્થિત વૃત્તિ કહેવામાં આવે છે કે જે પ્રત્યેકથી અનુક્રમે પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા, સ્મૃતિ, અવિદ્યા, સંસ્કાર, રાગ, અને દ્વેષ ઇત્યાદિ સારાસાર વિચાર રૂપ ગૌણવૃત્તિઓ પ્રકટે છે. આ સર્વને અંકુશમાં લવાય અર્થાત્ જ્યારે તેનો નિરોધ થાય ત્યારે લિંગદેહનો ક્ષય થાય. " મંગલગીરિએ કહ્યું.

" હૃદયમાં પ્રતિકૃતિ રૂપે દૃઢ થએલી ચિત્તવૃત્તિનો આમ સહજમાં કેમ નિરોધ થાય ? " મથુરાએ પૂછ્યું.

" સમાહિત અને વ્યુત્થિત ઉભયપ્રકારની વૃત્તિઓ વ્યક્તિગત ભિન્ન ભિન્ન છે. કેટલાંકમાં આદિથીજ બીજ રૂપે સમાહિત વૃત્તિઓ હોય છે, જ્યારે કેટલાંકમાં આદિથી બીજ રૂપે વ્યુત્થિત વૃત્તિઓ હોય છે. વ્યુત્થિત વૃત્તિઓ જેનામાં વ્યાપ્ત છે તેના કરતાં સમાહિત વૃત્તિથી અંકાયલાં મનુષ્યો શ્રેષ્ઠ છે એ ખરૂં, પરન્તુ ઉભય વૃત્તિઓનો ત્યાગ તો જરૂરનોજ છે. આ અર્થે શાસ્ત્રમાં અષ્ટાંગ યોગનું સેવન અત્યુત્તમ માન્યું છે. વળી આ ઉભય પ્રકારની વૃત્તિઓના નિરોધ અર્થે અન્ય

માર્ગ પણ નિર્દિષ્ટ છે. તે એ કે જેનામાં બીજ રૂપે માત્ર સમાહિત વૃત્તિઓ હોય છે અર્થાત્ જેનું અંતઃકરણ સહજ ઉચ્ચ ભૂમિકાગત છે તેઓ સતત રીતે અભ્યાસ અને વૈરાગ્યના સેવનથી એ વૃત્તિઓનો અટકાવ કરી શકે છે. અને જેઓમાં બીજ રૂપે વ્યુત્થિત વૃત્તિઓ કે જેનું મૂળ જન્મસ્થાન અવિદ્યા છે તેને ત્યાગવાનો ઉત્તમોત્તમ ઉપાય એ છે, કે જ્યારે જ્યારે ચિત્તમાં અશુભ વાસનાનો જન્મ થાય ત્યારે ત્યારે તે વાસનાથી વિરોધ ભાવનાયુક્ત વિચારોને અંતઃકરણમાં જન્મ આપવો અર્થાત્ શુભ વાસનાઓનું ચિંતન કરવું. એટલે તુર્ત તો નહીં, પરન્તુ ક્રમે ક્રમે વ્યુત્થિત વૃત્તિઓ તદ્દન બલહીન થઇ જશે. તેનું મૃત્યુ થશે." મંગલગીરિએ કહ્યું.

"પણ તેથી ચિત્ત નિરોધ સહજ તો ન પ્રાપ્ત થાય ?" મધુરાયે પૂછ્યું.

"કેમ નહીં ? અભ્યાસ અને વૈરાગ્યના અવિરત પ્રવાહમાં વહેવાથી તેમજ અશુભ ભાવનાના રોધક શુભ વિચારોના નિરંતર સેવનથી ચિત્ત તે તરફ વળે છે. અન્તે તે તન્મય થઇ જાય છે. અગર જો આ કાર્યમાં પણ વ્યાધિ, જડત્વ, સંશય, પ્રમાદ આલસ્ય, ભ્રાંતિ ઇત્યાદિ અંતરાય નડે છે, પરન્તુ તેને એકાંત તત્વ ચિંતન, સંત સમાગમ, સાત્વિક ભાવ, જ્ઞાનની જિજ્ઞાસા, નિરામય આનન્દ અને વિષયની બહિર્મુખતાથી દૂર કરવા જોઇએ." મંગલગીરિએ કહ્યું.

"ત્યારે યોગનાં અષ્ટાંગ કયાં કયાં ?" મધુરાએ પૂછ્યુ.

"યોગ માર્ગમાં પ્રવેશવાનાં તેનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગ છે. જેમાં પ્રથમનાં પાંચ એ બહિરંગ સાધન ગણાય છે. જ્યારે બાકીનાં ત્રણ એ અંતરંગ સાધન કહેવાય છે. પ્રથમનામાં સર્વ પ્રાણી માત્ર ઉપર દયા રાખવીઃ તે અહીંસા, સત્ય, અસ્તેય એટલે ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, અપરિગ્રહ; જ્યારે દ્વિતીય અંગમાં પવિત્રતા, સંતોષ, નૈમિત્તિક કર્મ, ઇષ્ટદેવ સ્મરણ અને અધ્યયનને અવસ્યનું ગણવામાં આવ્યું છે. સિવાય આસનદ્વારા શરીરને નિયમિત કરવું; પ્રાણાયામદ્વારા શ્વાસોચ્છ્વાસની ક્રિયાની સ્વાભાવિકતા ઉપર અંકુશ લાવી તેની ગતિને ઇચ્છાનુસાર બનાવવી; પ્રત્યાહાર દ્વારા સાંસારિક માયા યુક્ત પદાર્થોમાંથી ચિત્તને ખેંચી લેવું; ધારણાદ્વારા ઇચ્છિત પ્રદેશમાં ચિત્તની ગતિ

કરાવવી, ધ્યાનદ્વારા ધ્યેય અને ધ્યાતાની એકરૂપતા કરવા મંથન કરવું અને ધ્યાનના અવિરત સેવનથી તથા અહંત્વના ત્યાગથી સમાધિદ્વારા ધ્યેયમાં અદ્વૈતતાનું આરોપણ કરવું; અર્થાત્ ધ્યેય, ધ્યાતા અને ધ્યાન એ ત્રિપુટીનું ભાન ભૂલી જઇ માત્ર ધ્યેયરૂપજ થવું. યોગીની આ અંતીમ સ્થિતિને મુક્તિ કે નિર્વાણ કહેવામાં આવે છે. આવી રીતે યોગારૂઢ થએલો સિદ્ધ–મનુષ્ય–અનેક મહાન્ સિદ્ધિરૂપ કાર્યો કરી શકે છે; ક્ષુધા–તૃષાને તે અનેક દિન પર્યંત કબ્જે રાખી શકે છે; અપાર–શારીરિક બલ મેળવે છે; અનેક કષ્ટો સહન કરી શકે છે; ઇચ્છાનુસાર ગમન કરી શકે છે; શરીરને અગ્નિ જેવું તેજસ્વી તથા હલકું કે ભારે બનાવી શકે છે. આકાશ ગમન અને પરકાયા પ્રવેશ કરી શકે છે. સિવાય પ્રાણી માત્રની ભાષાનું જ્ઞાન, ચિત્તજ્ઞાન, શારીરકજ્ઞાન, જન્મ મૃત્યુજ્ઞાન, પુનર્જન્મજ્ઞાન, ગગનજ્ઞાન, ત્રિલોકજ્ઞાન, દિવ્ય શ્રોત્રજ્ઞાન તથા સિદ્ધદર્શન અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે." મંગલગીરિએ કહ્યું.

"શું યોગથી યોગીઓ આવી અસીમ શક્તિ પ્રાપ્ત કરી શકે છે?" મધુરાએ આશ્ચર્ય સાથે પૂછયું!

"હા. પણ આ સર્વ સિદ્ધિઓ યોગીને પ્રાપ્ત થવાથી તેને બહુ આનન્દપૂર્વક આશ્ચર્ય લાગે છે. પરન્તુ જો તેનો ઉપયોગ વિષયભોગદ્વારા કે અન્ય સાંસારિક કાર્યોદ્વારા કરવામાં આવે તો તેમાંથી તમોગુણ અને રજોગુણની વૃદ્ધિ થઇ અંતઃકરણમાં પ્રાપ્ત થએલું સિદ્ધબલ ક્ષીણ થવા લાગે છે. અને સાત્વિક ભાવ નષ્ટ થઇ જાય છે. અર્થાત્ યોગનું અંતીમ ફલ પ્રાપ્ત કર્યા સિવાય યોગી યોગ ભ્રષ્ટ થાય છે." મંગલગીરિએ કહ્યું.

"પરન્તુ મને નથી લાગતું કે જ્ઞાન અને ધ્યાનની અંતીમ સ્થિતિએ પહોંચ્યા બાદ કોઇ પોતાની શક્તિને આમ વ્યર્થ ગુમાવે." મધુરાએ કહ્યું.

"ભૂલ છે. સમાધિદ્વારા જ્યાં સુધી ધ્યેયમાં તદાકાર વૃત્તિ નથી થઇ ત્યાં સુધી કારણરૂપ વાસનાઓનો ક્ષય થઇ શકતો નથી. આ કારણ વાસનાઓ સમાધિ સમયે ઉદ્ધૃત બની યોગીને યોગ ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. જો આવી વિષમાવસ્થામાં કદાચ યોગીની ચલ વિચલ વૃત્તિ થાય તો ત્યાંથીજ તેના યોગભ્રષ્ટપણાનો આરંભ

થાય છે. ચલ વિચલ વૃત્તિથી અસમાનતા, અસમાનતાથી રાગ, રાગથી વિવેક નાશ, અને વિવેક નાશથી બુદ્ધિભ્રંશનો ઉદ્ભવ થાય છે. આમ ઉત્તરોત્તરયોગી અધમ શક્તિ મેળવતો જાય છે. અને અંતે તે પોતાનું સર્વ સામર્થ્ય ગુમાવી બેસે છે." મંગલગીરિએ કહ્યું.

"બહુજ અધમતા!" મયુરા બોલી.

"મયુરા! સત્વતાથી સત્વતા ઉત્પન્ન થતાં વિલંબ થાય છે. પરન્તુ મલિનતાથી મલિનતા ઉત્પન્ન થતાં વિલંબ નથી થતો. સત્વતા પ્રાપ્ત કરવાને જે મહાયાસ કરવો પડે છે તેવો મહાયાસ મલિનતાને અર્થે નથી કરવો પડતો. તે તો અનાયાસેજ પ્રાપ્ત થઇ શકે છે. એટલુંજ નહીં પરન્તુ તે કેટલીકવાર મનુષ્યને એવા મોહમાં નાખી દે છે, કે અનિચ્છાએ જાણતા છતાં પણ તેને તેનું સેવન કરવાની પ્રબળ ઇચ્છા થાય છે. આમ મનુષ્ય જીવનની વિશુદ્ધતામાં પણ અનેક પ્રસંગોમાં અનેક રીતે મલિનતા ઉત્પન્ન થઈ મનુષ્યને વિષમતારૂપી વિષમાં નાખે છે. મયુરા! ઉન્નતિશૃંગ પ્રાપ્ત કરવું બહુ દુર્લભ છે. સાધુજીવન વ્યતીત કરવું, તેના નિયમો નિયમનુ યથા વિધિ પાલન કરવું, સંસારમાં રહ્યા છતાં વિરક્તપણું ગાળવું, સંસારનાં કાર્યવહન કરતાં છતાં નિર્મોહવૃત્તિ રાખવી, ઉત્તમોત્તમ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી નિર્મદ પણે વર્તવું અને અલભ્ય એકતા અનુભવવી એ કાંઇ સહજ નથી. આ સંસિદ્ધિ અર્થે તો અનેક મહાનુભાવોએ કષ્ટ પરંપરા સહી છે, તોપણ કોઇ મહાઆત્માએજ એમાં યશ મેળવ્યો છે." મંગલગીરિએ કહ્યું!

"ગુરૂવર્ય! આપ જાણો છો કે હવે હું વ્યવહારની અસારતાથી વિમુખ થવા ઇચ્છુ છું. જ્યાં સુધી મારી મા હતી ત્યાં સુધી મારા આત્માને વિશ્રામ હતો, પરન્તુ તેનું સ્વર્ગ ગમન અને દુષ્ટ મન્મુખરાયની ધૂર્તકલા જાણી સંસારમાંના વર્તમાન અને ભવિષ્યના મારા સર્વ વ્યવસાયોથી મારે સુદૂર રહેવું એજ મારી દૃઢ ઇચ્છા છે. વળી મારૂં સદ્ભાગ્ય છે, કે મારાં માત પિતાએ પત્ની ધર્મથી મને વિહીન રાખી છે, એટલે એ પણ મને મારી ઇચ્છામાં અને ધર્માભ્યાસમાં સરલતા રૂપ છે. હું યોગના ગૂઢ પ્રદેશમાં કે શાસ્ત્રોના ગંભીર સાગરમાં રમણ કરી શકીશ કે નહીં એ કહેવું એ અત્યારે તો મિથ્યા છે તોપણ મારી એટલી તો ઇચ્છા છે કે આપના પ્રતાપે તે માર્ગ પ્રાશથી જોઇ શકાય તો ઠીક." મયુરાને યોગ જિજ્ઞાસાવૃત્તિ ઉદ્ભવી.

" મયુરા ! તારી ઇચ્છા સાર્થ છે. પરન્તુ તારૂં વય હજી યોગ માર્ગ કે શાસ્ત્રોના અગમ્ય વિચારોને ગ્રહણ કરવાને યોગ્ય નથી. સાધારણતઃ વયની યોગ્યતામાંજ બહુધા ધર્મની યોગ્યતા રહેલી છે. તારૂં આ આત્મ મંથનરૂપી વય જેવા ધર્મમાર્ગને ઇચ્છે છે તેવા ધર્મ માર્ગને હજી યોગ્ય નથી. છતાંય કદાચ તું તે યોગ્યતા ધારણ કર, તોપણ તેમાં પૂર્ણ ફલ પ્રાપ્ત કરવું એ સહેલ નથી. માટે હાલ તો તું પવિત્ર ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર. મહાપુરૂષોએ કહેલા ધર્મ, અર્થ કામ અને મોક્ષની પવિત્ર ભાવનાને તારા અંતઃકરણમાં ઉતાર ? વળી પવિત્રતા સાચવવી કે નહીં એ તારા હૃદયનું કાર્ય છે. આ આશ્રમમાં હોઇશ, કે વ્યવહારમાં રચીપચી કોઇ પ્રાસાદમાં વસતી હોઇશ તોપણ ત્યાં અંતઃકરણ તો એનું એજ રહેવાનું. એટલે હમણાં તો તું સંસારમાં પ્રવેશ કરી તેમાં રહેલાં શીતતા અને આતપ જો. " મંગલગીરિએ મયુરાની કસોટી કાઢવા પૂછયું.

" ગુરૂજી ! સર્વ સત્ય, પરન્તુ હું તો માત્ર આપની કૃપા ચાહું છું " મયુરાએ કહ્યું.

" જો તારી અંતરેચ્છા એવી છે તો હું તો મારૂં કર્તવ્ય બજાવીશ, પણ હવે આજ તો બહુ સમય વ્યતીત થયો, માટે ચાલો આશ્રમમાં જઇએ. " મંગલગીરિએ કહ્યું.

" આપની ઇચ્છા " મયુરા બોલી

મંગલગીરિ આગળ ચાલ્યા અને મયુરાને મૃગચર્મ લેતાં લગાર વિલંબ થયો; એટલામાં એક ઘોડેસ્વારે આવી તેનું કાંડુ ઝાલ્યુ.

ષોડશ પરિચ્છેદ.

અધઃપતન.

" પ્રિયવત્સ ! મેં તારૂં પૂર્વજીવન કહ્યું અગર જો તે સર્વાંશે સત્ય છે તથાપિ હું તને પૂછું છું કે તેમાં કાંઇપણ ન્યુનતા હોય તો કહે ? કર્મયોગીએ કહ્યું.

" ના કંઇજ નહીં, પરન્તુ મને કૃપા કરીને કહેશો કે આપે તે શી રીતે જાણ્યું ? " સન્મુખે પૂછ્યું.

" વત્સ ! એ અધિકાર હજી તને આપ્રીય છે. જ્યાં સુધી તારી અંતઃકરણની ચલ વિચલ વૃત્તિઓ સ્થિર નથી થઇ, જ્યાંસુધી તારા હૃદયમાંથી ચપલાનું વિસ્મરણ નથી થયું, જ્યાંસુધી તારી નસેનસમાંથી અશુભ વાસનાનાં પરમાણુઓ નષ્ટ નથી થયાં અને જ્યાંસુધી આ જગતના કેટલાક અનુભવો લેવા તારે અવશેષ છે ત્યાં સુધી કદાચ હું તને કંઇ કહીશ, તોપણ તારી બુદ્ધિ તેનો અસ્વીકાર કરશે માટે હમણાં તે વાતને તું જવા દે." કર્મયોગીએ કહ્યું.

" મહારાજ ! હું સત્ય કહું છું, કે મારી પ્રથમની સર્વ માનસિક વૃત્તિઓ અત્યારે તદ્દન નિર્મુલ થઇ છે. મારૂં હૃદય સત્યમાર્ગનું દર્શન કરવા, તેને અનુભવવા, જગત્ કલ્યાણમાં એ અનુભવનો સદુપયોગ કરવા અને જગતનાં સર્વ મલિન સત્વોથી દૂર રહેવા તલપી રહ્યું છે. કૃપા કરીને મારી ત્વરિત જિજ્ઞાસુ વૃત્તિને આપ સાહાય્ય આપો." સન્મુખ વિનતિ પૂર્વક બોલ્યો.

" તારી મનોવૃત્તિમાં આમ આટલો બધો ભેદ ઉદ્ભવવાનું તું માને છે તેમ વાસ્તવિક કારણ તારૂં વિશુદ્ધ થતું અંતઃકરણ નથી, પરન્તુ તેનું વાસ્તવિક કારણ તો મનુષ્યની સંકલ્પ વિકલ્પાત્મક વૃત્તિઓનું છે અને સાત્વિકતાનું અમૃત પાન કરાવનારૂં આ સુરમ્ય સ્થાન છે તથા સંતનો સત્સંગ છે" કર્મયોગીએ કહ્યું.

" ગુરૂદેવ ! તો હું આજ પવિત્ર આશ્રમમાં કહીશ." સન્મુખે કહ્યું.

" વત્સ ! આશ્રમની રમ્યતા સ્વાભાવિક નથી પરન્તુ મારા લીધે છે." આટલું કહી કર્મયોગીએ નેત્ર મીલન કર્યું સન્મુખ એકીટસે કર્મયોગીની આ અવસ્થા નીરખી રહ્યો. ક્ષણવારમાં તેને કર્મયોગીના દેહમાં સર્વત્ર જડાત્વ ભાસ્યું. યોગીની નાડીઓ સ્થિર થઇ અર્થાત્ સ્થિર બેઠેલા શબ જેવો તેનો અત્યારનો દેખાવ સન્મુખને માલમ પડયો. આ સ્થિતિ દર્શનથી સન્મુખના અંતઃકરણમાં વિહ્વલતા ઉદ્ભવી અને કદિ પણ ન જોયેલી આવી આશ્ચર્યપ્રેરક ઘટના જોઇ તે તો દિંગ થઇ ગયો. પરન્તુ એ સ્થિતિ બહુ સમય નિભી નહીં. કર્મયોગીએ નેત્રોન્મિલન કરી પુનઃ બોલવું શરૂ કર્યું.

" પથિક ! આ આશ્રમમાં તું જે પક્ષી પશ્વાદિ જુએ છે. આશ્રમનાં પ્રત્યેક લઘુગુરૂ તરૂઓમાં તને જે કંઇ ચેતનત્વ જેવું લાગે

છે અને તને જે અત્ર અનુપમ શાન્તિ માલમ પડે છે. તેનો હવે ક્ષય થશે. મારે આ સ્થાનનો ત્યાગ કરવો છે. કારણ કે કર્તવ્યના વિશાળ ક્ષેત્રમાં મારા જેવાને માટે આ એકજ સ્થાન કંઇ નિર્મેલું હોતું નથી. જગતની વ્યક્તિ માત્રને તેના કર્તવ્યનો સંદેશ પહોંચાડવો, કર્તવ્યમાંથી તાત્વિક દોહન કરતાં શિખવવું અને જગતનાં ગુઢ તથા માર્મિક તત્વોનો તે દ્વારા નિર્ણય કરવો; તદુપરાંત પણ મારા જેવાને માટે બહુ કાર્ય ભાર છે. પથિક ! હવે મારાથી તારે દૂર થવાનું છે તું કંઇક સમજે છે તો હવે હું જોઉં છું કે સ્વાશ્રયથી તું કયો માર્ગ ગ્રહણ કરે છે. કર્મયોગીએ કહ્યું.

" હું આપની પાસે મારા પાપોની ક્ષમા માગું છું. હવે હું ખરૂં કહું છું, કે મારી સર્વ મલિન વાસનાઓનો ક્ષય થયો છે. મારા જીવનનું તાત્વિક સત્ય હું સમજ્યો છું. કૃપા કરીને મને પણ આપ સાથે લ્યો ? " સન્મુખે કહ્યું.

" સાથે ! અરણ્ય અને પર્વતોનાં અસહ્ય દુઃખો અને ક્ષુધા તૃષાને તારૂં શરીર સહી શકે તેમ છે ? ધાર કે કદાચ આ કઠિનતા તું સહે તો પણ તારૂં ભવિષ્ય તારા કરતાં હું વધારે સારી રીતે જોઇ શકું છું. માટે અત્યારે તો માત્ર એજ કે તારા નિશ્ચયને તું દૃઢ તર બનાવતો જા અને ગતુજ કલ્યાણ અર્થે ભ્રમણ કર્યાં પરન્તુ યાદ રાખજે કે ભૂલે ચૂકે પણ મલિન અબ્ધિમાં સપડાયો તો તારૂં સમગ્ર જીવન અનિવાર્ય વેદનામાં જશે. યોગ્ય લાગે તેમ કરજે ? તારે મુક્ત નથી થવું પરન્તુ હું તને મુક્ત કરૂં છું. તારા પાપી પિતા પાસે જવું હોય તો તેમ કર, ચપલા સૌંદર્ય હજી પણ જો તારી દૃષ્ટિ સમીપ રમતું હોય તો તેને મળ્ય, અને તારા અંતઃકરણમાં જે જે વાસનાઓના અંકુરો ગુપ્ત રીતે રહી ગયેલા હોય તેની પરીક્ષા કરી જો ? " કર્મ યોગીએ કહ્યું.

" મહાત્મા ! મારે પાપી પિતાનું મુખ સરખું નથી જોવું, ચપલાનું નામ સરખું નથી સાંભળવું; પરન્તુ મારા અંતઃકરણમાં માત્ર એકજ વાસના છે, તે એ કે એક વખત હું મારી પવિત્ર પત્નીનું દર્શન કરી, તે દેવીની પાસે મારા સર્વ ગુન્હાની ક્ષમા માગું. " સન્મુખ બોલ્યો.

" અશક્ય છે " કર્મયોગીએ કહ્યું.

" બસ એજ. "

" હા, એ પવિત્ર આત્માનું દર્શન કરવા અપાત્ર છું. "

" ગુરૂ દેવ ! મારા ઉપર આટલી બધી વચન ક્રુરતા ન દર્શાવો જો મારી એટલી પણ ઇચ્છા ફલિભૂત થાય તેમ નથી તો હવે અત્ર રહી હું અલ્પ બુદ્ધિ કઈ રીતે કાર્ય સાધક થવાનો છું. માટે કૃપા કરી આપની સેવાર્થે મને સાથે લ્યો. " સન્મુખે કહ્યું.

" જ્યાં સર્વની સેવા કરવા હુંજ સરજાયલો છું. ત્યાં મારે વળી કોની સેવા જોઇએ. મારી સેવા અને રક્ષણ કરનાર મારો આત્મા છે. અન્ય કોઇ નથી. તું હઠ શા સારૂ કરે છે. હું ખરૂં કહું છે, કે મારી સાથે આવવા હજી તું લાયક નથી. કર્મયોગીએ કહ્યું. "

" મહારાજ ! મેં મારી બાહ્યાંતર સર્વ મલિનતાનો ત્યાગ કર્યો છે છતાં પણ હું નથી સમજી શકતો કે આપ મને કઇ રીતે અપાત્ર ગણોછો. " સન્મુખે કહ્યું.

" વારૂ. " એમ કહેતાંની સાથેજ કર્મયોગીએ ચપલા શબ્દ સંબોધન કર્યું.

લાગલીજ ચપલાની ચેતન યુક્ત શૃંગાર ભરિત અવનવ પ્રતિમા સન્મુખના સમક્ષ તરવા લાગી. ચપલાના અત્યુત્તમ આકર્ષક હાવભાવ અને તેની પૂર્વના જેવીજ રસિકતા જોઇ સન્મુખના પૂર્વ ભાવોનું પુનુરૂદ્દિપન થયું. ચપલાના લાવણ્યે અને સૌંદર્યે સન્મુખને સર્વ વિસરાવી દીધું. ચપલાને જોઇ સન્મુખનું મુખ મલકાવા લાગ્યું. અને જાણે સર્વ શૂન્યકાર હોય એમ જાણી તે બોલવા લાગ્યો.

" તેં મને બહુ રખડાવ્યો. તે દિવસે તો મધ્યાહ્ન સુધી કાશીપૂરીની શેરીયે શેરી ભટકયો. પણ ક્યાંઇ તારો પત્તોજ ન મળ્યો. મેં તારી ઘણી તપાસ કરી. અન્તે ભુખ્યો ને તરસ્યો આ આશ્રમમાં આવ્યો. થોડાક દિવસ તો અત્ર રાત્રી દિવસ તારૂજ સ્મરણ થયા કરે, પણ કર્મયોગી મહાત્માના બોધે મારા હૃદય ઉપર અસર થઇ; તું વીસરાવા લાગી છતાંય જ્યારે એકાંત સેવન કરતો, ત્યારે તારો સ્નેહ યાદ આવતો. જેમ જેમ દિવસો વ્યતીત થવા લાગ્યા તેમ તેમ તારા ઉપર તો ઓછી, પરન્તુ મારા દુષ્ટ પિતાના ઉપર મને ઘૃણા ઉત્પન્ન થઇ. પુનઃ દેવલગંજ જવાનું તો માંડીજ વાળ્યું. પછી એક દિવસે કર્મયોગી મહાત્માએ મારૂ અત્યાર સુધીનું અક્ષરશઃ ઇતિવૃત્ત કહ્યું.

ત્યારથી મારી તે મહાત્મા ઉપર અનન્ય શ્રદ્ધા પ્રકટી. મેં છેવટનો નિશ્ચય કર્યો કે હવે આ આલમમાંજ કંઇજ નથી. વૈરાગ્ય એજ સર્વોત્તમ છે એમ મને લાગ્યું. મેં મારી સર્વ બાહ્યાંતર ઇંદ્રિયોને કાબુમાં લીધી. પરમાર્થ પરાયણ જીવન વ્યતીત કરી અટૂન પ્રભુભક્તિ કરવી એજ મને સત્ય લાગ્યું. અને કર્મયોગી જેવા મહાત્મા મને માર્ગ દર્શક મળ્યા એ જાણી મને અત્યાનંદ થયો. મને લાગ્યું કે હવે મારા જીવનનો નિશ્ચિત માર્ગ સિદ્ધ થયો છે. પરન્તુ એક વાતે મારા હૃદયને આઘાત થઇ મારા વિચારમાં કંઇક શિથિલતા થઇ. અગર જો કર્મયોગી મહાત્મા પાસે તો મેં મારૂં હૃદય ગુપ્ત રાખ્યું હતું, પરન્તુ તને ખુલ્લે ખુલ્લું કહી દઉં છું, કે કર્મયોગી મહાત્મા આ આશ્રમનો ત્યાગ કરી કોઇ નિર્જન પ્રદેશમાં જાય છે એમ જાણી મને સાથે લઇ જવા મેં તેઓને વિનતિ કરી, પરન્તુ મને અપાત્ર ગણી મારી વિનતિનો તેઓએ અસ્વીકાર કર્યો. બાદ હવે હું શુ કરીશ એ વિચારે મારૂં અંતઃકરણ ગુંચવારામાં પડયું. સારૂં થયુ કે તું મને આજ મળી ગઇ. ખરેખર કહું છું કે આવા અણીના પ્રસંગે જો તેં મારી ખબર ન લીધી હોત તો હું કોઇકિ જુદીજ સ્થિતિમાં કે યમ સદનમાં હોત! કારણ કે દેવલગંજ ન જવું એ તો મારો દૃઢ નિશ્ચયજ હતો, તેમ તું મને પુનઃ મળીશ, કે નહીં એ સંદિગ્ધ હતું; કેમ કે તારૂં આવું સૌંદર્ય જોઇ કોઇક તને છેતરીને ફસાવી પાડે એ શક્ય હતું. પણ હવે તો કંઇજ ચિંતા નથી. હવે તો આપણે બન્ને મળ્યાં છીએ. લે હું મારા સર્વ વિચારોનો ત્યાગ કરૂં છુ. હવે મારે આ કર્મયોગી મહાત્માની, વૈરાગ્યની, પરમાર્થની કે મોક્ષની કંઇજ અપેક્ષા નથી. તું મળી એટલે એ સર્વ મળ્યું જ છે ને! હશે જીવતા જાગતા હઇશું તો ઘડપણમાં ધર્મ સેવનજ કરવાનું છે ને! આપણને હવે આવો અમૂલ્ય અવસર ક્યાં મળવાનો છે. જેમ તારા વિયોગથી મને તેમ મારા વિયોગથી તને કેટલુ બધું દુઃખ પડતું હશે? અરર! એ વાત જ્યારે હું યાદ કરૂં છું ત્યારે મા-રાથી રડી પડાય છે. ચપલા! તું આટલા દિવસ મારા વિના કેવી દુઃખી થઇ હોઇશ. તને લઇ જનાર પાપીઓએ તને બહુ રિબાવી હશે ખરૂંને? ભુખી તો રાખતા નહીંને? વાત છે એ હરામખોરોની પછી. આવી પર્ણકુટીમાં રહેવાનું આપણે શું પ્રયોજન છે? ચાલ કોઇક ઉત્તમ સ્થાનમાં જઇએ. ચપલા! તને જોઈ મને બહુજ આન-

ન્દ થાય છે, ભલે આ મહાત્માને જવું હોય ત્યાં જાય. એ તો ખોટી ખોટી કલ્યાણની વાતો કરે છે. વાત ખરી, પણ તે જ્યાં સુધી તું નહતી મળી ત્યાં સુધી. તને જોતાં મને એ બધી બાબતો ગૌણ લાગે છે. હાશ ! ઘણા દિવસે તું મને મળી. બોલતી કેમ નથી ? હજી પણ મશ્કરી ! ચાલ આપણે ઘણા દિવસે મળ્યાં એ આનંદમાં એકવાર આલીંગન લેવા દે ?” એમ બોલી સન્મુખ ઉભો થઇ ચપલાની પ્રતિમાને જ્યાં આલીંગન દેવા જાય છે. ત્યાં પ્રતિમા લગાર દૂર ખસી. સન્મુખ અટક્યો ને બોલ્યો “સમજ્યો હવે, કર્મયોગીના આવા પવિત્ર આશ્રમમાં અરે ! આવી નિર્માલ્ય ઝુંપડીમાં તને નથી ગમતું કેમ ? ચાલ ત્યારે તારી મરજી હોય તો આપણે બહાર જઇએ. કાશીપૂરીમાં કોઇ ઉત્તમ સ્થાન શોધી ત્યાં નિવાસ કરીએ. પછી વાત.” એમ કહી સન્મુખ ચપલાનું હસ્ત ગ્રહણ કરવા જાય છે, ત્યાં આશ્ચર્ય સાથે તેણે જોયુ કે ન મળે ચપલા કે ન મળે કર્મયોગી ! પોતાનું અધઃપતન જોઈ સન્મુખ તો મૂઢજ બની ગયો. સ્વપ્નવત્ બનાવના વિચારતો ઉદાસીન ચ્હેરે તે બહાર નીકળ્યો. ખૂબ આંસુ ખેર્યાં. પણ હવે શું ? નિરૂપાય બની આંધળાની માફક ચાલવા લાગ્યો.

સપ્તદશ પરિચ્છેદ.

અધમતામાં વૃદ્ધિ.

મનુષ્ય સ્વભાવનું એક સ્વાભાવિક લક્ષણ એવું છે, કે જો તે કવચિત્ અધમ દશાનો માર્ગ ગ્રહણ કરે છે તો એ પ્રાણ ઘાતક માર્ગમાં તે સદૈવ પોતાનું કલ્યાણજ જુએ છે. તેને અનેક ઉપદેશ, શિખામણ અને ઉદાહરણો આપવા છતાં સ્વાર્થ વૃત્તિની બુરી વાસના હેઠળ દબાયલો તેનો આત્મા તેમાં સત્ય જોવાને બદલે ઉલટું અસત્યજ સત્યરૂપે જોયા કરે છે. તેનું અંતકરણ અહર્નિશ અસત્યતામાંજ ભ્રમણ કર્યા કરે છે, તેને તેનો પોતાનોજ નિશ્ચય વાસ્તવિક લાગે છે, કદિ પણ જગતના બનાવોને તે અનુભવમાં લેતો નથી. સર્વ રીતે અને સર્વ વાતે જો કોઇપણ કાર્યદ્વારા અન્યના અનિષ્ટમાં પોતાનું ઇષ્ટ થશે એમ તેને ભાસતું હોય તો તે કાર્ય કરવાને તે લગાર પણ

વિલંબ કરતો નથી. અને દુનીઆની પરવા રાખ્યા વગર પોતાના ઇચ્છિત માર્ગમાં વગર વિચાર્યે ધસ્યો જાય છે.

મન્મુખરાય પણ આવી પ્રકૃતિનો મનુષ્ય હતો. તેને આજ કે ટલાક દિવસથી કર્ણ પરંપરા એવી હકીકત મળી હતી, કે રામવકીલ મારી પુંઠળ પડયા છે. જો કે પોતે પણ કાંઇ આડાં અવળાં કરવામાં બાકી રાખતો ન હતો, પરન્તુ વીજલી સાથેના દુર્વ્યવહારે તેનાં સર્વ હથીઆરો નીચાં પડયાં હતાં. ગોદડ સાથે તેને દુસ્મનાવટ થઇ હતી. સુરખો કંઇક એવકુફ અને ગોદડનો મિત્ર એટલે તે પણ વિશ્વાસ રાખી શકાય તેવો નહીં. અને વીજળી કજાત–હલકા પેટની–તેથી તેને કાંઇ કાર્ય સુપ્રત કર્યું હોયતો તેનાથો પાર પડે એ શકય નહીં. આથી રામવકીલનાં કાર્ય સામે પ્રતિરોધ કરવા માટે મન્મુખરાય પાસે અત્યારે કોઇ વિશ્વાસુ માણસ રહ્યું ન હતું.

તોપણ એક સમયે પોતાની આવી વિડંબણાનો તેણે તોડ કાઢયો. તે એ કે રામવકીલના નોકર સેવક દ્વારા તેણે પોતાના નિર્ધારિત માર્ગમાં કામ લેવાનો નિશ્ચય કર્યો. પહેલાં સેવકો પોતાને ત્યાં ઘણી ખરી વખત આવતો તેથી " મારૂં વચન તે અમાન્ય તો નહીં કરે. " એવા વિચારથી મન્મુખરાયે સેવકને પોતાને ત્યાં બોલાવ્યો અને કહ્યું.

"સેવક ! મારા ઉપર પડતાં અસહ્ય કષ્ટોમાં મને તારૂ શરણ લેવું યોગ્ય લાગ્યું છે. અગર જો હુ ધનવાન છું પરન્તુ જોઇએ તેવો હીંમતવાન નથી માટે હુ તને પ્રાર્થના કરીને કહું છું કે મને કોઇ પણ પ્રકારે આ આફતમાંથી બચાવ ! મારો અને તારો સંબંધ કાંઇ આજનો નથી." મન્મુખરાયે કહ્યું.

" આપને કષ્ટ હોયજ શાનું ? અને કદાચ હોય તો તેમાંથી બચાવવાનું મારા જેવાનું શું ગજું ? " સેવકો બોલ્યો.

" હું ખરૂં કહું છું કે મને અત્યારે દુઃખમાંથી બચાવનાર તુંજ છે. " મન્મુખરાયે ગદ્દગદ્દ કંઠે કહ્યું.

" સાહેબ ! પણ એમાં શા સારૂં મુંઝાઓ છો. હકીગત શું છે તે તો કહો ? હું મારાથી બનતું કરીશ. " સેવક બોલ્યો.

" તને ખબર હશે, કે તારા શેઠ રામવકીલ મારા માટે પ્રાણઘાતક યોજનાઓ તૈયાર કરે છે. " મન્મુખરાય બોલ્યો.

" તદ્દન જુઠ્ઠુ. હું ખાત્રીપૂર્વક કહું છું કે મારા શેઠ કદિ પણ કોઇનું બુરૂં કરે તેવા છેજ નહીં. " સેવકે કહ્યું.

"બાઇ! સાચું છે. તને નોકર માણસને શું ખબર પડે. એતો મોટાની ગત મોટાજ જાણે. જોને આજકાલ ઘણા દિવસથી રામ વકીલે ધર્મની વાતો છોડી દીધી છે અને આજ આંહીઆં તો કાલ બીજે એમ જ્યાં ત્યાં ભ્રમણ કર્યા કરે છે એ શું સૂચવે છે?" મન્મુખરાયે કહ્યું.

"પણ આપનો પ્રાણઘાત કરવામાં તેમનો શું સ્વાર્થ છે?" સેવકે પૂછ્યું.

"સેવક! હું ધારૂં છું કે તું મારી પ્રત્યે વિશ્વાસઘાત નહી કરે; એમ ધારી તારી સમક્ષ સત્ય હકીકત કહું છું. મન્મુખરાયે કહ્યું!

"નિશ્ચિંત કહો." સેવકાએ કહ્યું.

"રામ વકીલ ધર્મની મોટી મોટી વાતો કરે છે એટલુંજ. બાકી તેમનું અંતઃકરણ હજી સાંસારિક માયા અને મોહમાંથી વિરક્ત થયું નથી. સાંભળ, મેં ભજગોવિંદ ભટ્ટની કબ્જે કરેલી સર્વ મીલકત અને મારી દિનપ્રતિદિન વધતી જતી કીર્તિ જોઇ તેમનું અંતઃકરણ સદૈવ બળ્યા કરે છે. તોપણ આજસુધી તો હું ભોળપણથી તેમના પ્રતિ પૂજ્યભાવ રાખતો હતો, પરન્તુ જ્યારે મને ચોક્કસ ખબર સાથે ખાત્રી મળી ત્યારેજ મારે તારી સહાય્યની જરૂર પડી છે. સેવક! મારા પિતાના સમયમાં જેવી રીતે તેં તેમનું માન સાચવ્યુ છે તેવી રીતે જો અત્યારે પણ તું મારૂં માન સાચવીશ તો હું તારો ઉપકાર નહીં ભૂલું." મન્મુખરાયે કહ્યું.

"પણ ભજગોવિંદ ભટ્ટની મીલકતનો વાસ્તવિક હકદાર તો તેમની પુત્રી મયુરાજ ને?" સેવકે પૂછ્યુ.

"હા, પણ તેનો ક્યાં પત્તાજ છે!" મન્મુખરાયે કહ્યું.

"સાહેબ માફ કરજો; મેંતો એવું સાંભળ્યું છે, કે મયૂરાને ગુમ કરવામાં આપનોજ હાથ છે." સેવક બોલ્યો.

"તદન અસત્ય, જેનું નીમક ખાઇ મેં મારી જીંદગી ઉન્નત બનાવી તેનીજ પુત્રીનું મારાથી કેમ અનિષ્ટ થાય." મન્મુખરાયે કહ્યું.

"પરન્તુ તે બાબત મને તેમજ મારા શેઠને ચોક્કસ ખબર પડી છે તેનું કેમ?" સેવક બોલ્યો.

"તદન ગપ્પે ગપ્પ. હું સોગનપૂર્વક કહું છું, કે મારા દુશ્મનોએજ એવી અસત્ય પુરાવા વાળી વાત ઉડાવી છે. તેમાંય તારા શેઠનો નંબર પહેલો." મન્મુખરાયે કહ્યું.

'કદાચ દ્રવ્ય લોભે તેમ થયુ પણ હોય !" સેવકે કહ્યું.

"જો દ્રવ્યલોભજ હોય, તો તું કહેતો મારૂં સર્વસ્વ આજથી તને સુપ્રત કરી, હું આદિ પવિત્ર જીંદગી ગાળું. સેવક ! સાચું માનજે કે હું પર કલ્યાણ અને સમાજ સેવાને ખાતર તો મારા પ્રાણની પણ દરકાર કરૂ તેવો નથી. અરે ! કરતો પણ નથી. મેં મારી અત્યાર સુધીની જીંદગીમાં કેટલું કેટલું ગુપ્તદાન કર્યું છે એ અત્યારે તને કહેવાની કાંઇજ જરૂર નથી. પરન્તુ તું ખાત્રીપૂર્વક માનજે કે મારૂં જીવન મારા પોતાના માટે નથી પરન્તુ પરાર્થે છે." શેઠ મન્મુખરાય બોલ્યો.

"જ્યારે આપની આવી ઉચ્ચ પ્રકારની પવિત્ર ભાવના છે, તો તો પછી મારા શેઠથી આપ કેમ ભય રાખો છો ?" સેવકે પૂછ્યું.

"સાધુ જનોને હંમેશાં દુર્જનોના ભયજ છે. કારણ કે સાધુ પુરૂષોના પ્રત્યેક કાર્યમાં વિઘ્ન નાખવાનો દુર્જનોનો સ્વભાવજ છે. તેઓ સાધુ પુરૂષોને હાથે થતાં શુભકાર્યોને પાછાં હઠાવે છે. એમ છતાંય મને મારા પ્રાણની તો જાણે દરકારજ નથી. પરન્તુ દરકાર માત્ર એટલી છે, કે મારી ભવિષ્યની પરકલ્યાણ કરવાની ભાવનાઓને રામ વકીલ નષ્ટ કરશે. અગર જો મેં તેનુ કાંઇજ બગાડયું નથી તોપણ કોણ જાણે શું છે, કે તેઓ ખાઇપીને મારી પાછળજ પડયા છે." મન્મુખરાયે કહ્યુ.

"મન્મુખભાઇ, જો આપને મારા શેઠ દુર્જન લાગતા હોય તો તેમનાથી સાવચેત રહો એટલે બસ !" સેવકે નિર્ભય માર્ગ દર્શાવ્યો.

"સમીપ બેઠલા ભુજંગરૂપી દુર્જનથી શી રીતે સાવચેત રહેવાય. વહેલા મોડો તે ડંખ દીધા સિવાય રહેજ નહીં. અરે રે ! જોને ઇશ્વર પણ કેવો ઉંધો ન્યાય્ય આપે છે. જે મનુષ્ય કેવલ પારમાર્થિક ભાવથી આ સંસારમાં પોતાનું જીવન વ્યતીત કરે છે તેને દુઃખ, અને તેના વિરોધી પાપીઓને સુખ હોય ! હશે ! જેવાં મારાં કર્મ. પણ સેવક ! હુ ખરૂં કહું છું કે એવા પાપીઓનો જગતમાંથી નાશ થવો જોઇએ." ગંભીર ચેહેરે નીસાસો નાંખતાં મન્મુખરાય બોલ્યો.

"હેં ! આપ શું બોલો છો." સેવકે આશ્ચર્ય સહ કહ્યું.

"કૈતો અમસ્તુ સ્હેજ. તારે કાંઈ અન્ય અનુમાન પર આવવાની જરૂર નથી. પણ એટલું તો ખરૂંજ માનજે, કે આજકાલ

ધર્મને બ્હાને ઠગનાર નામધારી મહાત્માઓ અસંખ્ય છે. તેઓ ધર્મના છુપા પડદા નીચે રહી અનેક કુકર્મો કરે છે. અરે ! આવી ને આવી ઠગ વિદ્યામાં તેઓ શ્રીમંત બની જાય છે. આવા અધમ નરો મનુષ્ય જીવનમાં વિષ પ્રેરનાર છે અને આવા જ શાહુચોરો દેશને વધારેને વધારે અધમતામાં નાંખતા જાય છે. ખોટું ન લગાડીશ તારો શેઠ પણ એ ધર્મ ઠગોમાંનો એક છે. ચાવવાના અને દેખાડવાના જુદા રાખનાર એ પક્કો ઠગ છે. ' મન્સુખરાય અધમતા પૂર્વક બોલ્યો.

" પણ આપને તેમ કહેવાનો કંઇ આધાર ? " સેવકાએ શાન્ત ચિત્તે પૂછ્યું.

" હા, છે. અનેક પવિત્ર સ્ત્રીઓના ભવ બગાડનાર, અત્યારસુધી ચલાવેલા વકીલાતના ધંધામાં જુઠ્ઠંજુઠું ચલાવનાર, વિશ્વાસે સોંપાયલા આશ્રમના દ્રવ્યનો દુરૂપયોગ કરનાર, પોતાના સ્વાર્થ અર્થે અન્યના પ્રાણની એક પાઇ જેટલી પણ કીંમત ન ગણનાર, અને અંતઃકરણનો મેલો આ ગામમાં રામ વકીલ સિવાય બીજો કોણ છે ? અરે ! આ કરતાં તો ઘણાં ગંભીર તેનાં દુષ્ટકૃત્યો છે; પરન્તુ મારા પવિત્ર આત્માને એવા દુષ્ટ મનુષ્યના સ્મરણથી પણ કલંક લાગે, માટે અલ્પમાં જ સમજી લે. " મન્સુખરાયે ભીંડો માર્યો.

" શું આ સર્વ સત્ય છે ? " સેવકે પૂછ્યુ.

" મારે નિષ્પ્રયોજન શા સારૂ અસત્ય બોલવું જોઇએ. તારો શેઠ ગમેતેમ વર્તે તેની મને નથી દરકાર પરન્તુ મારૂ બુરૂ કરવાનો પ્રયત્ન ન સેવે એટલે બસ. " મન્સુખરાયે કહ્યું.

" જો મને પહેલેથી જ ખબર હોત કે મારા શેઠ આટલી હદ સુધી દુરાચાર સેવે છે, તો તેમનામાં હું નોકર પણ ન હોત. " સેવકે બાજી ફેરવી.

" સેવક ! તું ધારતો હોઇ શકે મારે કંઇજ લેવાદેવા નથી; પણ લોકોમાં તો એમ કહેવાય છે, કે રાવ વકીલ અને એનો નોકર સેવકો બન્ને એક સ્વભાવ અને એક રીતભાતનાં પુતળાં છે. હજી પણ શું હરકત છે ? મારો તો એવો વિચાર કે જાગ્યા ત્યાંથી સ્હવાર. ક્યાં એ શેઠ ઉપર જ મુંડ મુડાવ્યું છે. " મન્સુખરાયે કહ્યું.

" પણ હવે વૃદ્ધાવસ્થામાં અડધાનો ત્યાગ કરી આખું લેવા દોડું, તો બેય જુલું ! " સેવક બોલ્યો.

"એજ કે બીજુ? એમ હોય તો કાલથી તું મારે ત્યાં રહેજે કામકાજમાં માત્ર બેઠાં બેઠાં હરિનું ભજન કરવું એજ. અને પગારમાં મારૂં આ સર્વસ્વ! પછી છે કાંઇ?" મન્મુખરાયે લાલચ આપતાં કહ્યું.

"જો આપની કૃપા હોય તો મારે કબુલ છે." સેવક બોલ્યો.

"તારા જેવા શુદ્ધ બુદ્ધિના અને ભગવદ્‌ભક્ત મનુષ્યને આશ્રય આપવો એ તો મારૂં પરમકર્તવ્ય છે; પણ હે સેવકા! તને કાંઇ એ શઠ પ્રત્યે તિરસ્કાર બુદ્ધિ નથી ઉપજતી?" મન્મુખરાયે કહ્યું.

"જોઇએ તેટલી. મને તો તે પાપીનું નામ." સેવકે કહ્યુ.

"પણ આપણે તેને તેના કર્તવ્યનુ ફલ તો આપવું જ જોઇએ. અને તે એવી રીતે કે ત્યાર બાદ તેનો દુષ્ટ આત્મા તેના પાપી શરીરનો ત્યાગ કરી આ દુનીઆમાંથી ચાલ્યો જાય!" મન્મુખરાયે ભલામણ કરી.

"એને તો ખરૂં, પરન્તુ અત્યારના જમાનામાં સત્યનો જય થવો બહુ દુર્લભ છે. એ આપ ન ભૂલી જતા." સેવક અગમચેતી દર્શાવતાં બોલ્યો.

"પણ અંતેતો સત્યનોજ જય થાય છે. અરે! શ્રુતિ સ્મૃતિઓ પણ પુકારી પુકારીને કહે છે, કે આ જગતમાંથી પાપી મનુષ્યોનો નાશ કરનાર સ્વર્ગે જાય છે. માટે ધર્મકાર્યમાં ઢીલ ન કરવી જોઇએ. કેમ ખરૂ કે નહીં?" મન્મુખરાયે પૂછ્યુ.

"સત્ય છે. પરન્ત એ કાર્યમાં અનેક વિઘ્નો ઉત્પન્ન થાય." સેવકે શંકા દર્શાવી.

"ના ના. તે તો સહજ છે. માત્ર તું મનપર લે એટલે બસ." મન્મુખરામ કાર્યની મહત્વ બતાવતાં બોલ્યો.

"હાઉ; પરન્તુ મારામાં બુદ્ધિ કેટલી?" સેવકે કહ્યું.

"અરે! તેમાં બુદ્ધિનું તો કંઇજ કામ નથી. માત્ર એક ઔષધી પ્રયોગજ કરવાનો છે." મન્મુખરાયે કહ્યું.

"તે ઔષધીનો ગુણ શું?" સેવકે પૂછ્યું.

"સમય જતાં દેહ ક્ષય કરવાનો. તે સ્વાદ રહિત ઔષધી તારે હાકે દૂધમાં નાંખી રામ વકીલને આપવી. તેથી ઓછામાં ઓછા ત્રણ માસ અને વધારેમાં વધારે છ માસમાં તેનું મૃત્યુ થશે. તું રામ-

વકીલનો વિશ્વાસ પાત્રછું એટલે તે કાર્ય તારાથી સહજ બનશે. મન્મુખરાયે અત્યંત અધમતાપૂર્વક કહ્યું.

"એતો ઘણુંજ ઉત્તમ." સેવક હસતાં હસતાં બોલ્યો.

"વારૂ ત્યારે લે." એમ કહી મન્મુખરાયે ઔષધી ચૂર્ણ લાવી સેવકને આપતાં કહ્યું. "પણ જો ચાર–કાન સિવાય પાંચમા કાને આ હકીગત ન જાય ?"

"અરે ! આપ શું બોલ્યા ? એવા નરાધમ જનોનો નાશ કરવો અને તેઓને આ જગતમાંથી પાપ કરતાં અટકાવવા એ તો હું આપની માફક એક મહાન્ પુણ્ય કાર્ય ગણું છું. અત્યારે તો જઈશ." સેવકે કહ્યું.

"કાલ પાછો મળજે, પણ જોજે હો." મન્મુખરાયે ભલામણ કરી.

"સારૂં." સેવકે ઉત્તર આપ્યો.

"આ કાર્ય ક્યારે કરીશ ?" મન્મુખરાયે પૂછ્યું.

"અલ્પ સમયમાં અનુકૂલતાએ." સેવકે ઉત્તર આપ્યો.

"વારૂ, પણ કોઈને કાને વાત ન જાય. જોજે ભૂલેચુકે પણ ન જાય અરે ! ક્યાંક ઉંઘમાં ન લવી જતો." મન્મુખરાયે કહ્યું.

"નચિંત રહો સેવક તો સેવકજ રહેવાનો." એમ કહી સેવક ગયો.

અષ્ટાદશ પરિચ્છેદ.

નુપુરમાંવીલ.

હવે શી રીતે કાર્યસાધક થવું એ વિચારમાં રામવકીલ બેઠા છે તેવામાં એકાએક તેમને "પેલાં રત્નજડીતનુપુર." એવા ભજગોવિંદ ભટ્ટના મૃત્યુ સમયેના તેમના શબ્દો યાદ આવ્યા. તુરતજ તેમણે ગોદડ તરફથી મળેલાંએ નુપુરને કબાટમાંથી કાઢી બારીકાઈથી જોવા માંડયું. "આવાં ભારે કીમતનાં નુપુરને સાચવવા અર્થેજ ભટ્ટજીએ કહ્યું હશે કે તેમાં કાંઈ તેમનો ગર્મિત હેતુ હશે ? કંઈક ગુપ્ત ભેદતો હોવોજ જોઈએ, નહીંતો શામાટે ભજગોવિંદ ભટ્ટ એકલા

નુપુરનુંજ સંરક્ષણ કરવાનું બોલે અને તે પણ મરણ સમયે. પણ આવાં સુન્દર નુપુરને તોડવાથી કદાચ્ નિષ્ફલતા પ્રાપ્ત થાય તો પછી ? ના ના, પણ શંકાનો નિર્મૂળ કરવીજ જોઇએ. અગર જો સેવક માર્ફત મન્મુખરાયને સાધ્યો છે એટલે ખબરતો પૂરેપૂરી મળશે પણ તે પુરાવા સાથે આ પણ પુરાવો કદાચ મળે તો શું ગેરલાભ છે ? સેવકો કહે છે, કે ઔષધી મન્મુખના ઉપરજ અજમાવવી પરન્તુ તેથી તો ઉલટું નુકસાનજ છે. તેના મૃત્યુબાદ સર્વ હકીગત અંધારામાંજ રહે. માટે તેના મ્હોંએજ તેનો ગુનો કબુલ કરાવવો એજ ઉત્તમ માર્ગ છે. ધારો કે સેવકો કહે છે તેમ કરું તો મથૂરાની સર્વ મીલકત કદાચ મન્મુખના પુત્ર હસ્તક જાય એ સંભવ પણ કાંઇ ખોટો નથી. માટે તેમનો નથીજ કરવું. " આવા વિચારે રામ વકીલની સંકલ્પ વિકલ્પાત્મક વૃત્તિઓ વધવા લાગી એટલામાં તેમની નજર નુપુરના એક છેડાની કીનાર ઉપર ગઇ; ત્યાંથી તેમને સ્હેજ પોલાણ માલમ પડયું. તથા અંદર કાગળ જેવું કંઇક જણાયું. સોનીને બોલાવી બન્ને નુપુરના છેડાઓ ઉઘડાવ્યા, અને તેમાંથી ભજગોવિંદ ભટ્ટના હસ્તાક્ષરે લખેલાં બે વીલ કાઢયાં. જેમાં એક પુત્રના સબંધનું અને બીજું પુત્રીના સંબંધનું વીલ હતું. અત્ર આપણો સંબંધ બીજા વીલ સાથે છે. તે વીલની શરૂઆતમાં નીચે પ્રમાણે હકીગત હતી.

" નુપુરમાં વીલ જોઇ ઘણાને આશ્ચર્ય થશે પરન્તુ તેમ કર્યા સિવાય મારો છુટકો નહતો; કારણ કે હું સારી પેઠે સમજું છું કે ભદ્રશંકરનો પુત્ર મન્મુખરાય નીચમાં નીચ છે, એટલે જો ક્યાંક છુટ્ટુ છવાયુ વીલ મૂકું તો તે પાપી ઉડાવી દે. અને ભોળી ધર્મદેવીને બ્હેન બ્હેન કરી મારૂં સર્વસ્વ પોતાના ઘર ભેગું કરે. પરિણામે ભોળી ધર્મદેવીનું અને મારી ભવિષ્યની પ્રજાનું કોઇ ધણી ન થાય.

જો કે મારા મિત્ર રામ વકીલને મેં આ સર્વ ભલામણ કરી હોત તો મારે આમ માથાફોટ કરવી ન પડત. પરન્તુ મારા પૂર્વના સંયોગે મારા અંત સમયે હું દુર્ભાગ તે મને મળી શકયો નહીં. તેમજ પાપી મન્મુખરાયના ભયે આ વીલની હકીકત મેં ધર્મદેવી કે કોઇને કહી પણ નહીં; કારણ કે મને ધર્મદેવીના ભોળપણને લીધે તેનામાં પણ પૂરો વિશ્વાસ નહતો. તેમ મારી મલિન ભાવનાએ પ્રથમથી કોઇને હું આ સંબંધમાં સંકેત માત્ર પણ કરી શકયો નથી અને કદાચ આ વ્યાધિમાંથી પુનઃ સ્વાસ્થ્ય મેળવું તો જીવીશ ત્યાં સુધી કોઇને કહીશ

પણ નહીં. એ પણ નિશ્ચય હતો. આ એક મારામાં મોટામાં મોટો દુર્ગુણ છે એ હું સારી પેઠે જાણું છું. પરન્તુ મારી લોભવૃત્તિ મને એ દુર્ગુણ તરફ સ્વાભાવિક દોરી જાય છે.

જો ધર્મદેવીને પુત્ર પ્રસવ થાય તો મારી સર્વ મીલકતની વ્યવસ્થા બીજાનુપુરમાંના વીલ પુરઃસર કરવી.

મીલકતની વિગત.

૧ જમીન દેવલગંજ સુરજગંજ અને શ્રીનગરની.

૨ ચોપડામાં આશરે ત્રીસેક હજારની ઉઘરાણી:

૩ હંમેશની વપરાશ માટે ઘરમાં આશરે બે એક હજાર રૂપીઆનાં ઘરેણાં મારી પત્ની ધર્મદેવીના કબજામાં છે, તેને પૂછવાથી તે સત્ય હકીકત કહેશે.

૪ બે ચાંદીની પાટો આશરે ૪૦૦ તોલાની આજ વર્ષમાં તૈયાર કરાવેલી મારી પેટીમાં છે.

૫ દસ ચાંદીના થાળ, તેટલાજ વાડકા સાથે.

૬ દેવ સેવાના તમામ વાસણ ચાંદીનાં છે.

૭ આ બે નુપુર કે દરેકની કીંમત હજાર હજાર રૂપીઆ છે.

આ સિવાય મારી પૂજા કરવાની ઓરડીની સામી ભીંતે ડાબી બાજુના ખૂણાથી ૧૮ અને છાપરેથી ૭૬ ઇંટ ગણ્યા બાદ નિચેની સાત ઇંટો કાઢવાથી ભોંયરામાં નિચે પ્રમાણે નીકળશે.

૧ સફેત હીરાથી જડેલી સોનાની વીંટીઓ નંગ ૪ દરેકની કીંમત ૨૫૦ રૂપીઆ.

૨ સાચા મોતીની માળા કીંમત દસ હજાર રૂપીઆ. (કેટલાં મોતી છે તે યાદ નથી.) દરબારમાંથી મળેલી.

૩ ૨૫૦૦૦ સૌનૈયા

૪ સોનાની પાટો નંગ ૪ દરેક વજનમાં ૨૫૦ તોલા

૫ હાથનાં નક્કર કડાં નંગ ૪

૬ સોનાના કદોરા નંગ ૩

૭ રત્ન જડીત નુપુર નંગ ૨ આછે તેવાંજ બીજાં.

૮ સોનાનાં સાંકળાં નંગ ૩ દરેક સોસો તોલાના આશરે.

૯ પીતળના એક લંબ ચોરસ નાના ડાબલામાં રેશમી લુગડાથી વીંટાળેલ પોણો લાખ રૂપીઆની ઝવેરાત.

આ હકીકત માત્ર હું એકલોજ જાણું છું. ધર્મદેવીને પણ મેં કોઇ દિવસ આ સંબંધમાં કંઇજ કહ્યું નથી. અને જો ખાટલામાંથી ઉભો થાઉં તો કહેવા પણ વિચાર નથી; કારણ કે તે બહુ ભોળી છે એટલોજ તેનો મને ભય છે હું જાણું છું કે આમ ગુપ્ત રીતે રાખેલા વીલથી મારી મીલ્કત કદાચ સદાયને માટે ભુગર્ભમાંજ રહેશે. તેમ છતાંય જો કોઈ આ ગુપ્ત ભેદ કળી શકે તો તેણે માત્ર તેની માણુસાઇને ખાતર અરે ! ઇશ્વરપ્રિત્યર્થે મારી મીલકતની નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી.

વ્યવસ્થા.

મારા ઘરની આબરૂ પ્રમાણે અને ધર્મ દેવીની ઇચ્છા પ્રમાણે તે ઘર કામ માટે નોકર ચાકર રાખી શકે તેવી રીતે તેને વાર્ષિક ઓછામાં ઓછું હજાર રૂપીઓનુ વર્ષાસન તે જીવે ત્યાં સુધી બાંધી આપવું.

મારી પુત્રીના લગ્નનો જો શુભ અવસર આવે તો સંપૂર્ણ ધામ ધુમથી તેનો લગ્ન વિધિ ઉજવવો અને જામાતૃને ઓછામાં ઓછા દસેક હજાર રૂપીઆ આપવા તથા તેટલાજ રૂપીઆ મારી પુત્રીના નામે કોઇ ત્રીજે ઠકાણે મૂકવા જેના ઉપર તેનોજ હક કાયમ રહે.

બાકીની મીલકતમાંથી દેવલગંજની આસપાસ કોઇ સુંદર સ્થળે એક સેવાશ્રમ કાઢવો. જેનો એક ભાગ સ્ત્રીઓને અર્થે ધર્મદેવી સેવાશ્રમ નામથી ઓળખાય અને બીજો ભાગ પુરૂષોને માટે મારા નામથી ઓળખાય. સિવાય આશ્રમમાં એક સુન્દર સ્તુતિ મંદિર બંધાવવું.

આ વાંચીને ઘણાકને આશ્ચર્ય થશે કે ભજગોવિંદ જેવા કૃપણાધીશને આવું ધર્મ કાર્ય શી રીતે સુઝયું. ખરૂં છે જો હું કદાચ જીવું તો તો કદિ પણ આ કાર્યનો આરંભ પણ ન કરૂં; કારણ કે એક ફુટી બદામ ખરચવી એ મને અઘધ ! લાગે છે; પરન્તુ મુઆ પછી મારી મીલકત ધર્મ દેવીને પુત્ર પ્રસવ ન થાય તો અસ્તવ્યસ્ત થઇ જાય તે કરતાં તે મીલકત ધર્મ કાર્યમાં વપરાય તો મારા જેવા કૃપણનું નામ તો અમર રહે અને જન કલ્યાણ થાય. બસ એજ ઇચ્છા.

મને જ્યારે મારા જીવનની સંદિગ્ધતા ઉત્પન્ન થઇ ત્યારે રાત્રે લગભગ બાર વાગે ખાટલામાં સુતા સુતાં બધાંથી ગુપ રીતે મેં ઉતા-

વળમાં આ વીલ લખ્યું છે. અને નુપુરને રેણુ પણ મેં જાતેજ દીધેલું છે. આવી ચોરીથી કદાચ કાંઇક લખવું રહી પણ ગયું હશે, પરન્તુ મુખ્ય હકીગતો બનતાં સુધી નથી ભૂલ્યો. ફરી લખું છું કે ઓ ! માનવી ! પ્રભુને ખાતર તું મારી મીલકતનો સદ્દુપયોગ કરજે. અગર જો મારી અધીરતાને લીધે, કૃપણતાને લીધે અને દ્રવ્ય પ્રતિના અતીશય પ્રેમને લીધે મેં જીવતાં તો કોઇને કંઇજ આપ્યું નથી, પરન્તુ મારા મૃત્યુ પછી પણ જો એ પૈસા ધર્મ કાર્યમાં વપરાશે તો પરલોકમાં મારા આત્માને શાન્તિ મળશે.

દા.

ભટ્ટ ભજગોવિંદ.

વીલ વાંચ્યા પછી રામ વકીલને અવર્ણનીય આનંદ થયો. " મારો ઘાત કરાવનાર મન્મુખરાય હવે પોતાને હાથેજ પોતાનો ઘાત કરશે. એ પાપીના આનન્દ અને વૈભવ હવે ક્ષણમાંજ નષ્ટ થશે. ખરેખર ! હજી પણ જગતમાં સત્ય અને ન્યાય્ય છે. નહીં તો ગોદડ જેવો પાપી અને લોભી માણસ કદિ પણ આ કીંમતી નૂપુર મારા હાથમાં મૂકેય ખરો કે ? દૈવ ! ધન્ય છે તને તું જેના અંતઃકરણમાં વાસ કરે છે તેની વૃત્તિ નહીં ધારેલી સ્થિતિમા મૂકી દેછે. અરે ! તારે ખાતર મનુષ્ય પોતાનું સર્વસ્વ ગુમાવવા પણ તૈયાર થાય છે. મને ખાત્રી છે, કે તેં જો ગોદડના હૃદયમાં તારી સત્તા ન જમાવી હોત તો આ નુપુર શી રીતે મારા હાથમાં આવત અને શી રીતે આ ગુપ્ત ભેદ પ્રકટ થાત ! જો કોઇ દુષ્ટ મનુષ્યને હાથ આનુપુર આવ્યાં હોત તો તે ભજગોવિંદ ભટ્ટનુ ઘર જોઇએ તેટલું ધન આપીને ખરીદ કરી લેત. હશે, પણ જે થયું છે તે સારૂંજ થયુ છે. મન્મુખરાય પૂરેપૂરો તો હજી ખાટી ગયો નથી. જે છે તેતો હજી બાકીજ છે. મન્મુખરાયને કોર્ટે ચડાવવાથી તો કંઇજ લાભ નથી. કારણ કે તેમાં ક્યાંક અવળું વેતરાય તો પાછી પંચાત પડે. ગુન્હેગારને શું ? તે તો તેને ફાવે તેમ બોલે. જો યુક્તિથીજ કાર્ય સાધી લેવાનું હોય તો શા માટે બીજાં ફાંફાં મારવાં જોઇએ. આ માટે સ્નેહ સંમેલન કરી તેમાં મેનેજરને, ન્યાયાધિશને અને શંભુપુરાણી વગેરેને આમંત્રી તેઓની રૂબરૂમાં આ સર્વ હકીગતનું સ્ફોટન કરવું એજ હિતાવહ છે અને તેઓને સાથે લઇનેજ વીલમાંની ગુપ્ત મીલકતની તપાસ લેવી. મને તો એજ માર્ગ ઉત્તમ લાગે છે. હશે ! જે થયું છે તે, અને જે થશે તે સારૂંજ થશે. માટે સ્નેહ સંમે-

લનનો માર્ગ ગ્રહણ કરી મન્મુખરાયને ભયમાં લાવી મૂકવો એજ હાલ તુર્ત તો શ્રેષ્ઠ માર્ગ છે." એમ વિચારી રામ વકીલે સેવકાને બોલાવી કહ્યું.

"સેવકા! કાલ સ્હવારે આપણે સ્નેહ સંમેલન કરવાનું છે, માટે તું અને ભાઇ થઇ સર્વ તૈયારી કરી મૂકજો?"

"સારૂં; પણ કોનેકોને આમન્ત્રણ કરવું છે?" સેવકે પૂછ્યું.

"પછી વિચાર કરી કહીશ પણ મન્મુખરાયને તો જરૂર કહેવું. કેમ આવશે તો ખરોને?" રામ વકીલે પૂછ્યુ.

"હાજી"

"કઇ યુક્તિથી લાવીશ," રામ વકીલે પુછ્યુ.

"તેની પ્રત્યક્ષ આપને પેલી ઔષધી આપવાના બ્હાને તે કદિ પણ આવ્યા સિવાય નહીં રહે" સેવકે કહ્યું.

"એ ઔષધી હજી તારી પાસે છે ને?" રામ વકીલે પૂછ્યું

"હાજી તે તો તે દુષ્ટનેજ અર્પણ કરવાની છે." સેવકાએ દાંત પીસી કહ્યુ.

"નહીં નહીં. જોજે ક્યાંક એવી મૂર્ખાઇ કરતો." રામ વકીલે સૂચના આપી.

"બીજાનો ક્ષય કરતાં પોતેજ ક્ષયનો ભોગ થાય તે શું ખોટું છે. કર્મનું ફળ તો મળવુંજ જોઇએ." સેવકે કહ્યું!

"કર્મનું ફલ આપનાર તો સર્વ શક્તિમાન પરમાત્મા છે. મનુષ્યથી શું થઇ શકે તેમ છે?" રામ વકીલે કહ્યું.

"નાજી તે ધર્મ ઢોંગી તો તેજ લાગનો છે." સેવકે કહ્યું.

"જો, એમ કાંઇ કરવાની જરૂર નથી, પરન્તુ જ્યારે સર્વને દૂધ આપવામાં આવે ત્યારે તારે તેના દેખતાં મારા દૂધના પ્યાલામાં એલાયચીનો ભૂકો નાંખવો." રામ વકીલે કહ્યું.

"તેનું કારણ" સેવક પૂછ્યું.

"તે એ કે મન્મુખરાય જાણે કે હું મારા કાર્યમા ફતેહ પામ્યો" છું." રામ વકીલે કહ્યું.

"પરન્તુ તેથી શું." સેવકે પૂછ્યુ.

"ભવિષ્યમાં કદાચ તેની પાસેથી આપણે કાંઇ સત્ય હકીકત પ્રાપ્ત કરવી હોય તો તારી મારફત તે હકીગત મળી શકે." રામવકીલે કાર્યનું રહસ્ય દર્શાવ્યુ.

"હા તે બરાબર." સેવક બોલ્યો.

"અને પેલી ઔષધી લાવ મારી પાસે તેનો પણ કદાચ ભવિષ્યમાં ખપ પડે." રામ વકીલે સેવક પાસેથી ઔષધી લઇ લીધી.

નવદશ પરિચ્છેદ.

સ્નેહ સંમેલન.

રામ વકીલનો નોકર સેવક તે સેવકજ હતો. રામ વકીલ પણ જાણતા હતા કે અનેક મોટી લાલચો અને અનેક મોટી આશાથી તે કદિપણ નીમકહરામ બને તેવો નથી. તેમજ તે ઘરનો જુનો અને વૃદ્ધ નોકર હોવાથી એક સલાહકાર જેવો પણ હતો એટલે રામ વકીલની કોઇ ગુપ્ત વાત ભાગ્યેજ સેવકથી અજાણી રહેતી. તેમ રામ વકીલ તેનાથી અજાણી રાખતા પણ નહીં. ખરેખરી રીતે સેવક એ ઘરનો નોકર નહી પણ કુટુંબના એક માણસ જેવો હતો. મન્સુખરાય પોતાનો ઘાત કરવાનો પ્રયોગ રચે છે. એ હકીગત વીજલીદ્વારા ગોદડના કાને અને ગોદડદ્વારા રામ વકીલના કાને કયારનીય પહોંચી ગઇ હતી. જેથી રામ વકીલે પૂર આવ્યા પહેલાંજ પાળ બાંધવાનો પ્રયોગ કયારનોય રચ્યો હતો. તેમણે સેવકને સર્વ ક્રિયાપાઠ ભણાવી તેને મન્સુખરાયના વિશ્વાસુ માણસ તરીક ગોઠવી દીધો.

ગઇકાલના સંકેત મુજબ આજ સ્હવારે રામ વકીલને ત્યાં સ્નેહ સંમેલન છે; વીલ માર્ફત સત્ય હકીકત પ્રગટ થાય અને મથુરા સંબંધી પણ કંઇક વધારે વિશ્વાસપૂર્ણ ખબર મળે તથા મન્સુખરાયનાં શસ્ત્રો અવનત થાય એ હેતુથી રામ વકીલે સ્નેહ સંમેલનની યુક્તિ રચી હતી.

સ્નેહ સંમેલનમાં દેવલગંજના સંભાવિત ગૃહસ્થો ઉપરાંત મન્સુખરાયને નિમન્ત્રણ કરવામાં આવ્યુ હતું. સંમેલનમાં આશરે સોએક સજ્જન હતાં. સવારના સાતેકના આશરે રામ વકીલના ઘરે માણસોની આવ જા થવા લાગી. સેવક મન્સુખરાયને પણ તેડી આવ્યો. થોડી વાર સંગીત શ્રવણ કર્યા બાદ, રામ વકીલે સેવકને દૂધના પ્યાલા લાવવા કહ્યું એટલે તુર્તજ સેવકે મન્સુખરાયને ઇસારત કરી પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે "જ્યારે હું ટેબલ ઉપર દૂધના પ્યાલા

ભરૂં ત્યારે આપ ધ્યાન આપજો." તે પ્રમાણે કરી સેવક ક્રમે ક્રમે દૂધના પ્યાલા ભરી આપવા લાગ્યો. બધાને દૂધ અપાઇ રહ્યા બાદ છેવટના રામ વકીલના પ્યાલામાં માત્ર મન્મુખરાયજ દેખે તેવી યુક્તિથી સેવકે ઔષધી નાંખી.

દૂધ પીતાં પીતાં ભાનુશંકર પંડયા બોલ્યા. "રામ વકીલ અત્યારે ભટ્ટજી હોય તો કેવી મજા આવે ?"

"ભટ્ટજીની તો વાતજ જુદી. બોલવે ચાલવે, બેસવે ઉઠવે, ખાવે પીવે ભટ્ટજી એતો ભટ્ટજીજ." શંભુ પુરાણીએ કહ્યું.

"એ પૈસા માંડે તેવો આદમી. ખોટું કેમ બોલાય." વીરો પટેલ બોલ્યા.

"વ્યવહારમાં પણ કુશળ." શવજી પરીખે કહ્યું.

"જેની છોકરી નાસી ગઇ છે તેજ ભજગોવિંદ ભટ્ટ કે ?" નવા આવેલા સ્ટેટ મેનેજરે કહ્યું.

"જી હા, એ નાસી ગઇ નથી પરન્તુ કોઇ હરામખોરોએ તેને ગુમ કરી છે." રામ વકીલે કહ્યું.

"જો એમ છે તો શા માટે તેની તપાસ નથી ચલાવતા." સ્ટેટ મેનેજરે કહ્યું.

"પાછળ કોઇ હોય તો તપાસ ચલાવેને ?" શંભુ પુરાણી બોલ્યા.

"ત્યારે તેમની મીલકતના વારસ કોણ ?" સ્ટેટ મેનેજરે પૂછ્યું.

"હાલમા તો હું વહીવટ ચલાવું છું." મન્મુખરાયે કહ્યું.

"ભટ્ટજી તરફથી એ સર્વ તમને સુપ્રત થયું હશે." સ્ટેટ મેનેજરે કહ્યું.

"નાજી, એવું તો કંઇ છે નહીં, પરન્તુ પોતે પારમાર્થિક વૃત્તિથી વહીવટ કરતા હશે." રામ વકીલે કહ્યું.

"ત્યારે ધારો કે એ કન્યા હાથ ન લાગે તો ભટ્ટજીની મીલકતનો હકદાર વારસ કોણ ?" ન્યાયાધીશે પુછ્યું.

"કોઇજ નહી." ભાનુશંકર પંડયા બોલ્યા.

"ત્યારે તેની વ્યવસ્થા શું થશે." ન્યાયાધીશે પૂછ્યું.

"તે તો રામજી જાણે." રામ વકીલ બોલ્યા.

"ત્યારે તો કહોને કે રાયજી વગર હકેજ મીલકતના વારસ થઇ પડયા છે. કાયદેસર તે મીલકત ઉપર રાયજીનો બીલકુલ હક ન પહોંચે કેમ ખરૂં કે નહીં રામજી ?" ન્યાયાધીશે પૂછ્યું.

"જી હા.' મન્સુખરાય બોલ્યો.

"ત્યારે તમે અત્યારસુધી કેમ કાંઇજ ન બોલ્યા." ન્યાયાધીશે પૂછ્યું.

"ભટ્ટજીની પુત્રીનો પતો લાગે એ ઇરાદાથી." મન્સુખરાય ખસીયાણો પડી બોલ્યો.

"તમે કાંઇ તપાસ કરાવી હતી ?" ન્યાયાધીશે પૂછ્યું.

"હાજી." મન્સુખરાયે કહ્યું.

"અરે ! એતો બિચારા ઘણીયે તપાસ કરાવે છે પરન્તુ લોકો ખાય તેનું ખોદે તેવા છે તો. લોકોતો કહે છે કે આ સઘળું મન્સુખરાયનુંજ કારસ્તાન છે. સાચું ખોટું ઇશ્વર જાણે." રામ વકીલે ટપ્પો માર્યો.

"હા, મેં પણ સાંભળ્યું છે." ન્યાયાધીશે કહ્યું.

"પરન્તુ ભટ્ટજીએ પોતાની મીલકતનું વીલ કર્યું છે, કે નહીં." સ્ટેટ મેનેજરે પૂછ્યુ.

"ના જી." મન્સુખરાયે કહ્યું.

"ત્યારે તેમની સ્થાવર જંગમ મીલકતની સત્યતાનો શી રીતે પુરાવો મળે ?" મેનેજરે પૂછ્યું.

"માત્ર વિશ્વાસથી." મન્સુખરાયે કહ્યું.

"તેઓ ચોપડા રાખતા કે નહીં." ન્યાયાધીશે પૂછ્યું.

"હાજી, રાખતા ખરા." મન્સુખરાયે કહ્યું.

"ઓહો, તો પછી શું હરકત છે." ન્યાયાધીશે કહ્યું.

"પરન્તુ ચોપડા માત્રથી સર્વ હકીકત મળી શકે ?" ભાનુશંકર પંડયા બોલ્યા.

"એ ખરૂં પરન્તુ ચોપડા એ એક કોર્ટમાં સાક્ષીરૂપ છે." ન્યાયાધીશે ગંભીર વદને કહ્યું.

"રાયજી ! આટલી અગત્યની હકીકત તમે આજ સુધી અંધારામાં રાખી એ ઠીક નથી કર્યું" સ્ટેટ મેનેજરે કહ્યું.

"કેમ સાહેબ' શંખ પુરાણીએ પૂછ્યું.

"એ તો સારૂં છે, કે ભટ્ટજીની પુત્રી તરફથી અત્યારે કોઇ છે નહીં નહીં તો રાયજી મહા મુસ્કેલીમાં આવી પડે.' સ્ટેટ મેનેજરે કહ્યું.

"તો પણ આટલી વાત ઉપરથી એટલુંજ તો ચોક્કસ થાય છે કે ભટજીનું સર્વસ્વ મન્મુખરાયના કબજામાં છે અને તે તેઓએ વગર હકે કોઇની સલાહ લીધા સિવાય લીધું છે અર્થાત્ કાયદાનું ઉલ્લંઘન કર્યું છે." ન્યાયધીશે કહ્યું.

"ના સાહેબ ! જો બધુ ઘર આંગણે થતું હોય તો કાયદેસર કંઇજ કરવાની જરૂર નથી." રામ વકીલે કહ્યું.

"ખરૂં છે. જો આ સંબંધમાં કાયદાની બારીકીમાં ઉતરીએ તો રાયજી ભીખ માગતા થાય; અને એ તો તેઓ પણ ક્યાં નથી જાણતા." સ્ટેટ મેનેજરે કહ્યું.

"પણ તેવું કરવાની કંઇજ જરૂર નથી કેમ રાયજી ! " રામ વકીલ બોલ્યા. મન્મુખરાયે માત્ર ડોકું ધુણાવ્યું.

"પણ મને આશ્ચર્ય લાગે છે, ભટ્ટજી જેવો નિપુણ માણસ પોતાની મીલકતનું વીલ ન બનાવે તે." ન્યાયાધીશે વીલની પુનઃ પ્રસ્તાવના કરી.

"બનાવેલુ તો હોવુંજ જોઇએ." રાવજી પરીખે કહ્યું.

"તપાસ કરતાં હાથ તો નથી લાગતું." મન્મુખરાયે કહ્યું.

તેમાં વીલની શું જરૂર છે ? રાયજી ક્યાં ઇતરજન છે ? તેઓ તો જે હશે તે સાચુંજ કહેશે" શંભુ પુરાણીએ કહ્યું.

"કહો ત્યારે રાયજી ! ભટ્ટજીની કુલ મીલકત કેટલી હશે." ન્યાયાધીશે પૂછ્યું.

"સાહેબ સુધી તો બધુજ સારી" રાયજીએ કહ્યું.

"કેમ જમીન છે સ્તો." હીરા પટેલે કહ્યું.

"પણ તેનાં શું બટકાં ભરાય ?" મન્મુખરાયે કહ્યું.

"અને ચોપડામાં પણ કંઇ હશે સ્તો." સ્ટેટ મેનેજરે કહ્યું.

"ચોપડામાં પણ બાકી ઉઘરાણી હોવી જોઇએ." રાવજી પરીખે કહ્યું.

"હા છે, પણ જાણો છો ને ? અત્યારના જમાનામાં માત્ર બે આંખનીજ શરમ છે." મન્મુખરાયે કહ્યું.

"સાહેબ, મને ખાત્રી છે, કે રાયજી જે કહેશે તે સત્ય કહેશે; પરન્તુ જો આપને ફુરસદ હોય તો લગાર મારી સાથે ભટ્ટજીના ઘર સુધી આવો તો કૃપા ! રામ વકીલે સ્ટેટ મેનેજર અને ન્યાયાધીશને ઉદ્દેશી કહ્યું.

"ભલે." સ્ટેટ મેનેજર બોલ્યા.

દુગ્ધપાન કર્યા બાદ સૌ ભટ્ટજીના ઘર તરફ ગયા. મન્મુખરાય પણ સાથેજ હતો. અગર જો રામ વકીલ કાંઇકે ગુપ્તભેદ પ્રકટ કરવા ધારતા હશે એવી શંકા તો મન્મુખરાયના હૃદયમાં ઉત્પન્ન થઇ હતી તોપણ તેનાથી ભવિષ્ય તો જોઇ શકાયુંજ નહીં. તેથી તે પણ પોતે સત્યવાદી અને ધર્મનિષ્ઠ છે એવું દર્શાવવા સાથે સાથે ચાલ્યો. ભટ્ટજીના ઘરે પહોંચ્યા બાદ રામ વકીલના કહેવાથી મેનેજર, ન્યાયાધીશ મન્મુખરાય, શંભુ પુરાણી ભાનુશંકર પંડયા, સવજી પરીખ અને વીરો પટેલ વગેરે ભટ્ટજીની દેવ પૂજા કરવાની ઓરડીમાં ગયા; સેવક અને ગોદડે રામ વકીલના કહેવા મુજબ એક પછી એક ઇંટો કાઢવા માંડી. બાકીની સાત ઇંટો કાઢવાની બાકી રહી એટલે રામ વકીલે નુપુર કાઢી તેમાંથી વીલ કાઢ્યું. તે સૌને વાંચી સંભળાવ્યા બાદ પોતાને વીલ શી રીતે પ્રાપ્ત થયું, તથા ગોદડ પાસે તે નુપુર શી રીતે આવ્યાં, તે સર્વ હકીગત તેમણે બધાને કહી સંભળાવી. સેવક અને ગોદડે બાકીની સાત ઇંટો કાઢી વીલમાં લખ્યા મુજબના સર્વ દાગીના બહાર કાઢયા. આ સમયે જોનાર માણસની વિષમ દૃષ્ટિ થઇ ગઇ હતી. કારણ કે એકતો સમવિષમ થતી મન્મુખરાયની મુખાકૃતિ જોવી અને બીજું ભટ્ટજીના ગુપ્ત ભેદનો વિચાર કરવો.

" મન્મુખરાય ! આ વીલની હકીકત સમજ્યાને ? "

" હેં ! " મન્મુખરાય બોલ્યો.

" વીલના પ્રથમ વિભાગમાં લખેલી રકમ તો તમારા કબ્જામાં છે ને ? " ન્યાયાધીશે પુન પ્રશ્ન પૂછ્યો.

" હેં, હેં, હેં ! " મન્મુખરાય બોલ્યો.

ત્રિંશ પરિચ્છેદ.

પુનઃ સમાગમ.

હીમાદ્રિના રાજમાર્ગ ઉપર આવેલા એક જાંબુ વૃક્ષની નીચે એક દીન–વદની મનુષ્ય બેઠો બેઠો કાંઇકે ગણ્યા ગણે છે. એક ક્ષણે તે કપાળ ઉપર હાથ ફેરવે છે, ઘડીક જાણે આ સંસારમાંથી મુક્ત થવાને કાંઇ પ્રગલ્ભ કરતો હોય તેમ આકાશ સામું જુએ છે, ઘડીક

જાણે પોતાનો પ્રથમનો વિચાર પોતે ફેરવ્યો હોય અને આ જગતની સામા થઈ ધારેલા કાર્યમાં વિજય મેળવવા તૈયાર થતો હોય તેની રીતે તે દાંત કચરડે છે, ઘડીમાં તે શાંતમુદ્રા ધારણ કરી કાંઇ ગૂઢ તત્વદોહન કરતો હોય તેમ બન્ને આંખોને મીંચી જાય છે, અને ઘડીમાં ઉભો થઇ આમ તેમ જાણું વૃક્ષ નીચે ચોતરફ દૃષ્ટિ ફેંકતો જાણે કોઇની રાહ જોતો હોય તેમ ચેષ્ટા કરે છે. તેનુ ચિત્તવ્યગ્ર હતું. અંતઃકરણ ઉત્સુક હતું. આત્મા અશાન્ત હતો. મન ચંચળ હતું, બુદ્ધિ નિર્ણયશૂન્ય હતી અને અહંત્વ છતા તેનામાં અહત્વ ન હોય એવુ ભાસતું હતું. તેવામાં દૂરથી કોઇ તેની દૃષ્ટિએ પડયુ. તેને જોતાંજ તેના મુખપર સ્મિત. ભકિતભાવ, શુદ્ધ સ્નેહ અને ઔત્સુકય પ્રકટી નીકળ્યુ. થોડીવારમાં આવનાર કર્મયોગી, સન્મુખ પાસે આવ્યો. સન્મુખ તેને જોતાંજ ગળગળો થઇ કર્મયોગીના પગમાં મસ્તક ઝુકાવી, પડયો.

" સન્મુખ ઉભો થા. હવે હુ ધારૂં છું કે તેં ચપલાનો સદાને માટે પરિત્યાગ કર્યો હશે." કર્મયોગી બોલ્યા.

" જી હા, કૃપાનાથ; એ સ્વપ્નને હું પાપી ન સમજી શક્યો, અને મેં મોહવશ થઇ પ્રાપ્ત જ્ઞાનનો વિક્રય કર્યો. હવે પસતાઉંછું, પણ નિરૂપાય." સન્મુખ બોલ્યો.

" ત્યારે તારો હવે શું વિચાર છે." કર્મયોગીએ પૂછ્યું.

" સેવાધર્મ ઉઠાવી કર્મયોગની સાધના કરવી એ." સન્મુખે કહ્યું.

" પણ કદાચ તને પુન : ચપલા મળે તો કેમ ? " કર્મ યોગીએ પૂછ્યુ.

" કૃપાનાથ ન બોલશો હવે એ દુષ્ટાનુ નામ: સન્મુખે કહ્યું.

એટલામાં સન્મુખ સમીપ ચપલાની પ્રતિમા ખડી થઇ. પ્રતિમાએ અનેક હાવભાવ કરવા માંડયા. તેનુ સૌંદર્ય અને લાવણ્ય પ્રથમ દર્શન કરતાં પણ અનુપમ હતું. તેનું યૌવન ભલ ભલા સાત્વિકોના અંતઃકરણને પણ રસમાં લીન કરીદે અને ક્ષણભર રાજસી વૃત્તિમાં રમાડે તેવું આકર્ષક હતું. તેના અંગ ઉપરના વસ્ત્રાલંકાર એક દિવ્યાંગનાને પણ લજ્જા પમાડે તેવા સુશોભીત હતા. તેના મુખ ઉપર ક્ષણે ક્ષણે થતું રસિક સ્મિત અને કામોદ્દિપન લજ્જા મહંતોને પણ રમાડે તો સન્મુખનો શું હિસાબ. તેના નેત્રનો કટાક્ષ સન્મુખને સ્નેહ ભૂરકી ભાંખવાને બસ હતો; પરન્તુ પહેલાંનો સન્મુખ ફરી ગયો હતો, તેને જોતાંજ સન્મુખ બોલ્યો. " પિશાચીની ! હવે હું તે

સન્મુખ નથી. તારા કરતાં પણ અનુપમ દિવ્યાંગનાઓ મારા અંતઃકરણની આશ્રિત છે. અરે ! તારા કરતાં પણ અલૌકિક સ્ત્રીઓ ઉત્પન્ન કરી શકું તેટલી મારા આત્મામાં પ્રખર શક્તિ છે. તેં મારૂં અત્યાર સુધીનું જીવન નિર્વીય–કલુષિત બનાવ્યુ છે. તોપણ હજી શામાટે શાન્ત નથી થતી ચપલા ! જો સાંભળ; તેં કેટલા પુરૂષોને પાપાગારમાં ધકેલ્યા છે ? કેટલી પવિત્ર સ્ત્રીઓને કુમાર્ગે દોરવી છે ? તારાં અઘોર કર્મોને તું લગાર સ્મરી જા ! ખરેખર ! તારાં પૂર્વ કર્મ સંયોગે તેં શરૂથીજ વિમાર્ગ ગ્રહણ કર્યો છે. તેં તારૂં સદાયનું ભવિષ્ય બગાડયું છે. અગર જો તને તારાં કર્મો સુખદ લાગતાં હશે. પરન્તુ તેનો તેં કોઇ દિવસ સ્થિર ચિત્તે એકાંતમાં બેસી વિચાર કરી જોયો છે ? ચપલા ! પ્રભુને ત્યાં તું શું ઉત્તર આપીશ ? અરે ! ત્યાં તારા શા હાલ થશે, એનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે મારૂં હૃદય કંપી ઉઠે છે. માટે હવે તો તારે તારા ગ્રહણ કરેલા માર્ગનો ત્યાગ કરવાની જરૂર છે. આવ તુંને હું બન્ને એક ગુરૂના પાદનું સેવન કરી, ભાંડુ સ્નેહથી, ભક્ત બનીએ; હું ખરૂં કહું છું, કે તારે માટે જો હવે કોઇ પણ માર્ગ હોય તો આ કર્મયોગી મહાત્માનું દર્શન કરી તારેતારૂં પવિત્ર અંતઃકરણ બનાવી. કૃતાર્થ થવું એજ છે. છતાંય જો તારા લાભની આ સૂચના તારે ના કબુલ હોય તો જા હું તને આજ્ઞા કરૂંછું કે તું આ પવિત્ર સ્થાનમાંથી ચાલી જા ? તારા પાપ પાદ આ પવિત્ર બનેલી ભૂમિને માટે અયોગ્ય છે. તું હસીશ નહી. હા પણ હવે હું સમજ્યો હજી તને મારા ઉપદેશની કાંઇ પણ અસર નથી થઈ ઓ રંડા ! જા મારી આજ્ઞા છે કે હવે જો ક્ષણ પણ ઉભી રહીશ તો આ તારા ક્ષણ ભંગુર દેહની ભસ્મ બનશે. માટે જા ? ” ચપલાની પ્રતિમા અદૃશ્ય થઇ.

“ બસ હવે મારા આત્માને નવું જીવન મળ્યું. ” સન્મુખ મુદિત થઇ બોલ્યો.

“ કેમ ? ” કર્મયોગીએ પૂછ્યું.

“ કૃપાનાથ ! હું તો ધારૂં છું કે આપશ્રીની કૃપાએ મારા હૃદયના સર્વ મલિન સત્વો દૂર થયાં છે. આ માયિક અને પ્રપંચમય જગત્ કે જેને અત્યાર સુધી હું પવિત્ર સત્ય તરીકે સ્વીકારતો આવ્યો હતો તેનું શુદ્ધ સ્વરૂપ હવે મને માલુમ પડયું છે, જગતમાં સર્વત્ર સમે સાર્વત્રિકતા માલુમ પડે છે, મારી એકાંત ભાવના નષ્ટ થઇ અને

અનેકાંતભાવના ઉદ્ભવી છે. મારા અંતઃકરણનો રાગદ્વેષ નષ્ટ થયો છે. મારા પૂર્વ પાપ કર્મોનો મને પશ્ચાતાપ થાય છે, મારી વાસનાઓ પ્રભુમાં લય થવા લાગી છે, આ પ્રભુના જગતનું કલ્યાણ કરવા શુદ્ધ નિષ્ઠાથી સેવા ધર્મનો અંગિકાર કરવો એજ મેં મારા કર્તવ્યનું કેંદ્ર નિશ્ચિત કર્યું છે. માત્ર આપની પરમ કૃપાનીજ રાહ જોઉં છું." સન્મુખે કહ્યું.

"હું કબૂલ કરૂં છું કે તારી મલિન વાસનાઓ નષ્ઠ થઇ છે તોપણ સેવા ધર્મ ઉઠાવવા તને મારી માફક અનુકૂલતા મળે તેમ નથી." કર્મયોગીએ કહ્યું.

"શા માટે?" સન્મુખે પૂછ્યું.

"એ સર્વ પ્રસંગોપાત જણાશે પણ અત્યારે મારી આજ્ઞા છે કે તારે ગૃહસ્થ ધર્મનો અંગીકાર કરી સેવાધર્મ ગ્રહણ કરવો?" કર્મયોગીએ આજ્ઞા કરી.

"નહીં, કૃપાનાથ! મારી પવિત્ર પત્નીને મારૂં આ પૂર્વનું પાપ મુખ દર્શાવવા હું અયોગ્ય છું એટલુંજ નહીં પણ સંસાર ઉપર થએલી અરુચીને પુનઃ સંસારમાં પ્રેરવી એ પણ કેમ બને? માટે હવે તો આ સાધુજીવન એજ સુલભ છે." સન્મુખે કહ્યું.

"સન્મુખ! સાધુ જીવન સહેલ નથી. જો આ હિમાદ્રિના શીતમય પ્રદેશમાં અનેક કષ્ટ સહવા ઉપરાંત ઘાતકી પશુઓના ભયથી સદૈવ ઘેરાયલાં રહેવું એ હજી તારા બાલજીવનને માટે હાની કરતા છે. બેશક તારી સર્વ માનસિક વૃત્તિઓનો સાત્વિકતામાં લય થવા આવ્યો છે, એ ખરી વાત; પરન્તુ ઉંડાણમાંથી જોતાં મને લાગે છે, કે જ્યાંસુધી તારૂં પવિત્ર હૃદય તારી પત્નીના વિશુદ્ધ પ્રેમ તરફ ઢળે છે ત્યાંસુધી તું ગૃહસ્થ ધર્મનો અંગીકાર કરી સેવા ધર્મનો માર્ગ સ્વીકાર્યે તો કાંઇ અયોગ્ય નથી. તેમ તેથી તારી વિશુદ્ધિમાં પણ કાંઇ હાની ઉદ્ભવે તેમ નથી. માત્ર સંભાળ એટલીજ રાખવી કે તારા અંતઃકરણને તારે વશ કરવું. પરન્તુ તેને વશ તારે ન થવું. અને તે સંભાળતો સાધુ જીવનમાં પણ તારે રાખવી જ જોઇશે." કર્મયોગીએ કહ્યું.

"ગુરૂવર્ય! પણ જગતમાં પુનઃ હું રાગદ્વેષથી પ્રેરાઇશ તો!" સન્મુખે શંકા કરી.

" એજ તારા અંતઃકરણની નિર્મલતા છે. હું તને કહું છું, કે સંસારમાં રહીને પણ આ જગત્ પ્રભુનું છે, હું જે કાંઇ કરૂં છું તે પ્રભુને અર્થે છે, મારાં પ્રત્યેક કર્મો પ્રભુને આધીન છે, હું તો નિમિત્ત માત્ર છું, ઉંચ નીચ સર્વનું કલ્યાણ કરવું એજ મારો ધર્મ છે, મારે કીર્તિની અપેક્ષા નથી, ધનની અપેક્ષા નથી, મારે લોકોની વાહ વાહ જોઇતી નથી, અને હું સ્વાર્થથી ઉન્મુખ છું. આવા પ્રકારની જો તું તારા અંતઃકરણની ભાવના રાખીશ તો કદિ પણ તું રાગદ્વેષથી નહીં દોરાય તે સાથે જગતના માનવીઓના દુર્ગુણને, તેઓના અનિષ્ટને, તેઓની અશુભ વાસનાઓને અને તેઓના અયોગ્ય કર્તવ્ય પ્રત્યે જો તું ક્ષમાદષ્ટિથી જોઇશ, તથા તેઓને તે પાપાગારમાંથી વિનિર્મુકત કરવા શુભ આયાસનું સેવન કરીશ તો તારી ભાવના અત્યારે છે તેના કરતાં પણ વધારે ઉત્તમ નીવડશે. માટે હમણાં તો જા-ગૃહસ્થ ધર્મનું સેવન કર. " કર્મયોગીએ કહ્યું.

" સ્વામીન્! આપતો મારા હૃદયનાં પડેપડ જુઓ છો, તોપણ મને કહ્યા સિવાય નથી ચાલતું કે આપ ધારો છો તેવી મારા અંતઃકરણની સ્થિતિ નથી. ગૃહસ્થાશ્રમના સેવનનો મેં કદિપણ વિચાર નથી કર્યો. કાદ પણ મને મારી જન્મભૂમિનું કે મારા પિતાનું સ્મરણ નથી થતું. હવે તો સ્મરણ માત્ર એક પ્રભુનુંજ થાય છે." સન્મુખે કહ્યું.

" સન્મુખ ! તારૂં હૃદય વિશુદ્ધિમાં પ્રવેશેલું છે; પણ જો ગૃહસ્થ ધર્મમાં રહીને તું જેવીને તેવી વિશુદ્ધિનું સ્થૈર્ય જાળવી રાખીશ તો તે, આ સાધુજીવન કરતાં પણ વધારે ફલદ નીવડશે, એ ખાત્રીથી માનજે. અત્યારે જે તારી સ્થિતિ છે તે સંસાર પ્રતિ અરૂચી ઉત્પન્ન થવાથી ઉદ્ભવી છે. અગર જો હાલનો તારો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે પણ તે દુઃખગર્ભિત વૈરાગ્યમાંથી જન્મ પામેલો છે. એટલે જો તું કુમાર્ગે ન ચડયો હોત અને શરૂમાંથીજ આવું સાત્વિક જીવન પ્રાપ્ત કરી શકયો હોતતો હું કહું છું કે કદિપણ તારા અંતઃકરણમાં આવો અરણ્યમાં પર્યટન કરવાનો વિચાર સરખો પણ ન થાત. વળી ગૃહસ્થ ધર્મની તારી કઇ ફરજને તેં અદા કરી છે ? ગૃહસ્થ ધર્મમાં રહીને તેં ક્યારે કોના ઉપર ઉપકાર કર્યો છે ? તારે જે વાસ્તવિક કાર્ય કરવાનું છે તે તો ગૃહસ્થધર્મમાંજ છે." કર્મયોગીએ કહ્યું.

"મહારાજ ! હું ખરૂં કહુ છું કે ગૃહસ્થધર્મ કદિ પણ મારી પ્રકૃતિને સાનુકૂલ નહીં બને." સન્મુખે કહ્યું.

"તારી ભૂલ છે. તું કહે છે કે મારી વૃત્તિ પરમાત્મામાં વિરામ પામી છે. પણ ના તેમ નથી. જનકવિદેહી જેવા મહાન્ પુરૂષોની માફક જગત્ યંત્રમાં ભ્રમણ કરતાં જ્યારે તારા ચિત્તનો પરમાત્મામાં લય થાય ત્યારેજ ખરૂં. તું મને પૂછીશ, પણ મારૂં વૃત્તાંત હમણાં સંભળાવવું યોગ્ય નથી. માટે અત્યારે તો તને જેમ હું કહું તેમાંજ તારા ભવિષ્યના જીવનનું સાર્થક છે. એમ સમજ. વળી તને ક્યાં ખબર છે, કે તારી પવિત્ર પત્નીનું અંતઃકરણ તારા કરતાં પણ વધારે વિશુદ્ધ થએલુ છે. અરે ! એવી પવિત્ર પત્ની તને મળવાથી હું તો તને મહાભાગ ગણું છું. તું કહે છે, કે ગૃહસ્થ ધર્મ મને સાનુકૂલ નહીં બને. ખરૂ છે. તેં મૂળથીજ આ દુનીઆની મલિન બાજુ જોઈ છે એટલે વાસ્તવિક રીતે તો તારા અંતઃકરણમાંથી આજ ઉદ્ગાર નીકળવા જોઇએ. નીકળ્યા પણ છે. પરન્તુ તું એક વખત તારા અંતઃકરણની વિશુદ્ધિનું તારી પત્નીની વિશુદ્ધિ સાથે સંમેલન કરી જો અને જો પછી તારા આત્માને તેમાં હાની જણાય તો ખુશીથી તું આ જગાએ પુનઃ આવજે ? હું તને મળીશ." કર્મયોગીએ કહ્યું.

કૃપાનાથ ! આપની આજ્ઞાને અનુસરૂં, પણ મારૂં પાપમુખ હું મારી પત્નીને શી રીતે બતાવી શકું તે મારો ક્યાંક અસ્વીકાર કરે તો ?" સન્મુખે કહ્યું.

"તેમ બનશેજ નહીં. ઉલટું જ્યારે તારી પત્ની તને જોશે એટલે તારા પાદમાં તેનું મસ્તક નમાવશે. માટે એ શંકાનો તો ત્યાગજ કર; પણ જોજે જગતમાં રહી, તારે સેવા ધર્મ ઉઠાવવો છે, નિષ્કામ કર્મ સેવન કરવુ છે, અને જગત્નાં પ્રાણી માત્ર પ્રત્યે સમાન ભાવ રાખવો છે એ ન ભૂલતો અગર જો તું રાગ વશ થવાનો ! થઇશજ. પરન્તુ તે રાગને તારા આત્માથી ભિન્ન રાખજે. ઇંદ્રિયોના ઉપર તું અધિકાર ચલાવજે. પણ તેઓને તારા ઉપર અધિકાર ચલાવવા દઇશ નહીં. અને પ્રાણી માત્રનું ભલુ કરવું એ તારી સેવાનું દષ્ટિબિંદુ રાખજે. તું તારા જન્મ સ્થાનમાં જઇશ એટલે નહીં ધારેલો અવનવ ફેરફાર જોઇશ, પણ તે ફેરફારને ધૈર્ય વૃત્તિથી નિભાવી લેજે. હું જાઉં છું. અનાયાસે ક્યાંક મળીશ." એમ કહી કર્મયોગી અદૃશ્ય થયા.

એકવિંશ પરિચ્છેદ.

ગુપ્ત સંકેત.

મધ્ય રાત્રિના શુમારે સુરજગંજથી લગભગ માઇલેક દૂર આવેલા એક વિશાળ વડની તરફ એક વ્યક્તિ ઉતાવળમાં અને ઉતાવળમાં ધસી આવે છે, તેણે આવતાંવારજ વિશાળવટના થડની એક બખોલમાં પ્રવેશ કર્યો. તેને જોતાંજ અંદરથી એક વ્યક્તિ બોલી ઉઠી.

" તારી રાહજ જોતાં હતાં."

" કેમ મોડું થયું " બીજી વ્યક્તિએ પૂછ્યુ

" આજ તે એટલો બધો પ્રેમ મસ્ત થઇ ગયો હતો, કે જો મેં તેને નિશો ન કરાવ્યો હોત, તો ભાગ્યેજ મારાથી અત્ર આવી શકાત ? " આવનાર વ્યક્તિએ કહ્યું.

" દરમિયાન તેનો નિશો ઉતરી જશે તો ?" ઉભયમાંથી એક પુરૂષ વ્યક્તિએ પૂછ્યુ.

" જ્યાં સુધી ચાંપતા ઇલાજ નહીં લેવામાં આવે ત્યાં સુધી નિશો ઉતરવો અશકય છે. " આવનાર વ્યક્તિએ કહ્યું.

" ત્યારે તો તેનુ કદાચ મૃત્યુ પણ થાય. " સ્ત્રી વ્યક્તિએ પૂછ્યું.

" ના. એટલી હદ સુધી તો બને તેમ નથી."

" કદાચ મૃત્યુ થાય તો ભલે. તેની તો આપણે જરૂરજ છે. " પુરૂષ વ્યક્તિએ કહ્યું.

" ખરૂં, પણ તેથી આપણને મહા વીડબણા ભોગવવી પડે. તને ખબર છે ? એ આ ગામનો સંભાવિત સદ્દગૃહસ્થ છે; એટલે આપણે કેટલાં બધાં સાવચેત રહેવું જોઇએ ? " સ્ત્રી વ્યક્તિએ કહ્યું

" તું ભૂલે છે. તેની સ્ત્રીજ જે કામમાં સામેલ હોય તેમાં સ્પષ્ટજ છે કે આપણને ઓછી મુશ્કેલી નડે. " પુરૂષ વ્યક્તિએ કહ્યું.

" તો પણ, આપણે ભય રહિત તો નજ કહેવાઇએ. " સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

" જાઓ, હું તમને વચન આપું છું કે તમારા પ્રત્યેક વિચાર અને કાર્યમાં મારી અનુમતિજ છે. " આવનારે કહ્યું.

" ના, તેમ નહીં. મારી તો એવી ઇચ્છા છે કે તારેજ માર્ગ દર્શાવવો. " સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

" હા, તેમજ જોઇએ. વળી તું જાણે છે કે આ કાર્યમાં અમારા કરતાં તારો સ્વાર્થ હેતુ હજાર દરજ્જે વધારે છે. ખરૂં પૂછાવ્ય તો તારી સ્વતંત્રતા અર્થે અમે અમારૂં સર્વસ્વ ત્યાગવા તૈયાર થયાં છીએ. પરન્તુ તે તારા વિચારની પાછળ પાછળ. કારણ કે તું જેટલી સરલતા અને સાચવણુથી આ કાર્યને પાર પાડે તેના કરતાં અમે તો ઓછીજ સરલતા અને સાચવણ રાખી શકીએ એ દેખીતું છે. માટે બોલ તું શું કહેવા માગે છે. સત્ય હકીકત કહી દે." પુરૂષ વ્યકિતએ પૂછયુ.

" ખરૂં કહે છે, કારણ કે હજી પણ અમને તારામાં શંકા છે. કે કદાચ તું અમારા બન્નેથી કાંઇ બીજી રમત તો નથી રમતી !" સ્ત્રી વ્યકિતએ પૂછયુ.

" બિલકુલ નહીં, જો મારી તેવીજ ઇચ્છા હોય તો અત્યારે મધ્ય રાત્રે આમ નિઃશંક પણે તમારી પાસે ગામથી આટલે દૂર શામાટે આવું ? માત્ર મારા અંતઃકરણમાં જે કાંઇ છુપછુપણું છે તે એજ કે આપાણુ આ કાર્યથી આપણી ધારેલી ધારણા બર આવશે કે નહીં ! હું તમારી પાસેથી માત્ર એટલુંજ ઇચ્છું છું, કે આપણે ત્રણેયે પરસ્પર વફાદાર રહેવું." આવનાર સ્ત્રીએ કહ્યું

" તે માટે તો તું નિચિંતજ રહે. અમારા બન્નેની વફાદારી માટે તારે લગાર પણ શંકા લાવવા જેવું નથી, પરંતુ તને ફરીને કહ્યા સિવાય નથી ચાલતું કે જોજે કયાંક વાતમાંને વાતમાં તેને આ વાત કહી દેતી ?" પુરૂષે કહ્યું.

" બસ એટલીજ કીંમત કરી ? તેના કરતાં મને તમારા પ્રાણની લાખ ગણી વધારે કીંમત છે. અરે ! તમારે ખાતર તો મેં આ સાહસ કર્મ હાથમાં લીધું છે. નહીં તો વિચાર કરોને, મારે તેને ત્યાં શું દુઃખ છે ?" આવનાર સ્ત્રીએ કહ્યું.

" વારૂ. ત્યારે કહે કયો ઉપાય લેવો હિતકારક છે." સ્ત્રીએ પૂછયું.

" એમાં શું........" એમ કહેતાં આવનાર સ્ત્રી બોલતાં અટકી.

" આપણે એવા ગુહ્ય સ્થાનમાં બેઠાં છીએ કે એક શબ્દ સરખો પણ આ સ્થાનમાંથી બહાર જઇ શકે તેમ નથી. માટે બેધાશક કહે, તને જે ઉપાય યોગ્ય લાગતો હોય તે." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

" તોપણ પહેલાં તમે કહો ?" આવનાર સ્ત્રીએ પૂછયું.

" ખરૂં પૂછાય તો તારા મતને અનુસરતું એજ અમારો મુખ્ય

ઇરાદો છે માટે તું કહે તે અમારે સંપૂર્ણ રીતે માન્ય છે, એમજ તારે સમજવું." સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

"માટે કહે." પુરૂષે અનુમોદન આપ્યું.

"શું ત્યારે મારે હાથેજ તમે બન્ને આ ઘોર કર્મ કરાવવા ધારો છો ?" આવનાર સ્ત્રીએ પૃછ્યું.

"બેશક ! અમે તને પ્રથમથી જ કહ્યું છે, કે અમે તો માત્ર તારા કાર્યમાં મદદગાર થઇએ. બાકી સર્વ કાર્યભાર તારે માથે." સ્ત્રીએ વ્યકિતએ કહ્યું.

"હું એમ નહતી ધારતી ક તમે બન્ને આમ તદ્દન સટકી જશો." આવનાર સ્ત્રી વ્યકિત કાંઇક ક્રોધ દર્શાવી હસતાં હસતાં બોલી.

"તારે મુઝાવાનું કારણ નથી. તારે માથે આ બોજો નાંખવાનું કારણ તો એજ કે તું તેનું વિશ્વાસ પાત્ર ગણાય; માટે અમારા કરતાં તારાથી તે કાર્ય વધારે સહેલાઇથી પાર પાડી શકે." પુરૂષ વ્યકિતએ કહ્યું.

"ભલે ત્યારે મારી કયાં ના છે. પણ કઇ રીતે કાર્ય સધાય ?" આવનાર સ્ત્રી વ્યકિતએ કહ્યું.

"એ તો તેં વિચાર કર્યો હશે ને ?" સ્ત્રી વ્યકિતએ કહ્યું.

"મેં તો વિષ પ્રયોગ ધાર્યો છે." આવનાર સ્ત્રી વ્યકિતએ કહ્યું.

"નહીં નહીં જોજે એ ધંધો કરતી ! કયાંક તપાસ થાય તો તું નહીં તો અમે તો જરૂર માર્યા જઇએ." અધીર જેવા બનેલા પુરૂષે કહ્યું.

"વધ કરૂં તો કેમ ?" આવનાર સ્ત્રી વ્યકિત બોલી.

"તે તો તે કરતાં પણ વધારે હાની કારક." સ્ત્રી વ્યકિતએ કહ્યું.

"ત્યારે હવે તમે કહો ?" આવનાર સ્ત્રી વ્યકિતએ પૂછયું.

"તેને ખૂબ નીશામાં ચકચૂર કરી અગાશીમાંથી નિચે ફેંકી દેવો. બસ એજ ઉપાય શ્રેષ્ટ છે." સ્ત્રી વ્યકિતએ કહ્યું.

"તેથી તેનું મૃત્યુ ન થાય તો !" પુરૂષ વ્યકિતએ શંકા દર્શાવી

"અશકય છે." સ્ત્રી વ્યકિતએ કહ્યું.

"હા ખરૂં છે. ધારો કે કદાચ તેનું મૃત્યુ ન થાય, તો પછી મારા ભોગજને ?" આવનાર સ્ત્રી વ્યકિતએ પૂછયું.

"તોપણ તારા ઉપર તેને શક નહીંજ આવે. હું ખરૂં કહું છું કે તેના મૃત્યુનો આ માર્ગજ ઉત્તમ છે, વળી ગામમાં સૌ કોઇ જાણે છે કે તે પકકો નિશાબાજ છે" સ્ત્રી વ્યકિતએ કહ્યું.

" દિવસ કયો નક્કી કરવો ? "આવનાર સ્ત્રીએ પુછ્યું.

" તારી ઇચ્છાનુસાર " સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

" અરે કાલજ, ધર્મ કાર્યમાં ઢીલ કેવી ? " પુરૂષે કહ્યું

" કાલતો ઘણું કરીને તે દેવલગંજ જનાર :છે. ત્યાંથી ચોથે દિવસે આવશે." આવનાર સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

" તો તેજ દિવસે રાત્રે." સ્ત્રી વ્યક્તિએ કહ્યું,

" વારૂ ત્યારે હવે હું જઇશ. બહુ સમય થયો છે ચાલો તમેય સાથે." આવનાર સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

" તું જા એકલી. સાથે નીકળીએ તો કોઇ વહેમાય ! પણ જોજે મોંમાંથી એક શબ્દ પણ બહાર ન નિકળવો જોઇએ " સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

" ફીકર નહિ, મને પણ મારા પ્રાણની દરકાર છે, ઠીક લ્યો ત્યારે જાઉં છું." આવનાર સ્ત્રીએ એમ કહી માર્ગ પ્રયાણ કર્યું.

" કામ માથા સાટે છે, હો ! રાંડ ક્યાંક ફરી જાય તો " પુરૂષ વ્યક્તિએ કહ્યું,

" તોપણ આપણને કાંઇ હરકત આવે તેમ નથી." સ્ત્રીએ કહ્યું.

" તારે તો એક બદલીને બીજો; પણ મારી નોકરી અને નવલ-કિશોર જેવો શેઠ એમ બન્ને જાય " પુરૂષ વ્યક્તિએ કહ્યું.

" તેમ થાય તોપણ જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો તારે શહેનશાહતજ સમજવી." સ્ત્રીએ કહ્યું.

" ખરૂં પણ કયાંક રાજ દરબાર જવું પડે તો?" પુરૂષ વ્યક્તિએ શંકા ઉઠાવી.

" અરે ! એતો બધી નખ કંકણ વાતો છે. આવું બ્હીકણપણું હતું ત્યારે પહેલેથી શું કામ ખોટી ડંફાસ હાંકતો તો ? " સ્ત્રી વ્ય-ક્તિએ કહ્યું.

" એમાં બ્હીકણપણું કયાં આવ્યું ? ઉલટું મારા કહેવા ઉપરથી તો કદાચ આપણા દુશ્મનો ઉભા થાય તો તેમની સ્હામા કેમ થવું, તેની યોજના યોજવાનું સિદ્ધ થાય તેમ છે." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

", આપણો કોઇ દુશ્મનજ ઉભો થાય એમ નથી. માટે લાગે તો બાણું નહીં તો તુકો તો છેજ." સ્ત્રી વ્યક્તિએ કહ્યું.

" એ તો જે કાર્યમાં તારો હાથ હોય ત્યાં નિરાશાનું તો નામજ ન સમજવું; પરન્તુ આ કાર્યમાં આપણે યશ મેળવીએ તો પછી શું કરવું " પુરૂષ વ્યક્તિએ પૂછયું.

" પછી નવલકિશોરનું બધું આપણુંજ છે ને? તારે નોકરી કરવી મટે અને હું પણ આ ગુલામીમાંથી છૂટું; કારણ કે હવે હું તે ઘરઘરના નરશ્વાનની મરજી સાચવી મુઝાણી છું." સ્ત્રી વ્યક્તિ ચપલાએ કહ્યું.

" વાત ખરી, પણ આપણા પછી એ અનગળ દોલતનો વારસ કોણ?" પુરૂષ વ્યક્તિએ કહ્યું.

" અરે! અબજાધિપતિના ભંડાર પણ ખાલી થયા છે તો એ દોલતનો શું હિસાબ? લાવ્યને દોલત ક્યાં છે? તેને વાપરતાં તો મને બહુ ફક્કડ રીતે આવડે છે." ચપલા બોલી.

" તો પણ પેલી રાંડ તો નડવાનીજ." પુરૂષ વ્યક્તિએ કહ્યું

" એ નડવાની નહીં, પરન્તુ આપણી ગુલામ બનવાની સ્હમજ્યોને?" ચપલાએ કહ્યું.

" એ બધી અસભવિત વાત છે." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

" તો તેનો પણ ઉપાય ક્યાં નથી? મારો તો ઘરનો ધંધો છે." અભિમાન પૂર્વક ચપલાએ ઉત્તર આપ્યો.

" પણ મારાથી તેનો વિશ્વાસઘાત ન થાય. તું જાણે છે કે મારે ખાતર તો તે આ અઘોર કૃત્ય કરવા તૈયાર થઈ છે. પુરૂષ વ્યક્તિએ કહ્યું.

" વારૂ! પણ લગાર વિચાર કર્ય કે જે તારે ખાતર પોતાના પતિનો ઘાત કરવા તૈયાર થાય તે બીજાને ખાતર તારો ઘાત કરવા કેમ ન તૈયાર થાય? એ તો ઘર ઘરની બિલાડી!" ચતુર ચપલાએ કહ્યું.

પુરૂષ વિચારગ્રસ્ત બન્યો.

" તેમાં વિચાર શું કરે છે. જે સ્ત્રીએ લાજ મર્યાદાનો ત્યાગ કરી પોતાના જીવનને કલુષિત કર્યું, તેને પછી ભય કોનો? એવી સ્ત્રીઓને નાત, જાત, કુલ, વિવેક, લોકભય, સ્નેહ, સંબંધ કે ઉંચ નિચનો લગાર પણ વિચાર હોતો નથી. તે તો પોતાની દુષ્ટ વૃત્તિનું પોષણ કરવા ગમે તેવા નીચ અને ઘાતકી ઉપાયો આદરે છે. અરે! એવી કુલટાઓ પોતાના પુત્ર પુત્રીનીં પણ દરકાર કર્યા સિવાય દયા-

હીન બની તેનો ત્યાગ કરી સ્વેચ્છાચારી બની ઇચ્છીત માર્ગે ચાલી જાય છે, તો તારા જેવાનો તો શું હિસાબ ! આધે ક્યાં લેવા જાય છે. તારી સમક્ષ મારોજ તાજો દાખલો છે, તે જોને ? મારા પતિને ગંગાના પવિત્ર જલમાં સમાધિસ્થ કરનાર હું, પેલી મયુરાનું જીવન અપવિત્ર બનાવવા પ્રયત્ન કરનાર હું, નવલકિશોરને ત્યાં તેને લઇ જનાર હું, દેવલગંજના મન્સુખરાયના પુત્રનું જીવન બગાડનાર હું, તેનો ત્યાગ કરનાર હું તેની સ્ત્રીનો તેનાથી તિરસ્કાર કરાવનાર હું, નવલકિશોરને દુરાચારમાં ધર્મ મનાવનાર હું, અને એવાં અનેક પાપમય ઘોર કર્મ કરનાર હુંજ. ખરેખર ! સ્ત્રી જગત બહુ વિચિત્ર છે. તેને અંકુશતો કંટક સમાનજ લાગે છે. તું વિચાર કર્ય કે કઇ સ્ત્રી વડીલના અંકુશથી પવિત્ર રહી છે ! બિલકુલ નહીં. એ તો જેનો આત્મા સંસ્કારી હોય તેજ પવિત્ર રહી શકે છે ! મયુરાને મેં અને નવલકિશોરે મનાવવા અનેક પ્રયત્નો સેવ્યા પણ તે પોતાના ધર્મમાંથી ચલિત નજ થઈ. અરે ! એક પતિવ્રતના પવિત્ર ધર્મને ખાતર તેણે પોતાના પ્રાણની પણ દરકાર નહતી કરી ! મેં સાંભળ્યું છે કે, સન્મુખની સ્ત્રી પણ સાધ્વી બની ગઇ છે. આવાં સ્ત્રી રત્ન તો ઘણાંજ ઓછાં. બાકી તો બધાં મારાં જેવાંજઃ કોઇ અંતરથી તો કોઇ બાહ્યથી, તને ક્યાં હજી સ્ત્રીજાતિનો અનુભવજ છે !" ચપલાએ કહ્યું.

"ચપલા ! બધી સ્ત્રીઓ તું કહે છે તેવી નથી હોતી. તને ખબર છે, કોલસાની ખાણમાં પણ રત્ન હોય છે. પણ એમ કહે કે જેણે તારી માફક લજ્યા છોડી તેજ દુરાચારિણી હોય છે. ઘણી સ્ત્રીઓ સુશીલ અને પવિત્ર હૃદયની પણ હોય છે." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

"વારૂ, પણ મેં તને પ્રથમથી અંતર અને બાહ્ય એવા ભેદ પાડી બતાવ્યા છે. કારણ કે મને મારા ધંધામાં માલમ પડયું છે, કે ઘણી કુળવાન અને ખાનદાન કુટુંબની સ્ત્રી માત્ર લોકભયેજ દુરાચાર સેવતાં બ્હીએ છે; જ્યારે ભણેલી .ગણેલી તેવીજ સ્ત્રીઓ ગુપ્ત રીતે દુરાચારને અધીન પણ થાય છે. મનુષ્યના અંતઃકરણમાં મલિન વાસનાઓનું અનિવાર્ય જોર ઉત્પન્ન થાય છે ત્યારે તેનું ડહાપણ, વિદ્યા વિવેક કોરાણે જઇ બેસે છે. બેશક આ તને એકદમ નથી સમજાય તેવું, પરન્તુ તું જેમ જેમ અનુભવ કરીશ તેમ તેમ તારા વિચારનું બંધારણ જુદું રચાશે વળી દુનીઆમાં એક એવી રીત છે, કે બહારથી સારા દેખાતાં મનુષ્યો અંતરથી મલિન વાસનાઓને અધીન

થએલાં હોય છે. માત્ર પોતાની યુક્તિના પ્રભાવેજ તેઓ સારા દેખાય છે. છતાંય હું એમ નથી કહેતી કે સૌ એવાં છે. એક બાજુ સારી પણ છે. " ચપલા પૃથક્કરણ કરતાં બોલી.

"ત્યારે તારા સંબંધમાં આ બધું ડહાપણ ક્યાં જાય છે." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

"આ બધું ડહાપણ મને પણ અનુભવથી આવ્યું છે. હવે મારા વિચાર ફર્યા છે. સુરજગંજમાં હવે મારૂં માનપાન ઘટવા માંડયું છે તેથી, તેમજ આ દુરાચાર પ્રતિ મારૂં અંતઃકરણ તિરસ્કારની દૃષ્ટિથી જોવા માંડયું છે તેથી હું પણ આ ધંધાનો સદાને માટે ત્યાગ કરવા ધારૂંછું. ફક્ત મારા ભવિષ્યના સુખને માટે મેં છેલ્લામાં છેલ્લો આજ ઉપાય યોજ્યો છે " ચપલાએ કહ્યું.

"ત્યારે તો આ બધી રમત તું તારા સ્વાર્થ માટે રમે છે, ખરૂંને ?" પુરૂષ વ્યક્તિએ કહ્યું.

"તારો પણ સ્વાર્થ સાથેજ છે ને–" ચપલાએ કહ્યું.

"પહેલાં તો તેં મ્હને જુદુંજ કહ્યું હતું." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

"ખરૂ, પણ એ વાત અત્યારે યાદ લાવવામાં સાર નથી. અત્યારે તો હવે ધારેલા કાર્યને પાર ઉતારવું એજ નિશ્ચિત દૃષ્ટિ બિંદુ રાખવું જરૂરનું છે. ત્યાર પછી હું તને બધો વિગતવાર ખુલાસો કરીશ. વળી એટલું પણ સ્મરણમાં રાખજે કે જો કદાચ તેં વિશ્વાસ-ઘાત કર્યો તો આ ચપલાના પંઝામાંથી ક્યાંઇ છટકવાનો નથી." ચપલાએ કહ્યું.

"ચપલા ! હું તારો પણ ગુરૂછું. મારા ઇતિહાસની તો તને ખબરજ ક્યાં છે. તારા જેવી અનેક સ્ત્રીઓને મેં હથેળીમાં રમાડી છે. તું કહે છે, કે સ્ત્રી જગત્ વિચિત્ર છે. પણ તેં હજી પુરૂષ જગત્‌ની વિચિત્રતા નથી જોઈ. માટે સલાહ સંપથી રહી તારે તારો અને મારે મારો મદદ્‌વર છોડી કામ કરવું." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

"તું મને એમ નિર્જીવ બ્હીક બતાવીશ તે નિરર્થક છે. હું કબૂલ કરૂંછું કે પુરૂષ જગતમાં પણ ક્યાંક ક્યાંક વિચિત્રતા હશે. પણ તે વિચિત્રતા તારામાં તો નથીજ એ ખાત્રીથી માનજે, તને ખબર છે ગર્જના કરતો મેઘ ઓછો વરસે છે ? નકામી મોટપ છોડી દઈ મારી પાસેથી કામ લેવામાંજ ફાયદો છે. જો મને તારો વિશ્વાસ સોંપી-

શતો ખાત્રીથી માનજે કે હું તારી રાત દિવસની એક ગુલામડી બની તારી સેવા ઉઠાવીશ." ચપલાએ કહ્યું.

"ચપલા ! સ્હેજ સ્હેજમાં આપણે ચડસા ચડસી કરી. પણ હવે જવાદે તે વાત. ચાલ જઇએ; કારણ કે પ્રાતઃકાલને બહુ સમય નથી." પુરૂષ વ્યક્તિએ કહ્યું.

"હા. ચાલો." ચપલાએ કહ્યું.

બન્ને જણ બહાર નીકળ્યાં, તેવામાં વડ નીચે તેઓની પાસેથી કોઇ એકાએક ચાલ્યું ગયું—ચપલાને વહેમ પડયો. તપાસ કરી પણ કાંઇજ ન માલમ પડયું.

દ્વાવિંશ પરિચ્છેદ.

સાવચેત !

નવલકિશોર આજ સ્હાંજના જમ્યા પછી પોતાના ઘરની અગાશીના આગળના ભાગમાં બેઠો બેઠો હુક્કો ગગડાવે છે એટલામાં એક યુવાને આવી બોલવા માંડયું "મદમાં મસ્ત થએલા નવલકિશોર !" આ સાંભળતાં નવલકિશોરની ભ્રકુટી ચડી પણ તેની લગાર પણ દરકાર ન કરતાં તે યુવાને આગળ ચલાવ્યુ. "પાપી મારૂં વચન તને અકારૂં લાગ્યું છે એ ખરૂ પરન્તુ હું તારો શત્રુ નથી પણ મિત્ર છું. આ સંસારની અવનવ ઘટનામાં કેવા કેવા વિષમય વિષમ પ્રયોગો બને છે તેની તને ક્યાં ખબર છે ? અને હોય પણ ક્યાંથી ? અલબત્ત તું તનથી અને ધનથી સુખી છે. પણ મનથી સુખી છું કે નહીં એનો તેં ક્યારેય વિચાર કર્યો છે ! તારાં પાપ કર્મોનો, તારી દુષ્ટ વાસનાનો, તારા કુરપણાની અને તારા દુરાચારની કદિપણ તેં તુલા કરી જોઇ છે ? તારી પાસે આટલી બધી અનગળ દોલત છતાં પણ મનુષ્ય જીવનનું પવિત્ર કર્તવ્ય બજાવવામાં તે કેટલી ભૂલ ખાધી છે. તારા જેવો બીજો મૂર્ખ કોણ ? હું જાણું છું કે મારા કથનથી તને રીસ ચડે છે. પણ તારાથી મારો વાળ સરખો વાંકો થઇ શકે તેમ નથી. તારા જેવા દુરાચારી પુરૂષોમાં વાણીનુંજ બળ હોય છે. માટે અત્યારે હું કહું છું તે શાંત ચિત્તે સાંભળજ. જો, જગતમાં ભિન્ન-ભિન્ન પ્રકૃતિનાં મનુષ્યો હોય છે. કેટલાંક પરાર્થની સાથે સ્વાર્થ સાધનારાં હોય છે, તો કેટલાંક કેવળ સ્વાર્થજ સાધનારાં હોય છે.

તેમાંય તારા જેવા ધન ભંડારી અને નિર્બુદ્ધની પાસે તો સ્વાર્થીજ મનુષ્યો આવનારાં હોય છે. તેઓ તને ફોલી ખાવાનોજ લાગ તપાસ્યા કરે છે. તને મોટાભા બનાવી ભુપીતો કરવા અર્થેજ તેઓની વૃત્તિ ભ્રમણ કરે છે. અગર જો તારા ધનના મદમાં તને તે વાતની ખબર ન પડે એ સ્વાભાવિક છે, પરન્તુ નવલકિશોર! આજથી તારે, તેનો અભ્યાસ પણ કરવાની જરૂર છે. તું જેને તારાં માને છે તેઓજ તારૂં નિકંદન કરવાને તૈયાર છે. અને જેને તું તારાં નથી માનતો તેજ તારાં શુભેચ્છક છે, અને આ જગતમાં તારા જેવા પાપી પણ ભોળા અંતઃકરણ વાળા મનુષ્યના સંબંધમાં બને છે પણ તેમજ. અગર જો તને તો ખબર નથી, પણ મને ખબર છે કે તું મારો કટ્ટો દુશ્મન છે, પરન્તુ તારા હૃદયના જેવું મારૂં હૃદય ક્રુર નથી. તારૂં કલ્યાણ કરવું એ મારો મનુષ્ય તરીકેનો ધર્મ છે. અને એજ ફરજ બજાવવા હું અત્રે આવેલ છું. તું મારી તપાસ કરીશ કે હું કોણ છું તો તે તપાસમાં તું નિષ્ફળ નીવડીશ માટે અત્યારે મારા વચન ઉપર વિશ્વાસ રાખજે. અને સાવચેત રહેજે. લે આ ચીઠ્ઠી વાંચ. સાવચેત રહેજે.' એમ કહી તે યુવાન ચાલ્યો ગયો. ચીઠ્ઠીમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"આજ રાત્રે તારી સ્ત્રી તને નિશામાં ચકચુર કરી અગાશીએથી ધક્કો મારી તારો ઘાત કરશે. આ કાર્યમાં ચપલા અને તારા ગુમાસ્તા દામોદરનો હાથ છે. અત્યારે તો બસ આટલુંજ. ભવિષ્યમાં સર્વ સમજાશે. માટે સાવચેત રહેજે ગફલતમાં ન રહીશ.

લિ.

એક સ્ત્રી.

નવલકિશોરે ચીઠ્ઠી બે ત્રણ વખત વાંચી તેનું ચિત્ત વિહવલ બન્યું. "શું મારી સ્ત્રીજ મારો ઘાત કરવાનો તંત્ર રચે છે. કદિ બને પણ ખરૂં! જે મારા પ્રાણ માટે પોતાનો પ્રાણ આપવા તૈયાર થાય; તેજ આમ કરે? કદિ નહીં. તદ્દન જુઠ્ઠાણું! જેને માટે મેં મારા જીવનનો પરમધર્મ જતો કર્યો, જેને માટે મેં મારી દોલતનો પાણીની માફક વ્યય કર્યો, જેને માટે મેં વિદ્યાભ્યાસંગનો પરિત્યાગ કર્યો, જેને માટે મેં અનેક સજ્જનોનો તિરસ્કાર કર્યો, જેને માટે મેં કુલ

મોટપની લગાર પણ દરકાર ન કરી અને નીચ કુળની છતાં પણ એક માત્ર સ્નેહને ખાતર મેં જેનો સ્વીકાર કર્યો તેજ મારી સ્ત્રી મને મૃત્યુ વશ કરવા તૈયાર થાય તે કેમ માની શકાય ! પણ ન મનાય તેનો પણ શું પૂરાવો ?

પેલા યુવાને કહ્યું તેમ મનુષ્ય સ્વાર્થને ખાતર શું ન કરે ? ખરૂં, પણ મારો ઘાત કરવાથી મારી સ્ત્રીને શું લાભ થવાનો હતો ? ઉલટું તેને વૈધવ્ય દશામાં જીવન વ્યતીત કરવું પડે, ભોગ વિલાસ છોડી દેવા પડે, વસ્ત્રાભૂષણનો ત્યાગ કરવો પડે, આનંદ, સુખ, સ્નેહ અને સર્વ પ્રભુતા તેની નષ્ટ થાય. તો તે શા માટે મારા પ્રતિ ઘાતકી વૃત્તિ રાખે ? તેની કાંઈ મને સમજ પડતી નથી. શું તેને દામોદર સાથે તેની યુવાની અને સૌંદર્ય જોઇ કાઇ સંબંધ નહીં થયો હોય ! આમાં ચપલાનું કાવતરૂં નહીં હોય ! ખરૂં એ રાંડે અનેકને ભુભેગા કર્યા છે એટલે કદાચ લોભ વશ થઇ, દામોદરની સાથે મળી અને મારી સ્ત્રીને ભોળવી તે પોતાનો સ્વાર્થ સાધવા તૈયાર થઇ હોય એમ માની શકાય ! પરન્તુ મારી સ્ત્રી પણ તેવી સો ચપલાને પૂરી પડે તેવી છે. તે જેવા તેવાથી ગાંજી જાય તેમ નથી. ખરેખર જો સત્યજ હોય તો દૂધ પાઇને ઉછેરેલો સર્પ ડંખ મારવા તૈયાર થયો છે. દામોદરને રોટલાના પણ સાંસા હતા, તે મારા પ્રતાપે અત્યારે પૈસે ટકે સુખી થયો. ચપલાને આ ગામમાં કોણ ઓળખતું હતું ? જો હું ન હત તો તેને સોના રૂપાનાં ઘરેણાં કોણ પહેરાવત ? અરેરે ! મારાજ માણસો મને દગો દેવાને તત્પર થયાં ! પણ આમ મારે એક બાજુ શા માટે તપાસવી જોઇએ ? પેલા યુવાનનું પણ કયાંક કાવતરૂં હોય તો કેમ તે ન મનાય ? શું તે પેલા જ્યોતિષીનો માણસ તો નહીં હોય ? તેણેજ તેને કદાચ મોકલ્યો હોય તો ? પણ તેના બોલવા ઉપરથી તો તે બિલકુલ નિસ્પૃહી અને પવિત્ર પુરૂષ લાગતો હતો. તેની મુખાકૃતિ પણ કોઇ કુળવાનને યોગ્ય હતી. મને તો નથી લાગતું કે તેનું કાંઇ કાવતરૂં હોય ? પણ હા તેણે કહ્યું છે, તેમ કદાચ હું તેનો દુશ્મન હોઉં અને એ દુશ્મનાવટનું વેર લેવા તેણે કેમ જાણ્યું આ યોજના ન કરી હોય ? ગમે તેમ પણ મારા ઉપર દુઃખનું વાદળ ભમે છે એતો ચોક્કસ ! મારે સાવચેત રહેવુંજ જોઇએ. હશે, જે હશે તે હમણાં મારી સ્ત્રી આવશે એટલે જણાશે." આમ વિચારમાં ને વિચારમાં નવલકિશોર મૂઢવત્ બની ગયો. તેના હાથમાંથી હોકો પડી ગયો,

અને પોતે કઇ સ્થિતિમાં કેવી રીતે કયાં બેઠો છે તેનું પણ ભાન ન રહ્યું. થોડી વારમાં તેની સ્ત્રીએ આવી તેને સચેત કર્યો. તે બોલી.

" કેમ ? આજ આમ. "

" સ્હેજ મારૂં માથું દુઃખે છે. " નવલકિશોરે કહ્યું.

" શાથી. " તેની સ્ત્રી રસિકાએ પૂછયું.

" કોણ જાણે કાંઇ ખબર નથી પડતી. " નવલકિશોર જાણ્યું અજાણ્યું કરી બોલ્યો.

" મને તો લાગે છે, કે આપે બહુ વખતથી મધુપાન નથી કર્યું તેને લઇને આમ કદાચ થતું હશે. " નવલકિશોરની સ્ત્રી રસિકા બોલી.

" ના ના, તેવું તો કંઇ નહીં; ઉલટું મને તો એમ લાગે છે કે, મધુપાન કરવાથી મારા શરીરમાં ક્ષીણતા આવી ગઇ. " નવલકિશોરે કહ્યું.

" નહીં સ્વામિનાથ ! મધુપાનથી શરીરમાં ક્ષીણતા આવવાને બદલે વધારે જોર આવે છે. આપજ જ્યારે જ્યારે મધુપાન કરો છો ત્યારે કેવી મસ્તીમાં આવી જાઓ છો. મને પણ કોઇ કોઇ વખત મધુપાન કરવાથી બહુ લ્હેજત આવે છે. " રસિકાએ મધુપાનનું ગુણદર્શન કરાવ્યું.

" હશે, પણ જો મધુપાન કરવાથી લોકોમાં આપણી નીંદા થાય છે. બ્રાહ્મણ થઇને આવું હલકટ કામ કરવું એ મને હવે ઠીક નથી લાગતું. " નવલકિશોરે કહ્યું.

" નાથ ! આજ સુધી લોકનો ભય ન રાખ્યો તે હવે શામાટે રાખવો જોઇએ; વળી આપણે આપણા સુખને માટે ચ્હાય તે કરીએ તેમાં લોકોને શું લાગે વળગે. એતો જુઓને જગત ગમે તે બોલે ? જગતને મોંએ કાંઇ ગરણું બંધાય છે. માટે એ ભય તો કઢીજ નાંખો. લો હું મધુપાત્ર લાવું. " એમ કહી રસિકા ઉઠવા ગઇ.

નહીં નહીં ! નાહક તસ્દી ન લઇશ. આજ મારૂં ચિત્ત અસ્વસ્થ હોવાથી હું મધુપાન કરવા નથી ઇચ્છતો " નવલકિશોરે આગ્રહ પૂર્વક ના કહી.

" આપને કોઇએ કાંઇ વહેમ ભરાવ્યો લાગે છે. મને તો લાગે છે, કે આપ પહેલાં હતા તે બિલકુલ ફેરવાઇ ગયા છો. " રસિકાએ કાંઇક વ્હેમ લાવી કહ્યું.

" ના ના, તેવું કાંઇજ છે નહીં. પણ હવે મધુપાનનો હું સદાને માટે ત્યાગ કરવા માગું છું. " નવલકિશોરે કહ્યું.

" પણ આજતો છેલ્લો કે પહેલો મધુ લ્યો તો સારૂં. " તેની સ્ત્રીએ આગ્રહ કર્યો.

" ના, આજથીજ હું તેનો ત્યાગ કરૂં છું. હવે મને કોઇ દિવસ એ સંબંધમાં કહીશ નહીં; તને જોઇએ તો છૂટ છે. " નવલકિશોરે કહ્યું.

" સ્વામીનાથ ! આપ જે વસ્તુનો ત્યાગ કરો તેનો ત્યાગ મારે પણ આપના પહેલાંજ કરવો જોઇએ. આપના દુઃખે હું દુઃખી અને આપના સુખે હું સુખી છુ. આપને કરાજી કરી હું શું ફળ મેળવવાની છું. ભલે આપની ન મરજી હોય તો મારો કંઇ આગ્રહ નથી, પરન્તુ મારા વચનનો આમ સમૂળો અનાદર ન કર્યો હોત તો ઠીક હતું. " તેની સ્ત્રીએ કહ્યું.

" મધુપાન સિવાય તું કહે તે રીતે તારા વચનનો સ્વીકાર કરૂં. " નવલકિશોરે કહ્યું.

" સ્વામીનાથ ! સ્ત્રી તો પતિની સદૈવની સેવિકા છે. હું શું આપને કહી શકું ? આપની આગળ હું રાંકડીનું શું ગજું ? " એમ કહેતાં કહેતાં રસિકા ગળગળી થઇ ગઇ.

" એમાં કાંઇ ખોટું લગાડીશ નહીં મારા સમ છે તને. " નવલકિશોરે કહ્યું.

અન્તે નવલકિશોર એકનો બે ન થયો; પોતાના કાર્યમાં નિષ્ફળતા મળી છતાં રસિકાએ પોતાનો નિશ્ચય ન ફેરવ્યો. પુનઃ તે, દામોદર અને ચપલા એકત્ર થયાં; અને નવલકિશોરનો ઉંઘમાંજ ઘાત કરવાનો ત્રણેએ નિર્ણય કર્યો. આ કાર્ય પાર પાડવાનું પણ રસિકાએ માથે લીધું.

એક રાત્રે નવલકિશોર ઉંઘમાં ઘસઘસાટ ઉંઘે છે; રસિકાએ ઉભાં થઇ છરો લીધો.

બસ તેનો તો એકજ વિચાર હતો કે નવલકિશોરનો ચહ્લાતહ્લા ઘાતજ કરવો. મંદ પગલે તે નવલકિશોરના પર્યંક પાસે ગઇ. થોડીવાર તેની નિર્દોષ મુખાકૃતિ સ્હામે ટગર ટગર જોયા કર્યું; પરન્તુ આમ વધારે સમય વ્યતીત થશે તો નવલકિશોર જાગી જશે એ ભયે તેણે એકદમ છરો ઉગામ્યો; પણ આશ્ચર્ય કે કસાઇની માફક તે જયાં નવલ-

કિશોરના ગળા ઉપર છરાને ફેરવવા જાય છે ત્યાં " નવલકિશોર સાવચેત " એવો શબ્દ ધ્વનિ થયો, રસિકાના હાથમાંથી છરો પડી ગયો. તે ત્યાંને ત્યાં સ્થિર થઇ ગઇ, નવલકિશોર જાગ્યો અને બોલ્યો " રાંડ આ શું " ?

ત્રયોવિંશ પરિચ્છેદ.

મન્સુખ ગાંડો.

જ્યારથી મન્સુખરાયે ભજગોવિંદ ભટ્ટની ગુપ્ત રીતે સંગ્રહિત દોલત જોઇ ત્યારથી તેનું મગજ ચસ્કી ગયું હતું. તેજ સમયે દિંગમૂઢ બનેલો મન્સુખરાય પોતાનું ભાન ભૂલી ગયો હતો. ધીરે ધીરે તેની ઘેલછા વધતી ગઈ; ઘરમાં છું કે બહાર તે પારખવાની તેની શક્તિ બિલકુલ રદ ગઇ. શું ખાઉં છું, શું પહેરું છું, ક્યાં જાઉં છું, શામાટે જાઉં છું અને શું કરૂં છું, તે વિચારવાની તેની વિવેકશક્તિ નષ્ટ થઇ ઘરનો તેણે ત્યાગ કર્યો છે. પરમાર્થી રામ વકીલ તેનું ઘર સંભાળે છે. મન્સુખરાયને અંકુશમાં લાવવા તથા તેનુ ચિત્ત ઠેકાણે લાવવા રામ વકીલ ઘણોએ પ્રયત્ન કરે છે, પરન્તુ નિરર્થક. મન્સુખરાય ઘેલાની માફક ફાવે તેમ બોલતો, ચાલતો અને જેનું તેનુ એઠું જુઠું ખાતો આખા દેવલગંજમા આમથી તેમ આથડે છે. આજ તે ઉદ્યાનમાં મુરખા પાસે આવ્યો છે. મુરખા અને ગાંડા મન્સુખની વાતચીત મન્સુખના ચિત્તનું સત્ય દર્શન કરાવે છે.

મુરખે પૂછ્યું. " કેમ રાયજી પધારવું થયુ. "

" એજ ભીંત્ત. ત્યાંજ દાટેલું. હુરરૂર ભજગોવિંદો હુરરરૂર ." મન્સુખ ગાંડો બોલ્યો.

" ના ના, હું તે નથી પૂછતો હું તો એમ કહુ છું કે તમે કેમ આવ્યા છો. " મુરખે ફરીવાર પૂછ્યું.

" હા ખરૂં. તારૂં નામ મુરખો કે ? મુરખા ! યાદ રાખ લોકો ફાવે તેમ બોલે પણ તુંજ મારો ખરો દિકરો છું. હું તારો બાપ છું, રામ વકીલનો દાદો છું અને ભજગોવિંદાનો ભા છું. હું લુચ્ચો છું, વીજળીનો વર છું, કમલાનો ધણી છું. અરે હું કવિ છું—એમ કહેતાં કહેતાં મુન્સુખે કવિતા જોડી કાઢી.

મુરખો મારો બેટો, હુ મુરખાનો બેટો.
વીજલી મારી વહુ, હું વીજલીનો કાકો.
રામ વકીલનો દાદો, ભજગોવિંદનો બાપ.
એ મારા દિકરા હું તેમનો બાપો–બાપો–બાપો.
દાદો, દાદો, દાદો, ભા, ભા ને ભા સાત વાર ભા.

જો જો મુરખા સાંભળ હજી મારી કવિતા—

કમલાનાં નેણ તેનાં મોટાં વેણ.
સમૂર્તં ક્ષેમમ્ કલ્યાણમ્.
મથુરાને સંતાડી ધન હાથ આવ્યુ.
કમલા ક્યાં ગઈ ચક્ ચક્ ભર્ર્ર્ર્ર્.
એક એકું એક ને બે એકું બાર.

"મન્મુખરાય આ તમે શું બોલો છો? આ તે કંઇ કવિતા કહેવાયકે?" મુરખાએ કહ્યું.

"જો જો બીજી કવિતા સાંભળ? એક હતો રાજા, તેના આઠ દિકરા, તેમાં હું મોટો, તું મારો બેટો, ધન હાથ લાગ્યું, મેં ખાધું, લોકો કહે છે ગાંડો, રોટલો ને ઘી. નુપૂર ક્યાં ગયાં, ચપલા આવી, વીજલી આવી, કમલા ગઇ, હાથથી ગઇ, તું મારી વહુ ને હું તારો વર. ને એકડે બગડે બાર."

"સાંભળતાંજ મુરખો લાકડી ઉગામી બોલ્યો." સાલા સંભાળી બોલ! વહુ ને વર એ ક્યારનો શું લવારો કરે છે.

"એ નદીમાં પૂર આવ્યું. કમલા પડી. અલમસ્ત આવ્યો. એકમ્ દ્વિતીયમ્ તૃતીયમ્ રામગોવિંદ હુર્ર્ર્ર્......"મન્મુખ બોલ્યો.

"આંહીથી જા ગધેડા હવે. મારે તારૂં શું કામછે? તને આંહી કોણે બોલાવ્યો છે?" મુરખે કહ્યું.

"તું મારા ઉપર ફુલ ચડાવ. હું મહાદેવ ને તું મારો પુજારો." મન્મુખે કહ્યું.

"ગધેડા આંહીથી ચાલ્યો જા નહીં તો માર પડશે." મુરખે કહ્યું.

"તું પોઠીયો ને હું મહાદેવ." મન્મુખે કહ્યું.

"તું પોઠીયો." મુરખો દાંત કાઢતો બોલ્યો.

"બુચ મોટો કે બાટલી? ઘોડાનાં શીંગડાં મોટાં કે ઉંટનાં? હું મોટો કે તું. ક્યાં ગયો પૈસો?" મન્મુખ બોલ્યો,

"ઘોડાને કે ઉંટને ક્યાંઇ શીંગડાં હોય ખરાં કે." સુરખો હસી પડયો.

"હા મારો સાલો ગોદ્દડ માર, દે, દે, કોટ, પાટલુન ને ટોપી." મન્સુખે કહ્યું.

"જરા બોલવાનું ભાન રાખો." સુરખે કહ્યું.

"ખોટી વાત. ખડીયો કલમ ખોટી વાત એ." એમ કહેતા કહેતાં મન્સુખ તાલીયો પાડવા લાગ્યો.

"વાહરે વાહ! રાયજી સાહેબ" સુરખે કહ્યું.

"તું વીજલી સાથે પરણુ તો હું ભજગોવિંદાનો વરઘોડો કાઢું." મન્સુખે કહ્યું.

સુરખો જ્યાં લપડાક ખેંચવા જાય છે ત્યાં એક અજાણ વ્યક્તિએ આવી સુરખાને તેમ કરતાં અટકાવ્યો. તે અજાણ વ્યક્તિ સન્મુખજ. સન્મુખની સૌમ્ય કાન્તિ જોઇ મન્સુખે ચાળા કરવા છોડી દીધા. ને એકી ટસે સન્મુખના સામું જોઇ રહ્યો.

"પિતાજી! મને ઓળખો છો કે?" કર્મયોગીના સત્સંગથી પુનિત થયેલા સન્મુખે પૂછ્યું. પણ મન્સુખ કાંઇજ ન બોલ્યો.

"તમારા પિતા તો ગાંડા થઇ ગયા છે." સુરખે કહ્યું.

"ભાઇ! એ ગાંડા નથી. માત્ર કારણવશાત્ તેમના અંતઃકરણમાં ભ્રમ ઉત્પન્ન થયોછે. થોડા દિવસમાં આરામ થશે." સન્મુખે કહ્યું.

"અરે! આડું ને અવળું ભરડે છે, ત્યાં ક્યાં આરામ થવાનો છે." સુરખે કહ્યું.

"ચિંતા નહીં. પ્રભુકૃપાએ સઘળું શાન્ત થશે." સન્મુખે કહ્યું.

"પિતાજી! આપની પ્રકૃતિ કેમ છે?" સન્મુખે પુનઃ પૂછ્યું.

"એક બે ને ત્રણ." અનિમિષપણે સન્મુખ સામે જોતો મન્સુખ બોલ્યો.

સન્મુખ નિશ્વાસ નાંખી બોલ્યો. "પિતાજી! તમારા પુત્રની સાથે આમ વર્તન ન હોય."

"સન્મુખ!" મન્સુખ બોલ્યો.

"હાજી; હુંજ સન્મુખ આપને પ્રણામ કરૂં છું." ગાંડા પિતાના પગમાં સન્મુખે પોતાનું મસ્તક નમાવ્યું.

"પગે લાગ્યો. માથું પગમાં!" મન્સુખ અસંબંધ પણ ડાહ્યું બોલ્યો.

" પિતાજી ! મારે મારૂં કર્ત્તવ્ય બજાવવું જોઇએને ? " પિતૃભક્ત બનેલો સન્મુખ બોલ્યો.

" હું નથી. બોકડાને ડાઢી." મન્મુખ પ્રથમની માફક અસંબંધ બોલ્યો.

"આપ લાયક છો. સર્વ રીતે લાયક છો. ગાંડા નથી." સન્મુખે દિલાસો આપ્યો.

" ધન, ધન, ભજગોવિંદો. " મન્મુખ પાછું વેતરવા માંડયો.

" ધન ! પૈસો ! જોઇએ તેટલો છે. અરે ! કરોડો રૂપિઆ છે." સન્મુખે કહ્યું.

" ક્યાં છે ! " ડાહ્યા મનુષ્યની માફક મન્મુખે પૂછયું.

" પ્રભુસ્મરણમાં. " સન્મુખે કહ્યું.

" રામ, રામ, રામ, ! " મન્મુખે પ્રભુસ્મરણ કર્યું.

" હાં, બોલો. :' સન્મુખે અનુમોદન આપ્યુ.

" તા, તા, થૈ. " મન્મુખે વેતર્યું.

" ભાઇ ! રામ વકીલ ગામમાં હશે કે ? મારે તેમને મળવું છે. " સન્મુખે મુરખાને પૂછ્યુ.

" હા છે. " મુરખે કહ્યું.

" પિતાજી! ચાલો મારી સાથે આપણે રામ વકીલને ત્યાં જઇએ. " સન્મુખે કહ્યું.

" રામવકીલનુ નામ સાંભળતાંજ મન્મુખ નાઠો.

" રામવકીલને ત્યાં તો તમારા પિતા નહીં આવે. " મુરખે કહ્યું.

" કેમ ? " સન્મુખે પૂછયું.

મુરખે સર્વ હકીકત કહી સંભળાવી.

" મારા પિતા ત્યારે રામવકીલને પોતાના દુશ્મન માને છે કેમ? " સન્મુખે પૂછ્યુ.

" હા તેમજ. " મુરખે કહ્યું.

એટલામાં પાછો મન્મુખ આવ્યો.

" ત્યારે પિતાજી ! તમે જો અત્ર બેસો તો હું ગામમાં જઇ તુર્તજ આપની પાસે આવું. " સન્મુખે પૂછયું.

" હે " મન્મુખે કહ્યું.

" આપને કાંઇ જોઇએ છીએ. " પુત્રે પૂછયું.

મન્મુખે માથું ધુણાવ્યું.

"વારૂ ત્યારે આંહીજ બેસજો હો! ભાઇ! તમે પણ હું આવું ત્યાંસુધી અત્રજ રહેજો અને મારા પિતાશ્રી કાંઇ અણુઘટતું બોલે તો તેપર ધ્યાન ન રાખશો." સન્મુખે કહ્યું.

"પધારો' હું આંહીંજ રહીશ." મુરખે ઉત્તર આપ્યો.

સન્મુખ ગયો.

એટલામાં વીજલીએ બાગમાં પ્રવેશ કર્યો. વીજલીને જોતાં વંતજ મન્મુખ લવારો કરવા મંડગો.

આવી, આવી, આવી, ખટ્ ખટ્ ખટ્."

"વીજલી તું હમણાં આંહીથી જા. કારણકે તને જોઈ મન્મુખ વધારે લવારો કરશે." મુરખે પોતાની બ્હેનને કહ્યું.

વીજલી બાગમાં આઘે ચાલી ગઇ.

ચતુર્વિંશ પરિચ્છેદ.

સન્મુખ.

અત્ર રામવકીલ અને તેમની ગૃહ સ્થિતિનુ દિગ્દર્શન કરાવવુ યોગ્ય છે. રામવકીલ એ જુના અને નવા જમાનાની સંધીના વાતાવરણમાં ઉછરેલા, થોડુએક અંગ્રેજી, વધારે સંસ્કૃત અને અભ્યાસ તથા અનુભવથી હીંદુ સાંસારિક તથા નવા જમાનાના ધારાનું જ્ઞાન ધરાવનાર દેવલગંજમાં પ્રતિષ્ઠિત પુરૂપ ગણાતા હતા. મૂળથીજ સાધારણ સ્થિતિના એટલે સંસારની લીલી સુકીનો તેમણે અનુભવ લીધો હતો. સંસારમાં મનુષ્ય પોતાના સ્વાર્થની અને લોભની તૃપ્તિ કરવા સન્માર્ગને કેવો ભૂલી જાય છે, તથા જગતની અંદર કાંઇ પવિત્ર નિયામક સત્તા નથી એમ માનવા તથા તેના ભયનો ત્યાગ કરવા મોહવશ થઇ કેવો લલચાય છે તે સઘળું તેઓ જાણતા હતા; અને પોતાના અંતઃકરણમાં સમજતા કે આ દુનીઆમાં મનુષ્ય માત્ર પોતાના વ્યવહારને નીભાવવા હરકોઇ પ્રયત્નમાં ભલે પ્રેરાય પણ તે પ્રયત્ન અસદ્ભાવનારહિત હોવો જોઇએ. તે પ્રયત્નથી જગતના પ્રાણી માત્ર ઉપર કદાચ ઉપકાર ન થાય તો અપકાર તો નજ થવો જોઇએ. તેઓના આવા દૃઢ વિચાર હોવાથી બનતાં સુધી પોતાના હંમેશાના

ધંધામાંથી પરવારી પ્રભુ સ્મરણ અને ક્વચિત નિર્દોષ વાર્તાલાપ કરવામાં પોતાનો સમય વ્યતીત કરતા.

જ્યાં સુધી દેવલગંજમાં દેશી રાજ્ય સત્તા હતી ત્યાં સુધી તેઓ દરબારમાં કારકુની કરતા. પરન્તુ જ્યારે અંગ્રેજી રાજ્ય સત્તા આવી ત્યારે કોર્ટમાં મુખતીયારનુ કામ કરવા લાગ્યા; અને જેમજેમ તેમનો પક્વ અનુભવ થયો તેમતેમ તેઓ પોતાની બુદ્ધિ શક્તિના યોગે ગામમાં તેમજ બીજા આસપાસના ગામડામાં સારા પંકાયા; કોર્ટે ચડવા પહેલાં ઘણાં માણસો રામવકીલની સલાહ લેતા. તથા તેમના કહેવા અનુસારજ વર્તતા. આવી રીતે રામવકીલની પ્રામાણિકતા અને તેમની સત્યધર્મ ઉપરની નિષ્ઠા તથા નવા રાજ્ય પ્રત્યેની રાજ્ય ભક્તિ દિન પ્રતિદિન વધતી જવાથી સરકારે તેની કીંમત આંકી, અને તેમને કોર્ટમાં વકીલાત કરવાની સનંદ બક્ષી. ત્યારથી તેઓ રામવકીલ તરીકે પ્રખ્યાત થયા.

વકીલાતના ધંધામાં રામવકીલે પ્રામાણિકપણે બે પૈસા એકઠા કર્યા હતા. સંતતિમાં માત્ર તેમને એક પુત્ર ચિરંજીવ નામે હતો; તે પોતાના પિતાની ઇચ્છાનુસાર મેટ્રિક સુધી અંગ્રેજી જ્ઞાન સંપાદન કરી શક્યો હતો; અગર જો ચિરંજીવને આગળ ભણવાનો ઘણો અભિલાષ હતો; પરન્તુ રામવકીલની ઉત્તરાવસ્થા આવવાથી તથા તેઓ હવે સંસારની જાલમાંથી મુક્ત થવા ઇચ્છા રાખતા હતા, તેથી ચિરંજીવ પોતાનો અભ્યાસ છોડી દેવલગંજનીજ કચેરીમાં નોકર રહ્યો. ચિરંજીવનુ સંસ્કૃત જ્ઞાન ઘણું સારૂ હતું તેમજ તેને તે ભાષાનો ઘણો શોખ હોવાથી અને તે શોખ પોતાની માતૃભાષામાં ઉતરી આવવાથી કોઇ કોઇ વખત તે માસિકો અથવા વર્તમાન પત્રોમાં ટુંકી ટુંકી વાર્તાઓ કે લેખો લખતો. ચિરંજીવની વાર્તા અને લેખોમાં સ્વાભાવિક રીતે રસિકતા આવી જતી એટલે માસિકો અને વર્તમાન પત્રોના તંત્રીઓ તેનો આનંદપુર્વક સત્કાર કરતા એટલુજ નહીં પણ તેને ઘણીવાર લેખ લખવાની આમંત્રણ પત્રિકા પણ મોકલી આપતા. દિન પ્રતિદિન ચિરંજીવની લેખ પ્રવૃતિ વધવા લાગી. પરિણામે તે પ્રવૃતિએ પુસ્તક રચવાના કાર્યમાં ચિરંજીવની વૃત્તિને પ્રેરી. ચિરંજીવની પત્ની ચંદ્રભાગા ગરીબ કુટુમ્બની પણ ભણેલી હતી. તે પણ કોઈ કોઇવાર ચિરંજીવને તેના કાર્યમાં પોતાથી બની શકે તેવી મદદ આપતી. પતિ પત્નીને એક બીજાથી સંતોષ હતો. કદિ પણ તેઓના

અંતઃકરણમાં મલિનતાનાં રજકણો પ્રવેશ કરી શકતાં ન હતાં. રામ વકીલ આ જોઇ બહુ સંતોષ પામતા. તેઓ ચંદ્રભાગાની સહિષ્ણુતા, વિનય, સદાચાર, વિવેક, કુટુમ્બ પ્રતિ ધર્મભાવના, પવિત્રતા અને કર્તવ્યનિષ્ઠા જોઇ તેનામાં અને પોતાના પુત્રમાં કાંઇજ ભિન્નતા નહોતા જોતા. પોતાના પુત્ર ચિરંજીવપ્રત્યે રામ વકીલ જેવું હેત અને વાત્સલ્ય રાખતા તેવુંજ હેત અને વાત્સલ્ય ચંદ્રભાગાને પુત્રીવત્ લેખી તે પ્રત્યે દર્શાવતા હતા.

કદિપણ રામ વકીલના સુખી ઘરમાં કલેશ અને ચિંતાને સ્થાન મળતું ન હતું. સ્વાભાવિક રીતેજ ઘરમાં શાન્તિ અને પવિત્રતાનાં સત્વો પ્રસરી રહેલાં હતાં અને બહારના માણસને તો એમજ લાગે કે જાણે રામ વકીલે તેને કબજે કરી પોતાને અધીન બનાવી દીધાં હોય નહિ ? આમ છતાંય રામ વકીલે પોતાની વૃત્તિને સંસારથી બિલકુલ ભિન્ન કરી નાંખી ન હતી. સંસારના કાર્યમાં પણ ચિરંજીવને વારંવાર સલાહ આપતા, તેના નાના પુત્ર બાબુને રમાડતા, હીંચોળતા અને તેના ઉપર સદ્ધર્મના સંસ્કારો પાડવા પ્રયત્ન કરતા. ચંદ્રભાગાને પણ વારંવાર ગૃહવ્યવસ્થાની સૂચના આપ્યા કરતા હતા. અનાથનું યથાશકિત રક્ષણ કરતા, દુઃખીયાની વારે દોડી જતા અને કોઇ કોઇ વારતો દેવલગંજના અમલદાર વર્ગને પણ ઉપયોગી સલાહ આપી તેમને તેમના કાર્યમાં સરલતા કરી આપતા હતા.

અત્યારે તેમનું ચિત્ત પોતાના મિત્ર ભજગોવિંદની મીલકતની યોગ્ય વ્યવસ્થા કરવામાં, મથુરાનું ભવિષ્ય કલ્પવામાં, મન્સુખનું શું કરવું તે વિચારવામાં, તેના પુત્ર સન્મુખને આશ્રય આપી તેને ગૃહસ્થ બનાવવામાં, પોતાનું કર્તવ્ય પૂર્ણ કરવામાં, અને નીતિના પવિત્ર ધર્મને રક્ષવામાં રોકાયું હતું.

પોતાના પુત્ર ચિરંજીવ સાથે રામ વકીલે વાતો કરતાં કરતાં તેને વ્યવહારનો ઉપદેશ આપતાં કહ્યું. “ ચિરંજીવ ! ડાહ્યો છું, પરન્તુ ઘણીવાર ઉતાવળીયા વિચારનો બની જાય છે એ ઠીક નથી થતું. ”

“ જી, હા. પણ તે આપના અર્થેજ. ” ચિરંજીવે વિનય ભાવ દર્શાવતાં કહ્યું.

“ તું તારો પુત્ર ધર્મ બજાવ્ય એ વખાણવા યોગ્ય છે. તોપણ પ્રસંગોપાત તેમાં રૂપાન્તર કરવું જરૂરનું છે; તને ખબર છે, કે વયોવૃદ્ધ અને વિદ્વાન પુત્ર હોય તો તે પણ પિતા આગળ બાલકજ છે.

તે ગમે તેવો ડાહ્યો હોય તોપણુ પિતાને તે ઉપદેશ આપવા લાયક તો નથીજ." રામ વકીલે કહ્યું.

"પિતાજી! પણ પિતાજી ક્યાંક ભૂલ કરતા હોય તો." ચિરંજીવે કહ્યું.

"ચિરંજીવ! મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. પરન્તુ ભૂલ ભૂલમાંયે તફાવત હોય છે. જે કાર્ય તારી દૃષ્ટિમાં ભૂલપાત્ર હોય તે કાર્ય મારી દૃષ્ટિમાં વાજબી જણાતું હોય, ખરી ભૂલ તો એજ કહેવાય કે જેથી મનુષ્ય સમાજને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હાની થતી હોય." રામ વકીલે કહ્યું.

"પિતાજી! ત્યારે મન્મુખ ગાંડો થયો તે આપશ્રીની ભૂલનુ પરિણામ નહીં કે?" ચિરંજીવે હાથ જોડી કહ્યું.

"ખરૂં છે. પણ મન્મુખ સમજાવ્યો સમજે તેવો નથી. તેનાં શરીરનાં પ્રત્યેક પરમાણુમાં તેને એટલો અનહદ મદન્જ્વર વ્યાપી રહ્યો હતો, કે તે પોતે કેવી અનિષ્ટતામાં પ્રવેશ કરે છે તેનું તેને કંઇજ ભાન ન હતું એટલુંજ નહીં, પણ અનીતિ, અધર્મ, અને અત્યાચાર એ તેનાં હંમેશનાં કર્તવ્ય કાર્ય છે એમ તે ગણતો." રામ વકીલે કહ્યું.

"તો પણ મને લાગે છે, કે તે કદાચ આપની શિખામણથી સુધરી શકત?" ચિરંજીવે કહ્યું.

"જે મનુષ્ય અનીતિ અને અધર્મના અંતિમ શિખર ઉપર ચઢી બેઠેલો છે તેને શિખામણ કંઇજ અસર નથી કરતી." રામ-વકીલે કહ્યું.

"આપ કહો છો, ને અનીતિમાન્ અને અધર્મી ઘણા જણ સદુપદેશથી સુધર્યાં છે. તો મન્મુખ જેવાનો શું ભાર કે ન સુધરે?" ચિરંજીવે કહ્યું.

"કેટલાક અનીતિમાન્ અધર્મી માત્ર સદુપદેશથી સુધરે છે, જ્યારે મન્મુખ જેવા કેટલાક એવા પણ છે, કે પ્રથમ એકવાર ઠોકર લાગે ત્યાર પછીજ સુધરે." રામવકીલે કહ્યું.

"પણ મન્મુખ તો હવે ગાંડો થયો છે તેના બોલવા ઉપરથી તો એમ લાગે છે, કે તે કદિ પણ સુધરશે નહીં." ચિરંજીવે કહ્યું.

"એજ મન્મુખ અલ્પ સમયમાં ઠેકાણે આવી જશે એટલુંજ નહીં, પણ એક પવિત્ર સહૃદયી આત્મા બનશે. તેને તેનાં કર્મોનો હવે સંપૂર્ણ બદલો મળી ચૂક્યો છે." રામવકીલે કહ્યું.

" શી રીતે સુધરશે? " ચિરંજીવે પ્રશ્ન કર્યો.

" જેમ ઘણી વખત હું અનુમાન બાંધુંછું, તેમ આ પણ એક અનુમાનજ છે. એટલે શી રીતે સુધરશે તે અત્યારે ન કહી શકું ?" રામવકીલે કહ્યું,

" તો આ કરતાં વધારે બગડશે એમ કેમ ન કહેવાય ?" ચિરંજીવે પૂછ્યું.

" તે બગડવાની છેલ્લી હદ સુધી બગડયો છે. આ કરતાં વધારે બગડવાનું તેને માટે બાકી રહ્યું નથી; પોતાના અન્ન દાતાની પુત્રીને દુરાચારમાં પ્રવેશ કરવાના સંયોગોમાં મૂકવી, તેનું સર્વસ્વ હરી લેવું, પૂત્રવધૂની સાથે દુરાચાર સેવવા નિષ્ફળ થયા છતાં તેના ઉપર અત્યાચાર કરવો, નાત જાત જોયા સિવાય મલિન વાસનાની તૃપ્તિ અર્થે આમ તેમ ભટકવું, અને છેવટે મારા જેવા નિર્દોષનો પણ ઘાટ કરવા સાહસ ખેડવું તે કરતાં બીજાં ક્યાં વધારે પાપ કરવાનાં તેને માટે બાકી હતાં ? " રામવકીલે કહ્યું.

" પરન્તુ અત્યારે તો તેની સ્થિતિ દયા ઉપજે તેવી છે. "ચિરંજીવે કહ્યું.

" હવે હું તેજ પ્રયત્નમાં છું. ઇશ્વરેચ્છા હશે તો મન્મુખની ઘેલછાને નષ્ટને થવા હવે ઝાઝીવાર નથી." રામવકીલે કહ્યું.

" ઘેલછા નષ્ટ થશે તો તેની નિર્ધનતા તેને વધારે દુઃખી કરશે. તે કરતાં તો તેની આ સ્થિતિ સારી છે." ચિરંજીવે કહ્યું.

" વાસ્તવિક રીતે તે નિર્ધન છેજ ક્યાં ? ભજગોવિંદ ભટ્ટની મીલકતમાં તેને તો નહી પણ તેના પુત્રને હું મથુરાના જેટલોજ હકદાર ગણુંછું. " રામવકીલે કહ્યું.

" શા માટે ? " ચિરંજીવે કહ્યું.

" તે એટલાજ માટે કે ભજગોવિંદ ભટ્ટની મીલકતનું તેણે આજ દિન સુધી સંરક્ષણ કર્યું છે. પછી ભલે તેમાં તેની દુષ્ટ વાસના હોય ! " રામવકીલે કહ્યું.

" પરન્તુ તેના પુત્રનો શું હક ? તેનો પુત્ર ક્યાં દુરાચારમાં તેના કરતાં ઓછો છે ? " ચિરંજીવે કહ્યું.

" મંગલગીરી મહારાજે મને એક વખત કહ્યું હતું કે સન્મુખ મહા સદાચરણી થયો છે એટલુંજ નહીં પણ સંસારના પ્રપંચોથી તેનું અંતઃકરણ બિલકુલ વિરકત બન્યું છે. તોપણ તે કર્મયોગીના ઉપદેશને માન આપી પુનઃ દેવલગંજમાં આવી સેવાધર્મને પોતાનું

જીવન અર્પણ કરશે. જ્યારે મન્મુખરાયને તેના કર્મનું પ્રાયશ્ચિત લેવા મંગલગીરિના આશ્રયમાં રહેવું. અને તેથીજ તેના હકનો હું ઇન્કાર કરૂંછું. વળી મને એટલી પણ ખાત્રી છે કે તે આ યોજનાને અવશ્ય કબુલ કરશે." રામવકીલે કહ્યું.

એટલામાં સન્મુખ આવીને રામવકીલના પગમાં પડયો. રામવકીલ ગમે તેવા જ્ઞાની હતા, તો પણ આ-દૃશ્ય જોઈ તેમની આંખમાંથી અશ્રૂનાં ટીપાં ખરવા માંડયાં. તેમણે સન્મુખનો હાથ ઝાલી.

"સન્મુખરાય ઉભા થાઓ. પ્રભુ સર્વ સારૂં કરશે." એમ કહ્યું.

"અત્યંત ઉપકાર થયો." સન્મુખ બોલ્યો.

"આ જગત્માં વાસ્તવિક રીતે કોઇ કોઇના ઉપર ઉપકાર કરતું જ નથી. દરેક મનુષ્ય પોતાનુ કર્ત્તવ્ય કર્યા ઉપરાંત બીજું શું કરે છે?" રામવકીલે કહ્યું.

"દુનીઆમાં પોતાનુ કર્ત્તવ્ય જાણનાર પણ ઘણાજ ઓછા છે." સન્મુખે કહ્યું.

"ઉલટું તમારી દૃષ્ટિએ તો હું તમારો અપરાધી છું; અને લોકો પણ કદાચ્ એમ કહે કે મન્મુખરાયને ઘેલછા થઇ તેમાં કારણભૂત રામવકીલ છે." રામવકીલે કહ્યું.

"નહીંજી: આપે જે કર્યું છે તે યોગ્યજ કર્યું છે. પરન્તુ મારી એક યાચના છે, અને તે એ કે મારા પિતાજી હવે પોતાનું જીવન સદ્ધર્મમાં પ્રેરે એવી યોજના થવી જોઇએ." સન્મુખે કહ્યું

"પિતાજી! મન્મુખરાયની નજરે અનગળ દોલતનો ઢગ માલમ પડશે એટલે તેમનુ ચિત્ત ઠેકાણેજ આવશે." ચિરજીવે કહ્યું

"નહીં, તેથી તો કદાચ તે વધારે ઉન્માદ કરે. સૌથી સારો માર્ગ તો એજ છે, કે મન્મુખે મહાત્મા મંગલગીરિના આશ્રમમાં જઈ રહેવું. મને ખાત્રી છે, કે ત્યાંનુ શાંત વાતાવરણ અવશ્ય તેના મગજને સુધારી દેશે." રામવકીલે કહ્યું.

"હું અત્યારે મારા પિતાજીની ચિત્તવૃત્તિનું દર્શન કરતો આવ્યો છું." એમ કહેતાં સન્મુખની આંખો અશ્રુથી ભરાઇ ગઇ.

"તમે લગાર પણ દિલગીર ન થશો; આ જગતની વિચિત્રતા એટલી ગુહ્ય છે, કે મનુષ્ય તે કળી શકવા બિલકુલ અસમર્થ છે. એટલે અત્યારે તમારા પિતાની જે વૃત્તિનું તમે દર્શન કર્યું છે તેજ વૃત્તિ અલ્પ સમયમાં ફેરવાઇ જઇ પવિત્ર અને સાત્વિક બને તો કોઇથી

ના ન કહેવાય. થશે પણ તેમજ. જુઓ ? હજી તમારી સમક્ષ કર્ત્તવ્યનું મહાન્ ક્ષેત્ર અણુખેડાયલી સ્થિતિમાં પડયું છે. તમારે આ જગતમાં અનેક પવિત્ર કાર્યો કરવાનાં છે. તો આમ નિરાશ થયે કેમ બને ? માટે આત્મ વિશ્વાસ અને પ્રભુ પ્રત્યે શુદ્ધ ભક્તિભાવ રાખી જગત્યંત્રમાં જીવન વ્યતીત કરવું એ ધર્મને જો આજથી આમ ભુલી જઇ મોહવશ થશો તો કેમ પાલવશે. માટે કર્ત્તવ્યમાં તત્પર થાઓ. પુત્ર તરીકે, પતિ તરીકે, ગૃહસ્થ તરીકે અને પ્રજાજન તરીકે તમારે શું શું કરવાનું છે તે હીંમત રાખી વિચારો. આવી રીતે વિચારનાર મનુષ્યજ આ જગત્માં પોતાના જીવનનું સાર્થક કરી શકે છે, તેજ આનન્દ અને સુખ મેળવી શકે છે અને તેજ સત્ય ધર્મના રહસ્યને ઓળખી શકે છે. કાયર થઇ જે મનુષ્ય ગૃહસ્થ ધર્મથી અને કુટુંબથી કંટાળી જાય છે અને પોતાના કર્ત્તવ્યનો વિચાર કર્યા વગર આ જગત્ને અકારૂ ગણે છે તેનાથી શી રીતે મનુષ્ય ધર્મનું પાલન થઇ શકે ? શું તમને નથી લાગતું કે તેવો મનુષ્ય જગત્માં ભારરૂપ અને નિરર્થક જન્મ ધારણ કરનાર છે. ખરૂં પૂછાવો તો માણુસાઇ એ મનુષ્ય તરીકેના ધર્મનું પાલન કરવાથી મળે છે; નહીં કે આમ કંટાળી ગયે." રામવકીલે કહ્યું.

"જીહા." સન્મુખની આંખમાં હજી પણ અશ્રુ વહ્યા કરે છે.

"ભાઇ ! તમારૂં અંતઃકરણ હું પરખી શકું છું, પરન્તુ આ સમય ભૂતકાલનું સ્મરણ કરવાનો નથી. હોય મનુષ્ય છે. ક્યાંક ભુલ પણ ખાય. અને અધર્મ પણ કરે ? પરન્તુ સમજ્યા પછી અને જાણ્યા પછી તે સંબંધે વારંવાર પશ્ચાતાપ કરવો એ અંતઃકરણને નિર્બળ અને શક્તિહીન બનાવી દે છે. હવે તમારી તમામ માનસિક વૃત્તિ સાત્વિકભાવમય થઇ છે. તમારાં સર્વ અનિષ્ટ કર્મો તમારા સદાચારના પ્રતાપે ભસ્મિભૂત થયાં છે. તમારા હૃદય કર્ત્તવ્યના પવિત્ર ધર્મનું સ્થાન થયું છે તો હવે તેનેજ અનુસરો અને ગઇ ગુજરી વિસારી મૂકો; કારણ કે તેથી તો ઉલટું તમે પુણ્ય કરવાને બદલે પાપમાં પ્રેરાશો. આ જગતમાં રહી જે મનુષ્ય પોતાના કર્ત્તવ્યથી વિમુખ થઇ તેથી દુઃખી બની અન્ય કર્ત્તવ્યમાં પ્રવેશ કરે છે અને પોતાના આશ્રિતોને નિરાધાર બનાવી મૂકે છે તે શું પુણ્ય આચરે છે એમ કહેવાશે ? માટે દિલગીર થયા વગર ડાહ્યા બની તમારા ધર્મનું રક્ષણ

કરવા તત્પર થાઓ. હું અને ચિરંજીવ તમે જ્યારે કહેશો ત્યારે તમારી સાહાય્યમાં હાજર થઇશું." રામ વકીલે કહ્યું.

"મુરબ્બીશ્રી! આપનું કહેવું સત્ય છે પણ મારી પાસે "એમ કહેતાં સન્મુખ અચકાયો.

"હા, તે હું સમજ્યો; તમે જાણતા હશો કે હું નિર્ધન છું; પરન્તુ ના તેમ નથી. ભજગોવિંદ ભટ્ટની સર્વ મીલકત હું તમને સુપ્રત કરીશ તમે તેનો યથેચ્છ યોગ્ય માર્ગે વ્યય કરજો;" રામ વકીલે કહ્યું.

"મયૂરા ત્યારે કયાં છે?" સન્મુખે પૂછયું.

"મયૂરા મંગલગીરિ મહારાજના આશ્રમમાં છે. અગર જો તેણે બાહ્ય વૃત્તિથી આ સસારનો ત્યાગ નથી કર્યો પરન્તુ તેની આંતર્ વૃત્તિ ધર્મ પરાયણ થયેલી છે. તે સંસારથી મુક્ત રહી સ્ત્રીજાતિની ઉન્નતિ કરવા તથા તેઓને સ્ત્રીધર્મશિક્ષણ આપવા ધારે છે. માટે તે તરફની તમારે કાંઇજ ચિંતા ન રાખવી; માત્ર તમારે તેને કાર્યમાં સાહાય્ય આપવી એટલુંજ." રામ વકીલે કહ્યું.

"વારૂ, ત્યારે તમે આજ તો આંહીજ રહો." ચિરંજીવે કહ્યું.

"ખરૂં, પણ મારા પિતાશ્રીને માટે કેમ?" સન્મુખે પૂછયું.

"અત્યારે તો તેમના મગજની એવી સ્થિતિ છે, કે તેઓ સમજ્યા સમજે તેમ નથી પરન્તુ કાલ પ્રાતઃકાલે તમે મંગલગીરના આશ્રમમાં જજો ત્યાં તમને મયૂરા પણ મળશે- તથા મન્મુખરાયના ચિત્તને ત્યાં શાન્તિ મળશે. અત્યારે તો તેમને માટે ખાવાનું લઇને તમે બાગમાં જજો; મને લાગે છે કે તમારા વચનને તેઓ અનુસરશે" રામ વકીલે કહ્યું.

"સારૂં" સન્મુખ બોલ્યો.

પંચવિંશ પરિચ્છેદ.

ધારીશ તો સાધુત્વ.

મંગલગિરી મહાત્માની સાથે યોગ ચર્ચા કર્યા બાદ મયૂરાનો જે વ્યક્તિએ હાથ ઝાલ્યો તે વ્યક્તિ સન્મુખની પત્ની—પવિત્ર સદ્ધર્માચારિણી કમલા હતી, કમલાએ જ્યારથી મંગલગિરિના આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યારથી તેના ઉપરના કષ્ટનું દુઃખદાયી વાદળ વિદીર્ણ થઇ

ગયું હતું. મયૂરા અને તે સુખેથી આશ્રમમાં પોતાનો સમય ધાર્મિક કાર્ય અને ધર્મ પ્રવચનમાં વ્યતીત કરતાં હતાં; એક દિવસે સાયંકાળનું ધર્મ કાર્ય સંપૂર્ણ થયા બાદ મયૂરા અને કમલા આશ્રમની પાછળની ફુલવાડીમાં વૃક્ષોને જળસિંચન કરતાં કરતાં વાતે વળગ્યાં. વાતમાં હંમેશ કરતાં તેઓને એટલો તો રસ ઉત્પન્ન થયો કે જળસિંચન કરવાના કાર્યને ક્ષણભર ભૂલી જઇ અર્થાત તેને મુલતવી રાખી બન્ને જણીઓએ તૃણની નૈસર્ગિક સાદડી ઉપર સ્થાન લીધું.

મયૂરા બોલી—હું કબૂલ કરૂં છું કે, જો સંસારમાં રહીને સ્ત્રી ધર્મનું પાલન થાય તો ઘણું સારૂં પરન્તુ આપણો ગૃહ સંસાર સ્ત્રીઓને માટે એટવી સરલતા કરી શકે એવો નથી, મને તો લાગે છે, કે હજી તેમાં સુધારાને માટે ઘણો અવકાશ છે. ”

“ પણ એ સુધારો આમ તારી માફક કાયર થએ શી રીતે બને ? આપણે સંસારમાં રહી આપણું જીવન અન્ય સ્ત્રીઓને માટે એવું આદર્શભૂત બનાવવું જોઇએ કે આપણું જોઇ તેઓ પણ પોતાના વ્યવહારમાં અમુક અમુક પવિત્ર સુધારા દાખલ કરવાનું વિચારે. ” કમલાએ કહ્યું.

“ એ બધી વાત ખરી; પરન્તુ આપણને એટલી સ્વતંત્રતાજ ક્યાં છે ? કે આપણે આપણું જીવન આદર્શભૂત બનાવી શકીએ ? ”

“એ સ્વતંત્રતા મેળવવી આપણા હાથમાં છે; જો આપણે આપણા સત્ય નિશ્ચયમાં ચલિત ન થઇએ, અને સુખે દુઃખે પણ આપણો સ્ત્રીધર્મ આપણે પાળ્યા કરીએ તો મને ખાતરી છે કે સ્વતંત્રતા પ્રાપ્ત કરવી એ બિલકૂલ દુર્લભ નથી. ખરૂ પૂછાય્ય તો સત્ય નિશ્ચય અને ધર્મપ્રત્યેની અનન્ય શ્રદ્ધા એજ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું મહાન સાધન છે. તું મ્હારા કરતાં વધારે ડાહી, વિદ્વાન અને સમજુ છું એટલે વધારે શું કહેવું ? ” કમલાએ કહ્યુ.

“ આપણા સંસારનું અને લગ્નપદ્ધતિનું તથા સ્ત્રીસમાજનું બંધારણજ એવું છે, કે આપણે ગમે તેટલો તનતોડ પ્રયત્ન કરીએ તોપણ સ્વતંત્રતા પ્રાપ્ત ન થાય; તું વિચાર કર્ય કે જ્યાં સ્ત્રીને બોલવાસરખો પણ અધિકાર ન મળે ત્યાં સ્વતત્રતાનું તો નામજ કેવું ? છતાંય ધારો કે અનેકશઃ પ્રયત્ને આપણે સ્વતંત્રતા પ્રાપ્ત કરીએ અને સ્ત્રીઓને સ્વતંત્રતા ન આપવી જોઇએ એ સૂત્રને અસત્ય ઠરાવીએ તો તેમ કરવાને આપણા જેવાં કેટલાં જીવન જોઇએ ? ” મયૂરાએ કહ્યું.

" એ કહેવું ખરૂં છે, કે માત્ર આપણાજ પ્રયત્નથી તાત્કાલિક સ્વતંત્રતા ન પ્રાપ્ત થાય; પરન્તુ આપણે સ્વતંત્રતાનું બીજ તો રોપી શકીએ. એટલુંજ નહીં પણ આજકાલ પુરૂષ વર્ગમાં સ્ત્રીઓ પ્રત્યે જે તિરસ્કારવૃત્તિ અને અણગમો છે તેનું નિવારણ કરવામાં પણ કેટલેક અંશે ફતેહ મેળવીએ ?" કમલાએ કહ્યું.

" હું ઇચ્છું છું કે સ્ત્રી વર્ગની જલદી ઉન્નતિ થાય, તેઓ સમગ્ર દેશના ઉદ્ધારનું કારણ બને અને આપણી બ્હેનો આદર્શ રૂપ પત્ની બને; તેમ છતાંય મારાથી તો પત્ની ધર્મનો સ્વીકાર નહીંજ થઇ શકે ?" મયુરાએ કહ્યું.

" મારી તો ત્યારે એજ ઇચ્છા છે, કે તું પત્ની ધર્મનું સેવન કરવા ભાગ્યશાળી થા !" કમલાએ કહ્યું.

" કમલા ! મને આશ્ચર્ય થાય છે, કે તને પત્ની ધર્મનાં કડુ ફલ મળેલાં છે છતાં મને તું તે ધર્મ ધારણ કરવાનો શામાટે ઉપદેશ આપે છે ?" મયુરાએ કહ્યું.

" ... ગમે તેટલા પત્ની ધર્મમા કડુફલ મળ્યા હોય, તોપણ તેને તો હુ મારા સદ્‌ભાગ્યની નિશાની તરીકેજ ગણું છુ. અને મને ખાત્રી છે, કે ભવિષ્યમાં હુ તેનું સારૂં ફલજ અનુભવીશ. વળી તું કેમ ભૂલે છે ? એ પણ એક રીતની કસોટી છે. એવી અનિવાર્ય કસોટીમાંથી સારધાર પાર ઉતરવું અને દેહ તથા અંતઃકરણને લગાર પણ અપવિત્રતાનો છાંટો ન સ્પર્શવા દેવો તેમાંજ પત્ની ધર્મનું સાર્થક છે. બાકીના સહુએ પત્નીઓ છે તે આપણે ક્યાં નથી જાણતાં ?" કમલાએ કહ્યું.

" કમલા ખરેખર, તને કાંઇક અહંપણું ઉદ્‌ભવ્યું છે." મયૂરાયે હસ્તાં હસ્તાં કહ્યું.

" હાસ્તો; મને મારા પવિત્ર આત્માનું, વિચારનુ, વાણીનું વર્તનનું અને મારા જીવનની વિશુદ્ધિનું અભિમાન છે તથા મારી પવિત્રતાના મદથી હુંમને સદ્‌ભાગી માનુછું." કમલાએ ગંભીર ચહેરે કહ્યું.

" પણ તને કાંઇ તારા પતિનો દોષજ નથી લાગતો." મયૂરાએ પૂછ્યું.

" મારા સ્વામીનો દોષ છે; તે દોષના પ્રતાપેજ મારે અસહ્ય કષ્ટ સહન કરવાં પડયાં છે; પરન્તુ મારા પત્નીધર્મ પ્રમાણે તે દોષને દોષ રૂપે જોવો એ મારૂં કર્તવ્ય ન ગણાય ? હું હજી પણ કહું છુ કે મેં.

તેમના તે દોષને કદિપણ દોષરૂપે જોઇ મારા અંતઃકરણમાં તેમના પ્રત્તિરસ્કારબુદ્ધિ નથી ઉત્પન્ન કરી! તે દોષને હું મારા જીવનની વિશુદ્ધિનો માર્ગ સમજું છું. મેં તેમને મારાથી થઇ શકે તેટલો અને પત્ની તરીકે કરી શકાય તેટલો ઉપદેશ કરવામા બાકી નથી રાખ્યું; મેં તેમને અનેક વખત શિખામણના બોલો કહ્યા હતા, છતાય જ્યારે તેમણે મારા વચનની અવગણના કરી ત્યારે હું નિરૂપાય બની બેસી રહી; ત્યારથી હું એટલું સમજી કે હવે પછી મારો ધર્મ બજાવી સમગ્ર જીવન પવિત્રતા અને ધર્મ કાર્યમાં પ્રેરવું અને કદાચ મારા સ્વામી જો મારો સ્વીકાર કરે તો તેમને અધીન થવું. બસ આજ મારો છેલ્લો નિશ્ચય હતો. ધર્મશાસ્ત્ર પણ આ પ્રમાણેજ કહે છે, કે પતિના દુર્ગુણ સામે જોઈ પત્નીએ તે તરફ કદિપણ કરડી નજરે ન જોવું. આ રીતે વર્તવામાંજ પત્ની પોતાનું કલ્યાણ સાધી શકે છે.” કમલાએ કહ્યું

“ ત્યારે તું આત્મઘાત કરવા શામાટે પ્રવૃત્ત થઇ હતી ? ” મયૂરાએ પૂછ્યું.

“ એક તો મારી મુર્ખતાથી અને મારા પાપી સસરાના દુષ્ટ વર્તનથી.” કમલાએ કહ્યું.

“ વારૂ; ત્યારે અત્યારે કદાચ તારા સ્વામી તારો સ્વીકાર કરવા તત્પર થાય તો ! ” મયુરાએ પૂછ્યુ.

“ હું તેમની ચરણરજ દાસી થઇને રહું; તેમના સુખ દુઃખની ભાગીએણ થાઉં; તેમના જીવન અર્થે હું મારૂ જીવન અર્પણ કરૂં; મારો પત્ની તરીકેનો તેઓની પ્રત્યે સદ્ધર્મ બજાવું અને તેમના આત્મા સાથે મારો આત્મા ઓતપ્રોત બનાવી દઉં ! ” કમલા હર્ષભેર બોલી.

“ તે સમયે તારા સ્વામીનાં પૂર્વકર્મો કદિપણ તું સ્મરણમાં ન લાવે ? ” મયુરાએ કહ્યું.

“ ના, ના, મારે તેમનાં કર્મો સાથે કામ નથી, પરન્તુ મારે તો મારા પત્નીધર્મ સાથે કામ છે. મયુરા ! અહા ! પત્ની ધર્મ કેવો પવિત્ર ધર્મ છે. અરે ! જે ધર્મ ખાતર આપણી પ્રાચીન સમયની પવિત્ર દેવીરૂપ બ્હેનોએ પોતાના પ્રાણને જતો કર્યો છે, જે ધર્મ ખાતર તેઓએ પોતાના સર્વસ્વનો ત્યાગ કરેલો છે, અરે ! જેને માટે તેઓએ પુત્રી પુત્રાદિની પણ દરકાર નથી કરી તે 'ધર્મસેવન અર્થે હું શામાટે ના કહું ? આ દુનીઆમાં સ્ત્રીઓને માટે

જો કોઇ સત્યધર્મ હોય તો તે પત્નીધર્મજ છે. તું ગમે તેટલી જ્ઞાનની વાતો કર, યોગની સાધના કર અને આર્ચનપૂજન કર્યા પરન્તુ તે સર્વ પત્નીધર્મ આગળ કાંઇજ હીસાબમાં નથી. પત્નીધર્મ પાળનારી પવિત્ર સ્ત્રીઓ તો આ જગતના ઉદ્ધારનું કારણ બની છે. તેઓના પ્રતાપે અનેક પાપીઓનાં પાપ ધોવાયાં છે; અનેક મૂઢ મનુષ્યો જ્ઞાની બન્યા છે; અને અનેક નિર્ધનો અનગળ દ્રવ્યના ભોક્તા બન્યા છે. બસ ધર્મ તો ખરો પત્નીધર્મજ. " કમલાએ કહ્યું.

'પરન્તુ જેણે પત્નીધર્મનો સ્વીકારજ ન કર્યો હોય તેને માટે કયો ધર્મ ?' મયૂરાએ હસતાં હસતાં પૂછ્યું.

'તેનો ધર્મ પણ પત્નીધર્મજ ! સ્ત્રીમાત્રનો ધર્મ તે પત્નીધર્મ !' કમલાએ કહ્યું.

'કમલા ! તું પત્નીધર્મના આવેશમાં આવી જઇને આ બોલે છે. તારે માટે પત્નીધર્મ ઉત્તમોત્તમ છે; પણ મારે માટે નથી.' મયૂરાએ કહ્યું.

'શામાટે નહીં ! તું એકવખત પત્નીધર્મનો સ્વીકાર કર અને પછી જો કે પત્નીધર્મ કેવો પવિત્ર છે.' કમલાએ કહ્યું.

'પત્નીધર્મની પવિત્રતા સંબંધે મને કયાં શંકા છે; મારૂં તો માત્ર એજ કથન છે, કે જે સ્થિતિમાં અત્યારનું જીવન વહ્યે જાય છે તે જીવનનું હવે સ્થિત્યંતર ન કરવું. વળી કોણ જાણે સંસારના વિકટ પ્રસંગોમાં કયાંક મારી બુદ્ધિ ન ચાલી શકે, મારું સાધુ અંતઃકરણ તે તરફ જવા ન લલચાય અને તે વિકટ પ્રસંગોમાંથી પાર ઉતરવા કદાચ હું અશક્તિમાન્ બનુ તો પછી તું વિચાર કે મારી સ્થિતિ કેવી વિષમ બની રહે ?' મયૂરાએ કહ્યું.

'આમ કહેવું એ કહ્યું ન ગણાય ! આ તો એક અંતઃકરણની ભિરૂતાનિર્બલતા છે. આ દુનીઆમાં એવું કયુ કાર્ય છે કે જે મનુષ્યસ્વભાવને માટે પ્રતિકુલ હોય ? સતત ઉદ્યોગ અને સદ્‌ભાવનાના નિરંતર સેવનથી હરકોઇ મનુષ્યવ્યક્તિ હરેક સ્થળે વિજય પ્રાપ્ત કરે છે. તેમાંય તારાજેવી સાધ્વીને માટે તો કશ્શુંય અશક્ય નથી.' કમલાએ કહ્યું.

'તારૂં કથન મનનીય છે; પરન્તુ તે સર્વ પત્નીધર્મમાં પ્રવેશેલ પત્ની માટે છે. મારે માટે નથી. મારો તો નિશ્ચય એકજ છે અને તે એક ધારીશ તો સાધુત્વજ. તો પછી મારે પત્નીધર્મની તિતંડામાં શામાટે નિરર્થક ઉતરવું જોઇએ ?' મયૂરાએ કહ્યુ.

'શું ત્યારે તું સાધુત્વનોજ સ્વીકાર કરીશ !' કમલાએ પૂછ્યું.

'હા, હું સાધુત્વનો સ્વીકાર કરીશ અને તું પત્નીત્વનો સ્વીકાર કરજે.' મયૂરાએ પૂછ્યું.

'ત્યારે તો મારી સર્વ આશાઓ નિષ્ફલજ ગઇ !' કમલાએ વિશ્વાસપૂર્વક કહ્યું.

'કઇ આશાઓ ? તું એમ હતાશ બનીશ નહિ. મારા સાધ્વી ધર્મમાં પણ હું હમેશ તારી સહાય તરીકેજ રહીશ. તારે જ્યારે મારી સાહાય્ય જોઇએ ત્યારે હું તૈયારજ છું એમ સમજજે.' મયૂરાએ કહ્યું.

'મારી આશાઓ મહાન્ છે; તે સર્વને સારધાર ઉતારવાનો આધાર તારા ઉપર હતો; પરન્તુ જ્યાં આવી રીતે તુંજ મારી આડે આવી ત્યાં પછી મારાથી શું બની શકે એમ છે ? વળી તારા સાધ્વીધર્મમાં તું મને વારંવાર સાહાય્ય આપે એ અત્યારે જો કે તું કહેછે તે પ્રમાણે સત્ય હશે પરન્તુ લાંબો કાલ વ્યતીત થયે તારી મારા પ્રત્યે કે આ જગત્ પ્રત્યે એવીને એવી લાગણી રહે તે સંબંધે મને શંકાછે. સિવાય તેનું બીજું પણ કારણ છે. સંસારીઓના માર્ગથી સાધુમાર્ગ ભિન્ન છે. બંનેની અવળી દિશા છે. તો એવી સ્થિતિમાં તારા સાધ્વીધર્મને બાધ ન આવે તેમ વારંવાર શીરીતે તું મને મદદ કરી શકીશ ?' કમલાએ કહ્યું.

'કમલા ! તું ભૂલે છે તારી માફકજ પહેલાં મારા પણ એવા વિચાર હતા કે સંસારીઓના માર્ગથી સાધુમાર્ગ ભિન્ન છે. પણ ના તેમ નથી. જો સંસારીઓ પણ સાધુ પુરૂષોની માફક પોતાના કર્ત્તવ્યનું યથાસ્થિત સ્વરૂપ સમજે અને તે પ્રમાણે અનુસરે તો સંસારીઓનો માર્ગ પણ પરમ પવિત્ર છે. ખરી રીતે એ બંને માર્ગ એકજ છે. એકજ સ્થાને જાય છે અને એકજ ફલ ઉત્પન્ન કરે છે. ફેર માત્ર એટલોજ કે બન્નેની કર્ત્તવ્ય દિશા ભિન્ન છે. માટે તું કહે કે તારી કઇ મહાન્ આશાઓ છે ?' મયૂરાએ પૂછ્યુ.

'પત્નીધર્મનો ઉદ્ધાર કરવો પત્નીઓને તેઓના ધર્મનું સત્યસ્વરૂપ સમજાવવું, તેઓને સમાજમાં અગ્રસ્થાન અપાવવું, તેઓમાં વિદ્યાવૃદ્ધિ કરવી, તેઓને ગૃહિણી પદને યોગ્ય બનાવવી, માતા તરીકે તેમને યોગ્ય બનાવવી અને સ્ત્રી સમાજમાં પવિત્ર ભાવનાની સ્થાપના કરવી એ મારો ઉદ્દેશ અને આશા છે.' કમલાએ કહ્યું.

'પ્રભુ, તેમાં તને યશ આપશે.' મયૂરાએ આશીર્વાદ આપ્યો.

'ખરૂં, પણ એ યશ મારા એકથી પ્રાપ્ત થઇ શકે તેમ નથી.' કમલાએ કહ્યું.

'કેમ નહીં ?' મરાએ પૂછ્યુ.

'તેમાં જાતિભોગ ઉપરાંત દ્રવ્યની અતી આવશ્યકતા છે.' કમલાએ કહ્યું.

'તે તો સહેલ છે.' મયુરા જ્યાં આમ કહે છે તેવામાં આશ્રમમાં સન્મુખનો પ્રવેશ થયેલ જોઇ કમલા એકદમ ઉભી થઇ.

ષડ્વિંશ પરિચ્છેદ.

પાપક્ષમા.

મંગલગિરિ ધર્મકાર્યમાં છે. મયુરા વૃક્ષોને જલસિંચન કરે છે. પર્ણકુટિના પાછળના ભાગમાં માત્ર સન્મુખ અને કમલા બીજે દિવસે અનાયાસેજ મળી ગયાં. બન્નેની દૃષ્ટિ એક થઇ ન થઇ; તો પણ ત્યાં ને ત્યાંજ બન્ને નીચી દૃષ્ટિએ સ્થિર થઇ ગયાં, જાણે પૃથ્વી પૃથ્વીનો કાંઇ ઉપાલંભ ન સાંભળતાં હોય ! બહુ વારે સન્મુખ બોલ્યો.

'કમલા ! કમલા ! હવે હું પ્રથમનો સન્મુખ નથી. શા માટે તું મારા સામું નથી જોતી ? મારા આ પાપ દેહને તારી પુણ્ય દૃષ્ટિથી એક વખત તો પવિત્ર થવા દે ?"

કમલા કાંઇજ બોલી નહીં.

'કમલા ! મને ખબરજ હતી, કે તારા જેવી પુણ્યવતી પત્ની મને આજ પ્રકારનો ન્યાય્ય આપશે. અને એ સત્ય પણ છે, કે હું એ ન્યાય્યનુંજ પાત્ર છું. મેં કર્મયોગીને કહ્યુંજ હતું કે મારા જીવનને યોગ્ય હવે કમલા નથી. પરન્તુ એ મહાત્માના વચન પાલન અર્થેજ હું તારા પવિત્ર મુખનું દર્શન કરવા આવ્યો છું. કમલા ! પત્ની તરીકે નહીં તો મારા જીવનની અધિષ્ઠાત્રી–મારૂં શુભ ઇચ્છનારી–તરીકે પણ તું મારા સામું જોઇ મારા દેહાત્મને એકવાર પાવન કર ? મારા ગુન્હાઓને એટલી વખત વીસરી જા. અને પછી તું મને ખુશીથી રજા આપી દે એટલે હું આ સંસાર-જીવનનો ત્યાગ કરી કર્મયોગીની ચરણ રજ થઇ રહું.' સન્મુખે કહ્યું.

હજી પણ કમલાની દૃષ્ટિ નીચીજ છે.

" કમલા ! દેવી કમલા ! હું તારી સમક્ષ શતધા કબૂલ કરૂંછું કે હું પાપીજ છું. પણ કૃપા કરી મારા દુર્ગુણો અને મારાં પૂર્વ સ્મરણો તું તારા હૃદયમાંથી અત્યારે તો કાઢીજ નાંખ. મારા આ વચનનો તું અનાદર કરીશ નહીં. કમલા ! આ કરતાં બીજાં ક્યાં દીનવચનો હું તને કહું. જો તારી આજ્ઞા હોય તો મારા મસ્તકને તારી ચરણ ધૂલિથી પવિત્ર કરૂં ' એમ કહી જ્યાં સન્મુખ કમલાને નમસ્કાર કરવા જાય છે, ત્યાં કમલાએ ઉંચી દૃષ્ટિ કરી. સન્મુખે તેની આંખોમાં અશ્રુધારા જોઈ.

' આશું ? કમલા ! મારાં કર્મોનો હુંજ પશ્ચાતાપ કરૂંછું એટલું બસ છે. તું તારા અંતઃકરણને દુભવીશ નહીં ' કમલા હજી પણ રડે છે જ. પુનઃ સન્મુખ બોલ્યો અરે ! મૃતને શા માટે મારે છે ? "

કમલા રડતી શાંત રહેતી નથી.

' કમલા ! છાની રહે હું મારા પાપની તારી સમક્ષ ક્ષમા માગું છું. મારી પત્ની તરીકે હું તારો આશીર્વાદ ચાહુંછું તારે જે મને પૂછવુ હોય તે પૂછ ? ખુશીથી મારા સર્વ કર્મો હું કબૂલ કરીશ. મારે હવે તારાથી કાંઇજ છાનું રાખવાનું નથી. જગત્‌ની સર્વ વસ્તુઓમાં જ્યાં સત્યજ લાગે ત્યાં હવે અસત્યનો તો આભાસજ કેમ સંભવે ? કમલા ? જગત્‌ના સત્યમાં સમાઇ જઇ, તેને અર્થેજ આ દેહની આહુતી આપવાની કર્મયોગીની આજ્ઞા છે. પરન્તુ એ આજ્ઞા પાલનનું પ્રથમ પગથીઉં તારૂં દર્શન કરવું, તારી સાહાય્ય મેળવવી અને આપણ બન્ને એ સાથે રહી કર્મયોગીની આજ્ઞાને અનુસરવું એમ હોવાથીજ હું તારી કૃપા ચાહું છું. કમલા ! તું મને સાહાય્ય કર ' હું દીનતા પૂર્વક તારી કૃપાની યાચના કરૂંછું. શા માટે નથી બોલતી ? સન્મુખે કહ્યું.

' પ્રિય ! બોલવાની ઇચ્છા છે, પણ કોણ જાણે કયા કારણથી બોલી શકાયું નહીં, પણ હવે આ કરતાં વધારે વચનો કહી મને પાપમાં નાંખશો નહીં. નાથ ! એક તો એવો દિવસ યાદ લાવો કે જે દિવસે મેં આપના દોષો જોયા હોય. કયે દિવસે મેં આપનાં આચરણની ચર્ચા કરી છે. તે આમ બોલી મને શરમાવો છો. હું તો આપની ચરણરજ દાસી છું અને જીવતી હઇશ ત્યાંસુધી રહીશ. ' બહુવારે કમલા બોલી.

' ત્યારે શું આ કમલા હજી પણ સન્મુખની પત્નીજ છે ? ' સન્મુખે પૂછયું.

' એજ. '

'તો પ્રિય કમલા ! તું એક વખત અશ્રુ પાડતી બંધ થા ! મારા આત્માને બહુ ખેદ થાય છે.' સન્મુખે વિનતિ કરી.

કમલા આંસુ લુછવા લાગી.

સન્મુખ પુનઃ બોલ્યો 'કમલા ! આ પ્રસંગની અને આવાં તારાં વચનામૃતની મેં ભાગ્યેજ આશા રાખી હતી. તારા જેવી પવિત્ર પત્ની હવે મારૂં મુખ જોશે ? અરે ! મને જોતાંજ તે તરછોડી તો નહીંજ નાખે ! મારો સર્વથા તિરસ્કાર તો નહીં કરે ! એવા એવા સંકલ્પ વિકલ્પો મને અત્યાર પહેલાં થયા હતા. એમાનું કાંઇજ હું જોતો નથી ખરેખર કમલા ! તેં તારાપણું સાચવ્યું છે હુંજ અભાગી કે તારી સત્ય તુલા ન કરી શકયો. કમલા ! ક્ષમા તે કેટલીક વાર માગવી !' સન્મુખ નમ્રતાથી બોલ્યો.

'પ્રિય ! વધારે ન કહો, હવે આટલું આટલું સહન કરતાં પણ મૃત્યુ ન થયું. વન વન ફરતાં ક્ષુધા તૃષા સહન કરતાં પણ જીવન ટકી રહ્યું અને મૃત્યુને ઇચ્છતાં, તે માટે તૈયાર થતાં પણ તેણે મારો સત્કાર ન કર્યો તેનું સત્ય કારણ અત્યારેજ હું કળી શકું છું. અજાણ પણ દૂર છતાં પણ આપના જીવનેજ મારૂં જીવન ટકાવી રાખ્યુ છે, આપના કૃપા પ્રસાદથીજ અત્યારે હજી પતિ સેવા માટે હું ભાગ્યશાળી જીવી શકું છું. અને હવે હું પતિ સેવા કરી શકીશ એ આનન્દથીજ અત્યારે અનાયાસેજ અશ્રુ આવી જાય છે. કહો, કૃપાનાથ ! હવે શી આજ્ઞા છે !' કમલા બોલી.

'કમલા ! તારે માટે આજ્ઞા ! આજ્ઞા આપતાં તો મારૂં હૃદય પાછૂ હઠે છે; પણ મારી એક ઇચ્છા છે;' સન્મુખે કહ્યું.

'આપ આનન્દ પૂર્વક આજ્ઞા કરો એમ કહેતાં પણ હું દોષમાં ભરાઉછું.' કમલાએ વિનય પૂર્વક કહ્યું.

'કમલા ! અદ્યપર્યંત ત્હારૂ જીવન કઇ દશામાં વ્યતીત થયું એ જાણવાની બહુ ઇચ્છા છે.' સન્મુખે ગર્ભિત રીતે આજ્ઞાભાવ દર્શાવ્યો.

'સાંભળો ત્યારે.' એમ કહી કમલાએ સન્મુખનો પ્રસંગ, ત્યાંથી નાસી છૂટવું, નદીમાં દેહપાતની તૈયારી અલમસ્તે કરેલો બચાવ, શક્તિસ્થાનમાં નારીયજ્ઞનુ દયાજનક વૃત્તાંત, ત્યાંથી મેળવેલો છૂટકો આ વગેરે હકીગત જેમ કમલા કહે છે, તેમ તેમ સન્મુખના અંતઃકરણ પરનો કાબુ ઓછો થવા લાગ્યો. તેની જ્ઞાનદષ્ટિ ઉપર અને આ જગતમાં સાત્ર સર્વત્ર મોહસલીલ છે એવી તેની ભાવના ઉપર કમલાના ઇતિવૃતે બહુ

અસર કરી. સન્મુખના હૃદયમાં જ્ઞાન અને વૈરાગ્ય કરતાં કરૂણાનું ચિત્ર સ્પષ્ટ રંગથી ચિતરાવા લાગ્યું. આંખો દયામણી થઇ અને મુખ, મુખને, હૃદય, હૃદયને, ઇંદ્રિયો, ઇંદ્રયોને અને દેહ દેહને જાણે તેનાં પૂર્વકૃત્યો માટે ઉપાલંભ દેવા લાગ્યાં હોય નહીં, એવી સન્મુખની અવસ્થા થઇ. પુણ્યની પવિત્ર પ્રતિમા સમક્ષ પોતાનાં પાપ કર્મોની ક્ષમા યાચવા જેમ કોઇ ભક્તજન વિનતિ કરતો હોય એમ સન્મુખની આકૃતિ જોનારને જણાયા સિવાય રહે નહીં. જે સન્મુખ વિશુદ્ધિની અંતિમાવસ્થાએ તેના અંતઃકરણને લઇ ગયો હતો, જે સન્મુખના દર્શન માત્રથીજ અસંખ્ય માનવીઓ તેની ચરણરજ બનતાં અને જગતની સર્વ ભાવનાઓને ક્ષણ માત્રમાં જે પોતાના અંકુશ નીચે લાવી મૂકતો તેજ સન્મુખનું જ્ઞાન કમલા આગળ દીન થઇ ગયું. સન્મુખના જ્ઞાન વ્રત કરતાં કમલાનું પતિવ્રત ચઢ્યું. સન્મુખનું ચેતન હરાઇ ગયું. જડની માફક માત્ર સાંભળતોજ ઉભો રહ્યા તોપણ કમલાએ આગળ ચલાવ્યું. ' ત્યાર પછી હું શકિત સ્થાનમાંથી મુક્ત થઈ સુરજ ગંજમાં આવી ત્યાં મેં ગુપ્ત રીતે આપની તપાસ કરી પરન્તુ આપ ન મળ્યા. ત્યાંજ મેં ચપલાને પુનઃ જોઇ એક મધ્ય રાત્રે હું મંગલગિરિ મહાત્માના આશ્રમ તરફ આવતી હતી ત્યાં રસ્તામા વડ સમીપ કંઇક અવાજ સંભળાયો હું ત્યાં ઉભી રહી. ખરેખર ! વાત કરનાર ત્રણ જણમાં એક તો ચપલાજ હતી. બીજા બેને હું ન ઓળખી શકી પણ તેમની વાત ઉપરથી મેં જાણ્યું કે તેમાં એક નવલકિશોરની સ્ત્રી અને બીજો તેનો નોકર હતો. નવલકિશોર સુરજ ગંજમાં ધનાઢ્ય ગણાય છે.

તેનો ઘાત કરવા એ ત્રિપુટી ગુપ્ત સંકેત કરતી હતી. સંકેત પૂરો થયો એટલે ઘણું કરીને તો નવલકિશોરની સ્ત્રી બહાર નીકળી તેણે મને જતાં જોઇ પણ હું હતી પુરૂષ વેશમાં એટલે તેણે હશે કોઇ મુસાફર એમ કહી વાત જતી કરી મેં આશ્રમ તરફ જવાનું માંડી વાળ્યું અને નવલકિશોરનો જે દિવસે ઘાત કરવાનો હતો ત્યાં સુધી સુરજ ગંજમાં રહેવું મને યોગ્ય લાગ્યું. એક ધર્મશાળામાં રહી. ત્યાં મને શાન્તિ હતી.

જે રાત્રે નવલકિશોરનો ઘાત થવાનો હતો, તે દિવસે હું પુરૂષ વેશમાં નવલકિશોરને મળી અને એક પત્ર કે જેમાં તેના વધની સર્વ હકીગત હતી તે પત્ર આપી તેના પાપી હૃદયને શિખામણ દઇ અને સાવચેત રહેવાનું કહી હું ત્યાંથી ચાલી નીકળી. પરિણામ શું આવ્યું તે જોવા હું ત્યાં ન રહેતાં સત્વર આશ્રમમાં આવી.

"આશ્રમમાં આવ્યા પછી હવે મારૂ જીવન નચિંત થયું છે. આશ્રમમાં પ્રસરેલી સાત્વિકતાએ મારી સાત્વિકતામાં વૃદ્ધિ કરી છે. મારા અંતઃકરણના ક્લેશ શાન્ત થયા છે. પરાર્થ ભાવના પ્રકટી નીકળી છે. કલ્યાણ સાધવાના અને કલ્યાણ અર્પવાના—અનેક વિધ માર્ગ મારી સમક્ષ મને લાગે છે. મંગલગિરિ અને મથુરાની વાક્ ચર્ચા મને ઘણું ઘણું શિખવે છે. સર્વ રીતે સુખ છતાં અંતઃકરણના ઉંડાણમાં માત્ર એકજ વાસના રહી હતી, એ આજ પૂર્ણ થતી જોઇ હું મને કૃતાર્થ ગણું છું" એમ કહી કમલા સન્મુખના દેહને ભેટી પડી. બન્નેનો દેહ અને આત્મા એક રૂપ થયાં અને પ્રત્યેકનું અર્ધાંગ નષ્ટ થયું."

એટલામાં સંસારના વાયરા વિષમ છે." એમ કહેતી મથુરા ત્યાં આવી. પતિ-પત્ની શબ્દ ધ્વનિ સાંભળતા પહેલાંજ છૂટાં પડયાં હતાં તોપણ શરમાયાં ખરાં તેઓની આ સ્થિતિ કમલા સમજી ગઇ. તે બોલી" વાસનાઓના અવિરત વેગનો વિરોધ કરવો, એ કાંઇ સહેલ નથી. તેમાં શરમાવું શા માટે હોય તમે દંપતિ સુખી રહો એવી મારી ઇચ્છા છે.

જુઓ, સામે તમારા પિતા આવે છે તેમને મળો. .કમલા તું ખસી જા." ત્યાં તો "મારો બેટો! સન્મુખડો. હૈ, હૈ, હૈ. થા, થા, થૈ, થૈ." એમ બોલતો મન્મુખરાય ત્યાં આવ્યો. પરન્તુ સન્મુખની પ્રતિમા જોતાંજ જાણે અચાનક કંઇ ફેરફાર થઇ ગયો હોય એમ—મન્મુખ બોલતાં બંધ રહ્યો. એટલામાં પાસેથી કમલા નીકળી તેને જોતાં. "મારી કમ " આમ જ્યાં મન્મુખ બોલવા જાય છે, ત્યાં "પિતાજી! કેમ આપની પ્રકૃતિ કેવી છે?" એમ બોલી સન્મુખે તેને આગળ બોલતાં અટકાવ્યો.

સન્મુખનાં દર્શનથી કે મંગલગિરીના આશ્રમના પ્રભાવથી કે બીજા કોઇ પણ દૈવી કારણથી ક્ષણવાર મન્મુખની પ્રકૃતિ ફેરવાઇ ગઇ. અને જેમ ડાહ્યો માણસ ઉત્તર આપે તેમ પુત્રના વચનનો સત્કાર કરતાં "ઠીક છે."

"ત્યારે મને ઓળખો છો!"

"કેમ નહીં સન્મુખ!"

"આપ આ સ્થિતિમાં કેમ ફરો છો ત્યારે!" સન્મુખે પૂછ્યું.

"દૈવેચ્છાએ."

"દૈવેચ્છાએ કે કર્મેચ્છાએ? સન્મુખ! તારા પિતાને પૂછી જો કે તમને તમારા જીવનને કયે સમયે ધર્મ કાર્યમાં કે પરમાર્થ વૃત્તિમાં પરોવ્યું છે." મંગલગિરિ આવીને બોલ્યા.

"કૃપાનાથ! ખરૂં છે. પરન્તુ હવે એ સર્વ બંધન ક્યાં સુધી રહેશે. વસ્તુ કે ભાવ માત્રને મર્યાદા હોય છે, એવું મને કર્મયોગી મહાત્માએ બહુયેવાર કહ્યું છે." સન્મુખે કહ્યું.

"સત્ય; પરન્તુ જ્યાં સુધી તે યોગ્ય પરાકાષ્ટાએ ન પહોંચે ત્યાં સુધી તેમાં રૂપાન્તર થવું અથવા તેનો લય થવો એ અશક્ય છે." મંગલગીરિ એ કહ્યું.

"શું ત્યારે શું હજી મારા પિતાશ્રી આ કરતાં પણ વિશેષ અનિષ્ટતાને પાત્ર છે?" સન્મુખે પૂછ્યું.

"નહીં. જુઓ ત્યારે મન્મુખરાય આકાશ સામું અને માગો તમારા પાપની ક્ષમા પ્રભુ પાસે." મંગલગીરિયે કહ્યું.

મન્મુખરાયે તે પ્રમાણે અમલ કર્યો.

"પિતાજી! જુઓ આજ તે મયુરા." મયુરાને બતાવતાં સન્મુખ બોલ્યો.

અંતઃકરણનું અભિમાન અને સર્વ મલિન વાસનાઓને જાણે છેલ્લાજ નમસ્કાર કર્યા હોય તથા પોતાના પૂર્વના નીચ સ્વભાવને જાણે ઉપાલંભ આપતો હોય એવો મન્મુખરાય નીચે વદને મયુરાના ચરણમાં ઢળી પડયો. શ્વેત વસ્ત્રધારી સાધ્વી મયુરાએ તેનો હસ્ત ઝાલી ઉભો કર્યો, અને "કલ્યાણ" કહી તેને આશીર્વાદ આપ્યો.

સપ્તવિંશ પરિચ્છેદ.

રાગમાંથી વિરાગ.

'હા એજ.'

'ખરૂ, પણ હું જેવી તેની ધર્મદારા છું. તેવોજ તે મારો ધર્મ સ્વામી છે. એટલે સર્વથા તેનો ત્યાગ કરવો એ હવે તો અશક્ય છે.' રસિકા બોલી.

'જ્યારે તેના સ્નેહમાં તને આટલી બધી મમતા હતી ત્યારે શા સારૂ તે દિવસે તેના દેહનો નાશ કરવામાં તું તત્પર થઇ હતી. રસિકા ! જો તું કહીશ કે તે સર્વ તેં મારે ખાતર કર્યું હતું તો અત્યારે પણ મારી એવી ઇચ્છા છે, કે આ કાર્ય પણ તું મારે ખાતર કર. અને ગમે તેમ કરી તું માર્ગ સ્પષ્ટ કર.' દામોદરે કહ્યું.

'એક વખત તે મૃત્યુમાંથી બચ્યો છે. એજ તેનું જીવન દીર્ઘ કાળ ટકવાનું છે, તેની સાક્ષી પૂરે છે. વળી આ પ્રમાણે પણ જુઓને આપણો વ્યવહાર કેવો સુંદર ચાલ્યો જાય છે. સ્હેજ સ્હેજ છાનચોરી કરવી પડે છે. પરન્તુ જો ખરૂં પૂછાવો તેમાં જે જાતની લ્હેજત અને મજાહ રહી છે તે પેલામાં નથી રહી. વળી એમ પ્રસિદ્ધ વ્યવહાર ચલાવવામાં તો આજકાલ કરતાં ચપલા કેવી અરસિક થઈ ગઇ છે? આવા પ્રકારની રસિકતા કે જેનો આપણે અનુભવ કરીએ છીએ, તે તો હવે તેને ભાજી મૂળાના શાક બરાબર છે. તમને નથી લાગતું કે આમ ગુપ્ત રીતે ગ ઃ સ્નાન કરવામાં આપણે જે આનંદ મેળવીએ છીએ તે પછી નહીં રહે ! કારણ કે તે તો પછી હમેશનીજ ભાંજગડ થઇ પડવાની.' રસિકાએ કહ્યું.

'રસમૂર્તિ રસિકે ! ખરૂ છે, તારૂં કહેવું પરન્તુ હવે આ પરાધીનતા પણ ક્યાં સુધી સહન કરવી ? અલબત જો તારે અને મારે આવો નિકટનો સંબંધ ન થયો હોત તો અને તેમ છતાંય તારી લાગણી અત્યારે મારા પ્રતિ છે, તેના કરતાં સ્હેજ પણ ઓછી હોત તો હું ખાત્રી પૂર્વક કહું છું, કે મને આટલું બધું ન લાગી આવત. અમે મારવાડી લોકો એક સ્થળે કદિ પણ ન સડયા કરીએ. જોને તને ક્યાં ખબર નથી કે મારવાડમાંથી લંગોટીભર આવેલા મારવાડીઓ આંહીઆ આવ્યા પછી પૈસે ટકે કેવા તરઓળ થઇ જાય છે. જો કે હું કાંઇ દ્રવ્યનો ભુખ્યો નથી પરન્તુ આતો અમારા મારવાડીઓના સ્વભાવનું મેં વર્ણન કર્યું. આજકાલ કરતાં વીસ કરતાં પણ વધારે વર્ષ મારા પિતાને ગુજરી ગયે થયાં છે, અને ત્યાર બાદ દૈવ ઇચ્છાએ મારી સ્થિતિ નરમ થતી ગઇ; એટલુંજ નહીં પણ તેથી મારે વિદ્યા સેવનનો પણ ત્યાગ કરવો પડયો. કમાવાને લાયક થયો પણ કમાઓ નહીં મારા કરતાં પણ ગરીબ સ્થિતિનો જગમાલ અત્યારે એ પૈસે સુખી છે. જ્યારે મેંતો મારી યૌવનાવસ્થા નિર્ધનતામાં જ

પસાર કરી. માટે તો હજી હું ચિંતાતુર છુંજ, તેમાં તું આમ ના કહી મારા અંતઃકરણને વધારે દુભવે છે; તેનો આઘાત મને કેટલો લાગતો હશે તેનો તું ખ્યાલ કર.' દામોદરે કહ્યું.

'તમે જ્યારે જ્યારે મને કહ્યું છે, ત્યારે મેં તમને દ્રવ્ય આપ વામાં ક્યાં બાકી રાખ્યું છે, અને હજી પણ મારી પાસે જે કંઇ હશે એ આપવામાં હું પાછી પાની નહીં કરૂં. બાકી તો તમે દુકાનનો કારભાર કરો છો અને શેઠની કૃપાનું ફળ મેળવો તો ક્યાં મારી ના છે. પણ હવે અત્યારે આગલી પાછલી સંભારવાથી શું લાભ? ઇશ્વરે-ચ્છા તો તમે ધનની ચિંતામાંથી સત્વર મુક્ત થશો.' રસિકાએ કહ્યું.

'ધનની ચિંતામાંથી અને આ પરાધીનતા બન્નેમાંથી.' દામો-દરે કહ્યું.

'જુઓ આટલી વાત કરવામાં તો તમારા કપાળે પરસેવો ચડી ચાલ્યો લાવો હું લુછી નાખું' એમ કહી રસિકાએ હાથમાં રાખવાના રેશમી રૂમાલવડે દામોદરનું કપાળ લુછ્યું. દામોદર હસ્યો.

'તમારા માટે તો હું ન કહી શકું પરન્તુ મારા માટે તો હું ખાત્રી પૂર્વક કહુ છું કે તમારૂં આ હાસ્ય મારા શરીરમાં કંઇ કંઇ કરી નાખે છે.' રસિકાએ કહ્યું.

'એમ કે?' એમ કહેતાં દામોદર હસી પડ્યો.

'આહ! કેવું મધુર હાસ્ય!' રસિકા બોલી.

, રસિકા! મારા હાસ્યમાં પણ તને આટલો બધો મોહ?' રસિકાના મોહમાં તણાતો દામોદર પ્રસ્તુત વિષયને ભૂલ્યો.

'એમ છે ત્યારેજ આ જીવન મેં આપને અર્પિત કર્યું છે નહીં તો શેઠ ક્યાં સૌંદર્યે ઉણા છે?' રસિકાએ કહ્યું.

'પરન્તુ રસિકા! એ જીવનમાં હજી કંટક છે' દામોદરને સ્મ-રણ થયું.

'કંટક નહીં પણ સાહાય્ય છે; એમ સમજો. તે હોય એમાંજ આપણને લાભ છે, એ મારૂં કહેવું શામાટે ભૂલી જાઓ છો? વળી તેના અસ્તિત્વનો એ કરતાં પણ મહત્વનો લાભ તો એ છે કે મારા સૌભાગ્યનું નિમિત્ત કારણ પણ એ છે. તેજ ગર્ભિત કારણથી આપણો વ્યવહાર આમ રસભર ચાલ્યો જાય છે' રસિકાએ કહ્યું.

'હા. આ રીતે વ્યવહાર નિભાવવામાં પણ એક તરેહનો આ-

નન્દ છે, પરન્તુ તને નથી લાગતું કે એ આનન્દ લુખ્ખો છે. જોને, પ્રસંગે પ્રસંગે આપણે નવલ કિશોરથી કેટલાં ડરીએ છીએ? વળી તું શામાટે આટલી ભીરૂ બને છે, હવે તો નવલ કિશોર લગભગ સ્પષ્ટ જાણે છે, કે તું તેની નથી પણ મારી છે. મારા ઉપર તે આજકાલ કરતાં બહુ દિવસથી કરડી નજરે જુએ છે. પણ પોતાની આંખ હાથે કરી કોણ ઉઘાડે? માટે રસિકા! કાંતો આજથી તું મારો ત્યાગ કર કે કાંતો મને સદૈવને માટે તારા રસ સુખનો ભોગી બનાવ.' દામોદરે કહ્યું.

' તમને ખબર છે? કોઇ પણ કાર્ય પાર પાડવું એ સહેલ છે પરન્તુ તે કાર્ય પાર પડે એટલા માટે જે જે સાધનો તૈયાર કરવાં પડે છે, તેમાંજ મનુષ્યની ખરી કસોટી છે. તેજ પ્રમાણે તેમનો ઘાત કરવામાં અને તમને સ્નેહદાન આપવામાં મુસ્કેલી છે માટે ચાલે છે તેમનું તેમ ચાલવા દેવું તેમાંજ શ્રેય છે.' રસિકાએ કહ્યું!

' નકારનો હકાર નજ કરવો એવો તારો નિશ્ચય લાગે છે; પણ જોજે રસિકા! મારાં વચનો તને ભવિષ્યમાં યાદ આવશે તને એટલી તો ખબર છે કે જ્યાં સુધી અંગમાંથી વ્યાધિ નષ્ટ ન થાય ત્યાં સુધી મનુષ્ય અરોગ ગણાતો નથી. અર્થાત્ નવલકિશોર આપણા સ્નેહ અંગમાં વ્યાધિરૂપ છે તે વ્યાધિનો નાશ કર્યાં શિવાય આપણે સુખરૂપ નહીં રહી શકીએ ચાલ, હવે તો હું એટલી હદ સુધી પણ જઇને કહું છું કે ભલે, નવલકિશોરની મીલકતમાંથી મારે તારા સિવાય બીજું કાંઇજ ન જોઇએ. માટે જો તું તેનો ઘાત ન કરી શકય તો કાલ સહવારમાં લઇ લે તારા દરદાગીના ને ચાલ્ય મારી સાથે.' દામોદર બોલ્યો.

' આવું સુખ અને પૈસાની રેલંછેલ છોડી આપણે શામાટે દુઃખી થવા બહાર જવું જોઇએ? તમને ખબર છે? એવા ઉછાંછળાપણામાં કેટલાં જોડાં સુખી થયાં છે?' રસિકાએ કહ્યું.

' મારા કરતાં પણ તું દ્રવ્યની કીમત વધારે ગણે છે કેમ?' દામોદરે કહ્યું.

' ના એમ નહીં પણ એમ તો માનું છું કે વસુ વિના નર પશુ.' રસિકાએ કહ્યું.

' ત્યારે તો તું પૈસાને ખાતર શું ન કર!' દામોદરે કહ્યું

' દ્રવ્યમાં હિત ન માને એવું આ જગતમાં કોણ મૂર્ખ છે?' રસિકા બોલી.

' રસિકા ! ત્યારે તો તું દ્રવ્યની ખાતર મારો પણ ત્યાગ કરતાં કેટલી વાર લગાડે ? ' દામોદર બોલ્યો.

' હા, તેટલા માટેજ હું તેનો ઘાત કરવાનો હવે ઇન્કાર કરૂં છું. પ્રથમ તો જે મૂર્ખાઇ થઇ ગઈ તે થઇ ગઇ. ' રસિકાનું અંતઃકરણ બોલવા લાગ્યું.

' મારી કીમત તો ત્યારે કોડીનીજને ? ' દામોદરે પૂછ્યુ.

' એ તો અરસ્પરસ છે. ' રસિકાએ કહ્યું.

' કેમ મને પણ તું તારા જેવોજ કલ્પે છે ? ' દામોદર ભ્રકુટી ચડાવી બોલ્યો.

' તેમ નહીં પણ '—રસિકાને બોલતાં અટકાવી દામોદર બોલ્યો ' પણ શું ? મારે ખાતર તું આમ તારા પતિનો ઘાત કરવા તૈયાર થઇ હતી તો બીજાને ખાતર મારો પણ કેમ ઘાત ન કરે ? સારૂં થયું કે વાત વાતમાંજ શિખામણ મળી ગઇ. '

" ત્યારે ચપલાને ખાતર તમે મને રમતડી રમાડતા નથી કે ? તેનો ઘાત કરાવી ત્યાર બાદ મને રવડાવી મારી તમારા બન્નેનો જંહાગીરશાહ થવાનો શું ઇરાદો નથી ? ' રસિકાએ પણ સ્પષ્ટ સંભળાવી દીધું.

' વારૂ, ત્યારે આજથી તું મારી નહી અને હું તારો નહીં ' દામોદર બોલ્યો.

' અરે ! વાત વાતમાં એમ શુ ચડભડી ઉઠોછો. પરસ્પર કેલીમાં તો ઠઠ્ઠા મશ્કરી પણ થાય હું તો સ્હેજ તમારૂં હૃદય ઉકેલતી હતી. ' રસિકા બોલી.

' હું પણ ઠઠ્ઠાજ સમજતો હતો. એમાં તને ખોટું લાગ્યું તો ક્ષમા કરજે. ' શઠ પ્રતિ શઠ બોલ્યો.

' ત્યારે જવા દો એવી મિથ્થાકુટ અને ચાલો પાછલા ખંડમાં સ્હેજ આરામ લઇએ પ્રિય ! તમને મારા સમ છે, જો આગલી પાછલી વાત ન ભુલી જાઓ તો. ' રસિકા પ્રેમ વર્ષણ કરતી બોલી.

એવા સમ દઇશ નહીં ચાલ્ય ત્યારે. '

બન્ને ગયાં. બેઠાં થોડીવાર, પછી રસિકા બોલી.

' કેમ હવે અત્યારે શું વિચાર કરો .છો ? મારા સમનો પણ કાંઇજ હિસાબ નહી કે ? '

' ના ના, વિચારતો કંઇ નથી કરતો '

' આજ તો ત્યારે મહાસંયમી લાગો છો એ શું ? '

' રસિકા ? ખરેખરૂં કહું. '

'હા કહો ત્વરાથી નહી તો સ્ત્રીઓની મલિન વાસના અમર્યાદ હોય છે, એ તમને સ્મરણમાં હશે ' રસિકાએ કહ્યું.

'રસિકા! કોણ જાણે શું છે, કે આજ મારૂં અંતઃકરણ આવા રસરાગની જમાવટ છતાં પણ કંઇક ગુંચાય છે. કોણ જાણે શા કારણથી તારા આ અનુપ સૌંદર્ય પ્રતિ જોતાં મને ખેદ થાય છે. હું નથી સમજી શકતો કે મારા જેવો મસ્ત ભોગી શા માટે આમ મુંઝાય છે. ઇંદ્રિયો શિથિલ થઇ ગઇ છે. ચિત્ત ભ્રમિત થયું છે. શરીર સત્વ-હીન લાગે છે, અને વાણીમાં અસંબદ્ધ મંદતાએ પ્રવેશ કર્યો છે.' દામોદર બોલ્યો.

'આતો બધાંય વૈરાગ્યનાં ચિન્હ.'

'તો તે હશે'

'ખરૂં છે, આમ ઘણી વખત ઘણાને સ્મશાન વૈરાગ્ય થઇ આવે છે. તેજ પ્રમાણે તમને થયું છે. જો આપણે વચમાં પરસ્પર ચડ-ભડયાં ન હોત તો આ પરિણામ ન આવત." રસિકાએ કહ્યું.

'રસિકા! કહે જોઇએ આ આપણે શું કરીએ છીએ?' દામોદરે પૂછ્યુ.

'હવે જવાદો એ બધા મોટી મોટી તમારી બ્રાહ્મણીઆ કુથલી?'

'અત્યારે તો એ બ્રાહ્મણીઆ વાતો મહત્વની છે.'

'એમાં મહત્વ શું છે? જાઓ જાઓ; આ ડહાપણ ક્યાંથી શિખ્યા.' એમ કહી રસિકાએ દામોદર સહ ઓષ્ટ કપોલ કેલી કરી.

'રસિકા! આજ તો તું મને સ્પર્શ પણ ન કરીશ.'

'કેમ?'

'એમ?'

રસિકા વસ્તુ સ્થિતિ સમજી ગઇ. તે બોલી.

'કબૂલ પણ કોઇ દિવસ નહીંને આજ આટલુ બધું શું?

'સંસ્કાર બલ.'

'અરે! આ પાંડિત્ય ક્યાંથી?'

'દૈવવશાત્.'

'એકાએક?'

'સંયોગ યોગ છે ને?' વિચાર માલામાં ત્રુટી ન આવે એટલા માટે દામોદરે ટૂંકમાંજ ઉત્તર આપ્યો.

'પણ આવા પ્રકારનો?'

'તેથીજ પાપકર્મમાંથી મુક્તિ છે.'

'કયું પાપકર્મ;'

'આ,'

'આને પાપકર્મ કહેનાર કોણ છે?'

'હું.'

'કેમ?'

'મને લાગે છે માટે.'

'પણ મને નથી લાગતું.'

'ભલે.'

'પણ કાંઇ કારણ, કે બસ એમજ.' રસિકા બોલી.

'મનની માન્યતા એ.'

'મનુષ્યના અંતઃકરણની માન્યતા બહુ વખત અસત્ય હોય છતાંય તેને સત્ય જેવી લાગે છે.'

'લાગે.'

'તો પછી તેનો શા માટે ત્યાગ ન કરવો?'

'કરવો.'

'તો પછી તમે શા માટે તમારી માન્યતાનો ત્યાગ કરતા નથી. અને આમ જડવત્ બની જાઓ છો આજ કંઇ નીશો કર્યો છે, કે શું?'

'ના.'

'ત્યારે ઉત્તર કેમ નથી આપતા?'

'આપું છું ને?'

'આ કાંઇ ઉત્તર કહેવાય? મૂર્ખની માફક હા અને ના કહી વગર સમજ્યે ભરડી મારવું તે. મગજ તો ઠેકાણે છે ને?' રસિકા બોલી.

'હા.'

'અરે! તમને તે કાંઇ ભાન છે કે નહીં? પૂછી પૂછીને થાકી પણ હા, ના, સિવાય ઉત્તરજ નહીં. આ શું?" રોષાન્વિત રસિકા બોલી.

આમાં પાપ શું?"

'પાપ કેમ નહિં. જે વાસનાનો ઉપભોગ કરવા અર્થે મનુષ્યનો ઘાત કરવો પડે, જેને અર્થે અંતઃકરણને સદૈવ ભય ગ્રસ્ત રહેવું પડે,

જે માટે સમય અને સ્થિતિનું ભાન ન રહે અને જે વાસનાની તૃપ્તિ અર્થે અધમમાં અધમ કાર્યને પણ પવિત્ર માનવામાં આવે એ પાપ નહીં તો બીજું શું? પાપને કાંઇ હાથ પગ નથી હોતા કે હથેળીમાં લઇ બતાવાય?" દામોદર બોલ્યો.

'ખરૂં. પણ આ ડહાપણ અત્યાર સુધી ક્યાં ગયું હતું.?' રસિકાએ પૂછ્યું.

'રસિકા! પ્રસંગો એ મનુષ્યના શિક્ષાગુરૂ. જેમ જેમ પ્રસંગો આવે છે તેમ તેમ મનુષ્ય ઘડાઇ ઘડાઇને રીઢો થાય છે.' દામોદરે કહ્યું.

'પણ ક્ષણવારમાં પ્રસંગોએ તમને શિખવ્યું પણ શું?'

'મનુષ્યમાં મનુષ્યત્વ આવે છે. એ એક એવી ક્ષણમાંજ આવે છે.' દામોદર બોલ્યો.

'ત્યારે શું આપણા સ્નેહ કાર્યને તમે નિંદ્ય ગણો છો?' રસિકાએ પૂછ્યું.

'હા.'

'શા સારૂ?'

'તે નિંદ્ય છે માટે.'

'એ કાંઇ ઉત્તર ન કહેવાય.'

'જાણ્યું, જોયું, અનુભવ્યું અને સમજાયુ. અને હવે ત્યાગ્યું પણ ખરૂં. મને ખાત્રી છે, કે તું મને પાપનુ પુછીશ. તે પહેલાંજ હું તને કહી દઉં છું, કે આજથી તારી દૃષ્ટિમાં જે પુણ્ય ભાસે છે, તે મારી દૃષ્ટિમાં પાપ ભાસે છે. અલબત્ત મારી પાપની માન્યતાને અસત્ય ઠરાવવા માટે તારી પાસે ઘણાય વજુદવાળા પૂરાવા છે. તું મારાં પૂર્વ કૃત્યો મને યાદ આપીશ; મેંજ તને તારા સ્વામીથી વિમુખ બનાવવામાં સાહાય્ય આપી છે એવું તું મને સ્મરણ કરાવીશ; તું મને વડની વાત યાદ દેવડાવીશ; વિષયવાસનાની પરિતૃપ્તિ અર્થે મેં કે તેં અહરનિશ પણ નથી જોઈ એમ તું મને કહીશ અને તે સંબંધે કેટલી ત્વરીત વૃત્તિ હતી તે તું મારી આગળ રજુ કરીશ, પણ રસિકા! હું આજથી તે સઘુ ભૂલી જાઉં છું. તું પણ ભૂલી જા. રસિકા! બહુ દિવસ રાગરમણ કર્યું. હવે જો તને મારામાં મોહ હોય તો ચાલ

કરીએ હવે પ્રભુ રમણુ અને આપણાં કૃત્યોની માગીએ નવલ કિશોર સમક્ષ ક્ષમા' દામોદરે કહ્યું.

'ક્ષમા એટલે તો તિરસ્કાર માગવો કેમને ?' રસિકાએ પૂછ્યું.

ના, ના, તેમ નહીં, મને ખાત્રી છે, કે તેની વૃત્તિ પણ ફેરવાઇ છે. તે પણ સમજ્યો છે કે, મારા જીવનમાં વિષ રેડનાર ચપલાજ છે, માટે ચાલ, ઇચ્છા હોય તો."

'બસ આમજ ત્યારે છેવટ,' રસિકાએ પૂછ્યુ.

'હા એમજ પ્રિય ભગિની રસિકા !'

'બન્ધુ !'

'ચાલ રસિકા ! પાપીઓનો પ્રભુએજ ઉદ્ધાર કર્યો.'

× × × ×

નવલકિશોર સમક્ષ દામોદર અને રસિકા પોતાનાં કૃત્યો કબુલ કરે છે. પાપ હૃદય, પાપ હૃદયને શું ઉપાલંભ આપે ? કોણ કોને કહે ? પરસ્પર ઉપાલંભ આપતાં હોય તેમ ત્રણે ઉભાં થયાં. મૌન વૃત્તિથીજ ક્ષમા અપાઇ. વિષરૂપ સંસારમાં અમૃત સિંચન થયુ અને મલિન વાસનાઓ ચાલતી થઇ.

એટલામાં પોસ્ટ મેને આવી પરબીડીયું નવલકિશોરના હાથમાં મૂક્યું. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

રા૦ રા૦ નવલકિશોર.

સેવામાં:—વિનંતિ કે આવતી વસંતપંચમીના રોજ પ્રાતઃકાલમાં આશ્રમ સ્થાપનની ક્રિયા હોવાથી તે પ્રસંગે આપ અવશ્ય પધારશો. શ્રી સાધ્વી મયૂરાદેવી પણ પધારશે.

લે૦ અધીન.

વકીલ રામના નમસ્કાર.

અષ્ટવિંશ પરિચ્છેદ.

ગુરુ શિષ્યા.

સન્મુખ, તેની પત્ની કમલા અને કંઇક ઠેકાણે આવેલો મન્સુખ દેવલગંજ ગયાં છે. ત્યાં જઇ તેમણે રામવકીલની સાહાય્ય અને વિચાર લઇ ભજગોવિંદભટ્ટની ઇચ્છાનુસાર આશ્રમ સ્થાપવાની જોઇતી તૈયારી કરી મૂકી છે. રામવકીલ જેવા વ્યવહારદક્ષ અને વિચારશીલ—મનુષ્યની પ્રેરણા, સન્મુખ અને ચિરંજીવનો અવિરત ઉત્સાહ, કમલા અને મનોરમાની આ સારૂં અને આ ઠીક, આ મયુરા દેવીને ગમશે અને આ નહીં ગમે એમ કહી સઘળું સારૂંજ કરવાની ઇચ્છાશક્તિ અને મન્સુખરાય આંટા ફેરા તથા ગામના લોકોનું વેઠ વૈતરૂં આ સઘળું સાથે મળવાથી ભજગોવિંદાશ્રમ ધર્મદેવી કન્યાશાળા સ્તુતિમંદીર અને મયુરા વનિતાશ્રમનાં મકાન લગભગ તૈયાર થવા આવ્યાં. આ સંબન્ધીજ વાતચીત કરતાં અને આ શુભ સમયની રાહ જોતાં ગુરૂ શિષ્યા એક વખત બેઠાં બેઠાં ધર્મ ચર્ચા કરે છે એવામાં મયુરાની નજર આકાશ સામી ગઇ. તે એકીટસે આકાશ સામુ જોઇ રહી. તેનું શરીર સ્તબ્ધ થયું અને અંત;કરણ મહા મંથન કરતું હોય અને તેની અસર નાડીઓ ઉપર થતી હોય તેવી રીતે નાડીઓમાં જોરથી રક્ત વહેવા લાગ્યુ. મંગલગિરિ મયૂરાની સ્થિતિ કળી ગયા. તેમણે મોટેથી કહ્યું.

શિષ્યા ! કર્તવ્યની પરાકાષ્ટાએ પહોંચ્યા સિવાય જીવનની અંતિમ સ્થિતિ સમજી શકાતી નથી, છતાંય કદાચ જ્ઞાનાભાસથી કે જ્ઞાન મોહથી સમજાય તો, તો તે સિદ્ધિનું ફલ છે. અર્થાત્ એ ફલને ખરા યોગમાર્ગીઓ નથી ઇચ્છતા. એવા ઐહિક સુખને અર્થે તેઓ આટલું બધું કાંઇ સહન નથી કરતા માટે વિચાર કરીને જો આકાશ સામું."

"હેં" મયૂરા બોલી.

"હા. જોજે લોભાઇશ નહીં. મુઝાયા વગર કર્ત્તવ્યની પૂર્ણાહુતી કર. નિશ્ચયમાં દૃઢ રહે, પણ કર્ત્તવ્યમાં અપ્રવૃત્ત ન રહે. હજીતુ જગત્માં છે એ ન ભૂલી જા. આપણો પરાપૂર્વનો સંપ્રદાય પણ તેવોજ છે. જ્યાં સુધી આ જગત્ની પ્રાકૃતિક ભાવનાઓ આપણને વિટળાયલી છે, જ્યાં સુધી પ્રકૃતિના વિકારને આપણે જોઇએ છીએ,

જ્યાં સુધી કાર્ય કારણની ભાવનાઓનો આપણને સંન્નિકર્ષ છે, જ્યાં સુધી આ સંયમ છે, આ પ્રજ્ઞા છે, અશ્રેય છે, આ આશ્રેય આ ગુણુ ધર્મ છે અને આ, આ નહીં, પણ આ છે, એમ સમજીએ છીએ ત્યાં સુધી ખાત્રીથી સમજજે કે જ્ઞાન છે પણ તે કર્ત્તવ્યના મોહવાળું છે. આવી સ્થિતિમાં તું શું કરે છે એનું ભાન ભૂલી જાય છે, એ જોઇ મને આશ્ચર્ય થાય છે." મંગલગિરિ બોલ્યા.

'હજી પણ હું અપૂર્ણ છું.'

'હા.'

'કેમ'

'આ તું પૂછે છે એજ તારી અપૂર્ણતા દર્શાવે છે.' મંગલગિરિએ કહ્યું.

'જગતના કર્મક્ષેત્રમાં ત્યારે મારે માટે શું અવશેષ છે?' મયૂરાએ પૂછ્યું.

'બહુ નવાઇ! એટલું પણ તને જ્ઞાન નથી.' ખરૂં કહું તો તેં કર્યું છેજ શું? આશ્રમની વ્યવસ્થા થશે તેમાં તો તું માત્ર નિમિત્તજ છું. બાકી તેં જગત્ માટે શું કર્યું છે?" મંગલગિરિએ કહ્યું.

'ત્યારે કરવું શું?'

'જગત્નાં માનવીઓ તારૂં દૃષ્ટાંત લે એવી થા. જોને વિદેહી જનકને હજી પણ માનવીઓ શા સારૂ સંભારે છે? રામ કૃષ્ણને કેમ જપે છે? ભગવાન્ બુદ્ધનું સ્મરણ કેમ વારંવાર કરે છે? એ બધું સંભારી જો, એટલે તને લાગશે કે કર્મક્ષેત્રમાં મારી આટલી અપૂર્ણતા છે. આ સંબંધે વિચાર કરી જો અને પછી સુઝે તે કર્ય. હવે તું તારો માર્ગ જોઇ શકે એવી દશામાં છું એટલે આજથી હું તારા ઉપરથી ગુરૂ તરીકેની મારી સત્તા ઉઠાવી કર્મયોગીની માફક સહચારી ગણીશ. ખોટું ન લગાડીશ. હું કરૂં છું તે સારૂંજ કરૂં છું.' મંગલગિરિએ કહ્યું.

'વારંવાર જ્ઞાન માર્ગને શ્રેષ્ઠ ગણનાર કેમ કર્મ માર્ગને પ્રશસ્ય ગણે છે એજ મને નથી સમજાતું.' મયૂરા બોલી.

'હજી તું કર્મમાર્ગની પરાકાષ્ઠાએ પહોંચી નથી તેટલા માટે.' મંગલગિરિએ કહ્યું.

'કર્મયોગી પણ હજી કર્મ યજ્ઞને પૂરો નથી કરી શક્યા ?' મયૂરાએ પૂછ્યું.

'તેણે તો કર્મ વ્રત લીધું છે. જગતનાં માનવીઓને તેમના કર્મમાં પ્રવૃત્ત કરવાં, તેમનું શ્રેય દર્શાવવું, તેમની ગાંઠો ઉકેલવી, તેમને કલ્યાણના માર્ગે દોરવાં, તેમને પરસ્પર કલ્યાણ કરતાં શીખવવું, સર્વ પોતપોતાના ધર્મને અનુસરે એવી શિક્ષા આપવી અને જગતમાં ઉદ્ધારક કર્મનું શાસન સ્થાપવું એ એનો હેતુ છે. ટુંકામાં તે તો જીવે છેજ જગતને અર્થે.' મંગલગિરિએ કહ્યું.

'ત્યારે કર્મયજ્ઞ પૂરો ક્યારે ગણાય ?' મયૂરાએ પૂછ્યુ.

'કર્મયજ્ઞ પૂરો થયા પછી પણ તેમાં પ્રવૃત્ત રહી શકાય; પરન્તુ તેમ થવાને પણ તારે તો બહુ વિલંબ છે.' મંગલગિરિ બોલ્યા.

'શું કહો છો.'

'હા, સત્ય છે. પરંતુ જ્યારે કર્મયજ્ઞ તેની સંપૂર્ણ અવસ્થાએ પહોંચશે ત્યારે તું આપોઆપ બ્રહ્મસંજ્ઞારૂપ થઇશ; કે જે માટે તું બહુ આતુર છે,' મંગલગિરિએ કહ્યું.

'આતુરતા તો બહુ છે.'

'હોયજ. ત્યાં સુધી કર્મયજ્ઞમાં હજી ઘણી ઐહિક આહુતિઓ તારે આપવાની છે.'

'એ અનુપ અવસર ક્યારે આવે ?' મયૂરા બોલી.

'આપો આપ આવશે.'

'પ્રભુની કૃપા.'

'અસ્તુ. ચાલો હવે કાલ પંચમી છે, એટલે પ્રાતઃકાલમાં દેવલગંજ જવું પડશે.' મંગલગિરિએ કહ્યું.

'કર્મયોગી પણ પધારશેને ?'

'હા તેજ આવશે.'

'આપ ?'

'તું અને તે બંન્ને મારાં મૂર્તસ્વરૂપ જાઓ છો પછી હુંજ છું ને ?' મંગલગિરિએ કહ્યું.

નવવિંશ પરિચ્છેદ.

સમારંભ.

વસંતપંચમની સ્હવારમાં દેવલગંજના વતની આનંદભેર આમથી તેમ ફરે છે. અજ્ઞાન સ્રીવર્ગમાં ખારેકની લ્હાણીની, છોકરાંઓમાં પતાસાંની, પુરૂષવર્ગમાં ઉઘરાણું થશે તો શરમે શરમે આંકડો પાડવો પડશે, તેની; અને બીજા કેટલાકમાં દેવલગંજના ઉજ્જવલ ભવિષ્યની વાતો થાય છે. રબારીઓએ ગામમાંથી ધણ અને ખાડુ બહાર કાઢ્યાં, એટલે ગામની ધણી ખરી વસતી પરવારી ગઇ. અને સૌ આશ્રમના મંડપ તરફ વળ્યાં. મંડપમાં ભભકા કરતાં સ્વચ્છતા અને ડોળ કરતાં આકર્ષકતા વિશેષ હતી. સુમારે આઠ થવા આવ્યા એટલામાં તો મંડપ ભરાઇ ગયો. મંડપની કનાતો ઉચી કરીને માંહી ડોકીયું કરવા લાગ્યા. " કઇ મયુરા ? કયા તેના ગુરૂ ? " ક્યાં હજી આવ્યાં છે " " હજી આવશે. " " સાંભળો તો ખરા. " " રામવકીલ કાંક કહે છે. " " કોણ એ આવ્યું ? " એતો પેલા સુરજવાળા નવલકિશોર શેઠ " " એ કયા નવલકિશોર ? " " કેમ પેલી રસિકા અને દામોદરની વાત નથી સાંભરતી ! " " એ રસિકાના પતિ. " " આપણા ગામની ચપલા એમની રખાત હતી તે નવલકિશોર. " " હવે ઓળખ્યા ? " " આ જુઓને પેલો ગાંડીઓ આમથી તેમ ફરે છે. " " પણ હવે તે ગાંડો નથી. " " આ સન્મુખતો જાણે ફરીજ ગયો ? " " કેમ ન ફરે ! બધાય દિવસ માણસ એક સરખા સ્વભાવનું તે રહેતું હશે ! એ તો ઘાએ ઘાએ ઘડાય ! " " ખરૂં છે. હવે તો સન્મુખ પ્રભુનું માણસ થયો છે, સ્હવારમાં ઉઠી મોઢું જોયું હોયતો પાતક ટળી જાય. " આવી આવી ધણી વાતો લોકોમાં થાય છે, એટલામાં રામવકીલ બોલ્યા " જુઓ કર્મયોગી અને મયુરાદેવી આવે છે. આવવાની જગા આપો. " માણસો ચપોચપ ઉભાં થયાં. ઉભય ધર્માત્મા આવી લાકડાની એક ઉંચી પાટ ઉપર બેઠા. શાન્તિ પસરી ગઇ. " સાંભળો " રામવકીલ બોલ્યા.

" જ્યાં વાએ વાત ઉડી જાય એવા આપણા દેવલગંજમાં આશ્રમની યોજના, તેના લાભ અને તેની કાર્યપદ્ધતિ ઉપર કહેવું એ ખરૂં કહુંતો નવું છેજ નહીં. આ સંબંધે તો સર્વ નાનાં મોટાં કયારનાંય જાણી ચૂકયાં છે, એટલુંજ નહી પણ અત્યાર પહેલાં આશ્રમમાં રહી અભ્યાસ જિવન ગાળવા માટે અને ત્યારબાદ સમાજ સેવાનું વ્રત લેવા માટે આંહીંથી તેમજ બહારથી ઘણાં કહેણ આવ્યાં છે. એટલે ખરી રીતે કહુંતો આજથીજ નહીં પણ ઘણા સમય પહેલાંથીજ આશ્રમની કાર્યવાહી શરૂ થઇ ગઇ છે. તમે સૌએ સારી પેઠે જાણો છો, કે ભજગોવિંદ ભટ્ટના સંચયનું, તેમની ઉદારતાનું અને તે સાથે મથુરાદેવીની ત્યાગ ભાવનાનું આ પરિણામ છે. તેમને તેનું કર્તવ્ય પૂર્ણ કર્યું છે; અને તે કર્તવ્યનો સન્માર્ગે ઉપયોગ કરી તેમાંથી સદ્ફલ પ્રાપ્ત કરવાની આપણા શીરે જવાબદારી છે. આ આપણા શીરે આવી પડેલી જવાબદારી અથવા કર્તવ્યને આપણે યથાસ્થિત નહીં જાણીએ અને તેનો પ્રેમભાવપૂર્વક સ્વીકાર નહી કરીએ તો સત્યજ માનજો કે આપણે આપણા મનુષ્ય ધર્મનો તિરસ્કાર કરીએ છીએ. આપનારે આપ્યું છે અને ત્યાગ કરનારે ત્યાગ કર્યો છે. હવે તો ભોગવનારને ભોગવતાં આવડવું જોઇએ. જેવા વિશુદ્ધ અંતઃકરણથી દાન અને ત્યાગ થયાં છે એવાજ વિશુદ્ધ અંતઃકરણથી તેનો ઉપભોગ થવો જોઇએ. ઉપભોગ એ એવી વસ્તુ છે, કે તે મનુષ્યને જગતના પુણ્ય પ્રદેશ ઉપર પણ જેમ લઇ જાય છે તેમ પાપ પ્રદેશ ઉપર પણ લઇ જાય છે. સમજણ અને વિવેક પૂર્વક જો ઉપભોગનું સેવન કરવામાં આવે, તેના મોહમાં ન તણાવાય અને તેના સેવનમાં પરકલ્યાણ માર્ગની ભાવનાને સાથે લઇ વધવામાં આવે તો સ્વાભાવિકજ તે પુણ્ય પ્રદેશમાં લઇ મનુષ્ય જીવનને ઉન્નત બનાવે છે. એટલા માટેજ આવી સંસ્થાઓનો ઉપયોગ અને તેમા ઉપભોગ કરતાં આપણા અંતઃકરણને આપણે બહુ શ્રદ્ધાવાળું, સાવચેત અને દૃઢ રાખવાનું છે. નિયમ આપણેજ કરીએ છીએ એ વાત ખરી પરન્તુ નિયમ કર્યા પછી તો આપણે નિયમને વશ રહી વર્તવાનું છે. નિયમનો ભંગ કરવો, તેના પાલનમાં વિલંબ કરવો કે નિયમ પાલનમાં ન્યુનતા રાખવી એ ઉપભોગને અસદ્ભાવનામાં લઇ જનાર શત્રુ છે. આ સરસ્વતી મંદિર અને આ સેવામંદિરના આપણ સૌએ પૂજારીએ છીએ. વિચા-

રથી, વાણીથી, અને વર્તનથી આપણે મંદિરની પૂજા કરીશું તો સરસ્વતી દેવી અને સેવાદેવી આપણા ઉપર પ્રસન્ન થશે. વધારે ખૂબી તો એ છે, કે પત્ર કે પુષ્પ આપવાથી આ દેવીઓની પ્રસન્નતા નથી પણ વિદ્યા અને કર્તવ્યરૂપી પુષ્પો દેવીઓ પાસેથી લેવાથી તેમની પ્રસન્નતા રહે છે. મને આશા છે, કે તમે સૌ અને તમારાં પરિજનો આ ઉભયદેવીઓને પ્રસન્ન રાખવા બનતું કરશો.

ઘટતે સમયે ઘટતું થયું છે. વિદ્યા અને કર્તવ્યના જમાનામાં, તેવાંજ પ્રકારનું શિક્ષણ આપનારા આ નવા રાજ્યના વાતાવરણમાં અને એવા પ્રકારનાજ શિક્ષણથી વ્યક્તિ જીવનની તથા રાષ્ટ્ર જીવનની ઉન્નતિ છે એમ—સ્પષ્ટ મનાઈ ચુકેલ સમયમાં આવા આશ્રમોની આવશ્યકતા શું તમારી દૃષ્ટિ સમીપ નથી તરી આવતી? (કૃપા કરી તાળીઓના અવાજ ન કરો. શાન્ત હવામાં સઘળું શાન્તજ જોઇએ.) દેવલગંજ ગામડા જેવું ગણાય છે. સ્થૂલ દૃષ્ટિએ એ સત્ય છે, પરન્તુ દેવલગંજનું જીવન એવું નથી. દેવલગંજમાં વિકાસનાં અને ઉન્નતિનાં બીજ ક્યારનાંય રોપાઇ ચુક્યાં છે. દેવલગંજમાં પાત્રતા અને અભિલાષ બન્ને છે એટલે મને ખાત્રી છે, ક આ સંસ્થાઓ અવશ્યક આંહી વિજય પ્રાપ્ત કરી ઘણાકને ઘણું શિખવશે. સાંભળો લમાર એક ચિત્તે કર્મયોગી મહાત્મા આપણને ઉપદેશ સંભળાવે છે. મહાત્મા કર્મયોગીએ બોલવું શરૂ કર્યું.

જગતથી ન કંટાળશો.

ઘણા કહે છે, કે જગત્ અસાર છે, એમાં સર્વત્ર જંજાળ સિવાય બીજું શું છે? જ્યાં જુઓ તો મોહ અને મમતાજ નજરે પડે છે. આવા પ્રકારના વિચારો અને તે પણ જેને તમે તમારા માર્ગ દ્રષ્ટા માનો છો તેઓએ તમને વારંવાર પચાવ્યા છે. પણ બીજી બાજુ એથી ઉલટી છે કેટલાક જગતનેજ નમે છે અને કહે છે, કે તેમાં છે એવું બીજે ક્યાં છે? ખરેખર આમ કહેનારા પણ ખરાજ છે. અપેક્ષાએ સર્વ સત્ય છે. પરન્તુ તે અપેક્ષાની પરીક્ષા થવી જરૂરની છે. જો જગતનું સંપૂર્ણ અને બુદ્ધિ પૂર્વક પરીક્ષણ કરવામાં આવે તો જેઓને આ જગતમાં મલિન સત્વો, અસારતા, જંજાળ અને ક્ષણિકતા લાગે છે તે નિઃસશય નષ્ટ થાય. અગરજો આથી એમ કહેવાનું નથી કે બીજા પ્રકારનાં મનુષ્યો સત્ય છે. ખરૂં કહીએ તો તેઓ માને છે તે સત્ય છે તેઓ જાતે સત્ય નથી; કારણ કે અસ-

મજથી મનાયલી સત્ય માન્યતા એ સુક્ષ્મ દષ્ટિએ સત્ય માની શકાય નહીં. આવા પ્રકારની માન્યતાઓમાં માણસોને અસત્ય ગ્રહણ કરતાં પણ કંઇજ વિલંબ થતો નથી, અને એટલા માટેજ તેઓ પોતાની માન્યતામાં સત્ય નથી. '

મનુષ્ય જન્મે છે, તે જગતમાંજ ઉછરે છે, જગત્ પાસેથીજ શિક્ષણ મેળવે છે. અને જગતજ તેને વિચાર શક્તિ આપે છે જગત્નું આ કર્તવ્ય માત્ર મનુષ્ય પ્રત્યે જનથી પણ પ્રમાણમાં ભૂત માત્ર પ્રત્યે છે. જગત્ પાસેથી સૌ સૌની પાત્રતાના પ્રમાણમાં પ્રાપ્ત કરે છે. જગત્ પાસેથી પ્રાપ્ત કરવાની ક્રિયા સાથે મનુષ્યને જે અમુક પ્રકારની કેટલીક શક્તિઓ પ્રાપ્ત થતી જાય છે, તેનોજ પ્રસંગોપાત ઉપયોગ કર્યે જાય છે. આ પ્રમાણે જગત્ પાસેથી જેમ જેમ મનુષ્ય શક્તિ પ્રાપ્ત કરે છે, તેમ તેમ તે, તે તે શક્તિઓનો વ્યય–ઉપયોગ–કર્યે જાય છે. આ વ્યય જો પ્રમાણયુક્ત અને શાંત હોય તો તો પ્રશસ્ય છે, પરન્તુ ઘણીએ વખત એવું બને છે, કે જે શક્તિ કે બુદ્ધિના સાધન વડે જે કાર્ય સિદ્ધ થઇ શકે તેવું હોય તે શકિત કે બુદ્ધિ મનુષ્યે જગત્ પાસેથી મેળવેલી હોતી નથી. અર્થાત્ આવા સમયે મનુષ્ય પ્રયત્ન કરતાં છતાં હતાશ બની જાય છે. વારંવાર આમ હતાશ બનવાથી અને નિષ્ફળ નિવડવાથી તેને જગતમાં વિષ ભાસે છે, તેને અનેક તરેહના વહેમ ઉત્પન્ન થાય છે અને આખરે તે કહે છે કે આ સર્વ માયિક છે. મોહ છે મિથ્યા છે અને અસાર છે. પણ તમે સુક્ષ્મ રીતે વિચાર કરી જોશો તો આમ જગતથી કંટાળવું એ અલ્પજ્ઞતા છે. જેમ જેમ જગત્ પાસેથી મળતું જાય તેમ તેમ તેનો સદ્વ્યય કરો, મંદ મંદ પણ દઢતાથી આગળ વધો અને જગત્ના સ્વભાવિક નિયમોને દષ્ટિ બહાર ન રાખો તો અવસ્ય તમે જગતને કહેશો કે તેમાં કાંઇક નહીં પણ સઘળુંજ સત્ય છે. નિર્બળ ન થાઓ. અરે આમાં શું ! એમ ન કરો. તમે પોતે મનુષ્ય છો એ ન ભૂલી જાઓ અને જગતની શિક્ષા પ્રણાલિને યથાસ્થિત સમજો એટલે આપોઆપ જગત્ તમારી પાસે તેજોમય રૂપમાં આવી ખડું થશે. તમને નમસ્કાર કરશે. જગતનો શિક્ષણક્રમ દ્વિધા છે. એકતો સમજી શકો તેવું શિખવવું અને જે તે સાથેજ નહીં સમજી શકાય એવુંજ છે તે ન શિખવવું. એક વખત તો જગત્ તમને તેના પોતાને માટેજ તૈયાર

કરે છે. તેનામાં જે ગુહ્ય છે, જે જગતાતીત છે તેનાથી તે તમને અજ્ઞાત રાખે છે અને કહે છે કે મને સ્પષ્ટ રીતે સમજશો ત્યાર પછી મારૂં ગુહ્ય તમને આપોઆપ સમજાઈ જશે. આ સમજણમાં ભૂલાવો ખાવાથી ઘણાંક મનુષ્યો જગતથી કંટાળે છે, મુંઝાય છે અને આત્મ-નાશ પણ કરે છે. એટલાજ માટે જગતમાં રહી જગત્‌ને માટે કર્ત્તવ્ય કરો. જગત્‌ પાસેથી જેવી રીતે જે લ્યો છે તેવી રીતે તે તેને પાછું સોંપો અને તેમાંજ રત થાઓ. પછી જુઓ કે શું થાય છે. અંતે જગત્‌નું ગુહ્ય જાણુશો પણ તે સમયે તમે મૂઢ અને આવાક્‌ હશો.

જગત્‌ની શાળા.

આપણું કર્મક્ષેત્ર એ જગતની શાળા છે. અ.જથી નહીં પણ અનાદિ સમયથી જગત્‌ની શાળામાં પ્રધાન શિક્ષણ કર્મક્ષેત્રનું છે. જગતની પૂર્વની અને હાલની અવસ્થામાં અનેક સંતો અને વીરોના પવિત્ર આત્માઓએ કર્મક્ષેત્રમાં શિક્ષણ લીધેલું છે. એજ રીતનું કર્મ ક્ષેત્ર અદ્યાપિ સુધી ચાલ્યું આવે છે. તમારા સૌનાં અંતઃક[illegible] બહુએ વખત જ્ઞાનક્ષેત્ર અને ભક્તિક્ષેત્રના વ્યવસાયમાં મોહ પામે છે, પરન્તુ તમે સુક્ષ્મ રીતે વિચાર કરી જોશો તો સ્પષ્ટ પ્રતીત થશે કે એ પણ કર્મક્ષેત્રનાં પર્યાય માત્ર છે. જગત્‌ની શાળામાં જોઇ જોઇને જોશોતો એક પણ સ્થાન તમને એવું નહીં માલમ પડે કે જ્યાં કર્ત્તવ્યની આવશ્યકતા નહીં હોય! સમગ્ર જગત્‌ શું કામ કરે છે તે જુઓ ? અને જડ કે ચેતન પદાર્થો જીવન પર્યંત કયા પ્રકારની ગડમથલ કરે છે તે નિહાળો ? સર્વ કર્ત્તવ્યમાં વધવા માગેછે. સર્વને રૂપાન્તર કે નવીનતા જોઇએ છીએ. કોઇને પળ માત્ર પણ વિસામો જોઇતો નથી. સર્વ કર્ત્તવ્યનાં ભુખ્યાં છે. અને સર્વ સારી રીતે જાણે છે, કે કર્ત્ત-વ્યમાં શિથિલતા એટલેજ ભયંકર પાપ. આવાજ પ્રકારનું શિક્ષણ જ-ગત્‌ની શાળામાં સ્વભાવિક રીતેજ અપાય છે. કેટલાંક તે શિક્ષણને જોઇતો અને ફલદ ઉપયોગ કરે છે, જ્યારે કેટલાંક અણુછાજતો નિષ્ફલ ઉપયોગ કરે છે. અગરજો બન્ને પ્રકારનાં મનુષ્ય કર્ત્તવ્યમાં મસ્ત છે, પરન્તુ પહેલા પ્રકારનાં મનુષ્ય આગળ વધે છે જ્યારે બીજા પ્રકારનાં મનુષ્ય પાછાં હઠે છે. જગત્‌ની શાળામાં જગત્‌જ અધ્યાપક છે, તેજ શિક્ષણને વિષય છે અને તેજ શિક્ષણ લેનાર છે. એ જો સ્મરણમાં રાખશો અને ભૂલશો નહીં તો ઘણું ઘણું શિખશો. ઘણાંક માણસો જગતની બહાર ઉભાં રહે છે, તેને 'જટ' એમ કહે છે અને

પાછાં શિક્ષણુ મેળવવાનો અભિલાષ રાખે છે. અગર જો તેઓમાં ઉત્સાહ છે પણ તે ઉત્સાહ આવો સત્વહીન હોવાથી મહાયાસે પણ કંઇજ મેળવી શકતા નથી અને જગતથી કંટાળી આખરે દેહવિલય કરવાના દોષમાં આવી ઉભા રહે છે. આવાંજ મનુષ્યો એમ કહે છે, કે જગતજ પાપરૂપ અને ભ્રાંતિ ઉત્પાદક છે. પરન્તુ જે મનુષ્યો જગત્ પાસેથી શિક્ષણુ પ્રાપ્ત કરી ઉત્સાહભેર તેનુ નિદિધ્યાસન કરે છે તે મનુષ્યો ઉપરનાથી ઉલટી રીતે જગતને પુણ્ય પ્રદેશ માની પોતાનું જીવન સુખરૂપ ઉત્કૃષ્ટ બનાવે છે. વાસ્તવિકરીતે તો જગતનો હેતુ પણુ તેજ છે.

જગત્ તમને કહે છે, કે મારા પ્રતિ તમને ઘૃણા ઉત્પન્ન થાય તેવું મારામાં કંઇ છેજ નહીં. મારા શિક્ષણુથી તમે છો તે કરતાં વધારે સારામાં સારા થઇ તમે તમારૂં જીવન આદર્શ બનાવી શકશો. સત્ય છે. આ સત્ય જો સંપૂર્ણ સમજવામાં આવે અને કર્તવ્યમાં આડે આવતી કાયરતા અને ભીરુતાની સામે થઇ કાર્યસાધક થવાય તો વ્યક્તિ માત્ર પળે પળે પુણ્ય સંચય કરી શકે એ નિર્વિવાદ છે.

કર્ત્તવ્યના માર્ગો.

આ પાપ છે કે પુણ્ય, આ નીતિ કહેવાય કે અનીતિ, આ ધર્મ કે અધર્મ અને આ સારૂ કે ખોટું એ વિચાર જો કે જરૂરનો છે પરન્તુ ઘણીએ વાર આવા વિચાર મનુષ્યની ઢચુપચુ વૃતિ બનાવી દે છે. આજ પ્રકારના વિચારોમાં જીવન ગાળનારા તમારામાં ઘણા છે. બહુ તર્ક વિતર્કની સાથે આવા વિચારોમાં તમારી સ્વાર્થ ભાવના સંડોવાયલી હોય છે એટલે છેવટનુ પરિણામ એ આવે છે, કે જે પાપ, અનીતિ, અધર્મ અને ખોટું હોય છે તેને પણ તમે તેથી ઉલટી રીતે એટલે સત્યરૂપે જુઓ છો; એટલુજ નહીં પણુ તેમાંજ તમારો કલ્યાણુનો માર્ગ છે એમ સ્પષ્ટ રીતે તમે બીજાને પણુ ઉપદેશો છો. બેશક વિવેક શક્તિ કે તુલનાત્મક ભાવનાની વ્યક્તિ માત્રને જરૂર છે, તે જો ન હોય તો જગત્માં અનાચારનું શાસન પ્રવૃત્ત થાય, પરન્તુ જેમ જેમ તેનું આયુષ્ય વધારવામાં આવે છે અને જેમ જેમ પૂર્વાપર પ્રસંગોથી તેને કસવામાં આવે છે તેમ તેમ તેમાં સ્વાર્થ ભાવનાનો પ્રવેશ થતો જાય છે. આટલામાટેજ તેની કોઇપણુ જાતની હદ જોઇએ. તેના પ્રથમ દર્શને તેમાં જે સદ્વિચાર અને જે સત્ય જણાય તેજ તેનું નિશ્ચિત પરિણામ છે, એમ નિર્ધાર સમજવું જોઇએ.

વ્યાવહારિક જીવન ગાળનારાને માટે આ સૂત્ર બહુ અગત્યનું છે. અગર જો સ્થુલ વિચાર માત્રથી આ સહજ સમજી શકાય તેમ નથી, પરન્તુ તમે સ્વાર્થ ભાવનાને કોરાણે મૂકી, અને તમે જગત્માં તમારે માટે નહીં પણ જગતને માટે જીવો છો એમ સમજી વિચારી જોશો તો આ સત્વર સમજાશે. તુલનાશક્તિનું દિર્ઘાયુઃ એ અનિષ્ટતામાં પ્રવેશ કરાવનાર છે. આ સત્ય તમે પૂરેપૂરી રીતે સમજી શકતા નથી એથી કોઇ પણ કર્તવ્યમાં આગળ વધવાને બદલે તમે પાછા હઠો છો. ખરેખરી રીતે તો એમજ હોવું જોઇએ, કે તુલના શક્તિના ઉદ્ભવ સાથે જે સત્ય ભાવનાનું તમને પ્રથમ દર્શન થાય તેને સત્વર અમલમાં મૂકો. અર્થાત્ એ ભાવનાને વારંવાર તુલના શક્તિથી ટીપટીપ ન કરો અને જો ટીપટીપ કરો તો તેમાં સ્વાર્થ ભાવનાને સ્પર્શ ન કરવા દો, એટલે બસ. પરન્તુ આ તમારાથી નહીં થઈ શકતું હોવાથી તમે વારંવાર એમજ કહો છો, કે સેવા કરીએ પણ અનારી પાસે સેવા કિંવા કર્તવ્યના માર્ગોજ કયાં છે ? કરી કરીને અમે શું કરીએ ? જગત્માં સ્વાભાવિકજ સઘળું થતું આવે છે. જમાનો જમાનાનું કામ કર્યેજ જાય છે. વાત ખરી. પરન્તુ આ સઘળું જે થાય છે તેનો કોણ ઉત્પાદક છે. ખરૂં પૂછાવો તો જમાનાને અને જમાનાની કૃતિને મનુષ્યજ ઉત્પન્ન કરે છે. જમાનામાં આત્મબળ નથી પરન્તુ મનુષ્યમાં આત્મબળ છે. તમને શંકા થશે અને કહેશો, કે મનુષ્ય કરતાં પણ દૈવી શક્તિ પ્રબળ છે અને તેજ જમાનાનું ચક્ર ચલાવે છે. તમારૂં આ કથનજ સ્પષ્ટ સૂચવે છે, કે હજી તમે મનુષ્ય કર્તવ્યની દિશાજ નથી જોઇ. ખાત્રીથી સ્મરણમાં રાખો કે મનુષ્યમાંથીજ દેવો થયા છે. અસાધારણ શક્તિવાળા મનુષ્યોનેજ અત્યારે તમે દેવ તરીકે પૂજો છો. તમારામાં પણ જેઓ ધારે તે દેવ થઇ શકે. નિરાશ ન થાઓ, અને તુલના શક્તિમાંથી સ્વાર્થને દૂર કરો એટલે કર્મક્ષેત્રની અગણિત વીથીઓ તમારી નજર સમક્ષ ખડી થશે. આમ થશે એટલે તમે તમારા માર્ગમાં જેને આડખીલ માનતા હશો તે પણ સહાયરૂપ થશે, અને તમે તમારા માર્ગને સરળ બનાવી શકશો. ભ્રાતૃભાવના, વિદ્યા વૃદ્ધિના, એકદીલથી ધર્મસેવાના, ભૂત કલ્યાણના, ગુરૂજન સેવાના, રાષ્ટ્ર સેવાના અને રાજ્ય સેવાના અનેક માર્ગો તમારે માટે ખુલ્લા છે; એટલુંજ નહીં પણ તમે તેને બરાબર ઓળખી પણ શકો છો એટલા માટે એ સંબંધમાં હું કાંઇ તમને વધારે કહેતો નથી. માત્ર એટલુંજ

કે તમે જે કાંઇ કરો છો, એ બીજાને માટે કરો છો, તમે બીજાનેજ માટે જીવન ગાળો છો અને તમે કર્ત્તવ્યનાજ શિષ્ય છો એમ સમજી દેવરૂપ થાઓ અને જગતમાં પૂજાઓ. વળી તમે ધારો છો એટલા કર્ત્તવ્યના માર્ગો સહેલા નથી. તેમાં અનેક સ્થળે અનેક વાર કાંટાઓ ભોંકાય છે, અનેકશઃ અનિવાર્ય કસોટી ઉપર કસાવું પડે છે અને કષ્ટનાજ સાગરમાં ઘુમરડી લેવી પડે છે; તોપણ તે સર્વ તમારેજ માટે છે. કાંટાઓ અને દુઃખ તમે વટાવી જશો એટલે લોકો તમારૂં આંગણું પૂછતા આવશે અને તમે ખૂણામાં પડયા હશો તોપણ તમને શોધી કહાડી નમસ્કાર કરશે.

શત્રુઓને હઠાવો.

તુલના શક્તિથી જેમ તમારે સ્વાર્થભાવના દૂર કરવાની છે તેમ તમારા કર્તવ્યમાં જે નડતર હોય તેનો તુલનાશક્તિની સાહાય્યથી વિનાશ કરવાનો છે. શરીર માત્રજ નહીં પણ તમારે તમારૂ અંતઃકરણ પણ મજબૂત અને દૃઢ બનાવવું જોઇએ. તે પણ ઘડાય અને સહિષ્ણુતા શિખે એટલા માટે તમારે અનુભવથી તમારી ટેવો સુધારવાની જરૂર છે. કોઇપણ સત્કાર્યમાં મનુષ્યની આસપાસ સ્થૂલ અને સૂક્ષ્મ શત્રુઓ વિંટાયલા છે. સ્થૂલ શત્રુઓનો સ્થૂલ બળથી નાશ થાય છે અને સૂક્ષ્મ શત્રુઓનો સૂક્ષ્મ બળથી નાશ છે. આ બન્ને જાતનાં બળો તમારામાં છે તેને વધારો અને ન હોયતો ઉત્પન્ન કરો. આધ્યાત્મિક બળ અગર જો બહુ જરૂરનું છે. પરન્તુ તે પહેલાં તો શારીરિક અને માનસિકબળ વધારે જરૂરનું છે આ બન્ને બળમાં જો તમે પૂર્ણ હશો તો તે આધ્યાત્મિક બળ પ્રાપ્ત કરવામાં સાહાય્ય આપશે. ઘણી વખત એવું બને છે કે જે વસ્તુ કે ભાવનાને મનુષ્ય સત્વહીન લેખે છે અને પ્રસંગ આવ્યે તેની સામા થવા માટે પોતે સર્વ શક્તિમાન છે એમ સમજે છે, તે વસ્તુ અને ભાવના મંદમંદ પણ ક્રમ પુરઃસર પોતાનું બળ એટલી હદ સુધી વધારી દે છે કે તેની સામા થવા માટે તો શું પણ તેની સામું જોવા કે જવા માટે પણ મનુષ્ય પોતાને નિર્બળ લેખે છે. એટલા માટે તમારી ઉન્નતિમાં જે આડે આવનાર હોય કે જેનો સંભવ હોય તેની શક્તિના પ્રમાણમાં તમે તેની સામા થાઓ, જો સ્હેજ પણ કર્ત્તવ્યમાં વિલંબ કરશો તો અનેક પ્રત્યવાય તમારી સામા

શત્રુરૂપે આવી ઉભા રહેશે. તમારામાં સ્થૂલ બળ હોય પણ જો તે કેળવણી રહિત હોય તો તે સૂક્ષ્મ બળનાં બીજને સૂકવી નાંખે છે. અને એકવાર આ બીજ સૂકાયાં પછી તેને પ્રફુલ્લ કરતાં બહુ બહુ પ્રસંગોની રાહ જોવી પડે છે. તમારા સ્થૂલ શત્રુઓના પ્રસંગમાં તમે બહુયે વખત આવો છો, તેને પૂરેપૂરી રીતે પીછાનોછો પરન્તુ સૂક્ષ્મ શત્રુઓજ એવા છે કે તમારા જીવનસહ મિત્ર રૂપે ચાલી તમને ફુંકી ફુંકી કરડી જાય છે. ભવિષ્યનાં ચિતરામણ, આશા અને શ્રદ્ધાની વાતો, ભૂતકાળ ઉપરથી બાંધેલાં અનિશ્ચિત અનુમાનો, નહી ઇચ્છવા યોગ્ય સંતોષ, પ્રમાદમાં માનવામાં આવતું સુખ, થશે થશેજ એવી ભાવના, કવખતે પણ ધીરજના ફળ મીઠાં છે એવી વૃત્તિ, કર્ત્તવ્યમાં થાક અને હાશ, વિચારની અનિયમિતતા—નિશ્ચયજ નહીં-અને મોટી મોટી વાતો એ તમારા સૂક્ષ્મ શત્રુઓ છે. એક દષ્ટિએ તમે આ સર્વને મિત્રરૂપજ લેખશો પરન્તુ ખરેખર એ તમારા જીવનને ફોલી ખાનારા કીડા છે. તેના જેવા જ્યાં સુધી તમે નહી થાઓ ત્યાં સુધી તમે કદિ પણ કર્ત્તવ્યમાં ફતેહ મેળવશો નહીં. અરે ! કર્ત્તવ્યનિષ્ટજ નહી થઇ શકાય.

કામ કરતાં કરતાં મૃત્યુ.

કર્ત્તવ્ય કરતાંજ મરવું, બીજાને માટેજ પોતાના દેહને ધારવો અને તેમાંજ ધર્મ છે એમ સમજવું એ મનુષ્યત્વનું લક્ષણ છે. ખાત્રી પૂર્વક સમજજો કે તમે બીજાના આધારે જીવો છો એટલે જો તમારે જીવવું હોય તો તમે બીજાને જીવાડો. એ ધમ બજાવતા બજાવતાં મૃત્યુ થાય, એજ પવિત્ર મૃત્યુ છે. તમારે ખાતર તમે ધામા ઉધામા કરો અને વાહવાહ બોલાવો એ તમે જાતેજ તમારી નિંદા કરો છો એટલુજ નહીં પણ પુણ્ય કરતાં પાપ બાંધો છો. જન્મ અને મૃત્યુ વચ્ચેનો માર્ગજ કર્ત્તવ્યનો છે. એ માર્ગેજ જે માનવી ચાલ્યું જાય છે તેને મન જન્મ અને મૃત્યુની વેદનામાત્ર જણાતી નથી. એટલે જન્મ અને મૃત્યુના માર્ગમાં તમારી પાસે જે જે સાધનો હોય તેનો તમે ઉપયોગ કરો. બીજા પાસે જે જે સાધનો હશે તેનો તે ઉપયોગ કરશે. બીજાનું જોઇ મોહ પામવો એ નિરર્થક છે. તમારી પાસે દ્રવ્ય નથી તો તમે નથી ખર્ચી શકતા; તમારી પાસે નજરે દેખાતી સત્તા નથી તો તમે તેનો ઉપયોગ નથી કરી શકતા અને જેઓની પાસે દ્રવ્ય અને સત્તા છે તેનો તે ઉપયોગ કરી શકે છે.

એ ખરૂ, પણ આ જોઇ તમારે નિરાશ થવાનું કંઇજ કારણ નથી. આ જગતમાં જે કોઇ મનુષ્ય જે કાંઇ કરે છે તે કોઇના ઉપર ઉપકાર કરતું નથી. તે તેની ફરજ બજાવે છે. એજ પ્રમાણે તમારી પાસે જે હોય તેનો ઉપયોગ કરી મૃત્યુ પર્યંત તમે તમારી ફરજ બજાવો. જેટલી શક્તિ તમારામાં હોય તેનો ઉપયોગ કરો એટલે બસ છે.

મૃત્યુથી ન ડરશો.

તમારામાં ઘણાક મૃત્યુથી બહુ ડરે છે. શા માટે ડરો છો? જન્મ અને મૃત્યુ એ તો સંયોગીકરણ અને તેનું પૃથક્કરણજ છે. એક માટીનુ ઢેકુ લો. તેને ભાંગો એટલે તમને સહજ સમજાશે, કે મૃત્યુ એ તમે ધારોછો તેવું નથી. વળી તમે કદિપણ મૃત્યુનો વિચાર નથી કરતા એટલે તેથી ભય પામો છો. જેમ અતિ પરિચય બાદ પરિચિત વસ્તુમાં સ્વાભાવિકતા ઉત્પન્ન થાય છે તેમ મૃત્યુના વિચારના અતિ પરિચય બાદ તે તમને સ્વાભાવિકજ લાગશે. અર્થાત્ તે જ્યારે આવશે ત્યારે તમે તેને પ્રેમપૂર્વક સત્કારશો એટલું નહી પણ તે પણ કર્ત્તવ્ય છે એમ માની તેને આધીન થશો. વળી તમે કર્ત્તવ્યશીલ નહી હો તોજ મૃત્યુનો ભય તમને પીડશે. ખરેખરો કર્તવ્યનિષ્ઠ મનુષ્ય કદિપણ મૃત્યુથી બ્હીતો નથી. તેતો એમજ સમજે છે કે મૃત્યુ એટલે કર્ત્તવ્યનો થાક કિંવા કર્ત્તવ્યમાં રૂપાન્તર. આ દષ્ટિએ પણ તમારે કર્ત્તવ્યમાં જીવન વ્યતીત કરવું જરૂરનું છે. તેમાં બીજાની સાથે તમારો પણ જો જોશો તો સ્વાર્થજ છે. બસ શાન્તિ."

એમ કહી કર્મયોગી બેઠા. સભામાં ચુપકી પથરાઇ ગઇ. મયૂરાની મીંચાયલી આંખો હજી પણ ઉઘડી નથી. કર્મયોગીનું કથન પુરૂં થયું એટલે સર્વની દૃષ્ટિ મયૂરા પ્રતિ આકર્ષાઇ. "મયૂરાદેવી બોલે, મયૂરાદેવી બોલે" એમ કેટલાકના મ્હોંમાંથી વચનો નીકળે છે. એટલામાં નવલકિશોર ઉભો થયો. તેણે બોલવાનું શરૂ કર્યું " મેં મારૂં અત્યાર સુધીનુજીવન પાપમાં ગુજાર્યું છે. મને હમણાંજ ખબર પડે છે, કે આ મારી માતા તુલ્ય મયૂરાદેવીનો હું ગુન્હેગાર છું. મેં પાપ પુરૂષે એ દેવીને ઓળખ્યાં નહીં તે એટલે સુધી કે તેમનું શિયળ ભંગ કરવા પણ હું નરાધમ તત્પર થયો. આ સાધુ પુરૂષ રામવકીલે મારા ઉપર ઉપકાર કરી મને એ પાપમાં પડતો બચાવ્યો. મારી સ્ત્રી મારૂં મૃત્યુ કરવા તૈયાર થઇ તે સમયે મારાં જીવન રક્ષક આ કમલાદેવીએ મને સાવચેત રહેવાનું સૂચન કર્યું. ખરેખર જો કમલાદેવીએ મારૂં આ રીતે રક્ષણ ન કર્યું હોતતો હું પાપી અત્યારે આંહી ક્યાંથી હોત?

સર્વની પાસે હું મારાં પાપકર્મોની ક્ષમા માગું છું." એમ બોલતાં નવલકિશોર રડી પડયો. પણ પાછું તેણે બોલવાનું શરૂ કર્યું. "હું સુરજગંજમાં વિદ્વાન ગણાતો નથી પણ ધનવાનમાં ગણાઉં છું. આજથી મારૂં સર્વસ્વ હું કર્મયોગી મહાત્માના ચરણમાં મૂકું છું. અને તે વડે તેઓશ્રી સુરજગંજમાં કર્મમઠની સ્થાપના કરે એવી હું વિનતિ કરૂંછું. આ પાપી દેહનો નાશ થશે ત્યાં સુધી મારાથી બની શકશે તેટલી હું કર્મમઠની અને તેના કાર્ય કર્તાઓની સેવા બજાવી છૂટીશ." આટલું કહી નવલકિશોર બેઠો. રામવકીલ જ્યાં બોલવા જાય છે ત્યાં સભામાં અલમસ્ત અને ચપલાએ આવી મયૂરા અને કર્મયોગીને દંડવત્ કર્યા. બન્ને બોલી ઉઠયાં "પ્રભો! અમે અમારાં કર્મોની ક્ષમા માગીએ છીએ. અમારો ઉદ્ધાર કરો? હવે આ જગતમાં અમારૂં કોઇજ રહ્યું નથી. ભગવાન્ અમે આપને હજારોવાર નમસ્કાર કરીએ છીએ." બન્નેને ઇસારા માત્રથી રામવકીલે બાજુ ઉપર ઉભાં રાખ્યાં. આ દૃશ્યને મન્સુખરાય તો જોઇજ રહ્યો. સભામ થી એક પછી એક આવી કર્મયોગી અને મયૂરાના ચરણમાં પડવા લાગ્યાં, અને થોડીવાર પછી કર્ત્તવ્યની આ જાલ સંકેલાઇ ગઇ. બીજે દિવસે મયૂરા અને કર્મયોગીનાં દર્શન અર્થે આશ્રમમાં માણસો જવા લાગ્યાં પણ તેઓ ન મળે. રામવકીલે મંગલગિરિના આશ્રમમાં તપાસ કરાવી, પરન્તુ આશ્રમમાં એકાદ બે ઇતર સાધુ સિવાય બીજું કોઇ નહતું. ત્રણેમાંથી એકે સંતનો પત્તો ન લાગ્યો.

ત્રિશં પરિચ્છેદ.

મયૂરા કિંવા બ્રહ્મસંજ્ઞા.

મંગલગિરિ, કર્મયોગી અને મયૂરા હજીપણ અવિરતપણે ચાલ્યાં જાય છે. હિમગિરિનાં કઠિન શિખરો ચડતાં ઉતરતાં એકેયને થાક લાગ્યો હોય એમ જણાતું નથી. પ્રાતઃકાલ થવા આવ્યો. ક્યાં જવાનું છે, તે કોઇજ જાણતું નથી અને જાણતું હોય તો શબ્દમાત્ર પણ બોલતું નથી. સૂર્ય તેની પ્રભા વિસ્તારતો જાય છે. થોડી મુસાફરી બાદ એક પ્રચંડ શિલા નજરે પડી. ત્રણે જણ ત્યાં ઉભા રહ્યાં. શિલાએ માર્ગ આપ્યો એટલે ત્રણેએ દ્વારમાં પ્રવેશ કર્યો. આગળ ચાલ્યાં. થોડે દૂર ગયાં એટલે જેના આયુષ્યનુંજ અનુમાન ન થઇ શકે એવા

પરમયોગનિષ્ઠ જ્ઞાની પુરૂષનું ત્રણેને દર્શન થયું. તેને જોતાંજ મંગલગિરિએ "ગુરૂવર્ય નમસ્કાર" એમ કહી દંડવત્ કર્યા. કર્મયોગી અને મયુરાએ પણ તંદ્ભૂત નમસ્કાર કર્યા.

"પુત્ર મંગલગિર કે?" ગુરૂએ પૂછ્યું.

"જી હા."

"કેમ પરિસમાપ્તિ થઈ?" ગુરૂએ પૂછ્યું.

"આપના કૃપા પ્રસાદથી કર્મ, જ્ઞાન અને ભક્તિનું અધ્યયન પૂર્ણ થયું છે." મંગલગિરિએ કહ્યું.

"પણ માર્ગસિદ્ધિમાંતો આશંકા નથી રહીને?" ગુરૂએ પૂછ્યું.

"નહી કૃપાનાથ." મંગલગિરિએ ઉત્તર આપ્યો.

"સત્યજ છે?" ગુરૂએ પૂછ્યું.

"સત્યજ છે."

"ત્યારેતો જ્ઞાનમાંથી કર્મ અને ભક્તિ ઉત્પન્ન થઇ શકે છે અને એ ત્રણેયમાં માત્ર અપેક્ષવાદે ભિન્નત્વ છે એ સત્ય તું યથાસ્થિત સમજ્યો હોઇશ." ગુરૂએ પૂછ્યું.

"જી હા" મંગલગિરિએ ઉત્તર આપ્યો.

"ક્યાં છે તારી કર્મમૂર્તિ?"

"આ" એમ કહી મંગલગિરિએ કર્મયોગી સામે નજર કરી.

"અને બ્રહ્મસંજક ભક્તિ મૂર્તિ?"

"તેપણ આ." એમ કહી મંગલગિરિએ મયુરા સામે નજર કરી.

"કર્મયોગી! કર્મસેવાના પથ વિષમ છે!" ગુરૂએ કહ્યું.

"જી હા, પણ આ દેહના આંતર અને બાહ્ય વ્યાપાર ભિન્ન છે."

"જો એમજ હોય તો કર્મસેવામાં ન્યૂનતા રહે. જ્યાં સુધી બહિર્મુખ અને આંતર્મુખ વૃત્તિઓમાં એકતા ન થાય ત્યાંસુધી કર્ત્તવ્યની પરાકાષ્ટાએ ન પહોંચી શકાય. અર્થાત્ ત્યાં સુધી સાધ્ય બિંદુ સુદૂર રહે." ગુરૂએ કહ્યું.

"પરન્તુ જગત્‌ના કર્મક્ષેત્રમાં વિચરતાં આંતર્ અને બાહ્ય વૃત્તિમાં ભિન્નતા થઇ જાય છે. કર્મક્ષેત્રમાંથી જ્યારે વિશ્રાન્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે ઉભય વૃત્તિમાં અભિન્નતા ઉદ્ભવે છે." કર્મ યોગીએ ખુલાસો કર્યો.

" અસ્તુ. "

" ભક્તિદેવી મધુરા ! "

" પ્રભુ. "

" અસ્તુ. "

" જુઓ ભીંત સામે ? કર્મસંજ્ઞક, જ્ઞાનસંજ્ઞક અને બ્ર સંજ્ઞક પટનાં દર્શન કરો, અને સ્વસ્થાને ચાલ્યાં જાઓ. આ તમારૂં છેલ્લું પરીક્ષણ છે. " પુનઃ ગુરૂ બોલ્યા.

ભીંત ઉપર ત્રણે પ્રકારના પટ ચિતરાયા. કર્મગંજ્ઞક પટમાં અનેક અનાશ્રિતો, ક્ષમાની યાચના કરતા પાપદ્રેહો, ધનની મુંઝવણમાં પીડાતાં નિર્ધનીયાં અને ધનિકો, તૃષાતુરો, ક્ષુધાતુરો અને બલહીન તેમજ શક્તિહીન મનુષ્યો હતાં. સિવાય વાસનાઓ મ્હોં વિકાસી ઉભી હતી. આશાની ધ્વજાઓ અને શ્રદ્ધારૂપ દૃઢતાનું દૃશ્ય પણ તે સાથેજ હતું. સ્વાધીનતા અને પરાધીનતાનું અવિરત યુદ્ધ ચાલતું હતું. હક અને સત્તાની ધામધુમ મચી રહી હતી અને જાણે કોઇક શાંતિ સ્થાપકની આવશ્યકતા હોય અને તેને માટે કર્મયોગીનીજ યાચના થતી હોય તેમ પટદર્શન ઉપરથી સ્પષ્ટ પ્રતીત થતું હતું. કર્મયોગીએ મુંગે મોઢે તે પટ તરફ જવા માંડયું, એટલે તુર્તજ પટ ઉપર આનંદની રેખાઓ દોરાવા લાગી અને પાપીઓને અનિવાર્ય ભય થતો હોય તેમ તેઓ કર્મની ક્ષમા યાચવા આગળ વધ્યા. કર્મયોગી ત્યાંજ ઉભા રહ્યા અને પટ અદર્શ થયો. જ્ઞાનસંજ્ઞક પટમાં વિસ્તૃત તેજ સિવાય અન્ય કશું ન હતું. તોપણ તે તેજમાં, તેજનાંજ મોજાં ઉછળતાં હતાં. એક મોજું બીજાં મોજાંને હઠાવતું હતું. હઠી ગએલું મોજું પુનઃ બલવત્તર થઇ આગળ ધસી આવતું હતું. આમ ઉત્તરોત્તર ક્રિયા ચાલુ હતી. તેજના રંગ ક્ષણે ક્ષણે બદલાતા હતા. બદલાતા તમામ રંગ પટના કેંદ્રમાં સ્થિર થઇ–તેમાં લય પામી–પુન તેમાંથી ઉત્પન્ન થતા હતા. એ હુંજ નહીં પણ જેમજેમ તેજનાં મોજાં વધારે ઉછળતાં તેમતેમ સ્થૂલદાર્શનિકોને તો તેમાં અત્યંત વ્યામોહજ થાય તેમ હતું. એક રંગ કરતાં બીજો રંગ વધારે પ્રૌઢ અને જીવનનો માર્ગદર્શક જાણે હોય નહીં એમ સ્વતઃ જણાતું હતું. કવચિત્ મોજાં સ્થિર થતાં તો તેમાં જીવનના પડછાયા દેખાતા હતા. પણ ત્યાર પછીની બીજીજ ક્ષણે તે પડછાયા

મોજાંઓના પ્રત્યાઘાતથી ભુંસાઇ જતા હતા. જેમજેમ મોજાં વધારે ઉછળવા લાગ્યાં તેનતેમ મંગલગિરિ સ્વસ્થાનેથી પાછા હઠવા લાગ્યા. "મંગલગિરિ ભય ન પામીશ. જ્ઞાનના પ્રવાહમાં તો ઉછાળાજ હોય. હજી તારી કસોટી થાય છે. તું જોઇશ કે કર્મ અને ભક્તિનાં બાલકો તૈયાર કરવામાં જ્ઞાન પ્રવાહમાં સ્ખલન થયું છે. પરન્તુ મુંઝાઇશ નહીં. કર્મ અને ભક્તિના આધારે હમણાં જ્ઞાનપ્રવાહ સ્થિર થશે. જેમ જેમ તું તારાં સ્ખલનો સ્મરણમાં લાવતો જાઇશ તેમતેમ સત્વર જ્ઞાન પ્રવાહમાં સ્થિરતા આવશે. જ્ઞાનમાં સ્ખલન થવા દેવાનુંજ આ ફલ છે. જ્ઞાનનો પ્રવાહ અવિરત રાખવો જોઇએ; એ જ્ઞાનમાર્ગના સિદ્ધાંતનું તેં યથાવિધિ સેવન નથી કર્યું એ તને અત્ર સ્પષ્ટરીતે જણાઇ જાય છે. તારા મૃતજ્ઞાનને પણ તું પુનઃ સ્મરણમાં લાવ. આદ્યંત જ્ઞાનમાર્ગ તપાસી જો એટલે પટનાં મોજાંઓ સ્થિર થશે." ધીમે ધીમે મોજાંઓ સ્થિર થયાં. તેજનું ઓજસ્ વધવા લાગ્યું અને મંગલગિરિને સ્પષ્ટ ભાસ્યું કે પોતેજ તે તેજમાં સ્નાન કરવાની સાથે તેજનું પાન કરે છે. બ્રહ્મસંજ્ઞક પટ જ્ઞાનસંજ્ઞક પટના જેવોજ તેજ ભરિત હતો. પરન્તુ તેમાં તેજ સ્થિર હતું. મયુરાને તેમાં પોતાની પ્રતિમાનું દર્શન થયું કે તુર્તજ તે "પ્રભુ પ્રભુ" કરતી તે તરફ દોડી ગઇ. જ્યાં તે પટ સમીપ પહોંચે છે ત્યાં તો તેનો દેહ જડવત્ બની ગયો. "ગુરૂજી! આ શું? શિષ્યા! શિષ્યા!" મંગલગિરિ બોલી ઉઠયા. "કેમ ભૂલે છે તે તો **બ્રહ્મસંજ્ઞા** રૂપજ બની ગઇ. હવે તેને શામાટે બોલાવે છે. જો તને તેમાં મોહ ઉત્પન્ન થતો હોય તો આ રહ્યો એનો જડદેહ! જોઇ રહે તેના સામું." ગુરૂ બોલ્યા.

"હવે.'

"હવે શું. ફેંકો આ જડદેહને હીમગિરિની ખીણોમાં કે જુઓ આ નિર્મળ જલભર ગંગા વહે છે તેમાં લેવરાવો એના પવિત્ર આત્માનાગૃહને જલસમાધિ." ગુરૂ બોલ્યા.

કર્મયોગી અને મંગલગિરિએ મયુરાના દેહને જલસમાધિ લેવરાવી. ગંગાના કિનારા ઉપર રહ્યાં રહ્યાં બન્નેની આંખોમાંથી અશ્રુબિંદુ પડયાં, પરન્તુ મયુરાનું શબ તો ત્યારપહેલાં ક્યારનુંય ગંગામાં દૂર ઘસડાઇ ગયું હતું. બસ મયૂરા ગઇ. ભજગોવિંદ ભટ્ટની પૂત્રી અને મયુરેશ્વર મહાદેવનું પ્રસાદ ધન હતું ન હતું થઇ ગયું. દેવલગંજનું રત્ન ઘસાઇ ભુંસાઇ ગયું. ધર્મદેવીના પવિત્ર આત્માનો અવશેષ એજ પવિત્ર

આત્મા સમીપ ગયો. ક્યાં ધર્મદેવીની ન્હાનકડી પુત્રી મયુરા ને ક્યાં બ્રહ્મસંજ્ઞા? ક્યાં મુરખો ને નવલકિશોર ને ક્યાં આ પ્રભુસ્વરૂપ ભક્ત મૂર્તિ! મયૂરાને કોણ જાણતું હતું કે તે બ્રહ્મસંજ્ઞા બનશે અરેરે! ક્યાં દેવલગંજ અને ક્યાં આ હીમગિરિનાં પ્રચંડ શિખરો. અત્યારે તો મયુરાનો જડદેહ અનેક રૂપાન્તરરૂપ ચક્રમાં ફરી કઇ દશામાં હશે એ ભવિષ્યકાળ કોણ કહેશે? ભજગોવિંદ ભટ્ટ અને નર્મદેવી જીવતાં હોય અને તેઓ મયૂરાના જડદેહની આ દશા જુએ—અરે! સાંભળે તોપણ તેમનો સ્થૂલ આત્મા કેટલો વિહ્વલ બને? પણ એ દંપતિ જો અત્યારસુધી હોત તો મયૂરાએ મયૂરાજ રહેત કે બ્રહ્મસંજ્ઞા થાત એજ એક પ્રશ્ન છે. ખરેખર! ભવિષ્યના પડદાઓ બહુ અગમ્ય છે!

મયૂરાના દેહને જલસમાધિ લેવરાવી મંગલગિરિ અને કર્મયોગી કુટિમાં આવ્યા. ગુરુ ન હતા. તપાસ કરી પણ ન મળ્યા. મંગલગિરિ બોલ્યા, સાંભળો આ ધ્વનિ. ' કર્ત્તવ્ય અને જ્ઞાનને વિસ્તૃત કરો. તમે ઉત્તિર્ણ થયા છો. જીવન નૌકા પૂર્ણ થશે એટલે તમારે માટે પણ વિશ્વમાં સ્થાન હશે તેજ રહેશે. જગતને તમારા મય બનાવજો પણ તમે જગત્ મય બનશો નહીં. જે કરો ને જે કહો તે બીજાને માટે કરજો અને કહેજો; તમારે માટે કાંઇ કરશો કે કહેશો નહીં. તમારી હજી જગતને જરૂર છે. જેને જગત્ ઇચ્છે છે, તેજ જગત્માં રહે છે. જેની જગતમાં જરૂર નથી તે જગત્માં નથી રહેતું, તે તમે જોયું છે. હવે આંહી આવવું નિરર્થક છે બસ જાઓ. મારૂં કર્ત્તવ્ય પૂરૂં થયું છે. પ્રભુ મને બોલાવી લે છે એટલે જાઉ છું."

× × × × ×

કર્મયોગીએ સુરજગંજમાં આવી કર્મમઠની સ્થાપના કરી છે. નવલકિશોર, દામોદર અને રસિકા તેના અંગભૂત તરીકે કાર્ય કર્યે જાય છે. કર્મયોગી જ્યાં ત્યાં વિચરે છે.

મંગલગિરિ જ્ઞાનમાર્ગ વિસ્તારે છે.

મયૂરાના મૃત્યુની દેવલગંજમાં જાણ થઇ ગઇ છે. સન્મુખે મયૂરેશ્વરની સમીપજ મયુરા દેવીનું ભવ્ય મંદિર બંધાવ્યું છે. મયુરા દેવીની હજીપણ માનતાઓ ચાલે છે.

સન્મુખ અને તેની પત્ની કમલા નિઃસ્વાર્થ બુદ્ધિથી આશ્રમની

સેવા કર્યે જાય છે. મન્સુખરાયનું ચસ્કેલ મગજ સ્થિર થતું જાય છે. આશ્રમનો ધણીખણી ધણીખરો ધંસડબોરો તેજ કરે છે.

કર્મયોગી દેવલગંજના રાજવંશી નર છે, એ હજી ગુપ્ત રહ્યું છે. પોતાનો પૂર્વાશ્રમ પ્રકટ કરવાની તેમની ઇચ્છા પણ નથી.

ચપલા, રંડા અને અલમસ્ત આશ્રમમાં ચાકરનું કામ કરે છે. અલમસ્તના મઠમાં અત્યારે તો કાગડા ઉડે છે. વામ સંપ્રદાય નિર્મૂળ થયો છે. રામવકીલ દેવલોકસ્થ થયા છે. ચિરંજીવ દેવલગંજની કચેરીમાં નોકર છે. અત્યારે તે સુખી છે. અવારનવાર લેખ કાર્ય કરે છે.

ગોદડ પટાનું કામ કરે છે. મુરખો ને વીજલી બાગનુંજ રક્ષણ કરે છે.

સમાપ્ત

નં૦ ૬૦ વૈષ્ણવ કૃત સર્વોપયોગી પુસ્તકોઃ—

ગૃહસ્થોના ગૃહમન્દિરોમાં તથા કન્યાશાળાઓમાં રાખવા લાયક.

મે. પબ્લિક ઇન્સ્ટ્રકશનના ડિરેકટર સાહેબે મુંબઇ ઇલાકામાં પ્રાથમિક કન્યાશાળાઓ માટે ઇનામ તેમજ લાયબ્રેરી માટે મંજુર કરેલું; તથા શ્રીમન્ત વડોદરા સરકારે શાળાલાયબ્રેરી તથા શાળાઓમાં ઇનામ માટે મંજુર કરેલાંઃ—

સૌભાગ્ય સંગીત સંગ્રહ.

(આવૃત્તિ બીજી.)

કિંમત આના બાર, વી. પી. પી. ખર્ચ જુદું.

નીતિ સંગીત વાંચીને, સ્ત્રી મન નિર્મળ થાય;
બુદ્ધિ વિકાસ બહોળો થઇ, કુટુમ્બ કલહ સૌ જાય.

સ્ત્રીઓનું ઘર કામ જેમ તેમ ઝટ આટોપી દઇ આડોશી પાડોશીની નવરી સ્ત્રીઓમાં મળી જઇ પરાઇ નિન્દા કે બાર કરવામાં ભળી જવાથી કલ્યાણ થતું નથી. પણ ચિત્ત શુદ્ધિ થવા તથા મનના વિક્ષેપનો નાશ થવા સુવિચારોનાં **નીતિમય ગીતોનું મનન** થાય તો એથી કલ્યાણ થાય છે. જગત્‌ના આધારભૂત. સૃષ્ટિના સૌન્દર્યરૂપ, મનુષ્યરૂપી અમૂલ્ય રત્નની ઉત્પત્તિ સ્થાનરૂપ તથા ઘરના ભૂષણરૂપ ગણાતી સ્ત્રી, નિરંતર જો **સુવિચારોનું સેવન કરે તો ગૃહમંદિર સર્વોત્તમ સુખનું સ્થાન થઇ** પડે તેમાં આશ્ચર્ય શુ ! બાળા–યુવતિ–પ્રૌઢા વિગેરે દરેક ઉમ્મરની સ્ત્રીઓને ગમ્મત સાથે જ્ઞાન મળે એવા હેતુથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેઓને પોતાનું કર્તવ્ય જાણવાની ખરી ઈચ્છા છે એવી સ્ત્રીઓએ અવકાશને વખતે તથા વ્રત-ઉપવાસ–જાગરણ વગેરે તહેવારના દિવસોમાં આ 'સૌભાગ્ય સંગીત સંગ્રહ' પુસ્તક વાંચી તેના રહસ્યનુ મનન કરવું જોઇએ (૧) નીતિ (૨) સાસરે જતીને શિખામણ (૩) પતિપ્રેમ, પતિવ્રત. (૪) સુખ દુઃખ (૫) વિવિધ. આવી રીતે પાંચ ભાગમાં પણ એકજ પુસ્તક રૂપે છપાવેલ છે.

સૌભાગ્ય શિક્ષાબ્ધિ

(આવૃત્તિ ચોથી.)

☞ આ પુસ્તક ખરીદનારે "ચોથી આવૃત્તિ" હોય તેજ તપાસી ખરીદવા વિનંતિ છે. સારા કાગળ, સારી સફાઈ તથા સુન્દર સુશોભિત પુંઠું. કિંમત રૂપિઆ સવા, વી. પી. પી. ખર્ચ જુદું.

સૌભાગ્ય શિક્ષાબ્ધિ પુસ્તકમાં આવતાં પ્રકરણો - પ્રકરણ ૧ લું બાળકના શરીર તરફ માતાએ પ્રથમથીજ ધ્યાન દેવાની જરૂર. પ્ર ૨ જું–માતાએ ઘરગતું દેશી વૈદક ઉપાયો બાળકના હિત માટે જાણવાની જરૂર. પ્ર. ૩ જું–પુત્રીઓને કેવા પ્રકારનું શિક્ષણ ઉપયોગી થાય ! પ્ર. ૪ થું-કન્યાવિક્રય એ પણ અસમાન લગ્નનો પોષક છે. પ્ર. ૫ મું–બાળલગ્નથી થતી હાણ

પ્ર. ૬ ઠ્ઠું–લગ્ન સંબંધે વિચારવા જેવી બાબતો. પ્ર ૭ મું–કન્યા તરફથી લગ્ન વખતે લેવાતી પ્રતિજ્ઞાઓ (સપ્તપદી). પ્ર. ૮ મું–પત્નિધર્મ–પત્નિની પતિ પ્રત્યે ફરજ. પ્ર. ૯ મું પત્ની, પતિને કેવી રીતે પૂર્ણ વશ કરી શકે ? પ્ર. ૧૦ મું સ્ત્રીને, સાસરૂં કેવી રીતે સુખરૂપ થાય ! પ્ર. ૧૧ મું–પરણ્યા પછી પિયરીયાં તરફ કેવી રીતે વર્તવું જોઈએ ? પ્ર. ૧૨ મું–સાસરિયાંએ વહુ તરફ કેવું વર્તન રાખવું જોઇએ ? પ્ર. ૧૩ મુ–સૌભાગ્યવતી સ્ત્રીઓના વ્રત નિયમની સફળતા શાથી થાય ! પ્ર. ૧૪ મું–નીતિમય સંગીતથી સ્ત્રીના તનમન ઉપર થતી ઉમદી અસર. પ્ર. ૧૫ મું–સ્વચ્છતા અથવા સુઘડતાનાં શોખીન થવાથી શરીરને થતા લાભ. પ્ર ૧૬ મું-તરૂણીઓએ સહવારમાં વહેલાં ઉઠવાથી થતો ફાયદો. પ્ર. ૧૭ મું તરૂણીઓએ રાખવી જોઇતી ઉત્તમ ગૃહવ્યવસ્થા પ્ર. ૧૮ મું-તરૂણીઓએ પાકશાસ્ત્રમાં પ્રવીણ થવાની જરૂર. તે પર આપવું જોઈતું ધ્યાન અને ખોરાક માટે રાખવી જોઇતી સંભાળ. પ્ર ૧૯ મું–આહાર વિહારમાં નિયમિત રહેવાથી મળતા લાભ. પ્ર ૨૦ મું–રજો દર્શન (અટકાવ), સગર્ભાવસ્થા અને સુવાવડના થતા જીવલેણ રોગો તરફ ધ્યાન આપવાની જરૂર. પ્ર. ૨૧ મું તરૂણીઓએ ઉદ્યમી થવાથી થતા લાભ; અવકાશને વખતે શુ કરવું જોઈએ પ્ર. ૨૨ મું–તરૂણીઓએ કરકસરથી રહેવાથી થતો ફાયદો. સંતોષ એજ ખરૂં સુખ. પ્ર. ૨૩ મું–દેણા (કરજ)થી વળતો દાટ. પ્ર. ૨૩ મું–અનુકમ્પા (દયા) પરોપકાર કરવો એજ પુણ્ય અને અવરને દુઃખ દેવું એજ પાપ. પ્ર. ૨૫ મું–અપર માતાની પદવી ભોગવતી તરૂણીઓનું વર્તન કેવું જોઇએ ? પ્ર. ૨૬ મું–પાડોશી તરીકે કર્ત્તવ્ય. પ્ર. ૨૭ મું–પરોણા (મહેમાન) સત્કાર પ્ર. ૨૮ મું–તરૂણીઓની ચાકર સાથેની વર્તણુંક. પ્ર, ૨૯ મું-તરૂણીઓનું પરપુરુષ પ્રત્યેનું વર્તન. પ્ર. ૩૦ મું કોઇ પણ ટેવને અતિ આધીન થવાથી યુવતિઓની થતી કફોડી સ્થિતિ. પ્ર. ૩૧ મું–તરૂણીઓને રખડવાની ટેવથી થતા નુકશાન. પ્ર. ૩૨ મું—સારી નઠારી સોબત, તેની અસર અને પરિણામ. પ્ર. ૩૩ મું—સન્નારીઓની સભામાં ભાગ લેવાથી સ્ત્રીઓને થતા લાભ. પ્ર. ૩૪ મુ–સ્ત્રીઓએ શુ અને કેવી રીતે વાચવું? પ્ર. ૩૫ મું–કેટલાક અઘટતા રીવાજો. પ્ર ૩૬ મું–મંદવાડ સમયે સ્ત્રીની ઉપયોગીતા. અને દરદીની માવજત સંબંધે ખાસ લક્ષમા રાખવા જેવી બાબતો (આ પ્રકરણમાં સ્ત્રીની સ્વાભાવિક યોગતા, દરદીનો ઓરડો, દરદીનું ફરનીચર, દરદીના ઓરડામાં છુટ હવા અને અજવાળું. દરદીને જોવા આવનારાઓની વધુ ભીડથી થતાં નુકશાન, સૂર્ય પ્રકાશના ફાયદા, દીવાની રોશની, દરદીને લગતી ચીજોની સાફસુફ, ડોકટરની પસંદગી અને ઇલાજ, ડોકટર, દવા અને દરદીની સ્થિતિ, દરદીના સાથે કેવું વર્તન રાખવું દરદીના ખોરાક પોષાક વગેરેની વ્યવસ્થા વગેરે અતિ અગત્યના વિષયો સહેજસાજ ગુજરાતી ભણેલી સ્ત્રીઓ પણ સહેલાઇથી સમજી શકે એવી રીતે લખવામાં આવ્યા છે) પ્ર ૩૭ મું–સ્ત્રીની શ્રેષ્ઠતા. પ્ર. ૩૮ મું–સદવર્તની સુન્દરીઓ માટે સાક્ષરોના મતો (કુલીન કાન્તાઓની કિંમત આ એકજ પ્રકરણના વાંચનથી થઈ શકે તેમ છે). પ્ર. ૩૯ મું–સુખદાયક શીખામણો (આ પ્રકરણનું ધ્યાનપૂર્વક વાંચન–મનન, શ્રીમન્ત કે ગરીબ દરેક સ્ત્રીને સુસખીરૂપ થઇ પડે તેમ છે) આ બધા મુખ્ય વિષયોમાં અનેક બીજી નાની નાની સ્ત્રી ઉપયોગી બોધક બાબતોનો સમાવેશ થઈ જાય છે.

શુભ તહેવારોમાં ખાસ વાપરવા લાયક સેન્ટના રાજા સુગંધીથી ભરપુર



એટો દીલ ચમન.

(રજીસ્ટર્ડ)

આ એકજ સર્વોપરી અને છેલ્લામાં છેલ્લી ફેશનનું સોસાયટી સેન્ટ છે. જેમાં ચમેલીના અને બટ મોગરાના હજારો તાજાં ફુલોના બગીચાનો સુવાસ સમાયલો છે.

ફકત ૨ થી ૨ ટીપાં રૂમાલમાં ૮ દિવસ ચાલે છે.

કીંમત રૂા. ૦ાા, ૧ાા તથા રૂા. ૨.
ટપાલ ખર્ચ જુદું.

ઓટો દીલ—ચમનના સુંગંધી કાર્ડ દરેકનો એક આનો.

સોલ એજંટસ—

એચ૦ આર. મોદીની કું૦

નં. ૧૦, પ્રીન્સેસ સ્ટ્રીટ—**મુંબઈ.**

સોડા વોટર બનાવનારાઓ માટે

સોડા વોટરના સાંચાઓ; સાંચાને લગતા દરેક ભાગો; સોડાની ખાલી બાટલીઓ; સોડા ખારના પીપો; સોડા, લેમોનેડની લેબલો; સોલ્યુબલ, ૪૩૮ એસેન્સો; ઓઇલ ઓફ લેમન; કલરીંગ તથા હેડીંગ; બાટલીની રબર રીંગ; બાટલીનાં ઓપનર, (ખોલા); બાટલી ધોવાના બ્રસ, બાટલી ભરનારની મોઢાની જાળી, બાટલી ભરનારના હાથનાં મોજાં, આસીડ સલફ્યુરીક—ટારટરીક, સીટરીક, વગેરે; કારબોલીક ગ્લાસના ફ્લાસકો, ચાકીઓ, વાઇસરો વગેરે. પ્રાઇસ લીસ્ટ મફત.

સેકેરીન, ૫૫૦ની નંગ ૧ની અસલ "સીલ છાપ" સ્વીટઝર્લેંડની બનાવટની હમારી પાસે મોટાજથામાં કીફાયતે મળશે.

તારનું "શીગનામું" સેકેરીન—મુંબઇ.
નં૦ ૧૦, પ્રીન્સેસ સ્ટ્રીટ, મારકીટ પાસે—મુંબઇ.

એચ૦ આર૦ મોદીની કુંપની.

સુગંધી તેલો તથા સાબુ બનાવનારાઓ

માટે વિલાયતી દવાઓ, પરફ્યુમરી, પેટંટ મેડીસીન્સ એન્ડ એન્ડ તેલો—એસેન્સો વગેરે મળશે. અમદાવાદના એજન્ટ—

જલાલ ત્રીકમલાલ મહેતા, બાલાહનમાન પાસે

કળીયુગની કામધેનું.

દરેક યુગમાં કામધેનું જેમ ઇચ્છિત ફળને આપે છે તેમ કલિયુગમાં "મદન મંજરી ગોળીઓ" સ્ત્રી પુરૂષોને રોગ રહિત કરી ઇચ્છિત ફળને આપે છે તેથી તેને કલિયુગની કામધેનું એવું નામ મળેલું છે.

મદન મંજરીના મુખ્ય ગુણો

લોહી સુધારી તેમાં વધારો કરે છે, કબજીઆત તોડી દસ્ત સાફ લાવે છે, વીર્યને વધારી ઘટ્ટ કરે છે, પેસાબ અને સ્વપ્નાવસ્થામાં જતી ધાતુને બંધ કરી વીર્ય વિકારના તમામ રોગો નાબુદ કરે છે, જ્ઞાનતંતુને મજબુત કરી શરીર કદાવર બનાવે છે, યાદશકિત અને પાચન શકિતને વધારે છે, હસ્તકર્મ અને તેવા બીજા દોષોથી આવેલ કમજોરીનો નાશ કરી ખરૂં અને કાયમનું પુરૂષત્વ બક્ષે છે. વિગેરે વિગેરે.

કિંમત ૪૦ ગોળીની ડબીનો માત્ર રૂ. ૧)

મફત ! અમુલ્ય ભેટ. મફત ?

વૈદ્યવિદ્યા.

આ આયુર્વેદીય ગ્રંથની ગુજરાતી ભાષાની પાંચમી આવૃત્તિ ઘણાજ સુધારા વધારા સાથે હમણાં બહાર પાડવામાં આવી છે. જુદી જુદી નવ ભાષાઓમાં તેની ચાર લાખથી વધારે કોપીઓ આજ સુધીમાં **તદન મફત** વહેંચવામાં આવી છે અને હજુ પણ એક પોસ્ટ કાર્ડ લખી મોકલનારને કિંમત કે ટપાલ ખર્ચ કંઇ પણ લીધા વગર **તદન મફત** મોકલી આપવામાં આવે છે.

રાજવૈદ નારણજી કેશવજી.

એજંટ— **બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.**

ઠે૦ **રીચીરોડ—અમદાવાદ.**

હેડ ઓફીસ—જામનગર—કાઠીઆવાડ.

બ્રાંચ—કાલબાદેવી રોડ—મુંબઇ.

[illegible]

આ નામ તમારું શીખેલુંજ છે.

ડાક્ટર વામન ગોપાલનો [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જગ પ્રસિદ્ધ [illegible]

સા[illegible]

દરેક [illegible]

લખો—

ડૉ. [illegible]

ગિરગામ—મુંબઈ

અમદાવાદમાં અમારા એજન્ટ—

શા. [illegible] પાસેથી [illegible]

[illegible]—

[illegible] ની પોળ—અમદાવાદ